કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

**કચ્છ ઉદય**

માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયડ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી, ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સકર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

**અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો**

**અમરભાઈ વાઢાઃ 98790 14187**

કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.

**ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-**

**ગેસ બચાવો–દેશસેવામાં જોડાવો :**
**ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો**

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

**તા.૧૮ જૂલાઇ, ૨૦૨૬ શનિવાર**

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર **અડિખમ** સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.


PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
**Mo.: 98250 35635**

◆અંક નંબર : ૦૫૨◆વર્ષ : 33 ◆પાના - ૧૪ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ અષાઢ સુદ - ૫ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## દેશના પ્રથમ ખાનગી રોકેટ 'વિક્રમ-૧'નું સફળ લોન્ચિંગ!

# અંતરિક્ષમાં ભારતની નવી ઐતિહાસીક ઉડાન

**શ્રી હરિકોટાથી રચાયો ઈતિહાસ**




### ખાનગી અંતરિક્ષ ક્રાંતિના ભારતમાં નવા યુગનો પ્રારંભ : સ્પેસ સેક્ટરમાં સ્વદેશી શક્તિનું ભવ્ય પ્રદર્શન

**શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ભરી ઐતિહાસિક ઉડાનઃ "પ્રથમ ઓર્બિટલ લોન્ચિંગ સાથે ભારતે રચ્યો ઈતિહાસ : અમદાવાદ ઈસરો દ્વારા તૈયાર કરાયેલ વિક્રમ -૧એ સર્જયો નવો કીર્તીમાન**







નવી દિલ્હી : અંતરિક્ષ વિજ્ઞાનના ક્ષેત્રમાં ભારતે આજે વધુ એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરીને વૈશ્વિક સ્તરે પોતાની સાર્વભૌમ શક્તિનો પરિચય કરાવ્યો છે. ભારતના પ્રથમ પ્રાઈવેટ સ્પેસ રોકેટ 'વિક્રમ-૧' (Vikram-1) નું શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટર પરથી સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું છે. ભારતના સ્પેસ સેક્ટરમાં આ પ્રથમ ઓર્બિટલ લોન્ચિંગ છે, જેણે અંતરિક્ષ વિજ્ઞાનના ઈતિહાસમાં એક

**અનુસંધાન પાના નં.૪ પર**

## એટીએસની તપાસમાં આતંકીઓના ખતરનાક મનસૂબા ખૂલ્યા

**'અકેલા મુજાહિદ' બુકલેટથી તાલીમ :મોહમ્મદ આમીન શેરા પાસેથી આઈઈડી બનાવવા માટેની વિસ્ફોટક સામગ્રી અને જૈશના વડા મસૂદ અઝહરના ભાષણો ધરાવતી પેન ડ્રાઈવ પણ મળીઃ**

(એજન્સી દ્વારા)

અમદાવાદ : ગુજરાત એટીએસએ એક મોટી કાર્યવાહી કરીને જૈશ-એ-મોહમ્મદના ૫ શંકાસ્પદ આતંકીઓને ઝડપી પાડયા છે અને તેની પૂછપરછ દરમિયાન ચોંકાવનારા ખુલાસા થયા છે. પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ખડિયાલ ગામમાંથી ઝડપાયેલા આતંકવાદીઓની આ ધરપકડ અગાઉ આ મહિનાની શરૂઆતમાં પકડાયેલા જૈશના આઠ સભ્યોની પૂછપરછ દરમિયાન મળેલી માહિતીના આધારે કરવામાં આવી હતી. આ લોકો સ્થાનિક મસ્જિદમાં ભેગા થઈને ઘાતક આઈઈડી બનાવવાની તાલીમ લઈ રહ્યા હતા અને તેમણે એક સફળ વિસ્ફોટ કરીને તેનું પરીક્ષણ પણ કર્યું હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.

આંકડા ગુજરાતમાં આ તમામ આરોપીઓ જામિયા અબુલ હસન વર્ષ ૨૦૨૩થી બોમ્બ બનાવવાની તાલીમ લઈ રહ્યા હતા. આ મોડ્યુલને 'અકેલા મુજાહિદ જિહાદ કૈસે કરે' ટાઈટલવાળી એક ખાસ બુકલેટ પણ આપવામાં આવી હતી, આરોપીઓમાંથી મોહમ્મદ આમીન શેરા સતત કટ્ટરવાદી ભાષણો અને જેહાદી વાતો દ્વારા અન્યને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરતો હતો. ૩ વર્ષમાં આ લોકોએ આઠ અલગ-અલગ જગ્યાઓની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે વિસ્ફોટકોના મિકેનિઝમ સમજ્યા હતા અને રિહર્સલ કર્યું હતું. ગનપાઉડર બનાવવા માટે જરૂરી સામગ્રી તેમણે ઓનલાઈન અને સ્થાનિક બજારોમાંથી ખરીદી હતી. તપાસ દરમિયાન મોહમ્મદ આમીન શેરા પાસેથી આઈડી બનાવવા માટેની વિસ્ફોટક સામગ્રી અને જૈશના વડા મસૂદ અઝહરના ભાષણો

**અનુસંધાન પાના નં.૪ પર**

### ભારતીય સૈન્યનો જડબાતોડ જવાબ આપ્યો

## ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર LOC ઉપર ભારે ગોળીબાર

નવી દિલ્હી : જમ્મુ-કાશ્મીરમાં સતત બગડતી પરિસ્થિતિ અને જનતાના વિરોધ પ્રદર્શનથી દેશ અને દુનિયાનું ધ્યાન ભટકાવવા માટે પાકિસ્તાની સેનાએ ફરી એકવાર સરહદ પર ફરી એક નવો પેંતરો રચ્યો છે. શુક્રવારે મોડી રાત્રે જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં લાઇન ઓફ કંટ્રોલ પર પાકિસ્તાન તરફથી ભારે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાએ પણ આ



ઉશ્કેરણીજનક ગોળીબારનો સામનો કરતા પાકિસ્તાનને તેની જ ભાષામાં જડબાતોડ જવાબ આપ્યો છે.મળતી માહિતી મુજબ, શુક્રવારે રાત્રે આશરે ૧૦થી ૧૧ વાગ્યાની આસપાસ રાજૌરી જિલ્લાના તરકુંડી ફોરવર્ડ એરિયામાં પાકિસ્તાની સેના દ્વારા નાના હથિયારોથી અચાનક ભારે ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. શરૂઆતમાં ભારતીય સેનાએ તેને માત્ર એક ઉશ્કેરણીજનક પ્રવૃત્તિ ગણીને ભારે સંયમ જાળવ્યો હતો. પરંતુ જ્યારે

**અનુસંધાન પાના નં.૪ પર**

## ખેડૂતોને જમીનના પૂરતા ભાવ મળશેઃ બિલ્ડરોને પણ ફાયદો

અમદાવાદ : મહેસૂલ વિભાગ દ્વારા વર્ષો જૂના ટુકડા ધારાના કાયદામાં અનેક સુધારા કરતો મહત્વનો વટહુકમ જારી કરાયો છે. તેના કારણે શહેરી વિસ્તારોનો વ્યાપ વધતા જે જમીનો ટુકડા ધારા હેઠળ આવી ગઇ હતી અને તેને બિન ખેતી કરાવવામાં ભારે મુશ્કેલી પડતી હતી તે સરળ થઇ જતા સેંકડો ખેડૂતોને રાહત મળવા સાથે રિયલ એસ્ટેટ ક્ષેત્રને પણ મોટો ફાયદો થશે. ૧૯૪૭નો મૂળ કાયદો ખેતીની જમીનના નાના ટુકડા થતા અટકાવવા માટે હતો પરંતુ રાજયમાં છેલ્લા કેટલાક વર્ષોથી શહેરીકરણ વધતા નગરપાલિકા અને મહાનગરોની હદ વધી જતા અનેક ખેતીની જમીન પણ રહેણાંક, વાણિજ્યિક કે ઔદ્યોગિક ઝોનમાં ડેવલપ મેન્ટ પ્લાન હેઠળ આવી ગઇ છે. તેના કારણે ખેતીની જમીન બિન ખેતી જેવી થઇ ગઇ હતી. આવી જમીનો પર બાંધકામથી ટુકડા ધારાનો ભંગ લાગુ થતો હતો.

## ઈરાન પર સળંગ સાતમી રાતે અમેરિકાના હવાઈ હુમલા

**અમેરિકાના હુમલામાં ઈરાનમાં તૂટી ગયેલા એક પુલનો ભાગ**



નવી દિલ્હી : અમેરિકન સૈન્યએ જણાવ્યું છે કે તેમણે સળંગ સાતમી રાતે ઈરાન પર હુમલા કર્યા છે. અમેરિકન પ્રમખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેની કામચલાઉ સંઘર્ષવિરામ સંધિ સમાપ્ત થયાની જાહેરાત થઈ, ત્યારથી અમેરિકાના હુમલા ચાલુ છે.યુએસ મિલિટરી સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ)એ જણાવ્યું કે કમાન્ડર ઈન ચીફના આદેશ મુજબ ઈરાનની સૈન્ય ક્ષમતા સતત ઘટાડવા આ હુમલા કરવામાં આવ્યા હતા. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ (આઈઆરજીસી)એ જણાવ્યું કે હોર્મુઝની સામુદ્રધુનીમાં સુરંગો બિછાવેલા વિસ્તારમાંથી પસાર થતી વખતે બે ઑઇલ ટૅક્રોમાં વિસ્ફોટ થયા હતા. જોકે, અમેરિકાએ આ દાવાને રદિયો આપ્યો છે.ઈરાનના મીડિયા પ્રમાણે યઝદ શહેર અને કાશમ ટાપુ સુધી વિસ્ફોટનો

**અનુસંધાન પાના નં.૪ પર**

## પાકિસ્તાનની નાપાક હરકતો પર ભારતનો કડક પ્રહાર

**વિદેશ મંત્રાલયે કહ્યું, 'જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ ભારતનું અભિન્ન અંગ હતું, છે અને રહેશે'**

નવી દિલ્હી : પાકિસ્તાન દ્વારા સરહદ પારથી સતત કરવામાં આવતા દુષ્પ્રચાર અને કાશ્મીર મુદ્દે કરવામાં આવતી બિનજરૂરી ટિપ્પણીઓને ભારત સરકાર દ્વારા અત્યંત ગંભીરતાથી લેવામાં આવી છે. વિદેશ મંત્રાલયે એક પ્રેસ રિલીઝ દ્વારા પાકિસ્તાનને અરીસો બતાવતા સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના તમામ કેન્દ્રશાસિત પ્રદેશો ભારતનો અતૂટ અને અભિન્ન હિસ્સો છે, હતા અને હંમેશા રહેશે. આ બાબતે કોઈ પણ પ્રકારની વાટાઘાટો કે વિવાદને સ્થાન નથી. તાજેતરમાં પાકિસ્તાન

**અનુસંધાન પાના નં.૪ પર**

## નિતીન નબીનની નવી ટીમમાં પીએમ મોદીનું મોટું ઓપરેશન : આશ્ચર્યજનક નામો નિશ્ચિત કર્યા



(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસે બુધવારે મળેલી બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય સંગઠન માટેના નામો મોટાભાગે ફાઈનલ થઈ ગયા હતા પરંતુ અચાનક જ આ અંગે વડાપ્રધાને તેમના નિવાસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાષ્ટ્રીય પ્રમુખ નિતીન નબીન, સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષને બોલાવીને નામોમાં અનેક ફેરફાર કરતા હવે આગામી એક કે બે દિવસમાં તે મુજબ યાદી જાહેર થાય તેવી શકયતા છે.ભાજપના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ સંગઠનમાં અત્યાર સુધીનો આ સૌથી મોટો આશ્ચર્યજનક ફેરફાર હશે. રાષ્ટ્રીય પ્રમુખ નકકી કરવામાં પણ જે રીતે ભાગ્યે જ કોઈએ વિચાર્યુ હશે તેવા બિહારના એક રાજયકક્ષાના મંત્રી નિતીન નબીનને પસંદ કરાયા અને જે નામોની અટકળ ચાલતી હતી.

તે તમામ ખોટી પડી. આ પાછળ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાનો નિર્ણય સંગઠનમાં પણ મજબૂત બનાવ્યો હતો તો બીજી તરફ ફક્ત સરકારના જ નહી સંગઠનની દરેક નિમણુંકમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત નજર રાખી રહ્યા છે તેઓને પૂછયા વગર કે જાણ વગર કોઈ નિયુક્તિ નહી થાય તે નિશ્ચિત કર્યુ છે.

એટલું જ નહી કોઈ સંગઠન પદાધિકારીના નામે ગમે તેટલો મોટો વ્યક્તિ હોય તો પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મંજુરી વગર કોઈ મહત્વના નિર્ણયો લઈ શકે નહી તે નિશ્ચિત કર્યુ છે.વડાપ્રધાન જાણે છે કે ભાજપ અને એનડીએ પરિવાર મોટો થયો છે અને તેથી તેમાં કોઈ એવા લોકો પણ આવી શકે છે કે અચાનક જ તે પોતાની મહત્વકાંક્ષા વધારી શકે પણ મોદી તે થવા દેવા માંગતા નથી. સૂત્રોના જણાવ્યા મુજબ આથી વડાપ્રધાને આ પ્રકારની નિયુક્તિમાં વીટો વાપર્યો છે અને તે રીતે સંગઠનમાં હવે ફેરફારોમાં વડાપ્રધાન પોતાની ભૂમિકા વધારશે તે નિશ્ચિત છે.

## રાજનાથસિંહ અને સિનીયર મંત્રીઓ વિપક્ષની છાવણી સાથે સંવાદ કરશે : મહત્વની બેઠકમાં નિર્ણય

**સીમાંકન સહિતના બંધારણ સુધારા ખરડા રજૂ કરવા તૈયારી : DMK ને મનાવી લેવાયું !**

નવી દિલ્હી : સોમવારે શરૂ થઇ રહેલા સંસદના ચોમાસુ સત્રમાં સરકારે સત્તાવાર રીતે જાહેર કરેલ એજન્ડામાં હજુ સુધી બંધારણ સુધારા વિધેયક કે જે નવા સીમાંકન સાથે જોડાયેલું છે તે રજુ કરવા અંગે કોઇ સત્તાવાર જાહેરાત કરી નથી પરંતુ સરકારે જ બંને ગૃહોમાં બંધારણ સુધારા વિધેયક પસાર કરાવવા માટે તૈયાર હોવાના સંકેત છે અને તેના પગલે સંસદના શિયાળુ સત્ર



એક દેશ, એક ચૂંટણીના ખરડો પણ રજૂ કરી દેવાશે.

તો વધુ એક વિધેયક જે જેમાં વડાપ્રધાન તથા મુખ્યમંત્રીઓ અને રાજયના અને કેન્દ્રના મંત્રીઓ જો કોઇ ફોજદારી અપરાધમાં ૩૦ દિવસ સુધી પોલીસ કે ન્યાય કસ્ટડીમાં રહે તો આપોઆપ તેમના હોદ્દા પરથી દુર થઇ જાય તે સુધારા વિધેયક પણ સંસદમાં રજૂ કરવા

**અનુસંધાન પાના નં.૪ પર**

### તિકડમ !
– દેવેન વ્યાસ



પ્રજાના પ્રશ્નો કે સંસદ ની ચર્ચા જયા સાંભળી શકતો, ત્યાં તારી વાત ક્યાંથી સાંભળી શકું ?

## ગુજરાતના ડંકા વાગ્યાઃ નિવેશ અનુકુળતામાં નંબર - ૧

નવી દિલ્હીઃ નીતિ આયોગના રોકાણ-મૈત્રીપૂર્ણ સૂચકાંકમાં ગુજરાત ટોચ પર છે. મહારાષ્ટ્ર અને તમિલનાડુ અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.શુક્રવારે જાહેર કરાયેલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રોકાણ-મૈત્રીપૂર્ણ સૂચકાંક અહેવાલ અનુસાર, માળખાગત સુવિધાઓ, નાણાકીય સ્થિતિ અને નિયમનકારી સરળતાના ક્ષેત્રોમાં તેના મજબૂત પ્રદર્શનને કારણે ગુજરાત યાદીમાં ટોચ પર છે. અહેવાલ બહાર પાડતા, નીતિ આયોગના વાઈસ ચેરમેન અશોક કુમાર લાહિરીએ જણાવ્યું હતું કે ભારતમાં રોકાણ દર લગભગ ૨૫ ટકા છે.Travel Guides & Travelogues ગુજરાત ૫૬.૬ પોઈન્ટ સાથે પ્રથમ ક્રમે છે. કંપનીના મજબૂત પોર્ટ લોજીસ્ટિક્સ, સસ્તી વીજળી અને ઉત્તમ વ્યવસાયિક વાતાવરણને કારણે આ સ્થાન મળ્યું છે. દરમિયાન, મહારાષ્ટ્ર ૫૩.૭ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે. તેણે મોટા ખાનગી ઈક્વિટી અને સાહસ મૂડી રોકાણોને આકર્ષવામાં મજબૂત હાજરી દર્શાવી છે. આ બે રાજ્યો ઉપરાંત, ગોવા, તમિલનાડુ અને ઓડિશા ૫૦ પોઈન્ટનો આંકડો વટાવનારા એકમાત્ર રાજ્યો હતા.

## મોદી ઉદ્‌ઘાટન કરે એ પહેલાં કર્ણાટકના રેલવે-સ્ટેશનમાં વરસાદી પાણીનું લીકેજ

નવી દિલ્હી : કર્ણાટકના કોપ્પલમાં અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ આશરે ૨૧.૧૪ કરોડ રૂપિયાના ખર્ચે નવા બનાવવામાં આવેલા કોપ્પલ રેલવે-સ્ટેશનના પરિસરમાં વરસાદી પાણી લીક થઈ રહ્યું હોય એવો એક વિડિયો વાઇરલ થયો છે. નવાઈની વાત એ છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ સ્ટેશનનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરે એના થોડા કલાકો પહેલાં જ આ ઘટના સામે આવી હતી. આ ઘટનાથી વિવાદ સર્જાયો હતો, કારણ કે લોકોએ સ્ટેશન પર કરવામાં આવેલા બાંધકામના





કાર્યની ગુણવત્તા પર સવાલ ઉઠાવ્યા હતા.કોપ્પલ રેલવે-સ્ટેશનમાં આધુનિક સુવિધાઓ હેઠળ ૧૫૦૮ ચોરસ મીટરનું નવું એક માળનું બિલ્ડિંગ બાંધવામાં આવ્યું છે, એક પહોળો ફુટઓવર બ્રિજ અને લિફ્ટ લગાવવામાં આવ્યાં છે. આ સ્ટેશન યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ હમ્પીની નજીક છે.

## સુરતમાં પૂરના નુકસાન બાદ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી એક્શનમાં

**આજે અધિકારીઓ સાથે હાઈલેવલ રિવ્યુ બેઠક**

સુરત :"સુરત શહેરમાં તાજેતરમાં પૂરના કારણે સર્જાયેલી તારાજી અને નાગરિકોને થયેલા નુકસાનના સર્વે બાદ હવે રાજ્ય સરકાર સહાય વિતરણના એક્શન પ્લાન તરફ આગળ વધી રહી છે. આ અંતર્ગત રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી આજે સુરતની મુલાકાતે છે. તેઓ પૂરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ અને નુકસાનીના આંકડાઓ અંગે એક મહત્વપૂર્ણ રિવ્યુ (સમીક્ષા) બેઠક યોજવાના છે."""આ હાઈલેવલ બેઠકમાં સુરતના સ્થાનિક પદાધિકારીઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા)ના કમિશનર, જિલ્લા કલેક્ટર સહિતના ઉચ્ચ વહીવટી અધિકારીઓ હાજર રહેશે. બેઠકમાં પૂરના કારણે કયા વિસ્તારમાં કેટલું નુકસાન થયું છે તેનો ચોક્કસ ચિતાર મેળવ્યા બાદ, અસરગ્રસ્ત નાગરિકો અને વેપારીઓને વહેલી તકે સરકારી સહાયની રકમ ચૂકવવા અંગે આખરી મહોર મારવામાં આવશે. ગૃહમંત્રીની આ ત્વરિત સમીક્ષાથી સુરતવાસીઓને ઝડપી ન્યાય અને સહાય મળવાની આશા બંધાઈ છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....
આષાઢ સુદ-૦૫, તા.૧૮ જૂલાઇ, શનિવાર

# ગ્રીન એનર્જીની ક્રાંતિ: દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનના ઉદયમાં કચ્છનો સુવર્ણ ફાળો



**આ ટ્રેન પાછળ કચ્છ અને ગુજરાતનો કોઈ ફાળો છે ખરો? ઊંડાણપૂર્વકનું સંશોધન દર્શાવે છે કે, આ ટ્રેનને ચલાવવા માટે જે ગ્રીન હાઈડ્રોજન ઈંધણ અને ભવિષ્યના રોડમેપની જરૂર છે, તેનો મજબૂત પાયો ગુજરાત અને ખાસ કરીને કચ્છની ધરતી પર નંખાયો છે.**

ભારતીય રેલવેના ઈતિહાસમાં હરિયાણાના જીંદથી સોનીપત રૂટ પર દોડનારી દેશની સર્વપ્રથમ 'હાઈડ્રોજન ટ્રેન' માત્ર એક ટ્રેન નથી, પરંતુ પરિવહન ક્ષેત્રે એક નવા યુગનો સૂર્યોદય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારે આ સ્વદેશી ટેકનોલોજીથી સજ્જ પ્રદૂષણમુક્ત ટ્રેનને લીલીઝંડી આપી, ત્યારે સમગ્ર દેશ ગૌરવની લાગણી અનુભવી રહ્યો હતો. આ ઐતિહાસિક ક્ષણે સ્વાભાવિક રીતે જ એક પ્રશ્ન થાય કે, હરિયાણાના પાટા પર દોડનારી આ ટ્રેન પાછળ કચ્છ અને ગુજરાતનો કોઈ ફાળો છે ખરો? ઊંડાણપૂર્વકનું સંશોધન દર્શાવે છે કે, આ ટ્રેનને ચલાવવા માટે જે ગ્રીન હાઈડ્રોજન ઈંધણ અને ભવિષ્યના રોડમેપની જરૂર છે, તેનો મજબૂત પાયો ગુજરાત અને ખાસ કરીને કચ્છની ધરતી પર નંખાયો

**પીએમ મોદીના આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવામાં કચ્છની વૈશ્વિક ઉર્જા ક્રાંતિ અને ગુજરાતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પડદા પાછળના અસલી હીરો છે.**

છે.કોઈપણ હાઈડ્રોજન ટ્રેનને દોડાવવા માટે સૌથી મહત્ત્વની વસ્તુ છે – ગ્રીન હાઈડ્રોજન (પ્રદૂષણ મુક્ત બળતણ). દેશમાં મોટા પાયે ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવા માટે કેન્દ્ર સરકારે કરોડો રૂપિયાનું 'નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન' શરૂ કર્યું છે. આ મિશનનું કેન્દ્રબિંદુ આપણું કચ્છ છે.કચ્છના ખાવડા ખાતે વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક આકાર લઈ રહ્યો છે. અદાણી, રિલાયન્સ અને વેલસ્પન જેવી દેશની દિગ્ગજ કંપનીઓ કચ્છ અને વાગડના પટ્ટામાં હાઈડ્રોજનના ઉત્પાદન માટે હજારો કરોડ રૂપિયાનું રોકાણ કરી રહી છે. આજે ભલે પ્રથમ ટ્રેન હરિયાણામાં દોડી રહી હોય, પણ આગામી સમયમાં દેશભરની હાઈડ્રોજન રેલવેને જે ઈંધણ મળવાનું છે, તેનો 'પાવર હાઉસ' કચ્છ બનવા જઈ રહ્યો છે.ગ્રીન હાઈડ્રોજન ટ્રેનની આસપાસ આખું એક સપ્લાય ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થઈ રહ્યું છે. ભારત સરકાર દ્વારા દીનદયાળ પોર્ટ ઓથોરિટી (કંડલા બંદર) અને મુંદ્રા બંદર નજીક 'ગ્રીન હાઈડ્રોજન અને એમોનિયા

**આજે ભલે પ્રથમ ટ્રેન હરિયાણામાં દોડી રહી હોય, પણ આગામી સમયમાં દેશભરની હાઈડ્રોજન રેલવેને જે ઈંધણ મળવાનું છે, તેનો 'પાવર હાઉસ' કચ્છ બનવા જઈ રહ્યો છે : અદાણી-અંબાણી તથા કંડલા-મુંદરા બંદરો હાઈડ્રોજન ઉત્પાદનમાં વૈશ્વીક સ્તરે રહેશે મોખરે**

હબ' વિકસાવવાની મંજૂરી આપવામાં આવી છે. ટ્રેન અને અન્ય પરિવહનમાં વપરાતી હાઈડ્રોજન કીટ્સ, સ્ટોરેજ ટેંક અને ટેકનોલોજીકલ ઉપકરણોની આયાત-નિકાસ અને પરિવહનમાં કચ્છના આ બંદરો દેશની જીવાદોરી સમાન સાબિત થઈ રહ્યા છે.હાલ હરિયાણામાં થઈ રહેલો આ પ્રયોગ જો સફળ રહેશે, તો રેલવે મંત્રાલય દ્વારા દેશના જે ૮ હેરિટેજ અને ટૂરિસ્ટ રૂટ પર હાઈડ્રોજન ટ્રેન દોડાવવાનું આયોજન છે, તેમાં ગુજરાતના પણ મહત્વના રૂટ સામેલ છે. ભવિષ્યમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડિયા) અને ગુજરાતના હેરિટેજ રૂટ્સ પર પણ આવી ઈકો-ફ્રેન્ડલી ટ્રેનો જોવા મળશે, જે પ્રવાસનને નવી ઊંચાઈ આપશે.હરિયાણાના જીંદની આ હાઈડ્રોજન ટ્રેન દેશના રેલવે ઈતિહાસનું એક નવું પાનું છે, પણ એ પાનું લખવા માટેની શાહી અને કલમ ગુજરાત-કચ્છના ગ્રીન વિઝનમાંથી આવી છે. પીએમ મોદીના આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવામાં કચ્છની વૈશ્વિક ઉર્જા ક્રાંતિ અને ગુજરાતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પડદા પાછળના અસલી હીરો છે. જીંદમાં શરૂ થયેલી આ ટ્રેન ભવિષ્યમાં જ્યારે સમગ્ર ભારતમાં વિસ્તરશે, ત્યારે તેની સફળતાના મૂળિયાં કચ્છની ધરતીમાં જ શોધવા પડશે.

# લખપત તાલુકા પંચાયતની કારોબારી સમિતિની બેઠક મળી



બેઠકમાં ચેરમેન પદે પુષ્પાબેન લિંબાણીની વરણી કરાઈ

નખત્રાણા - કચ્છ ઉદય : લખપત તાલુકા પંચાયતની કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની બેઠક મળી હતી. જેમાં કારોબારી સમિતિના ચેરમેન પદે પુષ્પાબેન ભવાનભાઈ લિંબાણીની વરણી કરવા રાજેશગર ગુંસાઈએ દરખાસ્ત કરી હતી. જેને રતુબેન મારાજે ટેકો આપી સર્વે સભ્યોએ ચેરમેન પદે પુષ્પાબેન ભવાનભાઈ લિંબાણીની વરણી કરાઈ હતી અને સામાજિક ન્યાય સમિતિની બેઠકમાં માધાભાઈ રાઠોડે ચેરમેન તરીકે જેઠાભાઈ થાવરભાઈ મહેશ્વરીના નામની દરખાસ્ત કરાઈ હતી. જેને ગંગાબેન બલિયાએ ટેકો આપ્યો હતો અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે જેઠાભાઈ થાવરભાઈ મહેશ્વરીની નિમણૂક કરવામાં આવી હતી.

આ તકે નવનિયુક્ત ચેરમેનોને હાર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા પંચાયતના પ્રમુખ ગંગાબેન બલિયા, ઉપ્રમુખ હુશેનભાઈ પઢિયાર, દંડક રતુબેન મારાજ, શાસક પક્ષ નેતા કરણાભાઈ રબારી, તા. પંચાયત સદસ્ય ફાતમાબેન જત, અબ્દુલ કરીમ જત, રાજેશગર ગુંસાઈ, લખપત તાલુકા ભાજપના પ્રભારી રાજેશભાઈ પલણ, સરહદ ડેરીના ડાયરેક્ટર હસમુખભાઈ પટેલ, રાજુભાઈ સરદાર, નિતિનભાઈ સુમરા, જશુભા જાડેજા, હાજી સલેમાન પઢિયાર, કુલદીપસિંહ ચાવડા, અરવિંદ ચાવડા, મયૂરસિંહ જાડેજા, મામદભાઈ સોતા, અબ્દુલભાઈ જત, મેઘજીભાઈ બલિયા, ઈશાકભાઈ સુમરા, ભવાનભાઈ પટેલ તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહી શુભકાનાઓ પાઠવી હતી.

## ભુજમાં મુસ્લિમ સ્કૂલ ચોકડી પાસે થયેલા અકસ્માત મામલે ફોજદારી

ભુજ - કચ્છઉદય : શહેરમાં મુસ્લિમ હાઈસ્કૂલ વાડી ચોકડી પાસે અકસ્માત થયો હતો. ફરીયાદી પાટેશ્વર નગરમાં રહેતા ફરદીન આમદ સુમરાના જણાવ્યા પ્રમાણે બોલેરો નંબર જી.જે.૧૨.સીટી ૩૬૮૩ ના ચાલક આફરીદીન ઓસમાણ સમાએ પોતાની ગાડી પુરઝડપે ચલાવી ફરીયાદીના ભાઈની એક્સેસ નંબર જી.જે.૧૨ એચ. એફ. ૩૩૯૨ ને જમણી બાજુથી ટક્કર મારી અકસ્માત કરતા ફરીયાદીના ભાઈને માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થઈ હતી તેમજ શરીરે ટાંકા આવ્યા હતા. તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. બનાવ અંગે એ ડીવીઝન પોલીસે ગુનો દાખલ કર્યો છે.

## સુખપરમાં પારીવારીક બાબતે થયેલ ડખ્ખામાં સામ સામે ફરીયાદ

ભુજ - કચ્છઉદય : તાલુકાના સુખપર ગામે પારીવારીક બાબતે થયેલા ડખ્ખામાં સામ સામે ફરીયાદ નોંધવામાં આવી હતી. ફરીયાદી પ્રિયાબેન રવજીભાઈ હીરાણીના જણાવ્યા મુજબ તેમના પતિ રવજી રામજી હિરાણી અને સાસુ નાનબાઈ રામજી હીરાણી સામે ગુનો દાખલ કરાવ્યો હતો. ફરીયાદીએ જણાવ્યું કે, પૈસા બાબતે ઝઘડો કરી મારકુટ કરી ત્રાસ આપવામાં આવ્યો હતો. દરમ્યાન સામે પક્ષે નાનબાઈએ પુત્રવધુ સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું કે, પાણીની મોટર લઈને જતા હતા ત્યારે ફરીયાદીએ મોટર ન આપતા ઉશ્કેરાઈને માર માર્યો હતો. માનકુવા પોલીસે સામ સામે ગુનો દાખલ કર્યો છે.

## સુમરાસર શેખમાં થયેલી મારામારી અંગે ફરીયાદ

ભુજ - કચ્છઉદય : તાલુકાના સુમરાસર શેખ ગામે મારામારી થઈ હતી. ફરીયાદી અમીર અબ્દુલ કરીમ નોતિયારના જણાવ્યા મુજબ આરોપી લધા અલીમામદ શેખ, અબ્દુલ્લા ચનેસર શેખ, ઈકબાલ અબ્દુલ્લા શેખ, જાવેદ અબ્દુલ્લા શેખે રોડ પરથી જલ્દી ગાડી લઈ લેવા બાબતે ઝઘડો કરી લોખંડના પાઈપ તેમજ ધોકા વડે માર મારી ઈજાઓ પહોંચાડી હતી. જેથી માધાપર પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

## પરિણીતાને ત્રાસ અપાતા મહિલા પોલીસમાં ફરિયાદ

ભુજ - કચ્છઉદય : તાલુકાના જવાહરનગર લોડાઈમાં રહેતા સારૂબેને ભુજ મહિલા પોલીસમાં તેના પતિ સામે ફરિયાદ નોંધાવી હતી. પતિ અંજારના વીડીમાં રહેતા લખુભાઈ અશોકભાઈ કોલીએ ફરીયાદીના લગ્નના ચારેક માસ અગાઉથી આજદીન સુધી અન્ય સ્ત્રી સાથે આડા સબંધો રાખી ફરીયાદી સાથે ઝઘડા કરી મારકુટ કરી ત્રાસ આપતા મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# બાલાપર-બુડધ્રો ડેમમાંથી ખેડુતોને સિંચાઈનું પાણી પુરૂ પાડવા તા.પં. કારોબારી ચેરમેન પ્રવિણ ભાનુશાલીની સિંચાઈ વિભાગને રજુઆત

**તેરા, હમીરપર, ધુફી નાની-મોટી, કાળાતળાવ, કુણાઠિયા, રાયધણપર સહિતના ગામોના સરપંચોએ પણ લેખીત રજુઆતમાં સુર પુરાવી આશરે ૬ હજાર હેક્ટર ખેતીની જમીનને અગાઉની માફક સિંચાઈનું પાણી આપવા કરી માંગ**

નલિયા : બાલાપર-બુડધ્રો ડેમમાંથી ખેડુતોને સિંચાઈનું પાણી પુરુ પાડવા તા.પં.કારોબારી ચેરમેન પ્રવિણ ભાનુશાલી દ્વારા કચ્છના સિંચાઈ વિભાગને રજુઆત કરાઈ છે.રજુઆતમાં સુર પુરાવી લાભાન્વિત ગામની ગ્રામ પંચાયતોએ પણ આશરે ૬ હજાર હેક્ટર જેટલી ખેતીની જમીનને અગાઉની માફક પાણી આપવા માંગ કરી છે.

અબડાસા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન પ્રવિણ માધવજી ભાનુશાલી દ્વારા કચ્છના સિંચાઈ વિભાગને રજુઆત કરતા પત્રમાં જણાવ્યા મુજબ બાલાપર-બુડધ્રો ડેમમાંથી તેરા, હમીરપર, ધુફી નાની, ધુફી મોટી, કાળાતળાવ, કોણાઠીયા, રાયધણપર આ ગામના ખેડુતોને સિંચાઈ માટે સતત ૪૦ વરસ સુધી પાણી મળતું હતું.આ ગામોની આશરે ૬ હજાર હેક્ટરથી વધારે જમીનની પિયત થતી હતી. આ ડેમથી ઉપરોક્ત બધા ગામો તરફ કેનાલ પણ બનેલ છે.પણ છેલ્લા ૧૫ વરસથી સિંચાઈનું પાણી મળવાનું બંધ થયેલ છે.તેના લીધે નહેરની હાલત પણ જર્જરીત થયેલ છે.વરસાદ આધારિત ખેતીથી જગતના તાતને ગુજરાન ચલાવવું મુશ્કેલ છે.ભારત સરકારની સુંદર યોજના જલ શક્તિક અભિયાન પણ આ સિંચાઈ યોજનાઓ માટે તેમજ ખેડુતોને સતત પ્રોત્સાહન આપવા કાર્યરત છે.બાલાપર-બુડધ્રો ડેમથી આ ગામોને સિંચાઈ માટે પાણી મળે અને નહેરનું યોગ્ય મરંમત કરાય તેવી શ્રી ભાનુશાલીએ પત્રમાં માંગ કરી છે. કારોબારી ચરેમેનની આ રજુઆતમાં તેરા ગ્રામ પંચાયત, કાળાતળવા જુથ ગ્રામ પંચાયત, ધુફી નાની ગ્રામ પંચાયત, હમીરપર ગ્રામ પંચાયત સહિતની ગ્રામ પંચાયતોના સરપંચોએ પણ લેખીત રજુઆતમાં જોડાઈ સુર પુરાવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સરકારશ્રી દ્વારા અબડાસામાં જળ સંચયના કામો માટે અબજો રૂપિયાની અગાઉ ફાળવણી કરાઈ હતી, પરંતુ લેભાગુ તત્ત્વો દ્વારા ભ્રષ્ટાચાર આચરી માત્ર કાગળ ઉપર કામો કરી સરકારના શુભ હેતુ પર પાણી ફેરવી દેવાયું હતું. બાલાપર-બુડધ્રો ડેમની કેનાલ રીપેર કરી આ ગામોની ૬ હજાર જેટલી ખેતીની જમીનને પિયતનો લાભ મળે તેમ હોઈ જરૂરી પગલા કચ્છનું સિંચાઈ વિભાગ ભરે તે જરૂરી છે.

# કચ્છમાં ૧૧૨ નવનિયુક્ત મહેસૂલી તલાટીઓ હવે વિવિધ મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવશે





**૧૦૦થી વધુ તલાટીઓના ફરજ ફાળવણીના હુકમથી કચ્છના નાગરિકોને મળશે વિવિધ મહેસૂલી સેવાઓનો લાભ : કલેક્ટર અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ મહેસૂલી તલાટીઓ માટે ભુજ ખાતે સ્થળ પસંદગી કેમ્પ યોજાયો**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં તાજેતરમાં નિમણૂક પામેલા નવનિયુક્ત મહેસૂલી તલાટીઓને તાલુકા કક્ષાની કચેરીઓ ફાળવવાના હેતુથી ગત તા. ૧૬-૭ના કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે એક ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વહીવટી પારદર્શિતાના દાખવીને આ કેમ્પ દ્વારા તલાટીઓને મામલતદાર કચેરીઓ ખાતે ફરજના હુકમની ફાળવણી કરવામાં આવી હતી. કેમ્પ દરમિયાન કુલ ૧૧૨ નવનિયુક્ત મહેસૂલી તલાટીઓએ મામલતદાર કચેરીઓની પસંદગી કરી હતી. જેમાં મામલતદાર કચેરી ભુજ (ગ્રામ્ય) માટે ૧૧, ભુજ (શહેર) માટે ૧, માંડવી માટે ૧૫, મુંદરા માટે ૧૧, અંજાર માટે ૬, ગાંધીધામ માટે ૨, ભચાઉ માટે ૧૧, રાપર માટે ૧૬, નખત્રાણા માટે ૨૩, અબડાસા માટે ૯ અને મામલતદાર કચેરી લખપત માટે કુલ ૭ જગ્યાઓ પર પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

આ સમગ્ર પ્રક્રિયાના અંતે, મહેસૂલી તલાટીઓ દ્વારા પસંદ કરવામાં આવેલી કચેરીઓ અનુસાર કચ્છ કલેક્ટર અનિલ રાણાવસિયા દ્વારા સંબંધિત તલાટીઓને વિગતવાર કચેરી ફાળવણીના સત્તાવાર હુકમો જારી કરવામાં આવ્યા હતા. આ નિમણૂકથી જિલ્લાના મહેસૂલી વહીવટમાં વધુ વેગ આવશે અને તેનો સીધો જ લાભ કચ્છના નાગરિકોને થશે.

## લંડન રહેતા પતિએ વોટસઅપમાં ઓડિયો ક્લિપ મોકલી ભુજની યુવતીને તલાક આપ્યા

ભુજ - કચ્છઉદય : ભુજમાં રહેતી યુવતી આણંદમાં અભ્યાસ કરવા માટે ગઈ ત્યારે યુવક સાથે પરિચય થયા બાદ બન્નેના નિકાહ થયા હતા. આરોપી પતિએ ભુજની યુવતી સાથે બીજા લગ્ન કર્યા હતા. યુવતીને લંડન લઈ જવાનું કહી ન લઈ જઈ વોટસઅપમાં હું તલાક આપું છું તેવો ઓડીયો મોકલાવી તરછોડી દેતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. આ બાબતે ભુજ મહિલા પોલીસ સ્ટેશનમાંથી મળતી વિગતો મુજબ આ બનાવ ડિસેમ્બર ૨૦૨૨ થી આજદીન સુધી બન્યો હતો. ફરીયાદી આરજુબેન વા/ઓ ફીરોઝઅલી સૈયદે જણાવ્યું કે, તેઓ આણંદ ખાતે અભ્યાસ કરતા હતા ત્યારે આરોપી ફીરોઝઅલી નઝીરઅલી સૈયદ સાથે પરિચય થયો હતો. ૨૦૨૨ માં પરિવારના સભ્યોની હાજરીમાં નિકાહ થયા હતા. લગ્ન બાદ આરોપી ફરીયાદીને આણંદની હોટલમાં લઈ ગયો હતો. આરોપીએ પોતાના પરિવારજનો ઘરમાંથી કાઢી મુકશે તેવો ડર બતાવી, સાસરે લઈ જવાનું ઈન્કાર કરી ત્રાસ આપ્યો હતો. જે બાદ ફરીયાદી ભુજ માવતરે આવી ગયા, બાદમાં ફરી આરોપી આણંદની હોટલમાં લઈ ગયો, ત્રાસ આપ્યો હતો. નવેમ્બર ૨૦૨૪ માં પતિનો સંપર્ક ન થતા પરિણીતાના ભાઈએ તપાસ કરતા જાણવા મળ્યું કે, ફીરોઝઅલી લંડન ચાલ્યો ગયો છે. બાદમાં મે ૨૦૨૬ માં જાણવા મળ્યું કે, પતિના અગાઉ લગ્ન થયેલા છે. તેની પત્નિ લંડનમાં તબીબ છે અને બે બાળકો છે. જે બાદ આરોપીએ ૩૧ મેના ૨૦૨૬ ના ફરીયાદીના વોટસઅપ પર ઓડીયો મેસેજ મોકલ્યો હતો કે, હું તને તલાક આપું છું, આમ કહીને સંબંધ તોડી નાખ્યો હતો. ફરીયાદ મુજબ પતિના કહેવાથી પરિણીતા સ્ટુડન્ટ વીઝા પર કેનેડા ગયા હતા. પરંતુ પતિ ત્યાં ન આવતા પરત ફર્યા હતા. આખરે ફરીયાદ નોંધાવાઈ છે. આરોપી પતિ લંડનમાં રહે છે અને તે બે વર્ષના વીઝા પર ગયો હોઈ વીઝા પુરા થવા પર છે. ભારત આવશે એટલે એરપોર્ટ પરથી ઝડપી લેવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## ભચાઉના નવાગામમાં ૨૧ વર્ષીય યુવતીનો ગળેફાંસો

ભચાઉ : ભચાઉ તાલુકાના નવાગામ ખાતે એક અત્યંત આઘાતજનક ઘટનામાં ૨૧ વર્ષીય યુવતીએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું છે. મૃતક મોનીકાબેન દિનેશભાઈ શામળીયાની આગામી તારીખ ૧૯/૦૭/૨૦૨૬ના રોજ સગાઈ થવાની હતી. જોકે, ૧૭ જુલાઈના રોજ બપોરે જ્યારે પરિવારના સભ્યો ઘરે હાજર નહોતા, ત્યારે મોનીકાએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. ભચાઉ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પીએસઆઈ કે.બી. તરારને તપાસ સોંપી છે કે આત્મહત્યા પાછળનું અસલ કારણ શું છે.

# અંજાર અને રાપરમાંથી બે યુવકો રહસ્યમય સંજોગોમાં ગુમ

ગાંધીધામ : અંજારના પ્રભાતનગર (પ્લોટ નં. ૭૮) ખાતે રહેતો ૩૩ વર્ષીય મોન્ટુ જેઠુભાઇ કાતરીયા ગત ૧૪ જુલાઈથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યો ગયો છે. તેનો મોબાઈલ ફોન પણ બંધ આવી રહ્યો છે. શ્યામ વર્ણ અને ૫.૫ ફૂટ ઊંચાઈ ધરાવતા આ યુવકે નારંગી કલરનું ટી-શર્ટ અને બ્લુ પેન્ટ પહેરેલ છે. બીજીતરફ મૂળ રાપરના ઉમૈયા ગામના અને હાલ સુરત કતારગામ ખાતે વેપાર કરતા ૪૦ વર્ષીય દિનેશભાઈ હરીભાઈ બારોટ ગત ૧૦ જુલાઈથી પોતાના વતન ઉમૈયાથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉંવર્ણ ધરાવતા દિનેશભાઈના જમણા હાથે ત્રિશૂલ અને ડમરુ ત્રોફાવેલું છે.

**આદિપુરમાંથી પરિણીત પુરુષ ગુમ**

આદિપુરના અંતરજાળ (જગદંબા-૦૨) વિસ્તારમાં રહેતા અને ટ્રેક્ટર પાછળ ટેક્ર જોડી પાણી વેચવાનો ધંધો કરતા ૩૭ વર્ષીય જોરૂભાઇ ગભુભાઇ ભરવાડ ગત ૧૪ જુલાઈના રોજ સાંજે ઘરેથી અચાનક ગુમ થઈ ગયા છે. તેમની પત્ની રાજુબેન જ્યારે ફેક્ટરીએથી મજૂરી કામ કરીને ઘરે પરત ફર્યા ત્યારે પતિ ગુમ હોવાનું જણાયું હતું અને તેમનો ફોન પણ સ્વિચ ઓફ આવતો હતો. આદિપુર પોલીસે ગુમનોંધના આધારે તપાસ શરૂ કરી છે.

# ગાંધીધામમાં ઘરમાં પગ લપસી જતાં પરિણીતાનું કરુણ મોત

ગાંધીધામ : ગાંધીધામના ભારતનગર પાણીના ટાંકા પાસે, પ્લોટ નં. ૧૦૧૨ (વોર્ડ ૯/બી) વિસ્તારમાં એક અરેરાટીભરી દુર્ઘટના સામે આવી છે. અહીં રહેતી ૩૩ વર્ષીય સોનમબેન (પતિનું નામઃ સુનાર રતન) નામની મહિલા પોતાના ઘરે ચાલતી હતી, ત્યારે અચાનક પગ સ્લીપ થઈ જતાં તે જમીન પર પટકાઈ હતી.

ગંભીર ઈજાઓ થવાના કારણે તેણીને તાત્કાલિક આદિપુરની રામબાગ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબ ડો. ખુશીબેન મજેઠીયાએ તેણીને મૃત જાહેર કરી હતી. ગાંધીધામ 'એ' ડીવીઝન પોલીસે અકસ્માત મોત (એડી) ગુનો નોંધી પીએસઆઈ એમ.જે. આહીરને વધુ તપાસ સોંપી છે.

# અંજારના નિંગાળમાં ટ્રેઈલર રોકી ચાલક અને તેના ભાઈ પર લાકડાના ધોકાથી હુમલો

અંજાર :અંજાર તાલુકાના નિંગાળ ગામે ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા મુકેશભાઇ રવજીભાઇ ચાવડા (આહીર)નું ટ્રેઈલર રોકીને સ્થાનિક ત્રણ શખ્સોએ હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

બોલાચાલી બાદ આરોપીઓ (૧) સુલતાન હાસમ કેવરે, (૨) કરીમ હાસમ કેવર અને (૩) સિધ્ધીક સુજાએ ફરિયાદીને બેફામ ગાળો આપી લાકડાના ધોકા વડે માર માર્યો હતો અને ગાડીનો કાચ તોડી નાખ્યો હતો. તેમજ ફરિયાદીના ભાઈને પણ આંખના ભાગે મૂઢ ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

પોલીસે હથિયારબંધીના જાહેરનામાના ભંગ સહિત BNSની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનું બહાર આવ્યું છે.

# અંજારમાંથી યુવકના અપહરણનો નિષ્ફળ પ્રયાસ : ચાર સામે ગુનો

અંજાર : અંજાર પોલીસ લાઈનની બાજુમાં જાહેર રોડ પર ધોળા દિવસે ગોલ્ડનસિટી મેઘપર કુંભારડીના યુવક જોગેશ પ્રાગજી મંગે (ભાનુશાલી) પર હુમલો કરી તેનું અપહરણ કરવાનો નિષ્ફળ પ્રયાસ કરાયો હોવાની ચોંકાવનારી ફરિયાદ નોંધાઈ છે.

ભુજના ચાર શખ્સો (૧) રાહુલ ભાનુશાલી, (૨) અજય ભાનુશાલી, (૩) પુતીન વડોર અને (૪) કિરીટસિંહ સોઢાએ ફરિયાદી જોગેશને આંતરીને ગાળો ભાંડી, મુક્કા માર્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીપૂર્વક અપહરણ કરવાનો પ્રયાસ કર્યો હતો.

ઈજાગ્રસ્ત યુવકની હોસ્પિટલમાં સારવાર ચાલુ હોવાથી ફરિયાદ મોડી નોંધાઈ છે. અંજાર પોલીસે ગુનો નોંધી ચારેય આરોપીઓની શોધખોળ આદરી છે.

# ભુજના વોકળા ફળીયામાં દુકાનમાંથી ૧.૯૯ લાખના બીડી-ગુટખાની ચોરી

ભુજ - કચ્છઉદય : શહેરના વોકળા ફળિયામાં હોલસેલની દુકાનો આવેલી છે. અહીં સલાટ ડેલી પાસે આવેલી કૌશલ ટ્રેડર્સ નામની દુકાનના પતરા ખોલી અંદર પ્રવેશી ચોરી કરવામાં આવી હતી. ૨૦ મે થી ૧૬ જુન દરમ્યાન દુકાનમાંથી બીડી, પાન - મસાલાના કટ્ટા મળી ૧.૯૯ લાખના મુદ્દામાલની ચોરી કરવામાં આવી હતી.

આ બાબતે કૌશલ વિનોદભાઈ ગણાત્રાએ એ ડીવીઝનમાં ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદીને હોલસેલનો વેપાર હોવાથી માલની જરૂર પડતા દુકાનમાં તપાસ કરતા સ્ટોક ઓછો જણાયો હતો. જેથી કેમેરા ચેક કરતા એક અજાણ્યો શખ્સ દુકાનમાં પ્રવેશીને ચોરી કરતો હોવાનું જણાઈ આવતા ગુનો દાખલ કરાયો હતો.

## ગાંધીધામમાં નશાની હાલતમાં બાઈક દોડાવતો શખ્સ ઝડપાયો

ગાંધીધામ : ગાંધીધામના કિડાણા ફોરેસ્ટ ગ્રાઉન્ડ સામે રોડ પર ચેકિંગ દરમિયાન ગાંધીધામ 'બી' ડીવીઝન પોલીસે મોટરસાયકલ પર સવાર એક શખ્સને ઝડપી પાડ્યો હતો. આરોપી પ્રકાશ મોહનલાલ ચૌહાણ (રહે. બાગેશ્રી હાઈટ-૦૨, કિડાણા) પોતાની હોન્ડા સાઈન બાઈક (રજી.નં GJ-39-K-6375) પર કેફી પીણું પીધેલી (નશાની) હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે તેની અટકાયત કરી મોટર વ્હીકલ એક્ટ કલમ-૧૮૫ અને પ્રોહિબિશન કલમ-૬૬(૧)(બી) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીધામમાં જાહેર રોડ પર વાહન આડું ઊભું રાખનાર તુફાન ચાલક સામે ગુનો

ગાંધીધામ : ગાંધીધામ બસ સ્ટેશન સામે જાહેર રોડ પર ટ્રાફિકને અડચણ થાય અને અકસ્માત સર્જાય તે રીતે પોતાની તુફાન ક્રૂઝર ગાડી (રજી નં. GJ-02-W-0806) પાર્ક કરી ઊભી રાખનાર મોરબીના ડ્રાઈવર મુસ્તાક ઈબ્રાહીમ જુવારિયા સામે ગાંધીધામ 'બી' ડીવીઝન પોલીસે ગુનો નોંધ્યો છે. પોલીસે જાહેર રસ્તા પર અડચણ ઊભી કરવા બદલ BNS કલમ-૨૮૫ હેઠળ ગુનો નોંધી ડ્રાઈવરની અટકાયત કરી છે.

**નલિયા-કોઠારા હાઇવે પર ૫૧ દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ**



અબડાસા તાલુકાના નલિયા કોઠારા રોડ હાઈવે ઉપર થયેલા ૫૧ દબાણો દૂર કરવાની કામગીરી ચાલુ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે અધિકારીઓ સાથે રહીને દબાણ દૂર કરવાની કામગીરી ચાલુ હજી પણ જે દબાણ હશે એ તાત્કાલ દૂર કરવામાં આવશે.

સોનામાં રોકાણનો સુવર્ણ અવસર
સોવરિન ગોલ્ડ બોન્ડ સોનામાં રોકાણનો શ્રેષ્ઠ વિકલ્પ!
રોકાણ માટે સંપર્ક કરો:
Jigneshbhai Chavda
9016318735 - 7069744422

**બી. વી. ચાવડા, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અંજારની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

જન્મ નોંધણી રજિ. નં.૮૩/૨૦૨૬

શ્રી લીલાબેન કાયા ખોખર,
રહે. ૧૪૫, ગુરૂકૃપા નગર, મેઘપર (કુંભારડી) તા.અંજાર ........................ અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
અને તલાટી સહ મંત્રીશ્રી, ખંભરા ગ્રામ પંચાયત ........................ સામાવાળા

**વિષયઃ- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટિસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી લીલાબેન કાયા ખોખર, રહે.૧૪૫, ગુરૂકૃપા નગર, મેઘપર (કુંભારડી) તા.અંજાર તરફથી તા.૦૭/૦૭/૨૦૨૬વાળી અરજીથી પોતે લીલાબેન કાયા ખોખર જન્મ તા.૦૧/૦૧/૧૯૮૬ના રોજ અંજાર તાલુકાના ગામ.ખંભરા તા.અંજાર મધ્યે થયેલ છે પરંતુ તેમની જન્મ નોંધણી કરાવી શકાયેલ ના હોવાનું જણાવી જન્મ નોંધણીનો હુકમ કરવા સારુ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મ નોંધણી ૮૩/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ જન્મ નોંધણી જે-તે વખતે શરતચૂક તથા કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ. સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ)માં અત્રેની કોર્ટમાં વાંધો રજૂ કરવો. જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

તારીખ- ૧૬/૦૭/૨૦૨૬

(બી. વી. ચાવડા)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અને મામલતદાર અંજાર

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિનઃ૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in ફેક્સ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ**

અરજી નં. ૮૭/૨૦૨૬

શ્રી નાયક ઉર્ફે બાજીગર ઘનશ્યામ ભોજાભાઇ,
રહે. પ્લોટ નં.૧૯, વોર્ડ-એ. જોગનિનગર, આદિપુર, તા.ગાંધીધામ-કચ્છ. .................... અરજદાર

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ........................ સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

સંદર્ભઃ- શ્રી અરજદારશ્રી નાયક ઉર્ફે બાજીગર ઘનશ્યામ ભોજાભાઇ, રહે.પ્લોટ નં.૧૯, વોર્ડ-એ. જોગનિનગર, આદિપુર, તા.ગાંધીધામ-કચ્છ ની તા.૧૧/૦૫/૨૦૨૬ વાળી અરજી

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રી અરજદારશ્રી નાયક ઉર્ફે બાજીગર ઘનશ્યામ ભોજાભાઇ, રહે.પ્લોટ નં.૧૯, વોર્ડ-એ. જોગનિનગર, આદિપુર, તા.ગાંધીધામ-કચ્છ વાળાની ઉકત સંદર્ભવાળી વાળી અરજીથી તેમનો જન્મ તા.૧૨/૦૫/૧૯૬૮ ના રોજ આદિપુર, ગાંધીધામ-કચ્છ ખાતે થયેલ છે. પરંતુ તેઓના જન્મની નોંધ મહાનગરપાલિકા, ગાંધીધામના જન્મ રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૮૭/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેઓની જન્મ નોંધણી જે તે વખતે માતા-પિતાની શુધ્ધબુધ્ધિની શરતચુકને કારણે કરાવવાની રહી ગયેલ હોઇ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઇને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૦૯/૦૭/૨૦૨૬

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગાંધીધામ કચ્છ.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

ગેસનો બગાડ અટકાવો-ઘરનું બજેટ સુધારો
બિનજરૂરી સિલિન્ડર બુકીંગ ન કરો : રાષ્ટ્રને મદદરૂપ બનો

# ગાંધીધામ મનપામાં એન્જિનિયરો-કોન્ટ્રાક્ટરો-અધિકારીની જુગલબંધી : જનતા ખાડામાં અને બાબુઓ એસી રૂમમાં મસ્ત !



**પાલિકાની કિંમતી જગ્યા પર એજન્સીએ ખડકી દીધા ગેરકાયદે ગોડાઉન અને મજૂર ક્વાટર્સ; રાત્રે જામતી શરાબની મહેફિલો છતાં તંત્ર મૌન : ચોમાસામાં મોટી હોનારતની આશંકા : મનપાની વર્તમાનની પ્રમાણિક-લોકાભિમુખ અને પ્રજાનિષ્ઠ બોડી કરાવે ઘનિષ્ઠ તપાસ**

## પાણીના ટાંકા પર નિયમ વીરુદ્ધ કોઈ બેઠા હશે તો તપાસ કરાવીશુ, અને ઘટતા પગલા ચોક્કસ લેવડાવીશુ, એન્જીનીયરોને પણ ફરીથી કડક સુચના આપીશુ : શ્રી રામાનુજ (ડે.કમિશ્નર ગાંધીધામ મહાનગરપાલીકા)

### 'નલ સે જલ' યોજનાનો લાભ જનતાને નહીં, ખાનગી કંપનીને!

ગાંધીધામ : શહેરમાં ચર્ચાતી વિગતો મુજબ, સરકારની મહત્વકાંક્ષી 'નલ સે જલ' યોજનાનો અસલી લાભ સામાન્ય જનતાને મળવાને બદલે કોન્ટ્રાક્ટ રાખનાર ખાનગી એજન્સી (કંપની) ને મળી રહ્યો છે. મહાનગરપાલિકાએ પોતાના ગુરુકુળ વાળા પાણીના ટાંકાની અડધાથી વધુ કિંમતી જગ્યા કોઈપણ કરાર, એગ્રીમેન્ટ કે શરત વગર આ ખાનગી કંપનીને લહાણીમાં આપી દીધી હોવાનુ છે. કંપનીએ આ સરકારી જગ્યા પર ગેરકાયદેસર રીતે પોતાના ગોડાઉન ખડકી દીધા હોવાનુ પણ મનાય છે એટલું જ નહીં, ત્યાં પાકા રૂમો (ક્વાટર્સ) બનાવીને મજૂરોને ભાડે આપી કમાણી પણ શરૂ કરી દીધી હોવાનુ કહેવાય છે. આ જગ્યા પર રાત્રિના સમયે અમુક અસામાજિક તત્વો દ્વારા શરાબની મહેફિલો જામતી હોવાના પણ ગંભીર આક્ષેપો ઉઠ્યા છે, છતાં તંત્ર સામે પૂછવાની કોઈની હિંમત નથી.

### મુખ્ય બજારમાં ગોકળગતિએ કામ: મોટી જાનહાનિની આશંકા

**કમિશનર અને ડેપ્યુટી કમિશનર જેવા ઉચ્ચ અધિકારીઓ બજાર તરફ ફરકવાની પણ તસ્દી લેતા નથી અને એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ જાણે કોન્ટ્રાક્ટરના ખોળામાં બેસી ગયા હોવાનું દેખાય છે ચિત્ર**

ગાંધીધામ : ગાંધીધામના મુખ્ય માર્કેટમાં કોન્ટ્રાક્ટર જાણે કાયદાથી ઉપર હોય તેમ અત્યંત બેદરકારી અને ગોકળગતિથી નાળાનું કામ ચલાવી રહ્યા હોવાનો કચવાટ ભોગગ્રસ્તોમાં ફેલાઈ રહ્યો છે.બજારમાં સેફ્ટીના કોઈ નિયમોનું પાલન થતું નથી. રસ્તા પર ખુલ્લા સળિયા, તૂટેલી પાઈપો અને મલબો એમનેમ પડ્યો છે. નાળાઓ પર કવર (ઢાંકણા) બેસાડવામાં આવ્યા નથી કે નથી તો વરસાદી નાળાની જાળીઓ નંખાઈ. નાળાની અંદર કચરાના ઢગલા જામ્યા છે પણ સફાઈ થતી નથી.કમિશનર અને ડેપ્યુટી કમિશનર જેવા ઉચ્ચ અધિકારીઓ બજાર તરફ ફરકવાની પણ તસ્દી લેતા નથી. એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ જાણે કોન્ટ્રાક્ટરના ખોળામાં બેસી ગયું હોય તેવી સ્થિતિ છે. બજારના વેપારીઓ અને નાગરિકો ભયભીત છે કે જો ચોમાસામાં ભૂલેચૂકે પણ ૫ ઈંચ વરસાદ ખાબકશે, તો આ ખુલ્લા અને બ્લોક થયેલા નાળા પૂરની સ્થિતિ સર્જશે અને ૫ થી ૧૦ લોકોનો ભોગ લેશે તે નક્કી છે. તંત્ર વહેલી તકે જાગીને પગલાં ભરે તેવી લોકમાંગ ઉઠી છે.

### એન્જિનિયરોની વિશાળ ફોજ 'એસી' રૂમમાં કેદ, માત્ર ફોટો સેશનનું વહીવટી રાજ

ગાંધીધામ : ગાંધીધામ મનપામાં એન્જિનિયરોનો મોટો કાફલો તૈનાત છે, જેમાં: ૧ ચીફ એક્ઝિક્યુટિવ એન્જિનિયર, ૨ મુખ્ય ઝોનલ એન્જિનિયર,૧૬ જુનિયર એન્જિનિયર,૧૨ થર્ડ પાર્ટી એન્જિનિયરો, ૧૨ PMC (પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ) ના એન્જિનિયરો છે. આમ, ૪૦થી વધુ એન્જિનિયરોની ફોજ હોવા છતાં કોઈ જમીની હકીકત તપાસવા તૈયાર નથી. એન્જિનિયરો એસી કેબિનમાંથી બહાર નીકળતા નથી અને કોન્ટ્રાક્ટરો સાથે વોટ્સએપ ગ્રુપ બનાવી માત્ર ફોટાઓ મોકલીને ઉચ્ચ અધિકારીઓ તથા પદાધિકારીઓને મૂર્ખ બનાવી રહ્યા હોવાનુ ચર્ચાય છે.

## કોના બાપની દિવાળી? રાજવી ફાટકથી ભારતનગર રોડ પર એક્સપ્રેસ લાઈનમાંથી ખુલ્લેઆમ પાણીની ચોરી !

**દબાણો હટ્યા પણ ગેરકાયદેસર કનેક્શનો 'જેમની તેમ': પાણી છોડાતા જ રોડ પર રેલમછેલ, તંત્ર ઘોર નિદ્રામા**

**એસી કેબિનમાં બેઠેલા કમિશનર સાહેબ, જરા બહાર નીકળો!** ભારતનગરમાં ટેક્રોની લાઈનો વચ્ચે વેડફાતા પાણીનું સ્થળ નિરીક્ષણ કરો

### પાણી છોડાતા જ રોડ પર રેલમછેલ

ગાંધીધામ : સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે પણ આ મુખ્ય એક્સપ્રેસ લાઈનમાં પાણી છોડવામાં આવે છે, ત્યારે ગેરકાયદેસર કનેક્શનો ખુલ્લા હોવાને કારણે હજારો લીટર શુદ્ધ પાણી રોડ પર વહી જાય છે. આખો રોડ પાણી-પાણી થઈ જાય છે અને જનતાના ટેક્સના પૈસે ખરીદાયેલું પાણી ગટરોમાં ભળી રહ્યું છે. પરંતુ એસી કેબિનમાં બેસીને વહીવટ ચલાવતા કમિશનર અને જવાબદાર અધિકારીઓને આ અંધેર નગરીના દ્રશ્યો દેખાતા જ ન હોય તેમ તેઓ કોઈ એક્શન લેવા તૈયાર નથી.

### ભારતનગરમાં ટ્રેક્ટરો અને ટેક્રોની લાઈનો: આ પાણી આવે છે ક્યાંથી?

ગાંધીધામ : સૌથી મોટો સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે, આજે પણ ભારતનગર વિસ્તારમાં જ્યાં જુઓ ત્યાં પાણીના ગેરકાયદેસર ટ્રેક્ટરો અને ટેક્રોની કતારો જોવા મળે છે. સવાલ એ છે કે કટોકટીના આ સમયમાં આ કાળાબજારીયાઓ પાસે આટલા મોટા જથ્થામાં પાણી ક્યાંથી આવે છે? જાગૃત નાગરિકોના મતે, આ એક્સપ્રેસ લાઈનમાં કરાયેલા ગેરકાયદેસર જોડાણો જ આ ટેક્ર માફિયાઓ માટે સોનાની લગડી સાબિત થઈ રહ્યા છે, જ્યાંથી બેફામ પાણી ચોરી કરીને તેને ઊંચા ભાવે વેચવાનો કાળો કારોબાર ધમધમી રહ્યો છે.

### કમિશનર સાહેબ... જરા પ્રજાની સમસ્યા તરફ પણ નજર કરો!

ગાંધીધામ : સરકારી સંપત્તિ અને પાણીનો થતો આ વેડફાટ રોકવામાં કમિશનર સાહેબ સંપૂર્ણ નિષ્ફળ નીવડ્યા હોવાનો રોષ પ્રજામાં જોવા મળી રહ્યો છે. પ્રજાજનોની ઉગ્ર માંગ છે કે, કમિશનર માત્ર કાગળ પર આદેશો છોડવાનું બંધ કરે અને રૂબરૂ સ્થળ પર આવીને આ સ્થિતિનું નિરીક્ષણ કરે. આ ગેરકાયદેસર જોડાણો તાત્કાલિક કાપીને પાણી માફિયાઓ સામે કડક કાનૂની પગલાં ભરાય તેવી લોકમાંગ પ્રબળ બની છે.

ગાંધીધામ:ગાંધીધામના રાજવી ફાટકથી ભારતનગર રોડ પર સરકારી તંત્રની ઘોર બેદરકારી અને મિલીભગતનો વધુ એક મોટો નમૂનો સપાટી પર આવ્યો છે. આ રોડ પરથી પસાર થતી પાણીની મુખ્ય એક્સપ્રેસ લાઈન પરથી અગાઉ દબાણો તો દૂર કરી દેવાયા હતા, પરંતુ આ દબાણકારોએ લાઈનમાંથી લીધેલા ગેરકાયદેસર પાણીના કનેક્શનો કાપવાનું તંત્ર ભૂલી ગયું છે અથવા જાણી જોઈને આંખ આડા કાન કરી રહ્યું છે. પરિણામે, આજે પણ આ લાઈનમાંથી મોટા પાયે સરકારી પાણીની ખુલ્લેઆમ ચોરી થઈ રહી છે.

## ગાંધીધામ મનપા તદ્દન ભગવાન ભરોસે ?

### ચૂંટાયેલા પ્રતિનિધિઓ મંજીરા વગાડે છે અને બાબુઓ એસી રૂમમાં બેસીને કરે છે મોજ-મજા!

**કેટલાક નિવૃત્ત અધિકારીઓને દર મહિને સેન્ટિંગ કરવામાં જ રસ હોય તેવો ઘાટઃ હંગામી કર્મચારીઓ ઓફિસોમાં બેઠા-બેઠા ઠેકેદારો સાથે સેટિંગ કરીને 'ઘી-કેળા' કરતા હોવાના ગંભીર આક્ષેપો : પ્રજાના પ્રશ્નો ઉકેલવામાં નિષ્ફળ લોકપ્રતિનિધિઓની સ્થિતિ દયનીય, જનતામાં ભારે રોષ.**

### ચૂંટાયેલા પાંખ નિષ્ક્રિય, નિવૃત્તોને 'સેન્ટિંગ' માં જ રસ!

ગાંધીધામ : સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ગાંધીધામ મનપામાં ચૂંટાઈને આવેલા અમુક લોકપ્રતિનિધિઓ પ્રજાના મૂળભૂત પ્રશ્નો ઉઠાવવાના બદલે માત્ર 'મંજીરા વગાડતા' હોય તેમ મૌન અને નિષ્ક્રિય બનીને તમાશો જોઈ રહ્યા છે. બીજી તરફ, વહીવટી પાંખમાં એવો વર્તારો જોવા મળી રહ્યો છે કે કોઈ નિવૃત્ત (રિટાયર્ડ) અધિકારીને આઠ મહિના કે દર મહિને માત્ર પોતાનું ગણિત ભેગું કરવાની અને સેટિંગ કરવાની જ લગન લાગી પડી હોય! પ્રજાના કામો માટે સમય નથી, પણ પોતાની ગોઠવણો માટે આ મહાશયો રાત-દિવસ એક કરી રહ્યા છે.

### અમુક હંગામી કર્મચારીઓને ઓફિસોમાં 'ઘી-કેળા'

ગાંધીધામ : સૌથી વધુ ચોંકાવનારો આક્ષેપ મનપાના અમુક હંગામી કર્મચારીઓ સામે ઉઠી રહ્યો છે. કચેરીઓમાં હંગામી ધોરણે રાખવામાં આવેલા અમુક કર્મચારીઓ મુખ્ય ઓફિસોમાં એસી રૂમમાં બેઠા-બેઠા જ ખાનગી ઠેકેદારો (કોન્ટ્રાક્ટરો) સાથે સીધું સેટિંગ કરીને બેઠા છે. ફાઈલો પાસ કરાવવાથી લઈને ટેન્ડરોની ગોઠવણ સુધીના ખેલમાં આ હંગામી બાબુઓને 'ઘી-કેળા' થઈ ગયા છે.

### પ્રજાકીય પ્રતિનિધિઓની સ્થિતિ દયનીય

ગાંધીધામ : એક તરફ પ્રજા રસ્તા, પાણી અને સફાઈ જેવી પ્રાથમિક સુવિધાઓ માટે ત્રાહિમામ પોકારી રહી છે, જેના કારણે પ્રજાકીય પ્રતિનિધિઓ જ્યારે લોકો વચ્ચે જાય છે ત્યારે જનતાના ભારે આક્રોશનો સામનો કરવો પડે છે અને તેમની સ્થિતિ લોકરોષ વહોરવાની આવી ગઈ છે. જ્યારે બીજી તરફ, જેમના કારણે આ સ્થિતિ સર્જાઈ છે તેવા કથિત ભ્રષ્ટ મહાશયો એસી રૂમમાં બેસીને આરામથી મોજ-મજા કરી રહ્યા છે.

ગાંધીધામ : ગાંધીધામ મહાનગરપાલિકામાં હાલ વહીવટી અને રાજકીય સ્તરે તદ્દન અવનવો જ અને આશ્ચર્યજનક વર્તારો જોવા મળી રહ્યો છે. પ્રજાના ટેક્સના પૈસાથી ચાલતા આ તંત્રમાં જાણે કોઈ ધણી-ધોરી જ ન હોય તેમ આખું શહેર અત્યારે તદ્દન 'ભગવાન ભરોસે' ચાલી રહ્યું છે. મનપાની કચેરીઓમાં લોકહિતના કામો ઠપ્પ છે, પરંતે વહીવટી બાબુઓની પોતાની અંગત ગોઠવણો પૂરજોશમાં ચાલી રહી હોવાની વ્યાપક ચર્ચાઓએ જોર પકડ્યું છે.ગાંધીધામના જાગૃત નાગરિકો હવે સવાલ ઉઠાવી રહ્યા છે કે, શું આ શહેરનો કોઈ વાલીવારસ છે ખરો? કે પછી તંત્રની મિલીભગત અને ચૂંટાયેલાઓની નિષ્ક્રિયતાના કારણે આખું નગરપાલિકા તંત્ર ભ્રષ્ટાચારના ઓછાયા હેઠળ જ ચાલતું રહેશે? તંત્રના આ અંધેર વહીવટ સામે હવે ઉચ્ચ સ્તરેથી કડક તપાસ થાય તેવી લોકમાંગ પ્રબળ બની છે.

ગાંધીધામઃ પૂર્વ કચ્છના ઔદ્યોગિક પાટનગર ગાંધીધામમાં મહાનગરપાલિકામાં વહીવટીતંત્રની ઉદાશીનતા અને લાપરવાહીના લીધે ભ્રષ્ટાચાર અને ઘોર લાપરવાહીનો એક મોટો મામલો સામે આવ્યો છે. શહેરમાં કરોડોના ખર્ચે ચાલતી યોજનાઓ માત્ર કાગળ પર અને 'ફોટો સેશન' પૂરતી સીમિત રહી ગઈ છે, જેના કારણે આખું ગાંધીધામ સ્માર્ટ સિટી બનવાના બદલે 'ખાડા નગરી' માં ફેરવાઈ ગયું હોવાનો કચવાટ ભોગગ્રસ્તોમાથી સામે આવવા પામી રહ્યો છે. સ્થાનિકોમાં તંત્ર વિરુદ્ધ ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. અગાઉની બોડીમાં જે ઘતીંગો ચાલ્યા અને ફાવી ગયા તેવા તત્વો હવે સુધરી જાય, હવે પ્રમાણિક, કાર્યદક્ષ અને પ્રજાનિષ્ઠ પદાધિકારીઓ બિરાજમાન છે તેમના કાર્યકાળમાં ખોટા ઘતીંગો કોઈ જ ચાલશે નહી. વર્તમાન બોડી પણ લોકોમાં આંતરીક રીતે ઉભા થતા આવા સવાલો સંદર્ભે ઘનિષ્ઠ તપાસ કરાવે અને પ્રજાના ટેક્ષના પૈસાની સરકારી તિજોરી પર લુંટ ચલાવનારાઓ સામે જરૂરી પગલા લેવડાવે તે સમયની માંગ બની રહી છે.

આ સંદર્ભે ગાંધીધામ મનપાના ડે.કમિશ્નરશ્રી સંજય રામાનુજની સાથે વાતચીત કરવામા આવતા તેઓએ કહ્યુ હતુ કે, પાણીના ટાંકા પર કોઈ દબાણ કરીને બેઠા હશે તો જરા સહેજ પણ નહી ચલાવીએ ,જરૂરી તપાસ કરાવીશુ અને જરૂર પગલા લેવાશે, એન્જીનીયર્સને અગાઉ પણ કહ્યુ છે, ફરીથી સુચના આપીશુ અને કયાંય કચાશ જણાશે તો ઉપરી અધિકારીના માર્ગદશન હેઠળ જરૂરી કાર્યવાહી પણ કરવામા આવશે તેવી ખાત્રી શ્રી રામાનુજે ઉચ્ચારી હતી.

# કચ્છ રેલવે માર્ગે મેગા બ્લોક : કચ્છની ૩૨ ટ્રેન પ્રભાવિત

**સામખીયાળી - ગાંધીધામ વચ્ચે ચાર લાઈન અને સિગ્નલિંગની કામગીરીને પગલે મુંબઈ સહિત દેશભરની ટ્રેનો પ્રભાવિત : ઓગસ્ટના પ્રથમ સપ્તાહ સુધી અનેક ટ્રેનો સંપૂર્ણ તો કેટલીક અમદાવાદ ભીલડી અને ચાંદલોડિયા સુધી જ દોડશે : રાત્રિ સેવાઓ યથાવત, મુસાફરોને પૂરું રિફંડ મળશે**

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં રેલવે વિભાગ દ્વારા આંતરમાળખાકીય સુવિધાઓને વધુ મજબૂત કરવા માટે સામખીયાળીથી ગાંધીધામ વચ્ચે ચાર લાઈન નાખવાની કામગીરી અત્યંત ઝડપથી આગળ વધી રહી છે. આ પ્રોજેક્ટ હવે અંતિમ તબક્કામાં પહોંચ્યો હોવાથી ભચાઉ, વોંધ અને સામખીયાળી સ્ટેશનો પર લાઈન જોડાણની અનિવાર્ય કામગીરી હાથ ધરવામાં આવી છે. આ હેતુસર રેલવે પ્રશાસન દ્વારા તારીખ ૧૫મીથી આગામી ૨૩ દિવસ સુધી મોટો મેગા બ્લોક જાહેર કરવામાં આવ્યો છે. આ બ્લોકના કારણે કચ્છને મુંબઈ તેમજ દેશના અન્ય રાજ્યો સાથે સાંકળતી મોટાભાગની રેલ સેવાઓ પર વ્યાપક અસર પડી છે, જેમાં અનેક ટ્રેનોને સંપૂર્ણ અથવા આંશિક રીતે રદ કરવાનો નિર્ણય લેવાયો છે. રેલવેના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ચાર લાઈનના જોડાણ બાદ ઓટોમેટિક સિગ્નલિંગ પ્રણાલી પણ કાર્યરત કરાશે અને ઓગસ્ટ મહિનામાં રેલવે સુરક્ષા કમિશનર દ્વારા ત્રણ દિવસ સુધી આ ટ્રેકનું સઘન નિરીક્ષણ કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન મુસાફરોની સુવિધા માટે રાત્રિના સમયે દોડતી તમામ ટ્રેનો નિયમિતપણે ચાલુ રાખવામાં આવશે, જ્યારે દિવસ દરમિયાન ચાલતી ટ્રેનોને આગામી તારીખ ૪ ઓગસ્ટ સુધી અમદાવાદ ખાતે ટૂંકાવી દેવામાં આવી છે.

આ મેગા બ્લોકને કારણે ગાંધીધામ અને ભુજથી ઉપડતી લાંબા અંતરની દૈનિક તથા સાપ્તાહિક ટ્રેનોના શિડ્યુલમાં મોટો ફેરફાર થયો છે. વિગતો મુજબ, ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ (૦૯૪૧૬) તારીખ ૨૩ અને ૩૦ના રોજ તેમજ વળતી દિશામાં બાંદ્રા-ભુજ (૦૯૦૩૭) તારીખ ૧૮, ૨૩, ૨૬ અને ૩૦ એમ ચાર દિવસ સંપૂર્ણ રદ રહેશે. આ ઉપરાંત બાંદ્રા-ભુજ (૧૨૯૬૫) તારીખ ૨૮ જુલાઈ અને ૪ ઓગસ્ટના રોજ તથા બાંદ્રા-ગાંધીધામ (૨૨??૫૧) તારીખ ૨૪ અને ૩૧ના રોજ રદ કરવામાં આવી છે. ભુજ-બાંદ્રા વચ્ચે દોડતી સ્પેશિયલ ટ્રેનો (૦૯૦૦૯, ૦૯૪૧૫, ૧૨૯૫૯, ૦૯૦૧૧, ૦૯૦૧૦, ૦૯૦૩૮, ૦૯૦૧૨, ૧૨૯૬૦, ૧૨૯૬૬, ૨૨૯૫૨) પણ જુલાઈના અંતિમ સપ્તાહ અને ઓગસ્ટની શરૂઆતમાં નિર્ધારિત દિવસોએ દોડશે નહીં. દરરોજ ચાલતી ગાંધીધામ-પાલનપુર (૧૯૪૦૬) અને પાલનપુર-ભુજ (૧૯૪૦૫) ઈન્ટરસિટી ટ્રેન તારીખ ૧૯ જુલાઈથી ૪ ઓગસ્ટ સુધી સતત ૧૬ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. મુસાફરોમાં લોકપ્રિય બનેલી ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ પણ આ બ્લોકમાંથી બાકાત નથી. ભુજથી ઉપડતી નમો ભારત (૯૪૮૦૨) તારીખ ૨૪ જુલાઈથી ૪ ઓગસ્ટ સુધી અને અમદાવાદથી ઉપડતી ટ્રેન તારીખ ૨૩ જુલાઈથી ૩ ઓગસ્ટ સુધી ધ્રાંગધ્રા અને ભુજ વચ્ચે આંશિક રીતે રદ રહેશે, એટલે કે આ દિવસોમાં તે માત્ર ધ્રાંગધ્રા સુધી જ દોડશે.

બીજી તરફ, ઉત્તર ભારત તરફ જતી બરેલી-ભુજ એક્સપ્રેસ (૧૪૩૨૧) આગામી તારીખ ૨૭ જુલાઈથી ૩ ઓગસ્ટ દરમિયાન ભીલડી અને ભુજ વચ્ચે દોડશે નહીં, તેમજ બરેલી-ભુજ (૧૪૩૧૧) તારીખ ૨૭ જુલાઈથી ૧ ઓગસ્ટ સુધી ચાંદલોડિયા અને ભુજ વચ્ચે બંધ રહેશે. વળતી દિશામાં પણ ભુજ-બરેલી ટ્રેનો (૧૪૩૧૨ અને ૧૪૩૨૨) ભુજથી ઊપડવાને બદલે અનુક્રમે ચાંદલોડિયા અને ભીલડીથી જ બરેલી તરફ રવાના થશે. ભુજ અને બાંદ્રા વચ્ચે દોડતી સુપરફાસ્ટ એસી એક્સપ્રેસ (૨૨૯૦૪) તારીખ ૧ અને ૩ ઓગસ્ટના રોજ ભુજથી અમદાવાદ વચ્ચે રદ રહેશે અને તે અમદાવાદથી મુંબઈ માટે ઉપડશે, જ્યારે બાંદ્રા-ભુજ એસી એક્સપ્રેસ (૨૨૯૦૩) તારીખ ૩૧ જુલાઈ અને ૨ ઓગસ્ટના રોજ મુંબઈથી માત્ર અમદાવાદ સુધી જ આવશે.

આ સિવાય ગાંધીધામ -બેંગ્લોર (૨૦૬૮૫/૨૦૬૮૬), ગાંધીધામ - નાગરકોઈલ (૧૬૩૩૫/૧૬૩૩૬), પુણે-ભુજ (૧૧૦૯૨/૧૧૦ grain), અને ઈન્દોર-ગાંધીધામ (૨૦૯૩૬/૨૦૯૩૫) જેવી મહત્વની સાપ્તાહિક ટ્રેનોને પણ અમદાવાદ સ્ટેશન સુધી સીમિત રાખવામાં આવી છે. રેલવે પ્રશાસને સ્પષ્ટતા કરી છે કે આ ફેરફારો અંગે પ્રવાસીઓને એસએમએસ મારફતે આગોતરી જાણ કરવામાં આવી રહી છે અને રદ થયેલી ટ્રેનોના તમામ મુસાફરોને ટિકિટનું પૂરું રિફંડ ઓનલાઈન કે બારી પરથી પરત ચૂકવવામાં આવશે.

## બાંદ્રા-ભુજ ટ્રેન અનિવાર્ય સંજોગોવશાત રદ કરાતા મુસાફરો અટવાયા

ભુજ - કચ્છઉદય : રેલવે પ્રશાસન દ્વારા બાંદ્રાથી ભુજ વચ્ચે દોડતી સ્પેશ્યલ ટ્રેન નંબર ૦૯૦૩૭ ને તા. ૧૮ જુલાઈના રોજ કેટલાક અનિવાર્ય સંજોગોના કારણે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે વિભાગ દ્વારા અચાનક લેવાયેલા આ નિર્ણયને પગલે પ્રવાસનું આયોજન કરનારા અનેક મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. આ ટ્રેન રદ થવાને કારણે મુસાફરોને અગવડતા પડી છે તે બદલ રેલવે તંત્ર દ્વારા સત્તાવાર રીતે ઘેરા દુ:ખની લાગણી વ્યક્ત કરવામાં આવી છે અને મુસાફરોને થયેલી અસુવિધા બદલ ખેદ પ્રગટ કરવામાં આવ્યો છે.

# સરકારના ભરોસે રહેવાને બદલે કચ્છ મુંબઈના મહાજનો ગૌમાતાની વહારે

**માદરે વતનની ગૌમાતાઓ માટે શ્રી છાડુરા ભાનુશાલી મહાજન - મિત્ર મંડળ મુંબઈનો અનોખો સેવાયજ્ઞ**



નલિયા - કચ્છઉદય : સરકારના ભરોસે રહેવાને બદલે છાડુરા, કચ્છ વતનથી હજારો કિલોમીટર દૂર વસવાટ કરવા છતાં પોતાના માદરે વતન પ્રત્યેનો અખંડ પ્રેમ અને ગૌસેવા પ્રત્યેની અવિચળ આસ્થાનું અનોખું ઉદાહરણ શ્રી છાડુરા ભાનુશાલી મહાજન - મિત્ર મંડળ, મુંબઈ દ્વારા પુરૂ પાડવામાં આવી રહ્યું છે. મહાજન દ્વારા સતત ૩ મહિનાથી ગામની ગૌમાતાઓ માટે દરરોજ અંદાજે ૧૦થી ૧૫ મણ લીલા તથા સૂકા ઘાસચારાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે. હાલના ઘાસચારાની અછતના સમયમાં આ સેવા ગામની ગૌમાતાઓ માટે આશીર્વાદરૂપ બની છે. વતનની માટી સાથેનો આત્મીય સંબંધ માત્ર શબ્દોમાં નહીં, પરંતુ નિઃસ્વાર્થ સેવાકાર્યો દ્વારા વ્યક્ત થવો એ જ સાચી વતનપ્રેમની ભાવના છે. મુંબઈમાં વસવાટ છતાં પોતાના ગામની ગૌમાતાઓ પ્રત્યે દર્શાવેલો આ સેવાભાવ સમાજમાં પરોપકાર, કરૂણા અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યો છે.ગામના આગેવાનો તથા ગ્રામજનોએ શ્રી છાડુરા ભાનુશાલી મહાજન - મિત્ર મંડળ, મુંબઈના આ સેવાયજ્ઞને હૃદયપૂર્વક બિરદાવી તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી છે. સાથે જ આશા વ્યક્ત કરવામાં આવી છે કે આવા સેવાકાર્યો સમાજમાં પરસ્પર સહકાર, ગૌસંરક્ષણ અને માનવતાની ભાવનાને વધુ મજબૂત બનાવશે.અંતે સમગ્ર ગ્રામજનો દ્વારા પરમાત્માને પ્રાર્થના કરવામાં આવી છે કે શ્રી છાડુરા ભાનુશાલી મહાજન - મિત્ર મંડળ, મુંબઈને સતત લોકકલ્યાણના કાર્યો કરવાની શક્તિ, અખૂટ સુખ - સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને ગૌમાતાના અપરંપાર આશીર્વાદ પ્રાપ્ત થાય. માદરે વતન પ્રત્યેનો પ્રેમ જ્યારે સેવામાં પરિવર્તિત થાય, ત્યારે તે સમગ્ર સમાજ માટે પ્રેરણાનું અમર પ્રતીક બની જાય છે.

ઓછી આંચે રસોઈ રાંધો-ગેસની મોટી બચત સાંધો
રસોઈ રાંધવામાં પ્રેસર કુકરનો કરો ઉપયોગ
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

# કેન્દ્રીય શિપિંગ રાજ્યમંત્રી શાંતનુ ઠાકુરની ડીપીએ કંડલા પોર્ટની મુલાકાત

## પોર્ટની કામગીરી, વિકાસ પ્રોજેક્ટ્સ અને ગ્રીન એનર્જી પહેલની સમીક્ષા; ચાલુ નાણાકીય વર્ષમાં ૫૦ એમએમટી કાર્ગો હેન્ડલિંગની સિદ્ધિને બિરદાવી





ગાંધીધામ : ભારત સરકારના બંદર, જહાજરાણી અને જળમાર્ગ મંત્રાલયના રાજ્યમંત્રી શાંતનુ ઠાકુરે આજે દીનદયાળ પોર્ટ ઓથોરિટી (ડીપીએ), કંડલાની મુલાકાત લઈ પોર્ટની કામગીરી અને વિકાસલક્ષી યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરી હતી. ગાંધીધામ સ્થિત વહીવટી કાર્યાલય ખાતે આગમન સમયે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ દ્વારા તેમને ગાર્ડ ઓફ ઓનર અર્પણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાજ્યમંત્રીની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં દીનદયાળ પોર્ટ ઓથોરિટીના અધ્યક્ષ સુશીલ કુમાર સિંહ, ઉપાધ્યક્ષ નીલાભ્રા દાસગુપ્તા, વિભાગીય વડાઓ તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી તથા ગાંધીધામના મેયર દિવ્યાબેન નથાણી પણ હાજર રહ્યા હતા. પોર્ટના ચાલુ વિકાસ કાર્યો, ભવિષ્યની યોજનાઓ, માળખાકીય સુવિધાઓના વિસ્તરણ, ક્ષમતાવર્ધન તથા ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. રાજ્યમંત્રી શાંતનુ ઠાકુરે દીનદયાળ પોર્ટ ઓથોરિટીની કાર્યક્ષમતામાં




થયેલા સતત સુધારા, લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મજબૂતીકરણ અને દેશના સમુદ્રી વેપાર ક્ષેત્રમાં આપેલા નોંધપાત્ર યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે ખાસ કરીને ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન દેશના તમામ મુખ્ય બંદરોમાં સૌથી ઝડપી ગતિએ ૫૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગનો ઐતિહાસિક સીમાચિહ્ન પાર કરવાની સિદ્ધિને બિરદાવી હતી. તેમણે ડીપીએની ટીમ, બંદરના કર્મચારીઓ, મજૂરો તથા તમામ હિતધારકોના સંયુક્ત પ્રયાસોની પ્રશંસા કરતાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ચાલુ નાણાકીય વર્ષમાં દીનદયાળ પોર્ટ કાર્ગો હેન્ડલિંગ, ગ્રીન પહેલ અને આધુનિક બંદર વ્યવસ્થાપનના ક્ષેત્રમાં વધુ નવી ઊંચાઈઓ હાંસલ કરશે. મુલાકાતના અંતિમ તબક્કામાં રાજ્યમંત્રીની અધ્યક્ષતામાં સ્ટેકહોલ્ડર્સ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પોર્ટ યુઝર્સ, વેપારી સંગઠનો, ટર્મિનલ ઓપરેટરો, શિપિંગ એજન્ટો, સ્ટીવેડોર્સ સહિત બંદર સાથે સંકળાયેલા વિવિધ હિતધારકો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમંત્રીએ પોર્ટ પ્રશાસન અને વેપાર જગત વચ્ચેના સુમેળ અને સહકારને બિરદાવતાં જણાવ્યું હતું કે આ જ સંકલિત પ્રયાસોના કારણે દીનદયાળ પોર્ટ ઓથોરિટી દેશના અગ્રણી મુખ્ય બંદરોમાં પોતાનું આગવું સ્થાન સતત જાળવી રાખવામાં સફળ રહી છે.

# પૂર્વ મંત્રી વાસણભાઈ આહીરની રજૂઆત રંગ લાવી

### કચ્છના પશુપાલકો-ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારનો મોટો નિર્ણય, જી.આર. જાહેર



ભુજ:કચ્છ જિલ્લાના પશુપાલકો, માલધારીઓ અને ખેડૂતોની લાંબા સમયની રજૂઆતોને ધ્યાને રાખીને પૂર્વ મંત્રી અને અગ્રણી શ્રી વાસણભાઈ આહીરની આગેવાનીમાં કરાયેલી રજૂઆત સફળ રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા આ અંગે એક અત્યંત મહત્વપૂર્ણ અને સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો છે. પશુપાલકોની સમસ્યાઓ સંદર્ભે મહેસૂલ વિભાગ અને અછત રાહત કમિશનર દ્વારા વિતરણ વ્યવસ્થા સુદ્રઢ કરવા માટેનો સત્તાવાર જી.આર. (સરકારી ઠરાવ) બહાર પાડી દેવામાં આવ્યો છે. આ અંગે વિગતો આપતા શ્રી વાસણભાઈ આહીરે જણાવ્યું હતું કે, કચ્છના આ પ્રશ્ન અંગે આઠ દિવસ પૂર્વે મુખ્યમંત્રી શ્રીને રૂબરૂ મળીને પત્ર સબમિટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ગત સોમવારે ફરી એકવાર પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી શ્રી સાથે રૂબરૂ મુલાકાત કરી સમગ્ર પરિસ્થિતિથી માહિતગાર કર્યા હતા. જેને પગલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ત્વરિત નિર્ણય શક્તિ બતાવીને તાત્કાલિક અસરથી આ બાબતનો અમલ કરવા માટેના દિશા-નિર્દેશો આપ્યા હતા. આ ઐતિહાસિક અને ત્વરિત નિર્ણય બદલ શ્રી વાસણભાઈ આહીરે કચ્છના તમામ પશુપાલકો, માલધારીઓ અને ખેડૂત મિત્રો વતી માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મહેસુલ મંત્રીશ્રી સંજય મહિડા, કૃષીમત્રી જીતુભાઈ વાઘાણી, શ્રીમતી જયંતી રવી તથા વી.કે. જોષી અને ગુજરાત સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

## જૂનમાં મહિલા બેરોજગારી દર ૧૫ મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા પિરિયોડિક લેબર ફોર્સ સર્વેના નવીનતમ માસિક બુલેટિન મુજબ, ભારતમાં મહિલા બેરોજગારી દર જૂનમાં વધીને ૧૫ મહિનાના ઉચ્ચ સ્તરે ૫.૯ ટકા થયો છે, જે મે મહિનામાં ૫.૬ ટકા હતો. લેબર ફોર્સ દ્વારા ડેટા સંગ્રહ માટે નવી પદ્ધતિ અપનાવવામાં આવી ત્યારથી આ સૌથી વધુ બેરોજગારી દર છે.

## અમેરિકામાં ૧.૫ લાખ ભારતીય ટ્રક ડ્રાઇવરોની નોકરી પર સંકટ

નવી દિલ્હી : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રવાસીઓને લઈને એક નવો અને અત્યંત વિવાદિત પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેની સીધી અસર ત્યાં વસતા લાખો ભારતીય પ્રવાસીઓ પર પડશે. પૅન્સિલવેનિયામાં આયોજિત ‘મિલિટરી ઈન્વેસ્ટમેન્ટ સમિટ’માં સંબોધન કરતાં ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેમની સરકાર પ્રવાસી ટ્રક ડ્રાઈવરોને હટાવીને તેમની જગ્યાએ અમેરિકન સેનાના નિવૃત્ત સૈનિકોને તૈનાત કરશે. આ પ્રસ્તાવ હેઠળ, સેનામાં ભારે વાહનો ચલાવવાનો અનુભવ ધરાવતા અમેરિકી નાગરિકોને કોઈ પણ ઝંઝટ વિના સીધું જ કોમર્શિયલ ડ્રાઈવિંગ લાઈસન્સ આપી દેવામાં આવશે.રાષ્ટ્રપતિ ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે પ્રવાસી ડ્રાઈવરોમાંથી મોટા ભાગના નશાની લતમાં ડૂબેલા હોય છે અને રસ્તા પરના સાઈન બોર્ડ પણ વાંચી શકતા નથી, જેના કારણે અકસ્માતોમાં લોકોના જીવ જઈ રહ્યા છે. ટ્રમ્પ પ્રશાસન આ દિશામાં પહેલાથી જ મોટો ક્રેકડાઉન કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, ચાલુ વર્ષના માર્ચ મહિનામાં જ નવા નિયમો હેઠળ અંદાજે બે લાખ જેટલા પ્રવાસી ડ્રાઈવરોના કોમર્શિયલ લાઈસન્સ રદ કરી દેવામાં આવ્યા છે, જેમની પાસે અગાઉ અમેરિકામાં રહેવા અને કામ કરવાના કાનૂની દસ્તાવેજો હતા.

## ૨૦-૨૧ જૂનના રોજ લેવાયેલ નીટની પરીક્ષાનું પરિણામ વહેલુ જાહેર

(પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર : નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા પેપર લીક થતા ગઈ તા.૨૦ જૂને પુનઃ નીટ યુજીની પરીક્ષા લેવામાં આવી હતી અને ભાવનગરના ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેનું આજે ઓનલાઈન પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં છોકરા કરતા છોકરીઓનું પરિણામ સારૂ રહ્યું હતું. નીટ ૨૦૨૬નું પરિણામ એનટીએ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. કાઉન્સેલિંગ અને મેડિકલ કોલેજ પ્રવેશ માટે સમયસર ખૂબ જ ટૂંકા સમયમાં પરિણામો જાહેર થયા. છોકરીઓ પણ છોકરા કરતા વધુ દરે લાયક બની. ૫૬.૮ ટકા છોકરીઓ લાયક દેખાઈ, જ્યારે છોકરા ૫૫.૧ ટકા હતાં. ઉમેદવારોએ અંડરગ્રેજ્યુએટ મેડિકલ, ડેન્ટલ, આયુષ અને સંલગ્ન કાર્યક્રમોમાં પ્રવેશ માટે લાયક ઠરે છે. જ્યારે ભાવનગરની વાત કરીએ તો ભાવનગરથી કુલ ૫૦૦૦ વિદ્યાર્થીઓએ રી-નીટની પરીક્ષા આપી હતી.

## ખેડૂતો માટે ખુશખબરઃ ૭૫ વર્ષ જૂના ‘ટુકડા ધારા’માં સુધારો, ૧૯૪૮ પછીના તમામ ભંગ પેનલ્ટી વગર નિયમિત કરાશે!

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાત સરકારે રાજ્યના લાખો ખેડૂતો, જમીન ધારકો અને રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે અંદાજે ૭૫ વર્ષ જૂના એટલે કે વર્ષ ૧૯૪૭ના ‘ટુકડા ધારા’ માં મહત્ત્વપૂર્ણ સુધારા કર્યા છે. ખાસ વાત એ છે કે, આ સુધારાના ખરડાને રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ તરફથી પણ આખરી મંજૂરી મળી ગઈ છે, જેથી હવે આ નવો કાયદો અમલી બનશે. સરકારના આ નિર્ણયથી જમીન સંબંધી વિવાદો, કોર્ટ કચેરીના ચક્કર અને નાણાં તેમજ સમયના વ્યયનો અંત આવશે.

આ સુધારાની સૌથી મોટી અને ઐતિહાસિક રાહત એ છે કે, વર્ષ ૧૯૪૮થી લઈને અત્યાર સુધીના તમામ ટુકડા ધારાના ભંગના કિસ્સાઓને સરકાર કોઈપણ પ્રકારની દંડ કે પેનલ્ટી વસૂલ્યા વિના વિનિયમિત (નિયમિત) કરી દેશે. આ નિર્ણયથી ભૂતકાળમાં અજાણતા કે મજબૂરીમાં થયેલી ભૂલોના કારણે મુશ્કેલીમાં મૂકાયેલા લાખો પરિવારોને કાયદાકીય કનડગતમાંથી કાયમી મુક્તિ મળશે.અત્યાર સુધી અલગ-અલગ વિસ્તારોમાં ટુકડા ધારાના અલગ-અલગ સ્થાનિક નિયમોના કારણે જમીનની લે-વેચમાં ભારે ગૂંચવાડો અને ભ્રષ્ટાચાર થતો હતો.

## પહેલા પાનાથી...

### અંતરિક્ષમાં ભારતની

અભૂતપૂર્વ ક્રાંતિ સર્જી દીધી છે. સંપૂર્ણપણે ભારતમાં જ ડિઝાઈન અને ડેવલપ થયેલા આ રોકેટની ઉડાન સાથે જ ભારતે સ્પેસ માર્કેટમાં સ્વદેશી ટેકનોલોજીની તાકાતનું લોખંડ મનાવ્યું છે. આ મિશનની સફળતાથી સાબિત થયું છે કે ભારત હવે માત્ર સરકારી સ્તરે જ નહીં, પરંતુ ખાનગી ક્ષેત્રે પણ સ્પેસ ટેકનોલોજીમાં આત્મનિર્ભર બની ચૂક્યું છે. આ લોન્ચિંગ ભારતની ખાનગી સ્પેસ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ માટે એક ટર્નિંગ પોઈન્ટ સમાન છે. લોન્ચ પેડ પરથી રોકેટે જેવી જ ગગનચુંબી ઉડાન ભરી, તેની સાથે જ કંટ્રોલ રૂમમાં હાજર વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોના ચહેરા ખુશીથી ખીલી ઉઠ્યા હતા. ‘વિક્રમ-૧’ રોકેટે નિર્ધારિત સમયમાં પોતાની ભ્રમણકક્ષા સુધી પહોંચીને મિશનને સો ટકા સફળ બનાવ્યું હતું. ભારતીય અંતરિક્ષ વિજ્ઞાનના જનક ડૉ. વિક્રમ સારાભાઈને અનોખી શ્રદ્ધાંજલિ“આ રોકેટનું નામ ભારતીય સ્પેસ પ્રોગ્રામના પિતામહ ડૉ. વિક્રમ સારાભાઈના નામ પરથી ‘વિક્રમ‘ રાખવામાં આવ્યું છે. આ સફળ લોન્ચિંગ સાથે જ ભારત હવે અમેરિકા જેવા વિકસિત દેશોની હરોળમાં આવી ગયું છે, જ્યાં ખાનગી કંપનીઓ રોકેટ લોન્ચિંગ ક્ષેત્રે સક્રિય છે. ગ્લોબલ સ્પેસ માર્કેટમાં ભારતનો દબદબો વધારનારી આ સિદ્ધિ બદલ દેશભરમાંથી વૈજ્ઞાનિકો અને આ પ્રોજેક્ટ સાથે જોડાયેલી ટીમને અભિનંદનની વર્ષા થઈ રહી છે.

### એટીએસની તપાસમાં

ધરાવતી પેન ડ્રાઈવ પણ મળી આવી. તપાસમાં એવો પણ ખુલાસો થયો છે કે મોહમ્મદ અયુબ કાદીવાલા, મોહમ્મદ આમીન શેરા, અહેમદ ગાઝીવાલા, ઝકરિયા ઘાઘા સહિતના પાંચેય સભ્યો મદ્રેસાના અન્ય વિદ્યાર્થીઓને પણ આતંકવાદ તરફ વાળવા માંગતા હતા, જેના માટે તેમણે ત્રણ વખત દાવતનું પણ આયોજન કર્યું હતું. એટીએસની કાર્યવાહીમાં પાંચ જણ પકડાયા છે, આ ઉપરાંત અગાઉ બિલાલ દુરાની મોહમ્મદ અમ્માર ઘાઘા ઉર્ફે અબુ દુજાના, મોહમ્મદ અબ્દુલ રહમાન સાવદી ઉર્ફે અબુ ઉનેસા, મોહમ્મદ અમીન શરો ઉર્ફે અમીન પાલનપુરી, મુફતી ફૌજાન ઈસ્માઈલ દૌવા ઉર્ફે મુફતી સાબ, જકારિયા દુર્રાની મોહમ્મદ અમ્માર ઘાઘા ઉર્ફે ઈબ્ન અમ્માર, મુદસ્સિર અબ્દુલ્લા ગાઝીવાલા ઉર્ફે અબુ આયા, ઈબ્રાહિમ મોહમ્મદ હુસૈન ઘાઘા ઉર્ફે અબુ હમજા અને અહમદ અબ્દુલ્લા ગાઝીવાલા ઉર્ફે અબુ ઉબૈદા સહિત ૮ પકડાયા હતા.

### ઓપરેશન સિંદૂર

સરહદ પારથી ફાયરિંગ વધુ તેજ થયું, ત્યારે ભારતીય જવાનોએ પણ મોરચો સંભાળી લીધો અને પાકિસ્તાની ચોકીઓ પર જોરદાર વળતો પ્રહાર કર્યો હતો. આ ગોળીબાર મોડી રાત સુધી અટકતા-અટકતા ચાલુ રહ્યો હતો. જો કે, આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.સૈન્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, બોર્ડર પર તહેનાત ભારતીય જવાનોએ રાત્રિના સમયે સરહદ પારથી કેટલાક શંકાસ્પદ આતંકીઓની હિલચાલ જોઈ હતી. આતંકીઓ ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાની આશંકા જણાતા જ સેનાએ તાબડતોબ ફાયરિંગ શરૂ કર્યું હતું. ત્યારબાદ પાકિસ્તાની સેનાએ આતંકીઓને કવર ફાયર આપવા માટે પોતાના તરફથી નાના હથિયારો વડે બ્લાઈન્ડ ફાયરિંગ શરૂ કરી દીધું હતું.સરહદ પર તહેનાત સૈન્ય અધિકારીઓ હાલ સમગ્ર સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે. ગયા વર્ષે સરહદ પર થયેલા ‘ઓપરેશન સિંદૂર’ બાદ આ પહેલીવાર છે જ્યારે બંને દેશો વચ્ચે આટલી ભારે માત્રામાં ગોળીબાર થયો હોય. આ પહેલા પણ પાકિસ્તાન દ્વારા ઘણી વખત સીમા પારથી ઘૂસણખોરી કરાવવાના પ્રયાસો થયા છે, જેને ભારતીય સેનાના જવાનોએ હંમેશા નિષ્ફળ બનાવ્યા છે.રાત્રિના સમયે થયેલા આ ફાયરિંગ બાદ શનિવારે સવારથી જ ભારતીય સેના દ્વારા સમગ્ર વિસ્તારમાં મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. સરહદની નજીક કોઈ ઘૂસણખોર અથવા આતંકવાદી છુપાયેલો ન રહે તે સુનિશ્ચિત કરવા માટે જવાનો ઝીણવટભર્યું ચેકિંગ કરી રહ્યા છે. આ સાથે જ કોઈપણ પ્રકારની કટોકટીનો સામનો કરવા માટે એલઓસી પર સેનાની તકેદારી અને સુરક્ષા વ્યવસ્થા અભેદ્ય કરી દેવામાં આવી છે.

### ઈરાન પર સળંગ

અવાજ સાંભળવા મળ્યો હતો. અમેરિકા અને ઈરાનની સેના એકબીજા પર હુમલા કરી રહી હોવાથી હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોનું આવનજાવન ફરીથી અટકી ગયું છે. સામાન્ય રીતે આ રૂટ પરથી દુનિયાનો પાંચમા ભાગનો ઑઈલ અને ગૅસ પુરવઠો પસાર થતો હોય છે. દિલ્હીમાં જંતરમંતર ખાતે ચાલી રહેલા પ્રદર્શન મામલે મોટો વળાંક આવ્યો છે. ૨૦ દિવસથી અહીં ભૂખ હડતાલ પર બેસેલા સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકને પોલીસ હૉસ્પિટલે લઈ ગઈ છે. ત્યાર પછી તરત જંતરમંતર પરથી પ્રદર્શનકારીઓને હટાવવાનું શરૂ થઈ ગયું છે. પ્રમાણે મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ અહીંથી લોકોને હટાવી રહ્યા છે. મહિલાઓને હટાવવા માટે મોટી સંખ્યામાં મહિલા પોલીસ કર્મચારીઓ આવ્યા છે. પીટીઆઈ મુજબ સોનમ વાંગચુકને સફદરજંગ હૉસ્પિટલે લઈ જવામાં આવ્યા છે અને કૉકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેને પણ હિરાસતમાં લેવામાં આવ્યા છે. પર લખ્યું છે કે “દિલ્હી પોલીસે મારી સાથે મારપીટ કરી છે અને મને અટકાયતમાં લીધો છે.”દરમિયાન દિલ્હી પોલીસે ઍક્સ પર કરી છે કે, “હાઈકોર્ટના આદેશ અને સોમન વાંગચુકની કથળતી હાલત વિશે તબીબી નિષ્ણાતોની સલાહના પગલે તેમને જરૂરી તબીબી સારસંભાળ માટે હૉસ્પિટલે ખસેડવામાં આવ્યા છે.”

### પાકિસ્તાનની નાપાક

તરફથી કરવામાં આવેલી કેટલીક નિવેદનબાજીનો જવાબ આપતા નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પાકિસ્તાન દ્વારા કરવામાં આવતા ખોટા દાવાઓ કે આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાવવામાં આવતા ખોટા નરેટિવ્સ ભારતની સંપ્રભુતાને જરા પણ હચમચાવી શકતા નથી. ભારતની આંતરિક બાબતોમાં દખલગીરી કરવાનું બંધ કરીને પાકિસ્તાને પોતાના દેશની જમીન પર પથરાયેલા આતંકવાદ અને આર્થિક ડૂબતી સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.વિદેશ મંત્રાલયે વધુમાં ઉમેર્યું હતું કે, ભારત પોતાની પ્રાદેશિક અખંડિતતા સાથે ક્યારેય સમાધાન કરશે નહીં. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં થયેલા વિકાસલક્ષી કાર્યો અને લોકશાહી પ્રક્રિયાને પાકિસ્તાન પચાવી શકતું નથી, જે તેમની હતાશા દર્શાવે છે. ભારતે પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, તેઓ પોતાની મર્યાદામાં રહીને કામ કરે અને ભારત વિરુદ્ધ કરવામાં આવતી ટિપ્પણીઓથી દૂર રહે. ભારત સરકારના આ આક્રમક વલણને પગલે પાકિસ્તાનના પ્રોપેગેન્ડાને મોટો ઝટકો લાગ્યો છે અને આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું પલ્લું વધુ મજબૂત બન્યું છે.

### રાજનાથસિંહ અને

માટે સરકાર તૈયાર છે. ગઈકાલે આ અંગે દિલ્હીમાં ભાજપની એક ટોચની બેઠક મળી હતી. જેમાં ગૃહમંત્રી અમિત શાહ તથા સંસદીય મામલાના મંત્રી મંડળ સમિતિના અધ્યક્ષ રાજનાથસિંહ અને એનડીએના સાથી પક્ષો મોજુદ હતા અને તેમાં હવે રાજનાથસિંહ અને કેન્દ્રીય મંત્રીઓ આ બંને ખરડાઓ મંજૂર કરાવવા માટે વિપક્ષો સાથે સંકલન કરશે. એક વખત બે તૃતિયાંશ બહુમતીથી ખાતરી થઈ જાય પછી તુર્ત જ તે સંસદમાં રજુ કરાશે અને તે વચ્ચે હાલ જે અલગ અલગ પક્ષોમાંથી ભંગાણ પડીને નવા જુથો એનડીએમાં જોડાયા છે તેને લોકસભા અધ્યક્ષ આજે સાંજ સુધીમાં માન્યતા આપી દેશે. જેમાં તૃણમુલ કોંગ્રેસના ૨૦ સાંસદો જેઓએ અલગ પક્ષ રચ્યો છે તેને માન્યતા અપાશે તો ઉધ્ધવ ઠાકર જુથના છ સાંસદો કે જેઓ શિવસેના શિંદે જુથ સાથે જોડાઈ રહ્યા છે તેને પણ માન્યતા અપાશે આમ સરકારે ગ્રાઉન્ડ વર્ક તૈયાર કરી લીધુ છે અને એક વખત બે તૃતિયાંશ બહુમતીની લીલી ઝંડી મળે તુર્ત જ આ બંને ખરડાઓ રજુ કરી દેવાશેબીજી તરફ હવે સરકારને આ ખરડા મુદ્દે સૌથી મહત્વના એક વિપક્ષ ડીએમકેનો સાથ મળી રહે તેની સાથે એનસીપી શરદ પવાર જુથ પણ સરકારની સાથે જોડાઈ જાય તેવા સંકેત છે. ડીએમકેના ૨૨ સાંસદો છે જે આ ખરડો પસાર કરાવવા માટે અત્યંત મહત્વના છે.

## ‘મારી સાથે મારપીટ કરાઈ...’ અટકાયતમાં લેવાયાનો અભિજિત દીપકેનો દાવો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : દિલ્હીના જંતર-મંતર પરથી સવારે એક મોટા સમાચાર સામે આવ્યા છે, જ્યાં દિલ્હી પોલીસે ૨૦ દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા જાણીતા પર્યાવરણ અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકને મંચ પરથી ઉઠાવી લીધા છે. આ દરમિયાન ‘કોકરોચ જનતા પાર્ટી’ ના સ્થાપક અભિજીત દીપકેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર દાવો કર્યો છે કે પોલીસ દ્વારા તેમને માર મારવામાં આવ્યો છે અને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. બીજી તરફ પોલીસે પ્રદર્શનકારીઓને જંતર-મંતર વહેલી તકે ખાલી કરવા માટે અલ્ટીમેટમ આપી દીધું છે. આ સાથે હવે સીજેપીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજીનામાની પણ માગ કરી છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, માનનીય હાઈકોર્ટના નિર્દેશોનું પાલન કરીને સોનમ વાંગચુકને સફદરજંગ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. પોલીસનું કહેવું છે કે વાંગચુકના સ્વાસ્થ્ય સાથે કોઈ બાંધછોડ કરી શકાય તેમ નથી, કારણ કે એક દિવસ પહેલા જ ડોક્ટરોએ ચેતવણી આપી હતી કે લાંબા ઉપવાસના કારણે તેમના અંગો ધીમે-ધીમે કામ કરવાનું બંધ કરી શકે છે.

## દિલ્હી મુંબઇ એક્સપ્રેસ હાઇવે પરથી ૧૮.૧૭ લાખનો વિદેશી દારૂ ભરેલા ટેમ્પા સાથે ડ્રાઇવર પકડાયો

કરજણ : કરજણ તાલુકામાંથી પસાર થતા દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે પરથી ૧૮.૧૭ લાખનો વિદેશી દારૂ ભરેલા ટેમ્પા સાથે પોલીસે ડ્રાઈવરને ઝડપી પાડયો છે. મળતી માહિતી અનુસાર, વડોદરા ગ્રામ્ય એલ.સી.બી.ની ટીમે મળેલી માહિતીના આધારે કરજણ તાલુકાના સાંપા ગામ નજીકના નેશનલ એક્સપ્રેસ હાઈવે ઉપર વોચ ગોઠવી એક આઈશર ટેમ્પાને રોકી તપાસ કરી હતી. ડ્રાઈવરે પોતાનું નામ અર્જુન રામજીત બિંદ (રહે. સેખાહી ગામ, તા.શાહગંજ, જિ.જોહપુર, યુ.પી) જણાવ્યું હતું. ટેમ્પામાં પ્લાસ્ટિકની બોટલ,ગ્લાસ, ડબ્બાની આડમાં ભરેલા બિયરના ૭,૫૮૪ ટીન કિંમત રૂપિયા ૧૮,૧૭,૬૬૪ ના મળી આવ્યા હતા. પોલીસે દારૂ, મોબાઈલ, આઈશર ટેમ્પો, જી.પી.એસ. ટ્રેકર, વગેરે મળી કુલ ૨૮.૫૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીએ પોલીસ પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે, આ ટેમ્પો મને સકીલ મોહમંદે (રહે. સુલતાનપુર, યુ.પી. હાલ રહે. દમણ) મને ભરૂચ નજીક આપી હતી. તેમજ આ ગાડી વડોદરા ગોલ્ડન ચોકડી થી આગળ નેશનલ હાઈવે ૪૮ ઉપર એરફોર્સનો બ્રિજ આવેલ છે ત્યાં પહોંચાડવાની હોવાનું જણાવ્યું હતું.

## હવે આમિર ખાન લોરેન્સ બિશ્નોઈ ગેંગના ટાર્ગેટ પર

### સોશિયલ મીડિયા પર આપી જાનથી મારી નાખવાની ધમકી

નવી દિલ્હી : “બોલિવૂડ જગતમાંથી એક સનસનાટીપૂર્ણ અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. સુપરસ્ટાર સલમાન ખાન બાદ હવે અભિનેતા આમિર ખાનને પણ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ ગેંગ વતી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ શેર કરીને આ ખુલ્લી ધમકી આપવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.આ ઘટનાને પગલે સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. અગાઉ કાળિયાર શિકાર કેસના વિવાદમાં સલમાન ખાન લાંબા સમયથી બિશ્નોઈ ગેંગના નિશાના પર રહ્યો છે, પરંતુ હવે અચાનક આમિર ખાનનું નામ સામે આવતા મનોરંજન જગત અને પોલીસ તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મુંબઈ પોલીસ દ્વારા આ સોશિયલ મીડિયા એકાઉન્ટના આઈપી એડ્રેસ અને સોર્સની સઘન તપાસ શરૂ કરવામાં આવી છે અને આમિર ખાનની સુરક્ષા વ્યવસ્થાની પણ સમીક્ષા કરવામાં આવી રહી છે.

## બ્રિટનના નવા વડાપ્રધાન બનશે એન્ડી બર્નહમ

લંડન (બ્રિટન) :બ્રિટનમાં શુક્રવારે સતાધારી દળ લેબર પાર્ટીએ એન્ડી બર્નહમને પોતાના નવા નેતા પસંદ કરી લીધા છે. આ સાથે જ તેમનો વડાપ્રધાન બનવાનો રસ્તો સાફ થઈ ગયો છે, તેઓ આગામી સપ્તાહે પીએમ પદના શપથ લેશે. મેકફિલ્ડના સાંસદ એન્ડી બર્નહમની નિયુક્તિ શુક્રવારે લેબર પાર્ટીના વિશેષ સંમેલનમાં ઔપચારિક રીતે કરવામાં આવી. પાર્ટીમાં આ પદ માટે એન્ડી બર્નહમ એકમાત્ર ઉમેદવાર હતા. લેબર પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારિણી સમીતીની પ્રમુખ અને ગૃહમંત્રી શબાના મહમૂદે તેમના નામની જાહેરાત કરી. બીજી બાજુ વર્તમાન વડાપ્રધાન કીટ સ્ટારમર કિંગ ચાર્લ્સ તૃતીયને સોમવારે રાજીનામુ સોંપશે અને કિંગ, બર્નહમને પદ માટે આમંત્રીત કરશે. જયારે બર્નહમે કહ્યું હતું- હું પાર્ટીનું નેતૃત્વ કરવા અને સ્ટારમર દ્વારા રાખવામાં આવેલુ મજબૂત પાયા પર આગળ વધવા તૈયાર છું. બર્નહમ પહેલીવાર ૨૦૦૧માં સાંસદ બન્યા હતા અને વડાપ્રધાન ગોર્ડન બ્રાઉનની કેબીનેટમાં મુખ્ય પદો પર રહ્યા છે....

## મોંઘવારીના માર વચ્ચે ૧,૨૫૦માં ઘર કેમ ચાલે? ગુજરાતમાં વિધવા પેન્શન ૪,૦૦૦ કરવાની ઉગ્ર માગ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ખાડી યુદ્ધની વૈશ્વિક અસરો હોય કે દેશની આંતરિક આર્થિક પરિસ્થિતિ, સામાન્ય જનતા માટે મોંઘવારીએ હવે માઝા મૂકી છે. મધ્યમ વર્ગ માટે પણ પરિવારનું ગુજરાન ચલાવવું લોઢાના ચણા ચાવવા સમાન બન્યું છે, ત્યારે સરકારી સહાય પર નભતા ગરીબ પરિવારો, વિધવા બહેનો અને વૃદ્ધ માતાઓની હાલત દીન-પ્રતિદીન વધુ બદતર બની રહી છે. અનેક પરિવારોમાં ‘સવારે રાંધે તો સાંજે શું ખાવું?’ તેવી વિકટ પરિસ્થિતિ ઊભી થઈ છે. આ આક્રોશ અને મજબૂરીનો તાજેતરનો એક કિસ્સો છોટા ઉદેપુર જિલ્લામાં જોવા મળ્યો, પણ વાસ્તવમાં આખા ગુજરાતની બહેનોની વેદનાનું પ્રતિબિંબ છે.

ચૂંટણીઓ નજીક આવે ત્યારે સરકાર નેતાઓ અને અધિકારીઓના પગાર, વેતન અને મોંઘવારી ભથ્થામાં સમયાંતરે વધારો કરતી રહે છે. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે સરકારી સહાય પર નભતી વિધવા માતા-બહેનો કે વૃદ્ધોને મળતી સહાય છેલ્લા ઘણા વર્ષોથી એ જ જગ્યાએ સ્થિર છે. મોંઘવારીનો આ માર હવે અસહ્ય બનતાં મહિલાઓએ સરકાર પાસે સહાયની રકમ મોંઘવારીના પ્રમાણમાં વધારવાની માગ કરી છે. હાલમાં મળતાં ?૧,૨૫૦ના પેન્શનને વધારીને ?૩,૦૦૦થી ?૪,૦૦૦ કરવામાં આવે તેવી માગ હવે સમગ્ર ગુજરાતમાં ઉગ્ર બની રહી છે.

## 19મી જૂલાઈથી કેનાલમાં ફરી પાણી

# કચ્છ શાખા નહેરના નુકસાનગ્રસ્ત ભાગનું યુદ્ધના ધોરણે સમારકામ શરૂ

### નિષ્ણાતો દ્વારા સમગ્ર કેનાલનો ટેક્નિકલ સર્વે કરવાની માંગ

**કેનાલના સર્વિસ રોડ ઉપર દોડતા ઓવરલોડ ડમ્પરોને વેળાસર અટકાવો : અન્યત્ર પણ આવા ડમ્પરો થકી મોટી તિરાડો પડી હોવાની છે ચર્ચા : સમગ્ર કેનાલનું ટેકનીકલ સર્વે કરવું જરુરી**



ગાંધીધામ : કચ્છ શાખા નહેરની સાંકળ આશરે ૪૬ કિલોમીટર નજીક, સાંતલપુર તાલુકાના ઝઝામ ગામ પાસે કેનાલનો સ્લોપ બેસી જતાં નર્મદા નિગમ દ્વારા તાત્કાલિક અસરથી યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, છેલ્લા બે દિવસથી સતત કામગીરી ચાલી રહી છે અને પ્રાથમિક તબક્કાનું કામ પૂર્ણ થયા બાદ તા. ૧૯ જુલાઈ, ૨૦૨૬થી કેનાલમાં ફરી પાણી છોડવાની તૈયારી કરવામાં આવી રહી છે.કેનાલના સ્લોપ અથવા તળિયામાં ભવિષ્યમાં ફરી નુકસાન ન થાય તે માટે નુકસાનગ્રસ્ત સ્થળે પ્રોટેક્શન દિવાલ (રિટેનિંગ સ્ટ્રક્ચર) બનાવવાનું આયોજન પણ હાથ ધરાયું હોવાનું જાણવા મળે છે.આ બાબતે એક અનુભવી ઈજનેરે જણાવ્યું કે લાંબા સમય સુધી કેનાલના સર્વિસ રોડ પર મીઠાના ઓવરલોડ ડમ્પરોની ભારે અવરજવર થતાં કેનાલના લાઈનિંગમાં અનેક સ્થળોએ નાની-મોટી તિરાડો પડી હોવાનું અનુમાન છે. ત્યારબાદ વરસાદી પાણી અને કેનાલનું પાણી આ તિરાડોમાં પ્રવેશતાં પાળાની માટી પલળી ગઈ, જેના કારણે માટી ધીમે ધીમે બેસવા લાગી અને અંતે સ્લોપનું લાઈનિંગ પણ નુકસાનગ્રસ્ત બન્યું. ઈજનેરના મતે જો આવી સ્થિતિમાં લાંબા સમય સુધી કેનાલમાં પાણી ચાલુ રાખવામાં આવ્યું હોત તો કોઈપણ સ્થળેથી પાણી બહાર નીકળવાની શક્યતા ઊભી થઈ શકતી, જેના કારણે કેનાલને મોટું નુકસાન થવા ઉપરાંત આસપાસના ખેતરોમાં પાણી ફરી વળીને ઉભા પાકને પણ નુકસાન પહોંચવાની સંભાવના હતી. આ સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને જ તાત્કાલિક સમારકામનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.સૂત્રોના જણાવ્યા મુજબ, કેનાલના સર્વિસ રોડ પર લાંબા સમયથી ઓવરલોડ વાહનોની અવરજવર થવાને કારણે અન્ય અનેક સ્થળોએ પણ નાની-મોટી તિરાડો તેમજ બેસાણ જોવા મળ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સ્થાનિકો અને જાણકારોનું માનવું છે કે સમગ્ર કચ્છ શાખા નહેરનો અનુભવી નિષ્ણાતો દ્વારા ટેક્નિકલ સર્વે કરાવી, જ્યાં જ્યાં ખામી હોય ત્યાં વૈજ્ઞાનિક અને કાયમી ઉકેલ લાવવામાં આવે તે સમયની માંગ છે.જાણકારોનું કહેવું છે કે જો હાલની સમસ્યાઓનું મૂળ કારણ શોધીને તેનું કાયમી નિરાકરણ નહીં લાવવામાં આવે તો આગામી પાંચ વર્ષમાં કેનાલના અન્ય ભાગોમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ શકે છે. તેથી કચ્છ શાખા નહેરના લાભાર્થી ખેડૂતો, સ્થાનિક આગેવાનો અને સંબંધિત તંત્રે મળીને લાંબા ગાળાના સુરક્ષાત્મક પગલાં ભરવા જોઈએ તેવી માંગ પણ ઉઠી રહી છે.

## ભુજના એરપોર્ટ રોડ પર મધરાતે બુલેટ સ્લીપ થતા મહિલાનું મોત

**ભુતનાથ મંદિરની સામે નવા બનાવેલા સ્પીડ બ્રેકર પર બન્યો બનાવ: એક યુવકને ઈજા**

ભુજ - કચ્છઉદય : સ્ટેટ હાઈવે પર અકસ્માતો અવારનવાર થાય છે પરંતુ હવે શહેરી વિસ્તારમાં અકસ્માતો વધી રહ્યા છે. સ્મૃતિવનની સામે રસ્તો ક્રોસ કરતા વૃદ્ધાનું અકસ્માતમાં મોત થયું હતું. ભુજના કોલેજ રોડ પર મધરાત્રે બોલેરોએ ટક્કર મારતા યુવકનો જીવ ગયો હતો. જ્યારે બેને ઈજાઓ થઈ હતી, ત્યારે હવે એરપોર્ટ રોડ પર ભુતનાથ મંદિરની સામે ગઈકાલે રાત્રે અકસ્માત થયો હતો.

આ બાબતે જી.કે. જનરલ હોસ્પિટલમાંથી જાણવા મળતી વિગતો મુજબ ગઈકાલે રાત્રે એક વાગ્યાના અરસામાં બનાવ બન્યો હતો. હતભાગી ૩૪ વર્ષિય ફીરોઝા સમીર પીરાની બુલેટથી સેવન સ્કાય બાજુ જતા હતા ત્યારે ભુતનાથ મહાદેવ મંદિરની સામે રોડ પર નવા બનેલા સ્પીડ બ્રેકર પર બાઈક સ્લીપ થતા માથાના ભાગે ઈજાઓ થવાના કારણે સારવાર માટે જી.કે. જનરલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવથી અરેરાટી ફેલાઈ હતી. આ અકસ્માતમાં માધાપર કેવલ હોમ્સમાં રહેતા બુલેટ ચાલક જય શૈલેષભાઈ જોષીને ઈજાઓ થતા સારવાર માટે જી.કે.માં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ભચાઉ પોલીસનો પ્રોહિબિશન કેસમાં મોટો ઘા : ૧૦ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો




**બોલેરો પિકઅપ સાથે એક આરોપીની ધરપકડ, મુંબઈના એક શખ્સને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ શરૂ**

ભચાઉ : પૂર્વ કચ્છ જિલ્લામાં પ્રોહિબિશનના ગુનાઓને નાબૂદ કરવા માટે ચાલી રહેલા અભિયાન અંતર્ગત ભચાઉ પોલીસે મહત્વની કાર્યવાહી હાથ ધરી હતી. ખાનગી બાતમીના આધારે સામખિયારી તરફથી ભચાઉ આવી રહેલી બોલેરો પિકઅપને રામદેવપીર હાઈવે પુલિયા નજીક અટકાવી તપાસ કરતાં તેમાંથી મોટી માત્રામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી એક આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે બાલાભાઈ ગેલાભાઈ રારરિયા (પટેલ), રહે. રામ મંદિર વાસ, વોંધ, તા. ભચાઉની ધરપકડ કરી છે. જ્યારે પ્રદીપ અમરલાલ ઉર્ફે આંબાલાલ જોષી, રહે. ભિવંડી રોડ, મુંબઈ (મહારાષ્ટ્ર)ને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

દરોડા દરમિયાન ૫૧૬ બોટલ વિદેશી વ્હિસ્કી, ૨,૪૦૦ ક્વાર્ટર વોડકા, એક મોબાઈલ ફોન, બોલેરો પિકઅપ (MH-04-LY-9294) તથા અન્ય મુદ્દામાલ મળી કુલ ૧૦,૦૦,૧૦૦નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો.

આ સમગ્ર કામગીરી ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર તથા સર્વેલન્સ સ્ટાફ દ્વારા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

## અંજાર વીર બાળક સ્મારકના કર્મચારીઓ સાડા ત્રણ મહિનાથી વેતનથી વંચિત



અંજાર - કચ્છઉદય : અંજારના વીરબાળક સ્મારકના કર્મચારીઓને છેલ્લા સાડા ત્રણ મહિનાથી વેતન મળ્યું નહીં હોવાથી તેમને જીવન જીવવામાં ભારે મુશ્કેલી થઈ રહી હોવાનું જાણવા મળ્યું છે. અહીંના સિક્યુરિટી અને હાઉસકીપિંગ સુપરવાઈઝર વિપુલભાઈ જોટંગીયાએ જણાવ્યું કે, જે એજન્સીમાં તેઓ કામ કરી રહ્યા છે તે આ અંગે મૌન રાખીને બેઠી છે. આ અંગે વહીવટી તંત્રમાં સ્થાનિક કક્ષાએ ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરવામાં આવતા એવો જવાબ આપવામાં આવે છે કે બે દિવસમાં કે ચાર દિવસમાં તમારા પ્રશ્નનો ઉકેલ આવી જશે અને વેતન મળી જશે પરંતુ દર અઠવાડિયે આ જ જવાબ સાંભળી સાંભળી અને કર્મચારીઓ થાકી ગયા છે પણ તેમને વેતન મળ્યું નથી. તેમના જણાવ્યા પ્રમાણે તેમની અંજાર એસ.ડી.એમ. તથા અંજારના ધારાસભ્ય અને મંત્રી ત્રિકમભાઈને પણ રજૂઆત કરી છે અને તેમણે પણ પ્રશ્ન જલ્દી ઉકેલવા માટે આશ્વાસન આપ્યું છે. પગાર નહીં મળવાનું કારણ પૂછતા કર્મચારીઓને વહીવટી તંત્ર જણાવે છે કે આગળથી ગ્રાન્ટ આવી નથી એટલે બિલ પેન્ડિંગ છે તેથી તમારો પગાર થયો નથી, બિલ પાસ થઈ જશે એટલે પગાર મળી જશે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે સરકાર દ્વારા અનેક ખર્ચા થાય છે ત્યારે આવા નાના કર્મચારીઓના ઘરના ચૂલા સળગાવી શકવામાં પ્રશ્ન થાય, તેમના બાળકોની શાળાની ફી પણ ભરી નહીં શકવાને કારણે તેનો પણ પ્રશ્ન થાય અને ગુજરાન ચલાવવામાં, રૂટિન જીવન જીવવામાં પણ તાણ પડે એવા પ્રશ્નો વેતન નહીં મળવાને કારણે ઉભા થતા હોય છે ત્યારે તેમના પગાર અંગે વારંવારની રજૂઆત છતાં શા માટે ઉકેલ નહીં આવતો હોય..? વિપુલભાઈએ જણાવ્યું કે આ એજન્સીઓને ૧૧ મહિનાના કોન્ટ્રાક્ટથી રાખવામાં આવતી હોય છે છેલ્લે જે સિક્યુરિટી કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો તે બે મહિના પહેલાં જ પૂરો થઈ ગયો છે. બે મહિનાથી તે અથવા બીજી કોઈ નવી એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો નથી તેના કારણે બિલ બને નહીં તો મંજૂર ક્યાંથી થાય તેવું જાણવા મળતા મૂંઝાયેલા કર્મચારીઓએ તંત્રને આ અંગે રજૂઆત કરતાં એવો જવાબ આપવામાં આવ્યો કે "ટેન્ડરની પ્રક્રિયાએ તમારો વિષય નથી. પગાર નહીં મળવાનુ એક કારણ આ પણ હોઈ શકે એવા વિચાર સાથે કર્મચારીઓ એજન્સી અંગે સ્વાભાવિક રીતે પૂછપરછ કરે છે. આવા નાના કર્મચારીઓ પ્રત્યે સહાનુભૂતિ રાખી તેમની જીવન પરિસ્થિતિ સમજી અને સરકારમાં ઉચ્ચ કક્ષાએથી તેમનો પગાર તાત્કાલિક મંજૂર થઈ જાય અને પછી નિયમિત પગાર આપવામાં આવે તો તેમનું જીવન મુશ્કેલી વગર ચાલી શકે.અંજાર વીર બાળકના સ્મારકના કર્મચારીઓને જલ્દી પગાર મળે તે માટે જવાબદાર સૌ કોઈએ નિર્ણાયક પ્રયત્નો કરવા જોઈએ.

# મકરાન કાંઠે સંઘર્ષ ઘેરો બનતાં કચ્છના દરિયાકાંઠે એલર્ટ

**મકરાન અને કચ્છનો દરિયો એક જ સળંગ દરિયાઈ પ્રવાહથી જોડાયેલા હોવાથી પર્યાવરણીય હોનારત સર્જાય તો તેની પ્રદૂષણની અસર માંડવી અને કંડલાના દરિયાકાંઠા સુધી પહોંચી શકે : કચ્છના વેપાર-ઉદ્યોગ, દરિયાઈ જીવસૃષ્ટિ અને સ્થાનિક માછીમારોના જીવન પર થશે અસર**

કંડલા - કચ્છઉદય : ઈરાનના વ્યૂહાત્મક મકરાન કાંઠા પર સૈન્ય સંઘર્ષ ભભૂકી ઉઠતાં તેની સીધી અસર હવે કચ્છ પર પડવાની આશંકા સેવાઈ રહી છે. તાજેતરમાં અમેરિકા દ્વારા ઈરાનના ચાબહાર, કોનારક, રસ્ક અને ઈરાનશહેર સ્થિત બમ્પુર ગેરિસનને નિશાન બનાવીને કરવામાં આવેલા હુમલા બાદ અરબી સમુદ્રને અડીને આવેલા આ દક્ષિણી દરિયાકિનારા પર તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ભૌગોલિક દ્રષ્ટિએ મકરાન કાંઠો કચ્છના કિનારાથી માત્ર ૬૦૦થી ૭૦૦ કિલોમીટરના અંતરે આવેલો હોવાથી ભારતીય સુરક્ષા એજન્સીઓ પણ સતર્ક થઈ ગઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસારણ મકરાન કાંઠા પર થયેલા આ હુમલામાં હોર્મુઝ સ્ટ્રેટની બહાર આવેલા ઈરાનના એક માત્ર ઊંડા દરિયાના મહત્વપૂર્ણ ચાબહાર બંદરના વોચ ટાવરને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. આ ઘટનાને પગલે ભારત અને ઈરાન વચ્ચેના વ્યૂહાત્મક વેપાર માર્ગ પર ભારે દબાણ ઊભું થયું છે.

મકરાન કાંઠાની આસપાસના સમુદ્રમાં નૌકા અવરજવર અત્યંત જોખમી બનતાં વૈશ્વિક શિપિંગ ક્ષેત્રે ફફડાટ ફેલાયો છે. દરિયાઈ વીમા પ્રીમિયમમાં તોતિંગ વધારો થવાના કારણે અનેક માલવાહક કાર્ગો જહાજોએ પોતાના રૂટ બદલવાની ફરજ પડી છે, જ્યારે કેટલાક જહાજો પકડાવાના ડરથી પોતાની ઓળખ છુપાવીને (સિગ્નલ બંધ કરીને) મુસાફરી કરી રહ્યા છે. યુદ્ધની આ સ્થિતિ આર્થિક નુકસાનની સાથે દરિયાઈ પર્યાવરણ માટે પણ મોટો પડકાર બનીને ઉભરી છે. મિલિટરી એક્શનના કારણે ઓઈલ ટેન્કરોને નુકસાન થવાની અને મોટા પાયે ઓઈલ સ્પિલ (તેલ લિકેજ) થવાની ગંભીર ભીતિ છે. મકરાન અને કચ્છનો દરિયો એક જ સળંગ દરિયાઈ પ્રવાહથી જોડાયેલા હોવાને કારણે જો ત્યાં કોઈ પર્યાવરણીય હોનારત સર્જાય તો તેની પ્રદૂષણની અસર ગણતરીના દિવસોમાં કચ્છના માંડવી અને કંડલાના દરિયાકાંઠા સુધી પહોંચી શકે છે. આ તણાવની સીધી અસર સ્થાનિક રોજગારી પર પણ પડી છે, જ્યાં સુરક્ષા દળોની ભારે અવરજવરને કારણે મકરાન વિસ્તારના માછીમારોએ દરિયામાં જવાનું બંધ જેવું કરી દીધું છે.

ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, કચ્છ અને મકરાન કાંઠા વચ્ચે સદીઓ જૂનો વ્યાપારી અને સાંસ્કૃતિક નાતો રહ્યો છે. કચ્છના સાહસિક વેપારીઓ વર્ષોથી ચાબહાર અને ગ્વાદર સુધી દરિયાઈ માર્ગે વ્યાપાર કરતા આવ્યા છે. બંને પ્રદેશોની ભૌગોલિક આબોહવા, પવનની દિશા અને માછીમારીની પદ્ધતિઓમાં સમાનતા છે. સદીઓથી જે સમુદ્ર બંને સંસ્કૃતિઓને જોડતો હતો, તે જ સમુદ્ર આજે યુદ્ધના કારણે અંતર વધારી રહ્યો છે. હાલની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારે દેશના પશ્ચિમી બંદરો પર સુરક્ષા વ્યવસ્થા અભેદ્ય બનાવી દીધી છે. સંરક્ષણ નિષ્ણાતોના મતે, જો મકરાન કાંઠાનો આ સંઘર્ષ આગામી દિવસોમાં વધુ વકરશે, તો તેની સીધી અને લાંબાગાળાની નકારાત્મક અસર કચ્છના વેપાર-ઉદ્યોગ, દરિયાઈ જીવસૃષ્ટિ અને સ્થાનિક માછીમારોના જીવન પર પડવી નિશ્ચિત છે.

## અંજારની હાર્મની આટર્સ એન્ડ કલ્ચર સંસ્થા દ્વારા સરકારી મોડેલ સ્કૂલમાં સરસ્વતી માતાજીની મૂર્તિની સ્થાપના કરાઈ




અંજાર - કચ્છઉદય : અંજારની હાર્મની આર્ટ્સ એન્ડ કલ્ચર સંસ્થા દ્વારા સરકારી મોડેલ સ્કૂલમાં ''માં''સરસ્વતીદેવી''ની મૂર્તિની સ્થાપના દાતા પરિવાર દ્વારા ભાવપૂર્વક શાસ્ત્રોક્ત વિધિવત બ્રહ્મદેવે શાળામાં સંપન્ન કરાવતા સ્થાપના કરાવેલ હતી. અંજારની સરકારી મોડેલ સ્કૂલમાં સરસ્વતી દેવીની મૂર્તિના દાતા હાર્મની આર્ટ્સ એન્ડ કલ્ચર અંજાર સંસ્થાના સ્થાપક સંજયભાઈ શાહ, શીતલબેન શાહ, યશ્રીબેન શાહ પરિવાર રહ્યા હતા.

આ પ્રસંગે સચ્ચિદાનંદ મંદિરના મહંત પૂ. ત્રિકમદાસજી મહારાજ, અંજારના ધારાસભ્ય - કચ્છી રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગા, ધર્મિષ્ઠાબેન ખાંડેકા (નગરઅધ્યક્ષા), સંજયભાઈ પરમાર (જિલ્લા શિક્ષણ અધિકારી), મહેન્દ્રભાઈ કોટક (અંજાર વિકાસ સમિતિના પ્રમુખ), બલરામભાઈ જેઠવા (ચેરમેન ન.પા. શિક્ષણ સમિતિ), જગદીશભાઈ પટેલ (શાળા આચાર્ય), સંસ્થાના વિરાજબેન દેસાઈ, નારણભાઈ ધોરીયા, ન.પા.પદાધિકારીઓ, એસએમસીના સદસ્યો, સ્ટાફગણ સહ આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. મહંત ત્રિકમદાસજી મહારાજે કચ્છીનવા વર્ષની વધાઈ સાથ આશીર્વચન આપતા દાતાને બિરદાવ્યા હતા. રાજ્યમંત્રી ત્રિકમભાઈએ દાતા પરિવારની ભારોભાર સરાહના કરી પ્રેરણારૂપ ગણાવી કચ્છી નવા વર્ષે દરેકને વધાઈ આપી સરકારની શિક્ષણની નિતિની સાચી સમજ આપી હતી સાથે સૌના સાથ સહકારથી વિકાસની ક્ષિતિજો સર કરી શકાશે તેવું જણાવ્યું હતું. મૂર્તિ દાતા પરિવારના સંજયભાઈ શાહે સંસ્થાનો પરિચય આપી આભારની લાગણી વ્યક્ત કરી હતી. શાળા શિક્ષકો દ્વારા સૌનું સન્માન કરાયું હતું.

## કોટાયાની સીમમાં જુગાર રમતા ત્રણ ખેલી પકડાયા, પાંચ ફરાર

**રાતના સમયે બાવળોની ઝાડી વચ્ચે નસીબ અજમાવતા હતા : રોકડા ૪૨ હજાર કબજે કરાયા**

ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના કોટાયા ગામની પશ્ચિમ બાજુ આનંદેશ્વર મંદિર તરફ જતા કાચા રસ્તેથી કોટાયા - ડુમરાની સીમ વિસ્તારમાં ખુલ્લા ખેતરના બાવળોની ઝાડીમાં જુગાર રમતા ખેલીઓને પોલીસે ઝડપી લીધા હતા. આ મામલે મળતી વિગતો મુજબ રાતના સમયે અહીં જુગાર રમાતો હતો. પોલીસે ૮ વાગ્યે કાર્યવાહી કરી હતી. રેડ દરમ્યાન કોટાયાના કરશન ભીમશી ગઢવી, ભાવેશ નારાણભાઈ ગઢવી અને નખત્રાણાના ટોડિયાનો વસીમ અબ્દ્રેમાન ચાકી પકડાયા હતા. જ્યારે મુળ અબડાસાના બાલાપરના હાલે નખત્રાણા રહેતા સતાર હિંગોરજા, સુખપર રોહાનો અનવર ઉર્ફે અનુ કુંભાર, કોટાયાનો ચંદુ રતન ગઢવી, સુખપર રોહાનો કરણસિંહ તેમજ સાંભરાઈનો ફકીર દરાડ ભાગી જવામાં સફળ રહ્યા હતા. રોકડા રૂા. ૪૨ હજાર તથા પાંચ હજારનો મોબાઈલ અને ૩૦ હજારની બે બાઈક કબજે કરી કોઠારા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## અંજારના મનાક્ષીયા કંપનીમાં વીજ કરંટ લાગતા શ્રમિકનું મોત

અંજાર : અંજાર તાલુકાના ચાદરણી ગામ પાસે આવેલી મનાક્ષીયા કંપનીની કોલોનીમાં કામ કરતા એક શ્રમિકનું ચાલુ કામે વીજ કરંટ લાગવાથી કરુણ મોત નીપજ્યું છે. ૨૦ વર્ષીય શ્રમિક સરબજીત (પિતાઃ પટારુ સહાની) કંપનીમાં વેલ્ડિંગનું કામ કરી રહ્યો હતો, તે દરમિયાન અચાનક શોર્ટ સર્કિટ થતાં તેને જોરદાર ઈલેક્ટ્રિક શોક લાગ્યો હતો. ગંભીર હાલતમાં તેને રામબાગ હોસ્પિટલ ગાંધીધામ ખસેડાતા ડો. પરાગ બલદાણીયાએ તેને મૃત જાહેર કર્યો હતો. દુધઈ પોલીસે આ મામલે અકસ્માત મોતની નોંધ કરી આગળની તપાસ પીએસઆઈ આર.એચ. ઝાલાને સોંપી છે.

## હાજીપીર નજીક રોડ પર યુવક બેભાન મળતા ટ્રક ડ્રાઈવરોએ સારવાર અર્થે ખસેડયો



ભુજ - કચ્છઉદય : તાલુકાના હાજીપીર નજીક સત્યેશ કંપની પાસેના રોડ પર એક યુવક બેભાન મળી આવ્યો હતો. અહીંથી પસાર થતા ટ્રક ચાલકોએ ગાડી રોકાવી એમ્બ્યુલન્સને ફોન કરી આ યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડયો હતો. રણ વચાળે આ યુવક અહી કયાંથી આવ્યો ? કોણ છે ? તે સહિતની તપાસ શરૂ કરવામાં આવી હતી.

## પલીવાડમાં વહિવટીતંત્રે બે વાણિજય હેતુના દબાણો દૂર કરાયા



નખત્રાણા : તાલુકાના વહિવટીતંત્ર દ્વારા આજે તાલુકાના પલીવાડ ગામે જઈ વાણિજય હેતુના બે દબાણો પર દાદાનું બૂલડોઝર ફરી વળ્યું હતું.

મામલતદાર રાકેશભાઈ પટેલ દ્વારા દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં બે કોમર્શિયલ દબાણો પર બૂલડોઝર ફેરવીને ૨ હજાર ચોરસ મીટર સરકારી જમીનને ખુલ્લી કરવામાં આવી હતી, જે જમીનની કિંમત ૨ લાખ ૪૦ હજાર આંકવામાં આવી હતી. આ દબાણ હટાવવામાં કામગીરીમાં ના. મા. ડી.બી. પુરબિયા તથા એસ.પી. ચૌધરી (સર્કલ) અને સ્ટાફ જોડાયો હતો.

## પિયોણીમાં રવિવારે સંત ગજાનંદગિરિની સાતમો નિર્વાણતિથિ મહોત્સવ યોજાશે

નખત્રાણા - કચ્છ ઉદય: નિલકંઠ મહાદેવ આનંદ આશ્રમ પિયોણી મંદિરે મંદિરના બ્રહ્મલીન મહંત થાનાપતિ શ્રી ગજાનંદગિરિજી મહારાજની સાતમી નિર્વાણતિથિ તા.૧૯/૭ ના મહંત હંસગિરિજી મહારાજના સાનિધ્યમાં યોજાશે. સવારે સમાધિપૂજન, આરાધીવાણી તથા ચલતી સંતવાણી, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે તેવું લઘુ મહંત આયુષગિરિજીએ જણાવ્યું છે.

## ખાવડાની એનટીપીસી કંપનીમાં યુવકને કરંટ લાગ્યો

ભુજ - કચ્છઉદય : તાલુકાના ખાવડા ખાતે સોલાર પાર્કમાં મોટા પાયે કામો ચાલી રહ્યા છે ત્યારે અહીં એનટીપીસી કંપનીમાં કામ કરતા યુવકને કરંટ લાગતા સારવાર માટે જી.કે.માં દાખલ કરવામાં આવ્યા હતા. આ બાબતે મળતી વિગતો મુજબ જીતેન્દ્ર ધોલસિંગ કટારા નામના યુવકને કંપનીમાં કામ કરતી વખતે કરંટ લાગતા સારવાર માટે જી.કે.માં દાખલ કરવામાં આવ્યા હતા.

## કાળાડુંગર સહિતના સ્થળોએ અકસ્માત સર્જાયા

ભુજ - કચ્છઉદય : જિલ્લામાં અકસ્માતના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે ત્યારે અલગ અલગ સ્થળોએ અકસ્માતની ઘટના સામે આવી હતી. કાળાડુંગર સામેના રોડ પર બાઈક સ્લીપ થતા બાઈકની પાછળ બેઠેલા હરવણભાઈ ધુણાભાઈ પરમારને ઈજાઓ થઈ હતી. ગોડપર - દહીસરા રોડ પર બાઈક સ્લીપ થતા ભારાપર વાડી વિસ્તારના પિન્ટુભાઈ મનસુખભાઈ તડવીને ઈજાઓ થઈ હતી. અબડાસામાં તેરા - ધુફી વચ્ચે રોડ પર મોપેડ સ્લીપ થવાની ઘટનામાં રામબાબુ રામતાર નિશાદને ઈજાઓ થઈ હતી. જયારે નખત્રાણાના કોટડા જડોદર ગામે મોપેડ સ્લીપ થતા રમેશ માવજીભાઈ ગોહિલને સારવાર માટે હોસ્પીટલ લઈ જવામાં આવ્યા હતા. માનકુવાથી સુખપર જતા રોડ પર છકડાનો ટાયર નિકળી જતા ભુજના લખુરાઈમાં રહેતા ઈશાક કેશર બાફણને ઈજાઓ થતા જી.કે. માં દાખલ કરવામાં આવ્યા હતા. દરમ્યાન માંડવીના નવાવાસમાં છકડા અને મોપેડ વચ્ચે અકસ્માતમાં ચંદ્રિકાબેન પ્રવીણ જોગીને ઈજાઓ થઈ હતી. તમામને સારવાર માટે જી.કે.માં દાખલ કરવામાં આવતા એમએલસી નોંધવામાં આવી હતી.


**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિનઃ૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in ફેક્સ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ**

શ્રી નરશી મેઘા મહેશ્વરી અરજી નં. ૧૦૫/૨૦૨૬
રહે. પ્લોટ નં.૮૮, લુણંગ નગર, ભારતનગર, ગાંધીધામ-કચ્છ. .................... અરજદાર
વિરૂધ્ધ
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. .................... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

સંદર્ભઃ- શ્રી નરશી મેઘા મહેશ્વરી, રહે.પ્લોટ નં.૮૮, લુણંગ નગર, ભારતનગર, ગાંધીધામ-કચ્છની તા.૧૪/૦૬/૨૦૨૬ વાળી અરજી

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રી નરશી મેઘા મહેશ્વરી, રહે.પ્લોટ નં.૮૮, લુણંગ નગર, ભારતનગર, ગાંધીધામ-કચ્છ વાળાની ઉકત સંદર્ભવાળી અરજીથી તેમના બહેન નિરમા મેઘાભાઇ મહેશ્વરી નો જન્મ તા.૧૯/૦૯/૧૯૮૮ના રોજ પ્લોટ નં.૮૮, લુણંગ નગર, ભારતનગર, ગાંધીધામ-કચ્છ મધ્યે થયેલ છે. પરંતુ તેમના પુત્રના જન્મની નોંધ મહાનગરપાલિકા ગાંધીધામના જન્મના રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૧૦૫/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના બહેનની જન્મ નોધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતાના અને શરતચુકના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૧૭/૦૭/૨૦૨૬

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગાંધીધામ કચ્છ.



**-: નોટીસ:-** પ્રો.નં. 1177/૨૦૨૬

(સી.પી.સી.રોકડયુલ ૧, એપીકસ ડી.નં.૭)

**નામદારશ્રી આઠમાં અધિક જીલ્લા ન્યાયાધીશ સાહેબની કોર્ટ સમક્ષ, ગાંધીધામ-કચ્છ.**

બજાવવાનો હુકમ શા વાસ્તે ના કાઢવો તેનું કારણ બતાવવાની નોટીસ (ફોર્મ નં.૭ પુરવણી ઈ શેડયુલ ૧)
દાવો રૂા. ૨,૫૫,૫૮૩/-

**કોમર્શીયલ તામીલ નંબર :- ૦૪/૨૦૨૬**
**મુદ્દત તારીખ-૨૭/૦૭/૨૦૨૬**

The Bhuj Mercantile Co-Operative Bank Ltd. ..ડી.એચ.
વિરૂધ્ધ
Ramesh Devdhan Myatra and other (3) ..જે.ડી.

પ્રતિ,
Opponent/JD No.3 Gopal Ramjibhai Dangar (Guarantor)
Add.- 70, Dangarwas, Village-Mathak
Anjar-Kachchh.

ઉપરોકત ડીકીહોલ્ડરે દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ આબીટ્રેશનનું હુકમનામું તેમના નામ પર તબદીલ થયું છે એમ જણાવી તે બજાવવા સારૂં આ કોર્ટને દરખાસ્ત કરેલ છે, માટે તમને આ લેખ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે, બજાવવાનો હુકમ શા માટે ન કરવો એનું કારણ બતાવવા તમારે જાતે તા. ૨૭/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે આ કોર્ટમાં હાજર થવું. તેમ કરવામાં કસુર થયેથી આગળની, યોગ્ય ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.
આજરોજ તા ૧૫ માહે ૦૭ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | મુકાબીલ કરનાર | આદેશથી |
|---|---|---|
| (વી.એમ.મેચડ) | (એમ.એસ.મેમણ) | (પી.એચ.મન્શાની) |
| આસીસ્ટન્ટ, | બેન્ચ કલાર્ક, | ડેપ્યુટી રજીસ્ટ્રાર, |
| ગાંધીધામ-કચ્છ. | ગાંધીધામ-કચ્છ. | અધિક ડિસ્ટ્રીકટ કોર્ટ, ગાંધીધામ-કચ્છ. |

# અંતરજાળમાં ગટર અને પાયાની સુવિધાઓના અભાવે સ્થાનિકો પરેશાન






ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામના અંતરજાળ ગામમાં આવેલા નંદનગર, રાજનગર, જગદંબા, વિદ્યાનગર, વિનાયકનગર તથા આશા ફાઈવ સહિતના વિસ્તારોમાં લાંબા સમયથી ગટર અને પાયાની નાગરિક સુવિધાઓની ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. આ અંગે સ્થાનિક રહેવાસીઓ દ્વારા ગાંધીધામ મનપાના કમિશનરને રજૂઆત કરવામાં આવી છે.

અંતરજાળ ગામના લોકોના જણાવ્યા અનુસાર, અનેક વિસ્તારોમાં ગટર લાઈનો અને ગટરના તળાવો સંપૂર્ણપણે ભરાઈ ગયા છે, જેના લીધે દૂષિત પાણી રસ્તાઓ, ખુલ્લી જગ્યાઓ તેમજ રહેણાંક વિસ્તારોમાં ફરી વળ્યા છે. ગટરના ગંદા પાણીના ભરાવાને કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે અને મચ્છરોનો ભારે ઉપદ્રવ વધ્યો છે, જેને લીધે સ્થાનિક બાળકો, વૃદ્ધો અને મહિલાઓ સહિતના તમામ નાગરિકોના આરોગ્ય પર ગંભીર જોખમ ઊભું થયું છે.

આ ઉપરાંત, આ વિસ્તારોમાં વર્ષોથી પાયાની સુવિધાઓ જેવી કે નિયમિત પીવાનું શુદ્ધ પાણી, ગુણવત્તાયુક્ત પાકા રોડ-રસ્તા અને પૂરતી સ્ટ્રીટલાઈટની વ્યવસ્થા ઉપલબ્ધ નથી. ચોમાસાની ઋતુમાં ખરાબ રસ્તાઓના કારણે અવારનવાર ટ્રાફિક અને અવરજવરની મોટી મુશ્કેલીઓ સર્જાય છે, જ્યારે રાત્રિના સમયે સ્ટ્રીટલાઈટના અભાવે અકસ્માતો અને અસામાજિક પ્રવૃત્તિઓનો ભય સતત સતાવી રહ્યો છે. સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે આ બાબતે અગાઉ પણ સંબંધિત વિભાગો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને અનેક વખત રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ સંતોષકારક ઉકેલ આવ્યો નથી. સ્થાનિકો

એ તંત્ર સમક્ષ માંગ કરી છે કે પીવાના પાણીની નિયમિત વ્યવસ્થા કરવામાં આવે, રસ્તાઓનું તાત્કાલિક સમારકામ થાય, બંધ સ્ટ્રીટલાઈટો કાર્યરત કરવામાં આવે અને જવાબદાર અધિકારીઓની બેઠક યોજી સમયબદ્ધ આયોજન જાહેર કરવામાં આવે. જો જાહેર હિતમાં આ સમસ્યાઓનું વહેલી તકે નિવારણ નહીં આવે, તો નાગરિકોએ પોતાના હકો માટે લોકશાહી અને કાયદાકીય માધ્યમો દ્વારા આગળની ઉગ્ર કાર્યવાહી કરવાની ચીમકી આપી છે.

# NEET(UG) -૨૦૨૬ના પરિણામમાં ૬૫૦કે તેથી વધુ ૬ વિદ્યાર્થીઓ સાથે સમગ્ર સૌરાષ્ટ્રમાં ટોચના સ્થાને મોદી સ્કૂલ




રાજકોટ : સમગ્ર ભારતભરમાં ૨૧ જૂનમાં લેવાયેલ NEET(UG) -૨૦૨૬ ની પરીક્ષામાં કુલ ૨૦,૦૨,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ સમગ્ર ભારત તથા ગુજરાતભરમાં શ્રેષ્ઠ મેડીકલ, ડેન્ટલ, આયુર્વિક તથા હોમીયોપેથિક કોલેજોમાં પ્રવેશ માટેની પરીક્ષા આપેલ. NEETમાં પણ સમગ્ર સૌરાષ્ટ્રમાં JEE(Main + Adv.), GUJCET ના પરિણામ ની જેમ મોદી સ્કૂલે ટોચનું સ્થાન મેળવેલ છે. મિહિર પટેલ જે પોતે ડોક્ટર પિતાના સંતાન છે તેઓએ ૬૯૦ માર્કસ મેળવીAll India Rank ૧૧૪ સાથે ENGLISH MEDIUM ના ટોપર બન્યાં છે. આ ઉપરાંત મીશ્રા રામાણી એ ૬૮૧ માર્કસ મેળવીને સમગ્ર સૌરાષ્ટ્રમાં ગર્લ્સ ટોપરનું સ્થાન મેળવેલ છે. આ ઉપરાંત ૬૭૩ માર્કસ સાથે ટાંક કેવલ All India Rank ૪૨૬ સાથે ગુજરાતી મીડીયમના ટોપર બની All India Rank ટોપ ૫૦૦ માં ત્રણ વિદ્યાર્થીઓ સાથે મોદી સ્કૂલનું શ્રેષ્ઠ પરિણામ રહ્યું છે. મોદી સ્કૂલના ભાનવાલા સંપૂર્ણાએ ૬૫૧ માર્કસ, જાડેજા નક્ષત્ર રાજ ૬૫૬ માર્કસ તથા રાઠોડ વૃતાંશએ ૬૫૦ ગુણ મેળવી શાળાનું ગૌરવ વધારીયું છે.

મોદી સ્કૂલના કુલ ૬ વિદ્યાર્થીઓએ ૬૫૦ કે તેથી વધુ માર્કસ, ૩૧ વિદ્યાર્થીઓએ ૬૦૦ કે તેથી વધુ માર્કસ, ૬૫ વિદ્યાર્થીઓએ ૫૫૦ કે તેથી વધુ તથા ૧૩૩ વિદ્યાર્થીઓએ ૫૦૦ કે તેથી વધુ માર્કસ મેળવી NEET(UG)-૨૦૨૬ માં સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉચ્ચતમ પરિણામ મેળવી મેડિકલના પ્રવેશદ્વાર એટલે કે મોદી સ્કૂલની પોતાની ઓળખને પૂરવાર કરી છે.

વર્ષ ૨૦૨૫ માં પણ મોદી સ્કૂલના ૨૬૯ વિદ્યાર્થીઓએ MBBS માં પ્રવેશ મેળવેલ જે સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં સૌથી વધુ સંખ્યા હતી. JEE (Mains + Adv.), NEET, CA-CPT, GUJCET તથા Foundation જેવી દરેક સ્પર્ધાત્મક પરિક્ષામાં મોદી સ્કૂલના પરિણામ સર્વ શ્રેષ્ઠ રહયાં છે. NEET-૨૦૨૬ નાં આવા ઉજ્જ્વળ પરિણામો માટે વિદ્યાર્થીઓ એ મોદીસર તથા હિતસરનું સચોટ માર્ગદર્શન, નિયમિત ચેપ્ટર ટેસ્ટ, હાફ સિલેબસ ટેસ્ટ, ફુલ સિલેબસ ટેસ્ટનું પધ્ધતિસર આયોજન, મોદી સ્કૂલનાં તજજ્ઞ શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવેલ મોડ્યુલ તથા continuous Counselling તથા Mentorship થકી મોદી સ્કૂલીંગ સિસ્ટમને કારણે નેશનલ લેવલની પરીક્ષામાં ટોચનું સ્થાન મેળવેલ છે તથા આ પરિણામે ફળીભૂત કર્યું છે કે કોઈપણ ડમી કલ્ચર વિના માત્ર સ્કૂલીંગ સિસ્ટમના માધ્યમથી દેશની કઠિન એવી દરેક સ્પર્ધાત્મક પરિક્ષામાં શ્રેષ્ઠ પરિણામ મેળવી શકાય છે.

આ પ્રસંગે ખાસ મોદી સ્કૂલના સંસ્થાપક Dr. R. P. Modi sir એ આ સફળતા અંગે જણાવ્યું કે અમો ૩૮ વર્ષથી સૌરાષ્ટ્રનાં વિદ્યાર્થીઓની શિક્ષણ પધ્ધતિ, ઘરનાં વાતાવરણ તથા તેઓનાં એજ્યુકેશન કલ્ચર ને સમજીએ છીએ. જેના કારણે શ્રેષ્ઠ પરિણામો શક્ય બને છે. હાલમાં NEET, JEE (Main+Advanced) તથા Foundation Std. ૬ થી ૧૦ માટે 12 IITians, 6 NITians, 2 Doctors સાથે કુલ ૯૪+ ફેકલ્ટીની મોટી ટીમ કાર્યરત છે. જેમાનાં ૪૨+ ફેકલ્ટી તો આઉટસ્ટેટનાં છે. ગુજરાત અને આઉટસ્ટેટ ફેકલ્ટીની ટીમ તથા મોદી સ્કૂલ મેનેજમેન્ટની સૌરાષ્ટ્રની સાયન્સનાં વિદ્યાર્થીઓનાં માનસપટને સમજવાની ક્ષમતાના કારણે આવા શ્રેષ્ઠ પરિણામો મોદી સ્કૂલ મેળવી રહી છે. મોદી સ્કૂલનાં શ્રેષ્ઠ પરિણામ બદલ સ્કૂલનાં સંસ્થાપક Dr. R. P. Modi Sir, Paras Sir, Heet Sir તથા Dhaval Sir બધા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે તથા સારી કારકિર્દી બનાવીને સ્કૂલ તથા માતા-પિતાનું ગૌરવ વધારે તેવી શુભકામનાઓ પાઠવી છે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | | 3 | | | | | 2 |
| 8 | | 4 | | | | 3 | | 5 |
| | 6 | | 4 | | 9 | | 8 | |
| 1 | | | | 6 | | | | 3 |
| | | | 8 | | 1 | | | |
| 5 | | | | 4 | | | | 9 |
| | 7 | | 6 | | 3 | | 2 | |
| 3 | | 5 | | | | 9 | | 4 |
| 6 | | | | 8 | | | | 7 |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 2 | 7 | 8 | 3 | 6 | 1 | 9 |
| 9 | 3 | 1 | 6 | 4 | 2 | 5 | 7 | 8 |
| 6 | 7 | 8 | 5 | 9 | 1 | 4 | 2 | 3 |
| 5 | 2 | 4 | 9 | 1 | 7 | 3 | 8 | 6 |
| 1 | 8 | 3 | 4 | 5 | 6 | 7 | 9 | 2 |
| 7 | 6 | 9 | 2 | 3 | 8 | 1 | 5 | 4 |
| 3 | 1 | 7 | 8 | 2 | 4 | 9 | 6 | 5 |
| 2 | 4 | 5 | 1 | 6 | 9 | 8 | 3 | 7 |
| 8 | 9 | 6 | 3 | 7 | 5 | 2 | 4 | 1 |



કચ્છ જિલ્લાના પ્રવાસે પધારલા ભારત સરકારના કેન્દ્રીય મંત્રીશ્રી શાંતનું ઠાકુરજીનું કચ્છ મોરબીના સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, ગાંધીધામના ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી, જિલ્લા ભાજપના મહામંત્રી ધવલભાઈ આચાર્ય, ગાંધીધામ મનપાના મેયર દીવ્યાબેન નાથાણીએ અભિવાદન કર્યુ હતુ.

## અવસાન નોંધ

**અંજાર** : રાયમા કાસમ (ઉ.વ. ૭૦) તે મ. ઉમર કેસર રવાણીના પુત્ર, મ. હાજી રમજાન, મ. ઈબ્રાહિમ ઉમરના ભાઈ, મ. ઈમ્તિયાઝ, દિલાવર, રફીક (ટીઆરબી), દિનમામદના પિતા, અસગર હાજી જાફરના સસરા, હાજી ઈલિયાસ, હાજી મામદ (પેટન), હાજી નૂરમામદ, અબ્દુલ, ફકીરમામદ, રજાક, અસગર, અ. હમજા (પ્લમ્બર), દિલાવરના કાકાઈ ભાઈ, અબ્દુલ, હનીફ, ઓસમાણ, ઈશા, અબ્બાસ, હસન, અલતાફ, અશરફ, સલીમ (પ્રમુખ આર.વાય. સી.), અખ્તર (એડવોકેટ), ઉમરના કાકા, મ. કાંયા હાલા (અંજાર)ના જમાઈ, તૌસિફ, અયાન, અફઝલ, આહિલ, ઈમ્તિયાઝના દાદા, સમીર (સામખિયાળી), જાવેદ (મોરગર)ના દાદાસસરા તા. ૧૫-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૧૯-૭-૨૦૨૬ના રવિવારે સવારે ૧૦થી ૧૧ ખત્રી સમાજવાડી, વૈકુંઠધામ, મેઘપર રોડ ખાતે.

**ભુજ** : ગુંસાઈ જગદીશગર રણછોડગર (જગુભાઈ) (ઉ.વ. ૭૦) (નિવૃત્ત ફોરેસ્ટ) તે સ્વ. મુલબાઈ અને સ્વ. રણછોડગરના પુત્ર, મધુબેનના પતિ, સ્વ. વસંતગર, સ્વ. રમેશગર, સ્વ. ડેબાઈબેન, સ્વ. મટુબેન, સ્વ. સંતોકબેન, ગં.સ્વ. મણિબેન, ગં.સ્વ. પાર્વતીબેન, ગં.સ્વ. ઝવેરબેનના ભાઈ, મેહુલ (પત્રકાર), નીતાના પિતા, કાજલ અને શરદભારથીના સસરા, સપના, સોનલ, શ્રેષ્ઠાના કાકાજી સસરા, પ્રાચીના દાદા, મીત અને શ્રવણના નાના, ગં.સ્વ. ડોલરબેન, ગં.સ્વ. રાધાબેનના દિયર, સુનીલ, મનોજ, નીતેશ, રીટા, શિલ્પાના કાકા, સ્વ. ગંગાબેન વખતગર (કુકમા)ના જમાઈ, ગં.સ્વ. મુક્તાબેન, ગૌવરીગર, સ્વ. રીતગરના બનેવી, હિરેન, ઉર્વી, જેનિલ, શ્રીજાના દાદા તા. ૧૬-૭ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૭ના સાંજે ૫થી ૬ દશનામ સમાજવાડી, ભુજ ખાતે.

**માધાપર (તા. ભુજ)** : મૂળ સાંધાણના ગં.સ્વ. સુશીલાબેન તે શાંતિલાલ ભવાનીશંકર ભટ્ટના પત્ની, સ્વ. દયાબેન વ્રજલાલ દવે (ગજોડ)ના પુત્રી, સ્વ. સવિતાબેન મયાશંકર ત્રિવેદી, સ્વ. જયસુખલાલ, સ્વ. ભૂપતરાય, સ્વ. ઘનશ્યામભાઈના મોટા ભાભી, ગજેન્દ્રભાઈ, નયનાબેન, સીમાબેન, ગીતાબેન (દીપા)ના માતા, જાગૃતિબેન, ગિરીશકુમાર આર. ત્રિવેદી, અતુલકુમાર એમ. પંડ્યા, ભાવેશકુમાર એ. દવેના સાસુ, હસ્ત, જીતના દાદી, પ્રતીક, કિશન, યોગ, અંકિતાના નાની, શિવાનીના નાનીજી, બાલમુકુંદભાઈ દવે, જનકરાય દવેના મોટા બહેન, સ્વ. રંજનબેન, હંસાબેનના નણંદ, સ્વ. જ્યોત્સ્નાબેન, ગં.સ્વ. દમયંતીબેન, સ્વ. જ્યોતિબેનના જેઠાણી તા. ૧૬-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૭-૨૦૨૬ના શનિવારે સાંજે ૪.૩૦થી ૫.૩૦ નારાયણ વાડી, કચ્છમિત્ર સર્કલ પાસે, જી.ઈ.બી. ઓફિસ સામે, માધાપર ખાતે.

**લુણી (તા. મુંદરા)** : જાડેજા જીવુભા વારૂભા તે સ્વ. બાઈસાબા વારૂભા જાડેજાના પુત્ર, હુલાસબાના પતિ, હરૂભા, જયાબા, જશુબા, મેઘુભાના ભાઈ, કવિતાબા નરેન્દ્રસિંહ વાઘેલા અને નિકિતાબા મયૂરધ્વજસિંહ ઝાલાના પિતા, જીલુભા, હિતુભા, પ્રદીપસિંહ, બહાદુરસિંહ, મહેન્દ્રસિંહ, દિલીપસિંહના કાકા, હેમંતસિંહ અને શક્તિસિંહના બાપુ તા. ૧૭-૭ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૩-૭ના ગુરૂવારે ક્ષત્રિય સમાજવાડી, શિવ મંદિરની બાજુમાં. ઉત્તરક્રિયા તા. ૨૭-૭ના સોમવારે નિવાસસ્થાન દરબારગઢ, લુણી (તા. મુંદરા) ખાતે.

**મુંદરા** : મૂળ ભુજ મ.ક.સ.સુ. સાવિત્રીબેન બાબુલાલ પરમાર (ઉ.વ. ૭૯) તે સ્વ. કરશનદાસ પ્રેમજી પરમાર (ભુજ)ના પુત્રવધૂ, સ્વ. વાલજી, સ્વ. દયારામ, સ્વ. અમૃતલાલ, સ્વ. સાવિત્રીબેન અમૃતલાલ સાંચલા (અંજાર), સ્વ. શંકરલાલ, વૃજલાલ, વિનોદભાઈના ભાભી, સ્વ. જયાબેન દયારામ, સ્વ. કમળાબેન શંકરલાલ, શુશીલાબેન વૃજલાલ, નીતાબેન વિનોદચંદ્રના જેઠાણી, સ્વ. વીણાબેન પ્રફુલભાઈ (ગુંદાલા), સ્વ. મહેશભાઈ, માલતીબેન દીપકભાઈ (અંજાર), રાધાબેન નીતિનભાઈ (મુંદરા), રમીલાબેન મનોજભાઈ (ભુજ)ના માતા, સ્વ. મણિબેન મોહનલાલ ચાપશી પીઠડિયા (અંજાર)ના પુત્રી, સ્વ. પુષ્પાબેન (જીવતીબેન) ગાવિંદભાઈ (મુંદરા), સ્વ. અમરશી મોહનલાલ (અંજાર), ધનલક્ષ્મીબેન ચમનલાલ (ભુજ), સ્વ. ચમનલાલ મોહનલાલ (અંજાર)ના બહેન, સ્વ. નર્મદાબેન, સ્વ. ધનગૌરીબેન (અંજાર)ના નણંદ, ગીતાબેન જયસુખભાઈ, દક્ષાબેન, પ્રીતિબેન દિનેશભાઈ, રાજેશભાઈ, સ્વ. ભગવતીબેન જગદીશભાઈ, સ્વ. નટવરલાલ, ગૌતમભાઈ, માધવીબેન ભાવેશભાઈ, સ્વ. આનંદભાઈ, સુમનબેન, મેહુલભાઈ, બ્રિજેશભાઈના મોટાબા, આરતીબેન ધર્મેશભાઈ (રતનાલ), જયતીબેન જિજ્ઞેશ (ભુજ), સ્વ. હર્ષિદ, ગીતાબેન સમીરભાઈ (મુંબઈ), અર્જુન, દીક્ષિતાબેન જિગરભાઈ (આણદસર), ચિરાગ, યશ, અનસૂલના નાની તા. ૧૭-૭ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૭ના શનિવારે સાંજે ૪થી ૫ દરજી સમાજવાડી, મુંદરા ખાતે.

**ભોપાવાંઢ (તા. મુંદરા)** : ભોપા વકાભાઈ જગાભાઈ (ઉ.વ. ૯૦) તે હિમાબેનના પતિ, રાજાભાઈ, ભોજરાજભાઈ, ખેતુબેન, જશીબેનના મોટા ભાઈ, વરજાંગભાઈ, પાલાભાઈ, સારંગભાઈ, સામતભાઈ, દેવીબેન, મગીબેન, ભામિબેન, લાખુબેન, ભાઉબેનના પિતા તા. ૮-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. આગરી તા. ૧૮-૭-૨૦૨૬ના અને તા. ૧૯-૭-૨૦૨૬ના પાણી (ઘડાઢોળ) નિવાસસ્થાને ભોપાવાંઢ ખાતે.

**નલિયા (તા. અબડાસા)** : પીર સૈયદ અહેમદશાહ ભાછામિયાં (ઉ.વ. ૬૦) તેઓ મરહુમ હાજીબાવા ઉર્ફે હાજીહૈદરછા તથા મરહૂમ હાજી અબ્દુલ રસુલશાના ભાઈ, પીર સૈયદ ગુલામરસુલ અને પીર સૈયદ હનીફશાના પિતા, પીર સૈયદ ભાછામિયા અને પીર સૈયદ નશીબશાના કાકા, સૈયદ હાજી તકીશા અને હાજીબાવા ના પિતરાઈ ભાઈ, સૈયદ હૈદરશા અને સૈયદ જમાલશાના કાકાઈ ભાઈ, સૈયદ હાસમશા કૈયારી વાલાના બનેવી તા. ૧૭-૭-૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૦-૭ના સોમવારના ૧૦:૩૦ કલાકે શાહ શફીમહંમદપીરના કુબાના કંપાઉન્ડ નલિયા ખાતે.



કચ્છની પાવન ધરા પર પધારેલા ભારત સરકારના શિપિંગ,બંદરો અને જળમાર્ગ કેન્દ્રીય મંત્રી શ્રી શાંતનુ ઠાકુરનું સાલ વડે સન્માન કરી ઉષ્માભેર સ્વાગત કર્યું.

## મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન ભુજપુર (ભાટીયા શેરી-૨)નાં કૌશીક કરમશી દેઢીઆ (ઉં. વ. ૫૪) તા. ૧૫-૭નાં અવસાન પામ્યા છે. મણીબેન કરમશીના પુત્ર. મનીષાના પતિ. હર્ષના પપ્પા. મહેશ, પંકજ, લતાના ભાઈ. કલાવતી કાંતીલાલ, ભારતી અરવિંદના જમાઈ. પ્રા. શ્રી વર્ધમાન સ્થા. શ્રા. સંઘ-કરસન લધુ નિસર હોલ, દાદર, મું. ટા. ૨થી ૩:૩૦.

કપાયાના કેતકી જેઠાલાલ ગોગરી (ઉ.વ.૬૮) ૧૩-૭ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. રતનબાઈ આશારિયા ભચું ના પુત્રવધુ. જેઠાલાલના પત્ની. નિકીના માતા. ટોડાના મણીબાઈ હિરજી નાનજી દેઢિયાના પુત્રી. શાંતિલાલ, દિનેશ, લતાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ-જેઠાલાલ આશારીયા બી-૫, રૂમ નં-૫, રામદેવ નગર મુંદરા કચ્છ - ૩૭૦૪૨૧.

## કચ્છ નોંધ

**ગુરૂપૂર્ણિમા વિશે અને માજીબા વિશે નિબંધ સ્પર્ધા**

● ભુજના હાટકેશ સેવા મંડળ અને અંબિકા મહિલા મંડળ દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે 'ગુરુ પૂર્ણિમા' વિશે આશરે ૨૦૦ શબ્દોમાં ગુજરાતી, હિન્દી અથવા સંસ્કૃત કોઈ પણ એક ભાષામાં નિબંધ સ્પર્ધા યોજવામાં આવી છે. આ નિબંધ સ્પર્ધામાં ધોરણ સાત૪ આઠ અને નવના વિદ્યાર્થી ભાગ લઈ શકશે. ભાગ લેનારે સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે સાંજે ૬:૩૦ થી ૭:૩૦ કલાક દરમિયાન જયશ્રીબેન હાથી અથવા દર્શનાબેન મુનશીનો સંપર્ક કરવો. આ નિબંધ સ્પર્ધા સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે તારીખ ૨૭ અને ૨૮ જુલાઈના સાંજે ૬:૩૦ કલાકે યોજાશે તેમજ પૂજ્ય માજીબા વિશે પણ એક નિબંધ સ્પર્ધા યોજાશે૪ જેમાં પૂજ્ય માજીબા યોગીની આનંદ લહેરીજી વિશે આશરે ૧૫૦ શબ્દોમાં નિબંધ લખવાનો રહેશે. કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકશે.

**કલાવૃંદ કલબની સંગીતની બેઠક**

● કલાવૃંદ ક્લબની સંગીતની બેઠક તા. ૧૯-૭ના સાંજે ૬ કલાકે જી.આર.ગઢવીના નિવાસસ્થાને શિવમનગર, ૨, ઘર નં.૧૪, કચ્છ ઓર્થોપેડીક હોસ્પિટલ પાછળ, મોલટેરા ટાઈલ્સના ગોડાઉન સામે, ભુજ ખાતે યોજાશે.

# મુન્દ્રા તાલુકાના પત્રી ગામે ઉત્સાહી યુવાનો દ્વારા પત્રી કબડ્ડી લીગ સીઝન ૪ યોજાઈ



મુન્દ્રા : તાલુકાના પત્રી ગામે મુન્દ્રા તાલુકાના પત્રી ગામે તારીખ ૧૧-૦૭-૨૦૨૬ ને શનિવારના રોજ નરશી મુરજી વિદ્યાર્થી ગૃહમાં પત્રી ગામના ઉત્સાહી યુવાનો દ્વારા પત્રી કબડ્ડી લીગ સીઝન ૪ નું આયોજન કરવામાં આવ્યું. હતું આ સ્પર્ધામાં ચાર ટીમોએ ભાગ લીધો હતો.

૧. આર્યન વોરિયર, ૨.જય ભૂતેશ્વર, ૩.જય દ્વારકેશ, ૪.જય સચિયર કૃપા. જેમાંથી આર્યન વોરિયર અને જય ભૂતેશ્વર વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી, જેમાં જય ભૂતેશ્વર પત્રી વિજેતા થઇ હતી જયારે આર્યન વોરિયર ઉપ વિજેતા થઇ હતી. વિજેતા અને ઉપ વિજેતા ટીમો ને ટ્રોફી આપવામાં આવી હતી. બેસ્ટ રેડર તરીકે ગૌરવ હડિયા અને બેસ્ટ ડિફેન્ડર કરણસિંહ રાઠોડ રહ્યા હતા. આ ટુર્નામેન્ટનું સંચાલન કબડ્ડી ગ્રુપ પત્રી એ કર્યું હતું.આ ટુર્નામેન્ટ ને સફળ બનાવવા માટે દાતાઓ તાલુકા પંચાયતના સભ્ય હેમંતભાઈ મહેશ્વરી, પત્રીના સરપંચ ભરતભાઈ આહીર, મુન્દ્રા તાલુકા યુવા ભાજપના મહામંત્રી જેનીલ આહીર, શિવભદ્રસિંહ સોઢા તથા ગામના આગેવાનો કનકસિંહ જાડેજા, ધુલેશભાઈ લુહાર, મહિપતસિંહ સોઢા, અનિલ ભાઈ આહીર, કમલેશભાઈ ચોથાણી, જેમલભાઈ મકવાણા, રાજુભાઈ નડિયાદવાળા, ભરતભાઈ પરમાર, ભાવેશભાઈ સોરઠીયા, વિજયભાઈ મહેશ્વરી વગેરે હાજર રહ્યા હતા તથા બહોળી સંખ્યામાં ગામ લોકો એ પણ હાજરી આપી અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

**પી. એન. અમરશી હાઈ સ્કૂલની ટીમે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન શાનદાર રમતનું પ્રદર્શન**

# SGFI દ્વારા મૈત્રી મહાવિદ્યાલય આદિપુર ખાતે આંતરશાળા ફૂટબોલ સ્પર્ધા યોજાઈ



ગાંધીધામ - કચ્છઉદય : SGFI (School Games Federation of India) દ્વારા મૈત્રી મહાવિદ્યાલય, આદિપુર (કચ્છ) ખાતે આંતરશાળા ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૩૨ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાંધીધામની પી. એન. અમરશી હાઈ સ્કૂલની ટીમે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન શાનદાર રમતનું પ્રદર્શન કરીને ફૂટબોલ ચેમ્પિયન બનવાનો ગૌરવ મેળવ્યો. પી. એન. અમરશી હાઈ સ્કૂલે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન એક પછી એક તમામ મુકાબલાઓમાં વિજય મેળવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઈનલ મુકાબલામાં પણ ઉત્તમ રમતનું પ્રદર્શન કરીને પ્રતિસ્પર્ધી ટીમને પરાજય આપી ચેમ્પિયનશિપનો ખિતાબ પોતાના નામે કર્યો.આ સિદ્ધિ પાછળ શાળાના વ્યાયામ શિક્ષક શ્રી વરુણ ખાલસાની સતત મહેનત, યોગ્ય તાલીમ અને માર્ગદર્શનનું મહત્વનું યોગદાન રહ્યું છે. આ પ્રસંગે શાળાના CEO શ્રી ગુલશન ભટનાગર સાહેબે વિજેતા ટીમ, વ્યાયામ શિક્ષક તથા તમામ ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પણ આવી જ સિદ્ધિઓ હાંસલ કરવા શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમગ્ર સ્પર્ધાનું સફળ આયોજન SGFI (School Games Federation of India) અંતર્ગત ગાંધીધામ રમત-ગમત કન્વીનર કમલેશ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# મુન્દ્રા લોહાણા મહાજન દ્વારા ૩૮મો સરસ્વતી સન્માન સમારંભ યોજાયો



મુન્દ્રા : કચ્છી નવા વર્ષ અષાઢી બીજના શુભ અને પવિત્ર દિવસે મુન્દ્રા લોહાણા મહાજન દ્વારા લોહાણા જ્ઞાતિના તેજસ્વી તારલાઓની સિદ્ધિને બિરદાવવા માટે ભવ્ય ૩૮મા "સરસ્વતી સન્માન સમારંભ" કાર્યક્રમનું આયોજન દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાલમંદિરથી ઉચ્ચ પદવી પ્રાપ્ત કરનાર ૧૦૭ વિદ્યાર્થીઓનું સન્માન કરી, તેમને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઈનામના દાતા સદ્ ગૃહસ્થ સહયોગ, તેમજ સ્વ. નરસિંહ દામજી પરિવાર હસ્તે સુરેશભાઈ ઠક્કર અને શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ ના સહયોગી રહ્યા હતો.

આ કાર્યક્રમની સાથે નાના ભૂલકાઓ અને બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસ્તુતિઓનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં રહેલી આંતરિક શક્તિઓનો વિકાસ સાધવાનો અને ધર્મ તથા દેશપ્રેમ સંબંધિત કૃતિઓ દ્વારા સમાજમાં સારા સંસ્કારો પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

આ પ્રસંગે મુન્દ્રા લોહાણા મહાજનના પ્રમુખ કિશોરભાઈ લાલજીભાઈ ચોથાણી સાથે કાર્યક્રમને સફળ બનાવવા માટે મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ ગણાત્રા, મનોજભાઈ કોટક, ઉપપ્રમુખ હરેશભાઈ પીપરાણી, મંત્રી અમૂલભાઈ ચોથાણી,યુવક મંડળ અને મહિલા મંડળનાં સમગ્ર કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી હતી. આ વર્ષે કાર્યક્રમનું સમગ્ર સંચાલન મહાજનના મંત્રી અમૂલભાઈ ચોથાણીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં વિશેષ સન્માન સમાજના ગૌરવ સમાન રઘુવંશીઓનું સાલ તથા પાઘડી પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમની આભાર વિધિ હરેશભાઈ પીપરાણીયે કરી હતી. આ કાર્યક્રમના અંતે, તમામ જ્ઞાતિ બંધુઓ અને બહેનો માટે સમૂહ પ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

## રત્નકણિકા

અતિશયોક્તિ જ અસત્ય છે.- મહાત્મા ગાંધી

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. સ્પેન્દાર્મદ-૧૩૯૫, મુ. સફર-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૩, અષાઢ સુદ-૫ સ્કંદ પંચમી, શ્રી દ્વારકાધીશ પાટોત્સવ (કાંકરેલી), શ્રી વલ્લભાચાર્ય વૈકુંઠગમન તા.૧૮ જુલાઈ ૨૦૨૬, શનિવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૩, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, વરિયાન યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૧૬, સૂ.અ.૭:૩૮

આજનો દિવસ અશુભ છે.આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), રાત્રે ૧૧:૫૯ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – નોકરીયાત વર્ગ માટે ઉત્તમ દિવસ. અણધાર્યો લાભ મળે.

**વૃષભ** – નવિન ઓળખાણથી લાભ. જૂના મતભેદો નિવારી શકશો.

**મિથુન** – આર્થિક લાભ મેળવી શકશો. વ્યર્થ કાર્યબોજ રહે.

**કર્ક** – સ્નેહિઓ સાથે મનદુઃખ રહે. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ બને.

**સિંહ** – માનસિક ઉશ્કેરાટ રહે. આરોગ્ય બાબતે જાળવવું.

**કન્યા** – નવિન આયોજનો સફળતાથી પાર પડે. પડવા-વાગવાથી સંભાળવું.

**તુલા** – મિત્ર વર્ગથી લાભ મળે. સંતાનના આરોગ્ય બાબતે સાવધાની રાખવી.

**વૃશ્ચિક** – પ્રિયજનથી મિલન થાય. વ્યાપાર-વાણિજ્યમાં પ્રગતિકારક દિવસ.

**ધન** – ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.

**મકર** – નવિન સમાચાર મળે. મનની મુરાદ પૂરી થાય.

**કુંભ** – ગૃહવિવાદ, માનસિક અશાંતિ અને વ્યર્થ ચિંતા રહે.

**મીન** – પારિવારીક સમસ્યામાં મદદરૂપ બનવું પડે. આર્થિક સમસ્યા હળવી બને.

# પ્રભારીમંત્રીના અધ્યક્ષસ્થાને આયોજિત બેઠકમાં રૂ.૨૩૦૨ લાખના ૮૨૨ વિકાસ કામોને અપાઈ મંજૂરી



**કાંતિલાલ અમૃતિયાના અધ્યક્ષસ્થાને કચ્છ જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ : વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ ૨૦૨૬-૨૭ અંતર્ગત કચ્છના ૯ તાલુકાઓ માટે રૂ. ૧૯૫૨.૦૦ લાખ અને ૭ નગરપાલિકાઓ માટે રૂ. ૩૫૦ લાખના કામો મંજૂર**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા આયોજન મંડળની બેઠક જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ અને કચ્છ જિલ્લાના પ્રભારીમંત્રી તથા ગુજરાત રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના રાજ્યકક્ષાના મંત્રી કાંતિલાલ અમૃતિયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં કચ્છ જિલ્લાના સર્વાંગી વિકાસ અને નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા માટે તેમજ પાયાની જરૂરિયાતોને લગતા વિવિધ વિકાસલક્ષી કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ ૧૫% વિવેકાધીન જોગવાઈ (તાલુકા કક્ષા અને નગરપાલિકા ગ્રાન્ટ) અંતર્ગત જિલ્લાની તમામ તાલુકા આયોજન સમિતિઓ દ્વારા કુલ રૂ. ૨૩૦૨.૦૦ લાખની રકમના કુલ ૮૨૨ કામોની દરખાસ્તો પ્રભારીમંત્રીની ઉપસ્થિતિમાં મંડળ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આ દરખાસ્તોમાં કચ્છના ૯ તાલુકાઓ માટે ફાળવેલા રૂ. ૧૯૫૦ લાખની જોગવાઈ સામે રૂ. ૧૯૫૨.૦૦ લાખ (સામાન્ય - અનુસૂચિત જાતિ)ના કુલ ૭૮૬ વિકાસ કામોનો સમાવેશ થાય છે. તદુપરાંત જિલ્લાની ૭ નગર પાલિકાઓ માટે રૂ. ૩૫૦ લાખની જોગવાઈ સામે રૂ. ૩૫૦ લાખના કુલ ૩૬ કામોની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. સરકારની માર્ગદર્શિકા અને નિયમને આધીન આ જિલ્લા આયોજન મંડળ કચ્છની બેઠકમાં રજૂ થયેલા તમામ રૂ. ૨૩૦૨ લાખના કુલ ૮૨૨ વિકાસ કામોને મંજૂર કરવામાં આવ્યા છે. જેના થકી આગામી દિવસોમાં કચ્છ જિલ્લાનો વિકાસ વધુ વેગવંતો બનશે. પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયાએ વિવિધ નગરપાલિકા અને તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, નાગરિકોને વિકાસકાર્યોનો લાભ ઝડપથી મળે એ જ વહીવટીતંત્રની પ્રાથમિકતા હોવી જોઈએ. પ્રભારીમંત્રીએ ગુણવત્તાયુક્ત કામો નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવ્યું હતું. રોડ રસ્તાઓ, શાળાના ઓરડાઓ અને ગામડાઓમાં બહુહેતુક શેડ સહિતના મંજૂર કરાયેલા કામો અંગે વિસ્તૃત જાણકારી મેળવીને પ્રભારી મંત્રીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાત રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર દ્વારા ફાળવવામાં આવતી વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળની ગ્રાન્ટમાંથી ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં લોકોની ન્યૂનતમ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વિવિધ કામો હાથ ધરવામાં આવે છે. આ અનુદાન હેઠળ મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારના એપ્રોચ રોડ, નગરપાલિકા હસ્તકના રસ્તાઓ, પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓ તેમજ કમ્પાઉન્ડ વોલનું નિર્માણ, મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શેડ બનાવવા, શૌચાલય બ્લોક, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને લગતા કામો, પીવાના પાણીની સુવિધા માટે બોર અને પાઈપલાઈનના કામો, ગ્રામ્ય વીજળીકરણના કામો, આંગણવાડીના કામો તેમજ ગટર વ્યવસ્થાના સુદ્રઢીકરણ સહિતના અન્ય સ્થાનિક વિકાસના અગત્યના કામોને મંજૂરી આપવામાં આવે છે. જેથી છેવાડાના માનવી સુધી વિકાસની સવલતો ઉપલબ્ધ કરાવી શકાય. આયોજન મંડળની બેઠકનું આયોજન જિલ્લા આયોજન અધિકારી જે.સી. રાવલ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જેને અધ્યક્ષસ્થાને મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં કચ્છ મોરબી સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રભાબેન હુણ, ધારાસભ્યો કેશુભાઈ પટેલ, પ્રદ્યુમનસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, ગાંધીધામ મહાનગરપાલિકાના મેયર દિવ્યાબેન નાથાણી, જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન મંજુલાબેન ચાવડા, કચ્છ કલેક્ટર અનિલ રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, ગાંધીધામ મ્યુનિ. કમિશનર બી.ડી. ડવેરા, નિવાસી અધિક કલેક્ટર પાર્થ કોટડિયા સહિત તાલુકા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખો, જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ, વોટર વેન્ડીંગ મશીનો અને મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી**

અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ યુનિટ્સ ખાતે કેટરીંગ સેવાઓના કોન્ટ્રાક્ટ, વોટર વેન્ડીંગ મશીનો (WVM) અને મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ (MPS) ના કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|
| CTG-ADI-16-2026 | કેટરીંગ કોન્ટ્રાક્ટ (કેટરીંગ સ્ટોલ) | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.૩૧-૦૭-૨૦૨૬ ના ૧૦:૦૦ કલાકે શરૂ થશે. |
| MPS-ADI-16-2026 | MPS કોન્ટ્રાક્ટ (મલ્ટી-પર્પઝ સ્ટોલ્સ) | |
| WVM-ADI-18-2026 | વોટર વેન્ડીંગ મશીનો (WVM) (પરચુરણ-સ્ટેટીક-સેવાઓ) | |

**નોંધઃ** પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે. લોટ મુજબની વિગતો તેમાં ઉપર જણાવેલ કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો ૩૦ મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર ૧૦ મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. ADI-107

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly




**નખત્રાણા નગરપાલિકા**

આથી રસ ધરાવતા ઇસમો/એજન્સીઓએ નખત્રાણા નગરપાલિકા માટે TDS GST, Regular GST તથા TDS Income Tax સંબંધિત સેવાઓ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મ કામે ભાવો ભાવપત્રકથી મંગાવવામાં આવે છે. ઉપરોક્ત કામ માટેના કોરા ભાવપત્રકો નખત્રાણા નગરપાલિકા કચેરીએ થી તા.૧૮/૦૭/૨૦૨૬ થી ટેન્ડર ફી ભરી જરૂરી અરજી કરી મેળવી જરૂરી ડોક્યુમેન્ટ સહીત બંધ કવરમાં ભાવપત્રકો તા.૨૫/૦૭/૨૦૨૬ સમયઃ સાંજે ૬.૦૦ સુધી ફક્ત રજીસ્ટર એ.ડી.પોસ્ટ મારફતે ચીફ ઓફીસરશ્રી, નખત્રાણા નગરપાલિકા, વિરાણી રોડ, નખત્રાણા-કચ્છ, પીન-૩૭૦૬૧૫ ને સમય મર્યાદામાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. વધુ વિગતો માટે કચેરીના સમય દરમિયાન રૂબરૂમાં સંપર્ક કરી જરૂરી માહિતી મેળવી શકાશે. કવર પર ટેન્ડર/કામની વિગત અવશ્ય દર્શાવવાની રહેશે. મુદત બહાર આવેલ ભાવો સ્વીકારવામાં આવશે નહિ. આપેલ ભાવો/કામ/ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની આખરી સત્તા નગરપાલિકાને આબાધિત રહેશે.

જા.ન.નનાપા/નિવિદા/AC શાખા/૧૧૨૧/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

(નામાનિ/કચ્છ/૪૫૦/૨૦૨૬-૨૭)

**ચીફ ઓફિસર**
**નખત્રાણા નગરપાલિકા**


# રાજ્ય સરકાર ખેડૂતોના હિત માટે હંમેશા કટિબદ્ધ છે : કાંતિલાલ અમૃતિયા

**પ્રભારીમંત્રીએ કચ્છના ખેડૂતો સાથે યોજ્યો પરિસંવાદ**






ભુજ - કચ્છઉદય : ભુજ સ્મૃતિવન ખાતે પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયાએ કચ્છ જિલ્લાના ખેડૂતો સાથે પરિસંવાદ યોજીને તેમના પ્રશ્નોને ઉકેલવાની ખાતરી સાથે વરસાદના પાણીનો મહત્તમ સંગ્રહ કરવા અનુરોધ કર્યો હતો. આ પરિસંવાદમાં પ્રભારીમંત્રી તથા શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયાએ ખેડૂતો સાથે સીધો સંવાદ કરીને જમીન માપણી, સર્વે, શ્રીસરકાર જમીનની નિયમિતતા, નર્મદા કેનાલના અધૂરાકામ, નકશામાં સર્વે નંબર બેસાડવાની કામગીરી, વીજટાવર અને પવનચક્કી કામમાં વળતરની અસમાનતા સહિતના ખેડૂતો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો સાંભળીને તેને કિસાનોના હિતમાં તત્કાલ ઉકેલવા તથા વરસાદ ખેંચાતા સર્જાયેલી ઘાસ-ચારાની તંગીને નિવારવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે તેમણે ધરતીપુત્રો સીધો સંવાદ કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર હંમેશા ખેડૂતોના હિતમાં કામગીરી કરવા કટિબદ્ધ છે, આર્થિક રીતે ખેડૂતોને મહત્તમ ફાયદો થાય તે માટે વિવિધ યોજનાના અમલીકરણ સાથે રાજ્ય સરકારે વીજટાવરના વળતર મુદ્દે ચિંતા સેવીને નવા ખેડૂત હિતલક્ષી નિર્ણયો લીધા છે. રાજ્ય સરકારની નીતિથી ખેડૂતોને વધુમાં વધુ ફાયદો થાય તે માટે કોઈ બાંધછોડ નહીં કરાય તેવી ખાતરી પ્રભારીમંત્રીએ આપી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાનના દિલમાં કચ્છ વસે છે, તેમણે કચ્છનું નવનિર્માણ કરીને આ જિલ્લા માટે વિકાસના નવા દ્વાર ખોલ્યા છે. નર્મદાના નીરના અવતરણથી લઈને ઉદ્યોગો થકી કચ્છની કાયાપલટ થઈ છે, બાગાયતી ક્ષેત્રે કચ્છ નામના ઉભી કરી છે ત્યારે રાજ્ય સરકારના પ્રયત્નોમાં સામાન્ય નાગરિક સાથે ખેડૂત પણ સહયોગી બને તે જરૂરી છે. તેમણે આ પ્રસંગે વરસાદી પાણીના દરેક ટીપાંને બચાવવા હાકલ કરતા, રહેણાંકથી લઈને ખેતી સુધી પાણીનો સંગ્રહ કરવા તથા ભૂગર્ભ જળની સપાટી વધારવાની દિશામાં કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

પરિસંવાદમાં કચ્છ કલેક્ટર અનિલ રાણાવસિયાએ ખેડૂતોને સોલારપાર્કની વીજળી દેશના ખૂણે ખૂણે પહોંચાડવા હેતુ ઉભા કરતા વીજટાવર તથા કોરીડોરના વળતર મુદ્દે રાજ્ય સરકારના નવા પરિપત્ર અંગે સમજ સહિત માહિતી આપતા જણાવ્યું હતું કે, ખેડૂતોના ખેતરમાં ઉભા કરાતા વીજટાવર તથા કોરીડોર મુદ્દે ખેડૂતોને ન્યાયિક વળતર મળે તે મુખ્યમંત્રી ચિંતા સેવીને કમિટી રચવા નિર્ણય કર્યો છે. આ કમિટિમાં જેમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ પણ સામેલ હશે. આ કમિટીના ગઠન તથા તેની કામગીરી, વળતર સહિતના આનુસંગિક મુદાઓ અંગે કલેક્ટરે છણાવટ કરીને ખેડૂતોને એડવાન્સમાં નિયમ મુજબ મહત્તમ વળતર ચૂકવીને કામગીરી કરાશે તે અંગે કિસાનોને માહિતગાર કર્યા હતા. આ સાથે પાક વળતર, ઝાડ વળતર પણ અમલી નિયમ મુજબ આપવામાં આવશે તેવું કલેક્ટરે ઉમેર્યું હતું. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણ, ધારાસભ્યો કેશુભાઈ પટેલ, પ્રદ્યુમનસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મહાવીરસિંહ જાડેજા, ભુજ તાલુકા પંચાયત પ્રમુખ લક્ષ્મીબેન ખેતાણી, ગાંધીધામ મહાનગરપાલિકાના મેયર દિવ્યાબેન નાથાણી, આગેવાન ફલજીભાઈ ચૌધરી, દેવજીભાઈ વરચંદ સહિતના આગેવાનો, અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## રતનાલ આઈટીઆઈમાં પ્રવેશ મેળવવા જોગ

ભુજ - કચ્છઉદય : રતનાલ આઈટીઆઈ રતનાલ ખાતે વ્યવસાયિક કોર્ષ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પ્રવેશ - ૨૦૨૬ અંતર્ગત રતનાલ આઈટીઆઈ ખાતે ફિટર, વાયરમેન, વેલ્ડર, કોપા, હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર, ઈલેક્ટ્રીશીયન અને સુઈંગ ટેકનોલોજી જેવા વ્યવ્સાયીક કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની બીજા રાઉન્ડની પ્રકીયા તા. ૧૯/૭ થી તા.૨૨/૭ સુધી શરૂ રહેશે. રસ ધરાવતા ઉમેદવારો https://itiadmission.guja®a.gov.in/ વેબસાઈટ પર જઈને તા. ૨૨/૭ સુધીમાં ઓનલાઈન અરજી ફોર્મ સબમિટ કરી શકશે. અરજી કરતી વખતે ૫૦ની રજીસ્ટ્રેશન ફી (નોન-રીફંડેબલ) ઓનલાઈન પધ્ધતિથી ભરવાની રહેશે. વધુ માહિતી માટે સરકારી રતનાલ ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો સંપર્ક કરવો.

# આઠકોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ વર્ધમાનનગર ખાતે ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ

ભુજ - કચ્છઉદય : આઠકોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ ભુજ સંચાલિત વર્ધમાનનગર આઠકોટી સ્થાનક મધ્યે પ. પૂ. વિમળાબાઈ મહાસતીજી આદિઠાણા-૪ નો ધાર્મિક નારાઓ સાથે ચાર્તુમાસ પ્રવેશ થયો હતો. વર્ધમાનનગરની પાવનધરા ઉપર પધારેલા પૂજ્યશ્રીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અવસરે પૂ. કરૂણાબાઈ મહાસતીજી આદિઠાણા-૨ તથા પૂ. સા.શ્રી દ્રષ્ટિયશાશ્રીજી મ. સા. આદિઠાણાએ પણ ઉપસ્થિતિ આપી હતી. આઠકોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ ભુજનાં પ્રમુખ વિનોદભાઈ મહેતા, રાજુભાઈ વોરા, અભય કે. શાહ, વર્ધમાનનગર અધ્યક્ષ રાહુલ મહેતા, વર્ધીલાલ પારેખ, હસમુખ વોરા, ઈશ્વરભાઈ દેસાઈ, ધીરજભાઈ પારેખ, વાડીલાલ વોરા, સાગર વોરા, ચેતન સંઘવી, નીમેશ શાહ, વીરેન સંઘવી, કીર્તીભાઈ વોરા, પ્રબોધ મુનવર, હરીશ લોડાયા, હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, અતુલ શાહ, કીરીટ શાહ, રસીકલાલ શાહ, જયેન્દ્ર શાહ, દર્શક શાહ, ભાવેશ દેસાઈ તથા શ્રાવક-શ્રાવિકાઓ સામૈયામાં વિશાળ સંખ્યામાં જોડાયા હતા. સ્થાનકે પહોંચી



પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં ચાર્તુમાસમાં થનારી આરાધનાઓની સમજપૂરી પાડી હતી અને ચાર્તુમાસનાં ૪ મહિનાં દરેકે દરેકને ધાર્મિક આરાધનાંઓમાં જોડાઈ જવા જણાવ્યું હતું.

આ અવસરે વિનોદભાઈ મહેતા, રાહુલ મહેતા, હસમુખ વોરા, વાડીલાલ વોરા, સાગર વોરાએ પ્રાસંગિક ઉદબોધન કરતાં ચાર્તુમાસની આરાધનાઓમાં જોડાઈ જવા સૌને આહવાન કર્યું હતું.

આ અવસરે બિદડાનાં સેવાભાવી ડોકટર ખુશાલભાઈ તથા કે.કે. હોસ્પીટલનાં ડોકટર રૂગ્વેદભાઈ ઠક્કરનું શ્રી સંઘ દ્વારા બહુમાન કરી તેઓની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

ઉતરથાન સૂત્ર પૂજ્યશ્રીને વહોરાવવાનાં ચડાવાનો લાભ માતુશ્રી વેલુબેન કાન્તીલાલ વોરા તથા માતુશ્રી કુંવરબેન ખીમજી વોરા પરિવારોએ, માનતુંગ-માનવતી ચરિત્ર વહોરાવવાનો લાભ રાહુલભાઈ મહેતા, વર્ધીલાલ પારેખ, હસમુખભાઈ વોરા પરિવારોએ લીધો હતો. સ્થાનક વાપરવાની આજ્ઞા ૯ ઉપાવસની આરાધના કરી કાંતિલાલ સ્વરૂપચંદ ભાભેરાએ લીધી હતી તેમજ પાટ-પાટલા વાપરવાની આજ્ઞા ૮ ઉપવાસની આરાધના કરી વસંતભાઈ સ્વરૂપ ચંદ ભાભેરાએ લીધી હતી. સંપૂર્ણ ચાર્તુમાસ અને નવકારશીનો લાભ વેલુબેન કાન્તિલાલ વોરા, દિવાળીબેન હેમચંદ વોરા, મણીબેન માવજી વોરા, કુંવરબેન ખીમજી વોરા, કમળાબેન નાનાલાલ ઉકરશી તથા પૂ. અદિતિબાઈ મહાસતીજીનાં સંસારપક્ષ પરિવારજનો એ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન ચૈતન્ય મહેતાએ જયારે આભાર દર્શન વર્ધીલાલ પારેખે કર્યું હતું.


**WE ARE HIRING**

NIRMAN engineers

**Nirman Engineers, Gandhidham**

- **Quantity Surveyor**
  B.E./B.Tech (Civil), 2–3 yrs exp, Location : Gandhidham
- **Draftsman**
  Diploma/B.E. (Civil), 1–3 yrs exp, Location: Gandhidham
- **Junior Architect**
  B. Arch, Fresher–2 yrs exp, Location: Gandhidham

Email CV : info@nirmanengineers.com
Website : https://www.nirmanengineers.com/
Contact: +91 99134 38881


# દેશલપર અને રોહા પાસે થયેલા અકસ્માત મામલે ગુનો નોંધાયો

ભુજ - કચ્છઉદય : ભુજ - નલિયા હાઈવે રોડ પર દેશલપર ચેકપોસ્ટની સામે ગત ૮ જુલાઈના અકસ્માત થયો હતો. ફરીયાદી ડાકળાઈ ગામમાં રહેતા પુરબાઈ ખમીશા ઉર્ફે બાબુ અલી કોલીના જણાવ્યા મુજબ આરોપી ફોર વ્હીલર ઈનોવા ગાડી નંબર જી.જે.૨૭ બીએસ ૫૫૫૧ ના ચાલકે પોતાની ગાડી પુરઝડપે ચલાવી બાઈક સાથે ભટકાવતા બાઈક ચાલક રોહિત સાલેન્દ્ર ઉર્ફે કારા કોલીને ઈજાઓ થઈ હતી જયારે બાઈકની પાછળ બેઠેલા ફરીયાદીના દિકરા અશ્વિન ખમીશા ઉર્ફે બાબુ કોલીને માથાના ભાગે હેમરેજ સહિતની ગંભીર ઈજાઓ થતા મોત થયું હતું. જે અંગે માનકુવા પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો. જયારે ભુજ - નલિયા હાઈવે રોડ પર નખત્રાણાના રોહા નજીક લીલાવતી પેટ્રોલ પંપ પાસે બનાવ બન્યો હતો. ગત ૧૫ જુલાઈના બનેલા બનાવ અંગે રોહા સુમરીમાં રહેતા રવજી નરશી મહેશ્વરીએ નખત્રાણા પોલીસમાં જણાવ્યું કે ડાંગર લોજીસ્ટીકના બલ્કર નંબર જી.જે. ૩૯ ટી ૬૫૬૫ ના ચાલકે પોતાની ગાડી પુરઝડપે ચલાવી ફરીયાદીના મોટા બાપાના દીકરા શામજી દાદુ મહેશ્વરીની બાઈક નંબર જી.જે. ૧૨ ઈબી ૩૯૯૬ સાથે ભટકાવતા ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. જે અંગે નખત્રાણા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.


PGVCL

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**

નાના માવા મેન રોડ-રાજકોટ CIN: U40102GJ 2003 SGC042908
ગાંધીધામ વિભાગીય કચેરી, રામબાગ રોડ, આનંદમાર્ગ સ્કુલની બાજુમાં ડી.સી.-૨ ગાંધીધામ

**વીજપૂરવઠો બંધ રહેવા અંગેની જાહેર નોટીસ**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનુ કે વીજ લાઈન ઉપર ફીડર મેન્ટેનન્સની અગત્યની કામગીરી કરવાની હોવાથી નીચેના જણાવેલ વિસ્તારોમાં સવારના ૦૮:૦૦-૧૧૬:૦૦ સુધી વીજ પુરવઠો બંધ રહેશે.

**વીજ વિક્ષેપ ફરિયાદ નિવારણ નોંધવા માટે પેટા વિભાગીય કચેરી ફોલ્ટ સેન્ટર નં.-**

- આદિપુર- ૯૬૮૭૬૩૩૬૪૬, ૦૨૮૩૬-૨૬૦૧૨૩
- રામબાગ- ૯૯૭૮૯૩૬૨૭૯
- ગાંધીધામ- ૯૮૭૯૨૦૨૨૬૩, ૦૨૮૩૬-૨૨૧૭૨૮
- કાસેઝ- ૯૮૭૯૨૦૨૨૮૮,૦૨૮૩૬-૨૫૨૧૧૧

| તારીખ | ફીડરનું નામ | સમાવેશ થતો વિસ્તાર |
|---|---|---|
| ૧૯-૦૭-૨૦૨૬ | એરોડ્રામ | સેકટર-૯ (એન.એચ.) પ્લોટ નં.-૪૬-૧૨૩, ખોડિયારનગર, એફ.સી.આઈ. કોલોની, કે.ડી.એલ.બી. કોલોની, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ટ્રક અને ટેન્કર એસોસીએશન તેમજ ફીડરમાં આવતો તમામ વિસ્તાર. |
| | કાર્ગો જે.જી.વાય. | કાર્ગો ઝુપડપટ્ટીમાં આવતો તમામ વિસ્તાર |

કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગાંધીધામ



**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

**લિફ્ટસ ની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ**

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/ADI/20 (26-27) તારીખઃ 16.07.2026

ટેન્ડર નં. EL-ADI-G-T-23-2026-27

**કામનું નામઃ** અમદાવાદ ડિવિઝન :- ૧૨ સ્ટેશનો ખાતે ૧૩ નંગ લિફ્ટ (એટલે કે ચાંદલોડિયા-A-૧, અસારવા-૧, કલોલ-૧, મહેસાણા-૧, ઉંઝા-૧, ભીલડી-૧, પાલનપુર-૧, ભચાઉ-૧, ધ્રાંગધ્રા-૨, વિરમગામ-૧, પાટણ-૧ અને હિંમતનગર-૧) ની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. **અંદાજીત પડતરઃ** ₹ ૫,૧૭,૧૧,૯૧૩/- **અર્નેસ્ટ મનીઃ** ૧૦,૩૪,૨૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ તા.૧૨-૦૮-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને **તા.૧૨-૦૮-૨૦૨૬** ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામુંઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in ADI-108

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# મતાધિકાર માતૃભૂમિમાં જ જાળવી રાખવો એ રાષ્ટ્રવાદનું પવિત્ર મિશન : સાંસદ

## મારો મત મારા ગામમાંના પ્રેરણાદાયી સંકલ્પ સાથે ભુજના ટાઉનહોલમાં અબડાસાવાસીઓનું મહાસંમેલન : વતન સાથે ભાવી પેઢીનો નાતો અકબંધ રાખવા સાંસદ વિનોદભાઈ ચાવડાની અપીલ : ગામડાંની પ્રગતિ અને જાગૃતિ માટે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓનો સૂર







ભુજ - કચ્છઉદય : રોજગારી અને વ્યવસાયના અર્થે ભલે વતનથી દૂર જઈને ભુજ શહેરમાં સ્થાયી થયા હોઈએ, પરંતુ આપણી ભાવી પેઢીનો સંબંધ પોતાની માતૃભૂમિ સાથે સદાય જોડાયેલો રહે તે માટે અબડાસા પંથકના તમામ નાગરિકોએ પોતાનો મતાધિકાર પોતાના મૂળ ગામમાં જ જાળવી રાખવો અનિવાર્ય છે. આ વ્યવસ્થા ભવિષ્યમાં ખૂબ જ દૂરોગામી અને સકારાત્મક પરિણામો લાવશે. આ મનનીય વિચારો કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ ભુજના ટાઉનહોલ ખાતે આયોજિત સમસ્ત સનાતની અબડાસાવાસીઓના એક સ્નેહમિલન સમારોહમાં મુખ્ય અતિથિ સ્થાનેથી વ્યક્ત કર્યા હતા. 'મારો મત મારા ગામમાં' એવા પ્રેરણાદાયી સંકલ્પ સાથે આષાઢી બીજની પૂર્વ સંધ્યાએ યોજાયેલા આ કાર્યક્રમમાં તેમણે કચ્છના નૂતન વર્ષની રાજાશાહીના સમયથી ચાલી આવતી ભવ્ય પરંપરાઓનો સવિસ્તાર ઉલ્લેખ કર્યો હતો. આ તકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંઘ સંચાલક હિંમતસિંહ વસણે પ્રત્યેક ગામના લોકોમાં જાગૃતિ આવે અને તેઓ પોતાના ગામના હિતની ચિંતા કરી અચૂક મતદાન કરવા વતન જાય તે બાબત પર વિશેષ ભાર મૂક્યો હતો.





મહિલા અગ્રણી ચેતનાબા જાડેજાએ આયોજક ટીમને અભિનંદન પાઠવીને પોતાના તરફથી સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી ઉચ્ચારી હતી. માનવજ્યોત સંસ્થાના અધ્યક્ષ પ્રબોધભાઈ મુનવરે આ ઉમદા પ્રયાસોને અટકાવ્યા વિના સતત આગળ ધપાવવા અનુરોધ કર્યો હતો. કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન મહેન્દ્રભાઈ ઠક્કરે જણાવ્યું કે ભલે આપણે ભુજમાં આવીને વસી ગયા હોઈએ, પરંતુ આપણા ગામડાના આંગણાની મીઠી યાદો ક્યારેય વિસરાતી નથી.

કાર્યક્રમની ભૂમિકા બાંધતા આયોજન સમિતિના કન્વીનર મુકેશભાઈ ભટ્ટે આ અનોખા અભિયાનનો વિચાર કેવી રીતે સ્ફૂર્યો અને તેમાં સાંસદ વિનોદભાઈ ચાવડા તરફથી કેવો ઉમદા સહકાર સાંપડ્યો તેની વિસ્તૃત વિગતો રજૂ કરી હતી. સમિતિના વરિષ્ઠ સભ્યોમાં સામેલ જે.પી. ગોરે સ્પષ્ટ કર્યું હતું કે, આ કોઈ રાજકીય હેતુ માટેનો કાર્યક્રમ નથી, પરંતુ શુદ્ધ રાષ્ટ્રવાદની ભાવનાને ઉજાગર કરતું એક પવિત્ર મિશન છે. તેમણે વતનમાં મતદાન કરવાથી ગ્રામ્ય સ્તરે કેવા મોટા સકારાત્મક પરિવર્તનો આવી શકે તેની સચોટ માહિતી આપી જાગૃત થવા હાકલ કરી હતી.

પ્રારંભમાં અજયભાઈ જોશીએ માહિતી આપી હતી કે છેલ્લા ૫ વર્ષથી ભુજમાં નલિયાના વતનીઓનું સ્નેહમિલન યોજવામાં આવતું હતું અને તે સફળતા પરથી જ સમગ્ર અબડાસા તાલુકાના સ્તરે આવું મોટું આયોજન કરવાનો અને 'મારો મત મારા ગામમાં' સૂત્રને જન-જન સુધી પહોંચાડવાનો વિચાર સાકાર થયો છે. આ કાર્યક્રમના એક ભાગનું સંચાલન સમિતિના અગ્રણી રશ્મિભાઈ ઠક્કરે સંભાળ્યું હતું, જ્યારે પ્રફુલ્લ ઠક્કરે ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો.

આ મિલન પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપાધ્યક્ષ મહાવીરસિંહ જાડેજા, ખેંગારજી જાડેજા, મુકેશ મડૈયાર, કુંવર ઈન્દ્રસિંહ જાડેજા, છત્રસિંહ જાડેજા, નગરસેવક ધર્મેશ ગોર, મયંક રૂપારેલ, વંદનાબેન પરમાર, જિલ્લા પંચાયત સદસ્ય કમાભાઈ રબારી, ઉષાબા જાડેજા, અબડાસા ભાજપ પ્રમુખ જયદીપસિંહ જાડેજા, વીરભદ્રસિંહ જાડેજા, વિક્રમસિંહ જાડેજા, ઉમરશી ભાનુશાલી, વસંત ભાનુશાલી, રોહિત ગોર, તુષાર ઠક્કર, નારાણગર ગોસ્વામી, ધનજીભાઈ સોની, વિજય કોલી, વિશનજીભાઈ મહેશ્વરી અને ડો. નવુભા સોઢા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જયદીપસિંહ જાડેજા, સંજય ત્રિપાઠી, મનોજ જોશી, હરેશ મડૈયાર, જનાર્દન પંડયા, મોહિત જોશી, વસંતગિરિ ગોસ્વામી, વિક્રમસિંહ જાડેજા, જયંતીભાઈ સેજપાલ, નરપતસિંહ સોઢા, જીતુ ગોસ્વામી, કનૈયાલાલ અબોટી, એ.ડી. મકવાણા, ટોકરશી ઠક્કર, જનક જેઠા, પ્રવીણભાઈ ભદ્રા તેમજ નરેન્દ્ર જોશી વગેરે ઉત્સાહી કાર્યકરો અને આગેવાનોએ ઉપસ્થિત તમામ આમંત્રિત મહેમાનોનું શાલ અને સ્મૃતિચિહ્ન આપી ભાવભેર બહુમાન કર્યું હતું.

# અરબી સમુદ્રમાં હિંદ મહાસાગર સર કરવા ભારત - પાક વચ્ચે નૌકાદળ સ્પર્ધા, ભારતીય નેવી યુદ્ધ જહાજો સાથે સજ્જ




ભુજ - કચ્છઉદય : પાકિસ્તાન દ્વારા પોતાની નૌકાદળ (નેવી) પાંખને આધુનિક શસ્ત્રો અને નવા જહાજો સાથે મજબૂત કરવાના વધી રહેલા પ્રયાસો વચ્ચે ભારતે પણ અરબી સમુદ્રમાં પોતાની સૈન્ય તાકાત અને સાર્વભૌમત્વ જાળવી રાખવા માટે વ્યૂહાત્મક મોરચો ખોલી દીધો છે. પાકિસ્તાનની કોઈપણ નાપાક હરકતનો જડબાતોડ જવાબ આપવા અને દરિયાઈ સરહદો સુરક્ષિત કરવાના હેતુથી ભારતીય નૌકાદળ એક પછી એક અત્યાધુનિક યુદ્ધ જહાજોને અરબી સમુદ્રના વ્યૂહાત્મક લોકેશન્સ પર તૈનાત કરી રહ્યું છે.

સંરક્ષણ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન હાલના સમયમાં ચીન જેવા દેશોની મદદથી પોતાના દરિયાઈ કાફલાનું વિસ્તરણ કરી રહ્યું છે, જે હિંદ મહાસાગર અને ભારતીય સરહદોની સુરક્ષા માટે એક પડકાર સમાન છે. આ ભૌગોલિક-રાજકીય ગતિવિધિઓને ધ્યાનમાં રાખીને ભારતીય નૌકાદળે પણ પોતાની સજ્જતા અને પેટ્રોલિંગ વધારી દીધું છે. સ્વદેશી ટેક્નોલોજીથી સજ્જ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર્સ, ફ્રિગેટ્સ અને સબમરીન જેવા શક્તિશાળી યુદ્ધ જહાજોને અગ્રીમ મોરચે ઉતારવામાં આવ્યા છે.

નૌકાદળના ઉચ્ચ અધિકારીઓના મતે, અરબી સમુદ્ર એ વૈશ્વિક વેપાર અને ભારતના આર્થિક હિતો માટે અત્યંત મહત્વનો માર્ગ છે. આ વિસ્તારમાં પડોશી દેશની નૌકાસેનાની હિલચાલ પર ૨૪ કલાક કડક નજર રાખવામાં આવી રહી છે. ભારતીય નેવીની આ આક્રમક તૈનાતી માત્ર સંરક્ષણ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિમાં ત્વરિત પ્રહાર કરવાની ક્ષમતા દર્શાવે છે. સંરક્ષણ નિષ્ણાતો માને છે કે ભારતીય નૌકાદળનું આ પલડું ભારે રહેવાના કારણે અરબી સમુદ્રમાં સત્તાનું સંતુલન જળવાઈ રહેશે અને ભારત વિરોધી કોઈપણ ગતિવિધિને દરિયામાં જ નેસ્તનાબૂદ કરી શકાશે.

# કોલોરાડોના જંગલોની આગ વચ્ચે ફાયરફાઈટર્સ માટે 'બકરો' બન્યો મોરલ સપોર્ટ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : અમેરિકાના કોલોરાડો રાજયમાં ફાટી નીકળેલી જંગલની ભયાનક આગને કાબૂમાં લેવા માટે દિવસ-રાત જોખમી કામગીરી કરી રહેલા ફાયરફાઈટર્સને એક અનોખો અને વફાદાર મિત્ર મળ્યો છે. આપત્તિના આ કપરા સમયમાં એક સામાન્ય બકરો ફાયરફાઈટર્સની છાવણીમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે, જે સતત તેમની સાથે રહીને ટીમના જવાનોનો ઉત્સાહ વધારી રહ્યો છે. મુશ્કેલ પરિસ્થિતિમાં ફાયરફાઈટર્સનું મનોબળ વધારનારો આ અબોલ જીવ હાલ સોશિયલ મીડિયા પર ખરા અર્થમાં 'ઁઁ' એટલે કે 'ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ' તરીકે ભારે વાયરલ થઈ રહ્યો છે. જંગલની આગ ઓલવવાની



ભારે તણાવપૂર્ણ અને કલાકોની સખત મહેનત વચ્ચે આ ચતુષ્પાદ મિત્રની હાજરી ફાયરફાઈટર્સ માટે ખૂબ જ રાહત આપનારી સાબિત થઈ રહી છે. રાહત કાર્યમાં લાગેલા જવાનોના જણાવ્યા અનુસાર, આ બકરો ક્યારેક તેમની આસપાસ હસતો-રમતો ફરે છે તો ક્યારેક થાકેલા જવાનોની પડખે આવીને બેસી જાય છે, જેનાથી સમગ્ર છાવણીનું વાતાવરણ હળવુંફૂલ થઈ જાય છે અને જવાનો પોતાની તમામ થાક તથા ચિંતા ભૂલી જાય છે. સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓએ આ અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આવી ગંભીર અને કટોકટીભરી પરિસ્થિતિમાં આ નાનકડો સાથ પણ માનસિક તણાવ હળવો કરવામાં કેટલો મોટો અને સકારાત્મક બદલાવ લાવી શકે છે, તે આ ઘટના પરથી સાબિત થાય છે. હાલમાં આ અનોખો બકરો માત્ર સોશિયલ મીડિયા સેન્સેશન જ નહીં, પરંતુ કોલોરાડો ફાયર ફાઈટીંગ ટીમનો એક અતૂટ અને માનીતો સભ્ય બની ગયો છે.

# નખત્રાણાના તળાવમાં 30 હજાર લિટર પાણી ઠલવી માછલીઓનો જીવ બચાવાયો

**વરસાદના અભાવે પાણી સુકાતા માછલીઓના મોત થતા જીવદયા પ્રેમીઓ સક્રિય થયા**



નખત્રાણા - કચ્છઉદય : વરસાદ ન વરસવાના કારણે નખત્રાણાના મુખ્ય તળાવમાં પાણી સુકાઈ રહ્યું છે. પાણીની સપાટી ખુબ નીચી જતા તળાવમાં રહેતી માછલીઓ ટપોટપ મરવા લાગી હતી. આ દ્રશ્યો જોઈને સ્થાનિક નાગરિકોમાં ચિંતા ફેલાઈ હતી. આ બાબતની જાણ થતા જ નખત્રાણા નગરપાલિકાના કાઉન્સિલર ભાવિનભાઈ ઠક્કર, હિરેનભાઈ ભટ્ટ અને હાર્દિકભાઈ સોની સહિતના સેવાભાવી આગેવાનો તાત્કાલિક દોડી આવ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતા સમજીને તેઓએ તુરંત જ ૪ ટેન્કર એટલે કે આશરે ૩૦,૦૦૦ લીટર પાણી મંગાવીને તળાવમાં છોડાવ્યું હતું, જેના કારણે તળાવમાં પાણીની સપાટી વધી અને માછલીઓને રાહત મળી છે. આ માનવતાભર્યા કામથી માછલીઓનો મોટો જીવ બચી શક્યો. સ્થાનિક લોકોએ આ તાત્કાલિક પગલા બદલ કાઉન્સિલરો અને સેવાભાવી મિત્રોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ત્રિમાસિક પરિણામો અપેક્ષા કરતા સારા રહ્યા

ભુજ - કચ્છઉદય : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે પરિણામો જાહેર કર્યા અને અપેક્ષા કરતા વધુ સારો દેખાવ કર્યો છે. પશ્ચિમ એશિયામાં તણાવ હોવા છતાં કંપનીના ઓઈલ-ટુ-કેમિકલ્સ અને જિયો વિભાગે મજબૂત કામગીરી કરી છે.

આવક ૫% વધીને ૩.૦૯ લાખ કરોડ રૂપિયા રહી જે અંદાજ ૩.૦૧ લાખ કરોડથી વધુ છે. EBITDA ૮% વધીને ૪૭,૫૧૭ કરોડ રૂપિયા અને નફો ૨૩% વધીને ૨૦,૯૪૬ કરોડ રૂપિયા નોંધાયો. ઓપરેટિંગ માર્જિન ૪૦ બેઝિસ પોઈન્ટ વધીને ૧૫.૪% થયું છે. આ વૃદ્ધિ પાછળ મુખ્ય કારણ રિફાઈનિંગ અને પેટ્રોકેમિકલ માર્જિનમાં સુધારો છે. ʻ૨ઝ વિભાગની આવક ૯% વધીને ૨.૦૨ લાખ કરોડ અને EBITDA ૧૭% વધીને ૧૭,૦૧૦ કરોડ રૂપિયા થયો. માર્જિન પણ ૭.૮૫% થી વધીને ૮.૪૩% થયું. ઓઈલ અને ગેસ વિભાગનું પ્રદર્શન પણ સારું રહ્યું જ્યાં આવક ૭% અને EBITDA ૧૯% વધ્યો અને માર્જિન ૭૮.૯૬% સુધી પહોંચ્યો છે. જિયોનું પ્રદર્શન સ્થિર રહ્યું. ARPU ૨૧૫.૬૦ રૂપિયા અને કુલ સબસ્ક્રાઈબર ૫૩.૩ કરોડ નોંધાયા. ડિજિટલ EBITDA ૬% વધ્યો. બીજી તરફ રિટેલ વિભાગમાં દબાણ રહ્યું. આવક ૮% ઘટીને ૯૦,૪૦૯ કરોડ અને EBITDA ૯% ઘટીને ૬,૩૦૯ કરોડ રૂપિયા રહ્યો. ઈરાન સંબંધિત યુદ્ધને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડના ભાવ અને પુરવઠાની ચિંતા હતી, પરંતુ રિલાયન્સના વૈવિધ્યસભર બિઝનેસ મોડેલને કારણે તેની અસર ઓછી રહી. કંપનીએ એક ક્રૂડ ડિસ્ટિલેશન યુનિટનું મેઈન્ટેનન્સ હોવા છતાં નબળા રૂપિયા અને વૈશ્વિક રિફાઈનિંગ માર્જિનની મદદથી સારો દેખાવ કર્યો. પરિણામ પહેલા રિલાયન્સનો શેર ૦.૦૮% વધીને ૧,૨૯૬.૬૦ રૂપિયા પર બંધ રહ્યો હતો.

# કચ્છના સર્વાંગી વિકાસમાં વડાપ્રધાન મોદીનું યોગદાન અતુલનીય

ભુજ - કચ્છઉદય : તાજેતરમાં જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશની સેવામાં સતત ૪,૩૯૯ દિવસથી પણ વધુનો ભવ્ય સમયગાળો પૂર્ણ કર્યો છે, જે એક નવો જ અવસર અને ગૌરવપૂર્ણ ઐતિહાસિક સિદ્ધિ છે. આ અવસરે કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા ઉપરાંત કચ્છના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ અને ભારતીય જનતા પાર્ટી સંગઠનના હોદ્દેદારોએ સમગ્ર દેશ અને કચ્છ વતી પ્રધાનમંત્રીને શુભેચ્છાઓ પાઠવી હતી.

સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, દેશની આઝાદી પછી જન્મેલા પ્રથમ પ્રધાનમંત્રી બનવાનું ગૌરવ પ્રાપ્ત કરનાર દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સતત ત્રીજી ટર્મમાં દેશની અવિરત સેવા કરી રહ્યા છે. ચૂંટણી જીત્યા પછી સતત લાંબા સમય સુધી પ્રધાનમંત્રી પદે રહીને દેશને પ્રગતિના પંથે લઈ જવાનું શ્રેય પણ તેમને ફાળે જાય છે. પ્રધાનમંત્રી તરીકેના તેમના અત્યાર સુધીના આશરે ૧૨ વર્ષથી વધુનો સમયગાળો દેશવાસીઓ માટે વિશ્વાસ, સર્વાંગી વિકાસ અને જનકલ્યાણનો સુવર્ણકાળ સાબિત થયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કુશળ નેતૃત્વ હેઠળ ભારતમાં જે પ્રકારે દેશનો વિકાસ થયો છે તે અભૂતપૂર્વ છે. તેમના માર્ગદર્શનમાં ગરીબ કલ્યાણલક્ષી યોજનાઓ સામાન્ય અને વંચિત વર્ગ સુધી પહોંચી છે, તો બીજી તરફ દેશમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ થયું છે. 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પ સાથે આજે આપણો દેશ વૈશ્વિક મંચ ઉપર પણ એક અલગ જ પ્રકારની મજબૂત છાપ ઊભી કરવામાં સફળ રહ્યો છે.

કચ્છ જિલ્લા ભાજપના અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વને બિરદાવતા જણાવ્યું હતું કે, સરહદી કચ્છ જિલ્લાના સર્વાંગી વિકાસમાં નરેન્દ્રભાઈનું યોગદાન અતુલનીય રહ્યું છે. તેઓ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ તેમણે કચ્છની કાયાપલટ કરીને વિકાસનું એક નવું મોડેલ દેશ સમક્ષ મૂક્યું હતું. ખાસ કરીને ખાવડાના રણમાં આકાર લઈ રહેલો એશિયાનો સૌથી મોટો સોલાર એનર્જી પાર્ક વડાપ્રધાનશ્રીના વિઝનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ પાર્કની ઊર્જા ઉત્પાદન ક્ષમતા સમગ્ર પાકિસ્તાનની વીજ વપરાશને પૂરી કરી શકે તેટલી વિશાળ છે. હાલમાં જ્યારે વિશ્વ ગ્લોબલ વોર્મિંગની ગંભીર અસરોનો સામનો કરી રહ્યું છે, ત્યારે કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં અને ગ્રીન એનર્જીના ક્ષેત્રે આ રિન્યુએબલ એનર્જી પાર્ક વૈશ્વિક સ્તરે ભારતની ખૂબ મહત્વની ભૂમિકા ભજવશે. આ ઉપરાંત, વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી કચ્છના ઔદ્યોગિક વિકાસ સાથે ડેરી ઉદ્યોગને પણ નવી પાંખો મળી છે, જેનાથી સ્થાનિક રોજગારી અને અર્થતંત્ર મજબૂત બન્યા છે.

ધાર્મિક અને ઐતિહાસિક વારસાને ઉજાગર કરવામાં પણ વડાપ્રધાનશ્રી અગ્રેસર રહ્યા છે. કચ્છના આસ્થાના કેન્દ્ર સમાન માતાના મઢ (આશાપુરા મંદિર) અને કોટેશ્વર મહાદેવ જેવા પવિત્ર ધાર્મિક સ્થળોના સુનિયોજિત વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. યાત્રાળુઓ માટે આધુનિક સુવિધાઓ ઊભી કરીને કચ્છના સાંસ્કૃતિક વારસાને જે સન્માન નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં મળ્યું છે, તેનાથી સમગ્ર કચ્છી માડુઓ ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે.

ભુજ વિસ્તારના ધારાસભ્ય કેશુભાઈ પટેલે પ્રધાનમંત્રીશ્રીને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, કચ્છ આજે પ્રવાસન ક્ષેત્રે વૈશ્વિક ફલક પર ચમકી રહ્યું છે તેનું એકમાત્ર શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરોગામી વિઝનને જાય છે. કચ્છના ધોરડોનું સફેદ રણ, ભુજિયો ડુંગર પર બનેલું ભવ્ય 'સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને મ્યુઝિયમ' તેમજ હડપ્પીય સંસ્કૃતિનું પ્રતીક ધોળાવીરા વર્લ્ડ હેરિટેજ સાઈટ જેવા સ્થળોને વૈશ્વિક ઓળખ અપાવીને તેમણે કચ્છને પ્રવાસનનું હબ બનાવ્યું છે. વડાપ્રધાનશ્રીના આ ભગીરથ પ્રયાસોના પરિણામે આજે દેશ-વિદેશના લાખો પ્રવાસીઓ કચ્છ તરફ આકર્ષાયા છે, જેનાથી સ્થાનિક કક્ષાએ રોજગારીની વ્યાપક તકોનું સર્જન થયું છે.


કચ્છના ઈતિહાસ અને કલા-સંસ્કૃતિ પ્રત્યે વડાપ્રધાનશ્રીને વિશેષ લગાવ રહ્યો છે. ઐતિહાસિક લખપત કિલ્લાનો જીર્ણોદ્ધાર અને ગુરુદ્વારાનો વિકાસ તેમજ કચ્છની ભાતીગળ હસ્તકલા (કચ્છી આર્ટ)ને વૈશ્વિક મંચ પૂરું પાડીને તેમણે કચ્છી કારીગરોને આર્થિક સદ્ધરતા અપાવી છે. ભુજના સ્મૃતિવનના માધ્યમથી તેમણે ભૂકંપના દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પવાની સાથે કચ્છની ખુમારીને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરી છે. વડાપ્રધાનશ્રીના આવા અદભુત કાર્યોના લીધે જ આજે કચ્છ 'અણનમ કચ્છ, અદ્દભૂત કચ્છ' તરીકે સમગ્ર વિશ્વમાં ગૌરવભેર ઓળખાઈ રહ્યું છે.

# મુંબઈ-અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ પર ભારત અને જાપાન વચ્ચે ચર્ચા

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : મુંબઈ - અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ પર સોશિયલ મીડિયા પોસ્ટ અંગેના પ્રશ્નના જવાબમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે આ પોસ્ટ વ્યક્તિગત અભિપ્રાયને પ્રતિબિંબિત કરે છે અને હકીકતો સાથે નોંધપાત્ર રીતે અલગ છે. નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતાં, તેમણે કહ્યું કે જાપાન ઈ૨૦ ટ્રેન શ્રેણી પૂરી પાડશે, પરંતુ ફક્ત ૨૦૩૦ ના દાયકાની શરૂઆતમાં, કારણ કે ટ્રેન હજુ વિકાસ હેઠળ છે. હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટની પ્રગતિ પર પ્રકાશ પાડતા, શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે બાંધકામ કાર્ય ઝડપથી આગળ વધ્યું છે, અને પ્રથમ વિભાગ ૨૦૨૭ માં કાર્યરત થશે. તેમણે કહ્યું કે બંને પક્ષો ભારતીય હાઈ-સ્પીડ ટ્રેન સાથે કામગીરી શરૂ કરવા સંમત થયા છે.

# કોંગોના ગાઢ વરસાદી જંગલોમાં વૈજ્ઞાનિકોએ વાંદરાની એક નવી પ્રજાતિની શોધ

નવી દિલ્હી (કચ્છઉદય) : ડીઆર કોંગોના ગાઢ વરસાદી જંગલોમાં વૈજ્ઞાનિકોએ વાંદરાની એક નવી પ્રજાતિની શોધ કરી છે. તેના તેજસ્વી નારંગી હોઠને કારણે આ પ્રજાતિ તરત જ ઓળખી શકાય છે. નવી પ્રજાતિનું વૈજ્ઞાનિક નામ ર્ઁર્ઁહ્વજ ર્ડ્ઢહપ્નીહજૈજ રાખવામાં આવ્યું છે. સ્થાનિક બાલાંગા લોકો તેને "લિકવેલી" નામથી ઓળખે છે.



સંશોધન મુજબ આ વાંદરાનું શરીર ચળકતા કાળા રંગનું, પૂંછડી લાંબી અને વજન લગભગ ૬.૮ કિલો છે. તેનું સૌથી મોટું લક્ષણ મોઢા અને નાકની આસપાસ નારંગી-ક્રિમ રંગનો પેચ છે. તે ઊંડા ગર્જના જેવો અવાજ કાઢે છે. વાંદરા પહેલી વાર ૨૦૦૮માં લોમામી નેશનલ પાર્કમાં જોવા મળ્યો હતો. ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાન સંશોધકોએ તેના ફોટા, ઢ્ઢદ્ગછ અને અવાજનું વિશ્લેષણ કરીને પુષ્ટિ કરી કે તે અન્ય કોઈપણ કોલોબસ પ્રજાતિથી અલગ છે. નિષ્ણાતોનું કહેવું છે કે છેલ્લા ૭૫ વર્ષમાં આફ્રિકામાં ઓળખાયેલી આ માત્ર પાંચમી નવી વાંદરાની પ્રજાતિ છે. આ શોધ ઢઇ કોંગોની જૈવવિવિધતા અને વન સંરક્ષણના મહત્વને ફરીથી પ્રકાશિત કરે છે.

# ગુજરાતમાં ટુકડા ધારાના ઐતિહાસિક સુધારાને રાજ્યપાલ અને રાષ્ટ્રપતિની લીલી ઝંડી

ભુજ - કચ્છઉદય : ગુજરાત સરકાર દ્વારા આઝાદી બાદ પ્રથમ વખત, અંદાજે ૭૫ વર્ષ જૂના ટુકડા ધારા ૧૯૪૭ કાયદામાં વ્યાપક અને મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારના આ જનહિતલક્ષી નિર્ણયને હવે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ તરફથી પણ મંજૂરી મળી ગઈ છે, જેના પગલે સમગ્ર રાજ્યમાં આ નવા સુધારાઓનો કાયદાકીય અમલ શરૂ થઈ જશે. આ નવા સુધારા લાગુ થવાથી સમગ્ર ગુજરાતમાં જમીન સંબંધી કાયદાઓમાં એકસરખી વ્યવસ્થા પ્રસ્થાપિત થશે, જેને કારણે જમીનના લે-વેચના વ્યવહારો અત્યંત સરળ, પારદર્શક અને ઝડપી બનશે તેવી આશા સેવાઈ રહી છે.

**જમીનના વ્યવહારો હવે બનશે વધુ સરળ અને પારદર્શક : ટુકડા ધારાના ભંગના વર્ષો જૂના તમામ કેસો કોઈ પણ દંડ કે પેનલ્ટી વિના નિયમિત કરાશે**

આ સુધારામાં સૌથી મહત્વપૂર્ણ અને રાહત આપનારો નિર્ણય એ લેવાયો છે કે, વર્ષ ૧૯૮૮થી લઈને અત્યાર સુધી ટુકડા ધારાના ભંગ બદલ નોંધાયેલા તમામ કેસોને કોઈ પણ પ્રકારના દંડ અથવા પેનલ્ટી વસૂલ્યા વિના સીધા જ નિયમિત (રેગ્યુલરાઈઝ) કરી દેવામાં આવશે. આ ઐતિહાસિક નિર્ણયથી વર્ષોથી કાયદાકીય ગૂંચવણો, વિવાદો અને વહીવટી મુશ્કેલીઓમાં ફસાયેલા હજારો ખેડૂતો તેમજ જમીન ધારકોને બહુ મોટી રાહત મળશે. અત્યાર સુધી કાયદાના ભંગને લીધે અનેક જમીન માલિકો કોર્ટ-કચેરીના આંટાફેરા અને કાયદાકીય કાર્યવાહીનો સામનો કરી રહ્યા હતા, પરંતુ હવે આ જૂના પ્રશ્નોના કાયમી નિરાકરણનો માર્ગ સાવ સરળ બની ગયો છે.

રાજ્ય સરકારે આ સુધારા અંતર્ગત સમગ્ર ગુજરાત રાજ્ય માટે ૧૦ ગુંઠાનો એકસમાન નિયમ લાગુ કરવાનો મજબૂત નિર્ણય લીધો છે. અગાઉ વિવિધ વિસ્તારોમાં જુદા-જુદા સ્થાનિક નિયમો અસ્તિત્વમાં હોવાને કારણે જમીનની ખરીદ-વેચાણ પ્રક્રિયામાં અનેક પ્રકારની અસમંજસ અને ગૂંચવણો ઊભી થતી હતી. હવેથી રાજ્યભરમાં એકસરખો માપદંડ અમલી બનવાને લીધે જમીનની વેચાણ, ખરીદી અને દસ્તાવેજી પ્રક્રિયા વધુ સુગમ બનશે.

આ ઉપરાંત, આ નિર્ણયથી શહેરી વિસ્તારોને પણ બહુ મોટી રાહત સાંપડશે, કારણ કે હવેથી શહેરી વિસ્તારો ટુકડા ધારાની અસરમાંથી સંપૂર્ણપણે મુક્ત બની જશે. આ પરિવર્તનના કારણે શહેરોમાં બિનખેતી-ગઅ (દ્રછ) ની મંજૂરી મેળવવાની વહીવટી પ્રક્રિયામાં અભૂતપૂર્વ ઝડપ આવશે. સાથોસાથ બાંધકામ ક્ષેત્ર, જમીનનો વિકાસ અને મિલકતના લે-વેચના તમામ આર્થિક વ્યવહારો પણ ઝડપી બનશે, જે રાજ્યના રિયલ એસ્ટેટ અને આર્થિક વિકાસને નવી ગતિ પ્રદાન કરશે.

# કચ્છમાં ઔદ્યોગિક પ્રદૂષણ મામલે ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં આવેલા વિવિધ ઉદ્યોગો દ્વારા કેમિકલયુક્ત ઝેરી પાણી કુદરતી જળસ્ત્રોતોમાં ઠાલવીને પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડવાના ગંભીર મુદ્દે ગુજરાત હાઈકોર્ટે કડક વલણ અખત્યાર કર્યું છે. આ સંદર્ભે દાખલ કરવામાં આવેલી એક જાહેરહિતની અરજીની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલની ખંડપીઠે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી)ની કાર્યશૈલી પર તીખા પ્રહારો કર્યા હતા. અદાલતે ભારે નારાજગી વ્યક્ત કરતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષથી બોર્ડ દ્વારા માત્ર પોકળ વાતો જ કરવામાં આવી રહી છે અને જમીન સ્તરે કોઈ નક્કર કે સચોટ કામગીરી જોવા મળી નથી.

**જીપીસીબીની ઘોર બેદરકારી સામે ફિટકાર : કુદરતી જળસ્ત્રોતોને પ્રદૂષિત કરતા એકમો પર કડક સકંજો કસવા આદેશ : સીલ કરેલી ફેક્ટરી ફરી શરૂ કરવાની મંજૂરી આપનાર અધિકારી વિરુદ્ધ તત્કાલ ખાતાકીય તપાસના આદેશ**

અગાઉ કુદરતી વરસાદના કારણે જ્યારે સ્થાનિક સરોવર પાણીથી છલોછલ ભરાઈ ગયું હતું, ત્યારે એક ઉદ્યોગ દ્વારા તેમાં મોટા પ્રમાણમાં કેમિકલયુક્ત દૂષિત પાણી છોડવામાં આવ્યું હતું. આ કૃત્યના કારણે આખું સરોવર ઝેરી બની ગયું હતું અને સ્થાનિક પર્યાવરણને મોટું નુકસાન થયું હતું. આ સમગ્ર ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈને હાઈકોર્ટે જીપીસીબીના સંડોવાયેલા તમામ જવાબદાર અધિકારીઓ સામે કાયદાના દાયરામાં રહીને કડકમાં કડક પગલાં ભરી અદાલત સમક્ષ ત્વરિત રિપોર્ટ સબમિટ કરવાનો આદેશ આપ્યો છે.

અદાલતે વોટર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન એક્ટ ૧૯૭૪નો હવાલો આપતા ટકોર કરી હતી કે, સ્વચ્છ પાણીને પ્રદૂષિત કરતા ઔદ્યોગિક એકમો સામે કાયદાકીય જોગવાઈઓ હોવા છતાં કોઈ કડક પગલાં કેમ લેવામાં આવતા નથી? હાઈકોર્ટે જીપીસીબીને તમામ સંબંધિત નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા અને કંપનીઓ માટે બાઉન્ડ્રી વોલ બનાવવાનું ફરજિયાત કરવા માટેનો આકરો આદેશ આપ્યો છે. આ ઉપરાંત, પોતાની ફરજમાં ઘોર બેદરકારી દાખવનારા અધિકારીઓ સામે તાકીદે ખાતાકીય તપાસ શરૂ કરી તેનો અહેવાલ અદાલત સમક્ષ રજૂ કરવા તાકીદ કરવામાં આવી છે.

સુનાવણી દરમિયાન ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે જીપીસીબીના ધ્યાન પર આવા અનેક ઉદ્યોગો છે જેઓ ખુલ્લેઆમ કાયદાનું ઉલ્લંઘન કરીને કુદરતી સંસાધનોને દૂષિત કરી રહ્યા છે. અદાલતે સવાલ ઉઠાવ્યો હતો કે નિયત સમયાંતરે તપાસ કરવા છતાં નિયમોનું ઉલ્લંઘન કરાવનારા કે આંખ આડા કાન કરનારા બેદરકાર અધિકારીઓ સામે અત્યાર સુધી કેમ કોઈ શિક્ષાત્મક પગલાં લેવાયા નથી? ખાસ કરીને અગાઉ જે ઈન્ડસ્ટ્રીને પ્રદૂષણ ફેલાવવા બદલ સીલ મારી દેવાયું હતું, તેને કોઈ પણ સુધારા વગર ફરીથી ધમધમતી કરવાની ગેરકાયદેસર મંજૂરી આપનારા જે-તે જવાબદાર અધિકારી વિરુદ્ધ કાયદેસરની તપાસ ચલાવી કડક કાર્યવાહી કરવાનો હુકમ કરાયો છે.

# ભુજ માનસિક હોસ્પિટલ ખાતે ઇન્ડોર પ્લાન્ટેશન અને વૃક્ષારોપણ મહાઅભિયાન યોજાયું



ભુજ - કચ્છઉદય : પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા વાતાવરણના નિર્માણના ઉદ્દેશ્ય સાથે એગ્રોસીલ ફાઉન્ડેશન, એગ્રોસીલ કંપની તથા ડૉ. દેવાનંદ (ગાયનેકોલોજિસ્ટ)ના સહયોગથી ભુજ માનસિક હોસ્પિટલ ખાતે ઈન્ડોર પ્લાન્ટેશન અને વૃક્ષારોપણ મહાઅભિયાન યોજાયું હતું. કાર્યક્રમમાં ભુજ માનસિક હોસ્પિટલના અધિક્ષક ડૉ. મનોજ પરમાર, એગ્રોસીલ ફાઉન્ડેશન અને એગ્રોસીલ કંપનીના મેનેજર સાગરભાઈ પિત્રોડા, સુપરવાઈઝર દશરથભાઈ ભાનાણી તેમજ ભુજ માનસિક હોસ્પિટલના સમગ્ર સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રસંગે હોસ્પિટલના પરિસરમાં વિવિધ વૃક્ષોનું વાવેતર તેમજ હોસ્પિટલના આંતરિક પરિસરમાં ઈન્ડોર પ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષો અને છોડનું જતન કરવાની સાથે વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા સૌને અપીલ કરી હતી. એગ્રોસીલ ફાઉન્ડેશન, એગ્રોસીલ કંપનીના સહયોગ અને ભુજ માનસિક હોસ્પિટલના સમગ્ર સ્ટાફની સક્રિય ભાગીદારીથી આ અભિયાન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

# સવારથી લઈને સાંજ સુધીનો ચરબીયુક્ત અને પ્રોસેસ્ડ ચટપટો આહાર બને છે મેદસ્વિતાનું કારણ

ભુજ - કચ્છઉદય : આજના ઝડપી જીવનમાં, મેદસ્વિતા એક વૈશ્વિક સમસ્યા બની ગઈ છે, જેનું મુખ્ય કારણ આપણો આહાર અને જીવનશૈલી છે. સવારથી લઈને સાંજ સુધીનો આહાર આપણા શરીરના વજન અને આરોગ્ય પર ઊંડી અસર કરે છે. જો આહાર અસંતુલિત હોય અથવા તેમાં પોષક તત્વોનો અભાવ હોય, તો તે મેદસ્વિતાને આમંત્રણ આપે છે.

**ભોજનમાં ફળો, શાકભાજી, આખા અનાજ, પ્રોટીનના સમાવેશ સાથે નિયમિત શારીરિક પ્રવૃત્તિ, પૂરતી ઊંઘ અને તણાવનું સંચાલન મેદસ્વિતાને નિયંત્રણમાં રાખવા માટે મહત્વપૂર્ણ છે**

સવારનો નાસ્તો દિવસનો સૌથી મહત્વ પૂર્ણ ભોજન માનવામાં આવે છે. જો સવારે પૌષ્ટિક નાસ્તો ન લેવામાં આવે અથવા તેમાં શર્કરા અને ચરબીયુક્ત ખોરાક જેવા કે પેસ્ટ્રી, ડોનટ્સ કે સફેદ બ્રેડનો સમાવેશ હોય, તો તે શરીરમાં ઝડપથી શર્કરાનું સ્તર વધારે છે. આવો ખોરાક ઝડપથી ભૂખ લગાડે છે, જેના કારણે લોકો દિવસ દરમિયાન વધુ ખાવાનું વલણ રાખે છે. તેના બદલે, ઓટ્સ, ફળો, બદામ અને પ્રોટીનયુક્ત ખોરાક જેવા પૌષ્ટિક વિકલ્પો પસંદ કરવા જોઈએ, જે લાંબા સમય સુધી ઊર્જા પૂરી પાડે છે. બપોરના ભોજનમાં ઘણીવાર ફાસ્ટ ફૂડ, તળેલા ખોરાક અથવા પ્રોસેસ્ડ ખોરાકનો સમાવેશ થાય છે, જેમાં કેલરીનું પ્રમાણ ઊંચું અને પોષક તત્વો ઓછાં હોય છે. આવા ખોરાક શરીરમાં ચરબીનું સંચયન વધારે છે. ઉપરાંત, બપોરે અને સાંજે ખાવામાં આવતા નાસ્તામાં બિસ્કિટ, ચિપ્સ અથવા શર્કરાયુક્ત પીણાંનો વધુ પડતો ઉપયોગ પણ વજન વધવાનું કારણ બને છે. આવા ખોરાકમાં ટ્રાન્સ ફેટ અને ખાંડનું પ્રમાણ ઊંચું હોય છે, જે શરીરમાં ઈન્સ્યુલિન પ્રતિકાર વધારે છે અને મેદસ્વિતાને પ્રોત્સાહન આપે છે.

સાંજનું ભોજન જો મોડું અને ભારે હોય, તો તે પચવામાં સમય લે છે અને શરીરમાં ચરબીના સ્વરૂપે સંગ્રહાય છે. ખાસ કરીને, રાત્રે કાર્બોહાઈડ્રેટયુક્ત ખોરાક ખાવાથી શરીરનું મેટાબોલિઝમ ધીમું પડે છે. આધુનિક જીવનશૈલીમાં બેઠાડું જીવન, ઓછી શારીરિક પ્રવૃત્તિ અને તણાવ પણ આહારની ખરાબ આદતોને વધુ ખરાબ બનાવે છે. નિયમિત વ્યાયામનો અભાવ અને અનિયમિત ખાણીપીની આદતો મેદસ્વિતાનું જોખમ વધારે છે. ગુજરાત સરકાર દ્વારા મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન રાજ્યના લોકોના સ્વાસ્થ્યને સુધારવા માટે મહત્વપૂર્ણ છે. આધુનિક જીવનશૈલીથી થતી બીમારીઓ જેમ કે ડાયાબિટીસ, હૃદયરોગ અને બ્લડપ્રેશરને ઘટાડવા માટે તે જાગૃતિ ફેલાવે છે. યોગ, સ્વસ્થ આહાર અને શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી, તે નાગરિકોને તંદુરસ્ત જીવન તરફ દોરે છે. જો સવારથી સાંજ સુધીનો આહાર સંતુલિત અને પૌષ્ટિક ન હોય, તો તે મેદસ્વિતાનું મુખ્ય કારણ બની શકે છે. આ માટે, દરેક ભોજનમાં ફળો, શાકભાજી, આખા અનાજ, પ્રોટીનનો સમાવેશ કરવો જોઈએ. નિયમિત શારીરિક પ્રવૃત્તિ, પૂરતી ઊંઘ અને તણાવનું સંચાલન પણ મેદસ્વિતાને નિયંત્રણમાં રાખવા માટે મહત્ત્વપૂર્ણ છે. આરોગ્યપ્રદ આહાર અને જીવનશૈલી અપનાવીને આપણે મેદસ્વિતાને અટકાવી શકીએ છીએ અને સ્વસ્થ જીવન જીવી શકીએ છીએ.

# માંડવી લોહાણા બોર્ડિંગમાં રવિવારે નેત્રયજ્ઞ કેમ્પ યોજાશે

માંડવી- કચ્છઉદય : અહીંની લોહાણા બોર્ડિંગ દ્વારા ૮૪મો નિઃશુલ્ક નેત્રયજ્ઞ મુખ્ય દાતા રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સહયોગથી ૧૯મી જુલાઈ રવિવારે સવારે ૯થી ૧૨:૩૦ વાગ્યા દરમ્યાન યોજાશે. કેમ્પ પોસ્ટ ઓફિસની બાજુમાં આવેલા લોહાણા બોર્ડિંગ ભવન મધ્યે યોજાશે. દર્દીઓએ આધારકાર્ડ સાથે લઈ આવવાનો રહેશે. આંખના ઓપરેશન રણછોડદાસજી ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ મુકામે કરવામાં આવશે. કેમ્પના સહયોગી દાતા તરીકે જિનશાશન શિરોમણી તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. જૈનાચાર્ય શ્રી ગુણોદય સાગર સૂરીશ્વરજી મ.સા.ના આત્મશ્રેયાર્થે પ.પૂ. ગુણિવર્ય શ્રી રાજરત્ન સાગરજી મ.સા. તથા પ.પૂ. મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા. પ્રેરણાથી શ્રી ધીરેનભાઈ સાકરબેન વસંત- મકાંબાઈ કાનજી ગાલા- પ્રણવ- સાન્વી- ભાવિની નીતિન સાવલા (ગઢશીશા) ગોરેગાંવ- મુંબઈ તરફથી સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. કેમ્પ અંગે વધારે માહિતી માટે પ્રમુખ હરિશભાઈ ગણાત્રાનો મોબાઈલ નંબર. ૯૮૨૫૩ ૨૪૭૪૦ અથવા સહમંત્રી હસમુખ ઠક્કરનો મો.નં. ૯૮૨૫૩ ૬૮૩૪૪, ફોન નં. (૦૨૮૩૪) ૨૨૨૨૮૦ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું હતું.

# ભુજમાં સિનિયર સિટીઝન્સ માટે 'પંચતત્વ યોગ ઇવેન્ટ'નું વિશેષ આયોજન

**૨૦ થી ૨૫ જુલાઈ દરમિયાન યોજાશે સાપ્તાહિક નિઃશુલ્ક યોગ સેશન**

ભુજ - કચ્છઉદય : ભુજ ખાતે આગામી તારીખ ૨૦ થી ૨૫/૭ દરમિયાન વડીલોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને એક વિશેષ પંચતત્વ યોગ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. બેક્ર્સ રોક્સ મહિલા મંડળ અને ઉમા યોગ કેન્દ્ર ભુજના સંયુક્ત ઉપક્રમે સિનિયર સિટીઝન સ્પેશિયલ બેચનું આયોજન કરાયું છે. આ સાપ્તાહિક નિઃશુલ્ક વેલનેસ યોગ પ્રોગ્રામ યોગગુરુ કમલકાંતભાઈના વડપણ હેઠળ તેમજ પ્રોજેક્ટ ચેરપર્સન ભાવના એ. ઝવેરી દ્વારા કવોલિફાઈડ યોગ ટીચરોની ટીમની મદદથી સંચાલિત કરવામાં આવશે.

આ યોગ ઈવેન્ટમાં વડીલો માટે ખાસ ઉપયોગી એવા મેટ યોગા, પવનમુક્તાસન, ચેર યોગા, પ્રાણાયામ, ચેર સૂર્ય નમસ્કાર, યોગ નિદ્રા, હાસ્ય યોગ, ક્લેપિંગ કીર્તન અને મૌનની સાધના જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. આ સાથે જ શરીરનું બેલેન્સ જાળવી રાખવા માટે બોલ, ચુન્ની/દુપટ્ટો, સ્ટીક અને ચેર જેવા પ્રોપ્સનો ઉપયોગ કરીને વિશેષ એક્સરસાઈઝ સેશન પણ યોજાશે. આ કાર્યક્રમમાં દરેક ઉંમરના ભાઈઓ તેમજ બહેનો ભાગ લઈ શકશે.

આ છ દિવસીય કાર્યક્રમ દરરોજ સાંજે ૫ થી ૬:૧૦ વાગ્યા સુધી ઉમા યોગ કેન્દ્રના હોલ, બેક્ર્સ કોલોની, ગેટ નં. પાંચ, ભુજ ખાતે યોજાશે. કાર્યક્રમના પ્રથમ દિવસે સાંજે ૪:૫૦ મિનિટે બેક્ર્સ કોલોનીના હોદ્દેદારો અને સિનિયર સિટીઝન્સના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ઈવેન્ટની શરૂઆત કરવામાં આવશે. ઉમા યોગ કેન્દ્રના પ્રમુખ હેમાબેન ભટ્ટ અને બેક્ર્સ કોલોની ભુજના મંત્રી લતાબેન ઠક્કર દ્વારા આ નિઃશુલ્ક વેલનેસ સેશનનો બહોળી સંખ્યામાં લાભ લેવા માટે અનુરોધ કરાયો છે.

# સ્ટાર્ટઅપ્સમાં ભારતીય રેલવે માટે નવીનતા વિકસિત કરવા માટે કરી હાકલ

**અમદાવાદ મંડળના ડીઆરએમ iCreateની મુલાકાત લીધી**




અમદાવાદ (કચ્છઉદય) : પશ્ચિમ રેલવેના મંડળ રેલવે મેનેજર વેદ પ્રકાશએ ધોલેરા (અમદાવાદ) ખાતે આવેલ iCreate (International Centre for Entrepreneurship and Technology)ની મુલાકાત લીધી. આ અવસર પર તેમની સાથે સિનિયર મંડળ સુરક્ષા કમીશનર અંશુમાન રામ ત્રિપાઠી, સિનિયર મંડળ કોમર્શિયલ મેનેજર અન્નૂ ત્યાગી તથા મડળના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમિયાન પ્રતિનિધિ મંડળે iCreateની નાવિન્ય-આધારિત ઉદ્યોગસાહસિકતા વધારવાની પહેલ, ઈન્ક્યુબેશન ઈકોસિસ્ટમ, પ્રોટોટાઈપ વિકાસ સુવિધાઓ અને વિવિધ ડીપ-ટેક સ્ટાર્ટઅપ્સ દ્વારા વિકસિત અદ્યતન ટેકનિક્સનું અવલોકન કર્યું. સ્ટાર્ટઅપ્સ સાથે ભારતીય રેલવેમાં ટેકનિકલ નવીનતાઓના ઉપયોગ અને સંભવિત સહયોગના વિવિધ પાસાઓ પર વિગતવાર ચર્ચા પણ કરવામાં આવી હતી.

વેદ પ્રકાશ એ જણાવ્યું કે ભારતીય રેલવે વિશ્વના સૌથી મોટા રેલવે નેટવર્કમાંનું એક છે, જ્યાં પરિચાલન, સુરક્ષા, જાળવણી, સ્વચ્છતા અને યાત્રી સુવિધાઓના ક્ષેત્રોમાં ટેકનિકલ નવીનતા માટે બહોળી સંભાવનાઓ છે. તેમણે યુવાનોને રેલવેની વાસ્તવિક જરૂરિયાતોને સમજતાં વ્યવહારિક, કિફાયતી અને ટેકનોલોજી - આધારિત ઉકેલો વિકસાવવાની હાકલ કરી હતી. તેમણે વિશેષરૂપે માલ વેગનો માટે સ્વચાલિત લોડિંગ અને અનલોડિંગ સિસ્ટમ, રેલવે સંકુલો અને કોચો માટે અપગ્રેડેડ અગ્નિ સુરક્ષા ઉકેલ તથા ફાયર સેફ્ટી બૉલ, ટ્રેક, પુલો, ઓએચઈ અને અન્ય રેલવે પરિસંપત્તિઓના નિરીક્ષણ માટે ડ્રોન આધારિત ટેકનિક, એઆઈ આધારિત સુરક્ષા અને પ્રિડેક્ટિવ મેન્ટેનન્સ ઉકેલ, સ્ટેશનો, યાર્ડ્સ અને રેલવે સંકુલોની સફાઈ માટે આધુનિક ઈલેક્ટ્રિક ક્લીનીંગ મશીનો, રેલવેમાં ઉપયોગ થનારા ઉપકરણો અને ઈલેક્ટ્રિક મશીનો માટે વાયરલેસ ચાર્જિંગ સિસ્ટમ, પરિચાલન કુશળતા, ઉર્જા સંરક્ષણ તથા સંસાધનોના સ્માર્ટ વ્યવસ્થાપનથી જોડાયેલ અન્ય નવીનતાઓ છે.

ડીઆરએમએ કહ્યું કે રેલવે અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વચ્ચે મજબૂત સહયોગથી એવા સ્વદેશી ઉકેલી વિકસાવી શકાય છે, જે ભારતીય રેલવેની પરિચાલન કુશળતા, સુરક્ષા, સ્વચ્છતા, ઉર્જા કુશળતા તથા યાત્રી સુવિધાઓને નવી ઊંચાઈ સુધી લઈ જવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે કહ્યું કે નાવિન્ય જ ભવિષ્યની રેલવે વ્યવસ્થાનો આધાર છે અને યુવાનોના નવા વિચાર ભારતની રેલવે સિસ્ટમને વધુ આધુનિક, સુરક્ષિત અને વિશ્વસ્તરની બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. મુલાકાતની સમાપ્તિ પર પ્રતિનિધિ મંડળે ઋદ્ધિ સંકુલમાં ફરીને ઈનક્યૂબેશન સેન્ટર, પ્રોટોટાઈપિંગ પ્રયોગશાળાઓ અને સ્ટાર્ટઅપ સહાયતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અવલોકન કર્યું. આ દરમિયાન ભારતીય રેલવે અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વચ્ચે ભવિષ્યમાં અનુસંધાન, નાવિન્ય અને પ્રોદ્યોગિકી વિકાસના ક્ષેત્રમાં સહયોગની સંભાવનાઓ પર સકારાત્મક ચર્ચા થઈ હતી.

## રાષ્ટ્ર સુરક્ષા અને શૈક્ષણિક ક્ષેત્રનો ઐતિહાસિક સમન્વય

# કચ્છ યુનિ. અને ઇન્ડિયન આર્મી વચ્ચે કચ્છી નવા વર્ષના દિવસે ઐતિહાસિક એમઓયુ





ભુજ - કચ્છઉદય : સરહદી જિલ્લા કચ્છ માટે શૈક્ષણિક અને રાષ્ટ્ર સુરક્ષાના ક્ષેત્રે એક ઐતિહાસિક દિવસ સાબિત થયો છે. ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીઅને ભારતીય સેનાના ભુજ મિલિટરી સ્ટેશન વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ સમજૂતી કરાર એટલે કે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

ભુજ મિલિટરી સ્ટેશન ખાતે સંપૂર્ણ સૈન્ય શિસ્ત અને ગરિમાપૂર્ણ વાતાવરણમાં યોજાયેલી આ હસ્તાક્ષર વિધિમાં યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહન પટેલ, કુલસચિવ ડો. અનીલ ગોર, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો, વિવિધ વિદ્યાશાખાના ડીન, વિભાગીય વડાઓ અને યુનિવર્સીટી સ્ટાફ તેમજ ભારતીય સેનાના સ્ટેશન કમાન્ડર નીરજ ખજુરિયા સહિત ઉચ્ચ સૈન્ય અધિકારીઓ અને બહાદુર જવાનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કચ્છ યુનિવર્સિટીના કુલપતિએ જણાવ્યું હતું કે, આ એમઓયુ માત્ર શૈક્ષણિક કરાર નથી, પરંતુ રાષ્ટ્ર સેવામાં અગ્રેસર રહેતી આપણી સેનાને શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે મજબૂત બેકઅપ આપવાનો નમ્ર પ્રયાસ છે. જ્યારે ભુજ મિલિટરી સ્ટેશનના સ્ટેશન કમાન્ડરે પણ આ વહીવટી અને શૈક્ષણિક જોડાણને સૈન્ય જવાનોના મનોબળ અને વ્યવસાયિક વિકાસ માટે ગેમ-ચેન્જર ગણાવ્યું હતું. આ પહેલને મીલીટરી સ્ટેશન કમાન્ડર નીરજ ખજુરિયાએ એક સરહદી જિલ્લા કચ્છમાં વ્યૂહાત્મક સંશોધન, આપત્તિ વ્યવસ્થાપન અને સૈન્ય જવાનો તથા તેમના પરિવારોના ઉચ્ચ શિક્ષણ માટે અનન્ય પહેલ ગણેલ છે.

કર્નેલ વિશાલ કુમાર સિંહ દ્વારા એમઓયુના મુખ્ય ઉદ્દેશ્યો અને લાભોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી, જેમા સૈન્ય જવાનો અને પરિવાર માટે વિશેષ ઉચ્ચ શિક્ષણ અંતર્ગત કચ્છના રણ અને ક્રિક જેવા દુર્ગમ વિસ્તારોમાં ફરજ બજાવતા આર્મીના જવાનો માટે તેમની પ્રેક્ટિકલ ટ્રેનિંગના ક્રેડિટ વેલ્યુના આધારે યુનિવર્સિટી દ્વારા ડિપ્લોમા ઈન ડિફેન્સ એન્ડ સ્ટ્રેટેજિક સ્ટડીઝ ઈન રણ એન્ડ ક્રિક સેક્ટર એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત સેનાના અધિકારીઓ, જવાનો અને તેમના આશ્રિત પરિવારો માટે યુનિવર્સિટીના તમામ અંડર ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને ડિપ્લોમા કોર્સમાં વિશેષ પ્રવેશની જોગવાઈ કરવામાં આવી છે તેમજ પીએચડી પ્રોગ્રામ્સમાં સુપરન્યુમરરી (વધારાની) બેઠકો ફાળવવામાં આવશે. સૈન્ય વિસ્તારમાં જ યુનિવર્સિટી એક્સ્ટેન્શન સેન્ટર પણ શરૂ કરી શકશે. એજ રીતે વ્યૂહાત્મક અને ભૌગોલિક સંશોધન, કચ્છ યુનિવર્સિટી પોતાના ભૂસ્તરશાસ્ત્ર, પુરાતત્વશાસ્ત્ર અને અન્ય અદ્યતન પ્રયોગશાળાઓના માધ્યમથી સરહદી વિસ્તારોમાં જમીનની ક્ષમતા, રણ વિસ્તારમાં ભૂગર્ભ જળની સ્થિતિ અને ક્ષાર પ્રવેશ જેવા સંરક્ષણ માટે મહત્વના વિષયો પર વૈજ્ઞાનિક પરામર્શ અને સહયોગ આપશે તથા વિદ્યાર્થીઓ માટે આપત્તિ વ્યવસ્થાપન અને શારીરિક શિસ્તની ટ્રેનિંગ ભારતીય સેના દ્વારા કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને એનસીસી - એનએસએસના કેડેટ્સને આપત્તિ વ્યવસ્થાપન, ભૂકંપ કે અન્ય કુદરતી આફતો સમયે સર્વાઈવલ સ્ટ્રેટેજી તેમજ કટોકટીની સ્થિતિમાં મેડિકલ ઈવેક્યુએશન અંગે વિશેષ તાલીમ આપવામાં આવશે. યુનિવર્સિટીના સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે શારીરિક ફિટનેસ, ડિસિપ્લિન મેન્ટરશિપ અને મહિલા સુરક્ષા માટે ટેક્ટિકલ સેલ્ફ-ડિફેન્સ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત બોર્ડર ટુરિઝમ અને સ્થાનિક ભાષા ઓરિએન્ટેશન માટે દેશભરમાંથી કચ્છ સરહદે નિયુક્ત થતા નવા સૈન્ય જવાનો સ્થાનિક સરહદી સમુદાયો સાથે સરળતાથી સંવાદ સાધી શકે તે માટે યુનિવર્સિટી દ્વારા તેમને કચ્છી અને ગુજરાતી ભાષાનું વિશેષ ઓરિએન્ટેશન અને ક્રેશ કોર્સ કરાવવામાં આવશે. વધુમાં બંને પક્ષો સાથે મળીને દેશભક્તિની ભાવના જગાડતા બોર્ડર એરિયા ટુરિઝમ અને હેરિટેજ ટ્રેઈલ્સને પ્રોમોટ કરશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોટોકોલ મુજબ દીપ પ્રાગટ્ય અને રાષ્ટ્રગાન સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. આ કાર્યક્રમની સફળતા માટે યુનિવર્સિટી તરફથી નોડલ ઓફિસર ડૉ. ગૌરવ ડી. ચૌહાણ (વડા, સંશોધન અને વિકાસ વિભાગ) અને આર્મીના પ્રતિનિધિ કર્નેલ વિશાલ કુમાર સિંહે જહેમત ઉઠાવી હતી.

૨૦૨૭ મેન્સ વન-ડે વર્લ્ડ કપના ફોર્મેટમાં ફેરફારો બાદ

# આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જગતમાં એક મોટો વિવાદ ફાટી નીકળ્યો

## નવા વન-ડે વર્લ્ડ કપ ફોર્મેટ પર કેપ્ટનો ગુસ્સે

(એજન્સી દ્વારા) નવી દિલ્હી: ૨૦૨૭ મેન્સ વન-ડે વર્લ્ડ કપના ફોર્મેટમાં આઈસીસી દ્વારા કરવામાં આવેલા ફેરફારો બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જગતમાં એક મોટો વિવાદ ફાટી નીકળ્યો છે. નેધરલેન્ડ્સ, સ્કોટલેન્ડ, આયર્લેન્ડ અને નામિબિયા જેવી એસોસિએટ ટીમોના કેપ્ટનો, ન્યુઝીલેન્ડના ખેલાડી ડેરિલ મિશેલ સહિત, આ નવા નિર્ણયની આકરી ટીકા કરી છે. ખેલાડીઓ માને છે કે વૈશ્વિક સ્તરે નાના દેશો માટે તકો વધારવાને બદલે, આ નવું ફોર્મેટ તેમને વધુ મર્યાદિત કરે છે - એક વિકાસ જે ક્રિકેટના વિકાસ માટે અત્યંત નિરાશાજનક માનવામાં આવે છે.

વર્લ્ડ ક્રિકેટર્સ એસોસિએશન દ્વારા બોલતા, નેધરલેન્ડ્સના કેપ્ટન સ્કોટ એડવર્ડ્સે આ નિર્ણયને ખૂબ જ નિરાશાજનક ગણાવ્યો. એડવર્ડ્સે જણાવ્યું હતું કે વન-ડે વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થવું એ કોઈપણ રાષ્ટ્ર માટે એક મહાન સિદ્ધિ છે. જોકે, વર્ષોના આયોજન અને રોકાણ પછી જ્યારે તે તકની વાસ્તવિકતા બદલાઈ જાય છે ત્યારે તે હૃદયદ્રાવક છે. આઈસીસી પર કટાક્ષ કરતા, તેમણે ટિપ્પણી કરી કે જ્યારે વૈશ્વિક સ્તરે રમતના વિસ્તરણની ચર્ચા થઈ રહી છે, ત્યારે આવા નિર્ણયો એસોસિએટ રાષ્ટ્રો માટે વિશ્વની શ્રેષ્ઠ ટીમો સામે મેચ સુરક્ષિત કરવાનું વધુ મુશ્કેલ બનાવે છે.

નામિબિયાના કેપ્ટન ગેરહાર્ડ ઈરાસ્મસે પણ એડવર્ડ્સની ભાવનાઓનો સ્વીકાર કરતા કહ્યું કે ઘણા એસોસિએટ દેશોના ખેલાડીઓ માટે,વન-ડે વર્લ્ડ કપ ફક્ત એક ટુર્નામેન્ટ નથી; તે રમતના સૌથી લાંબા ફોર્મેટનું શિખર રજૂ કરે છે - એક એવી ઈવેન્ટ જેની આસપાસ ખેલાડીઓ તેમની કારકિર્દી અને સપનાઓનું નિર્માણ કરે છે. તેમણે સ્વીકાર્યું કે ભાગ લેવાનો અધિકાર મેળવવો જોઈએ, પરંતુ રમતના સૌથી મોટા મંચ પર સ્પર્ધા કરવાની વાજબી તક આપતી લાયકાત પ્રક્રિયાની જરૂરિયાત પર ભાર મૂક્યો. આયર્લેન્ડના કેપ્ટન પોલ સ્ટર્લિંગે સૂચન કર્યું કે ક્રિકેટે ફૂટબોલ વર્લ્ડ કપના પુસ્તકમાંથી એક પાન લેવું જોઈએ. સ્ટર્લિંગે નોંધ્યું કે નાના અને એસોસિએટ દેશોએ વૈશ્વિક ઈવેન્ટ્સમાં પ્રેક્ષકોની રુચિ જગાડવા માટે સતત તેમનું મહત્વ અને ક્ષમતા દર્શાવી છે. તાજેતરના ફૂટબોલ વર્લ્ડ કપે દર્શાવ્યું કે નાની ટીમો મોટી ટુર્નામેન્ટને વધુ રોમાંચક કેવી રીતે બનાવી શકે છે. તેમણે આશા વ્યક્ત કરી કે ક્રિકેટ રમતના વિકાસને પ્રોત્સાહન આપવા માટે સમાન અભિગમ અપનાવશે.

આ દરમિયાન, સ્કોટલેન્ડના કેપ્ટન રિચી બેરિંગ્ટને ભાર મૂક્યો હતો કે આવા મહત્વપૂર્ણ નિર્ણયો લેતા પહેલા ખેલાડીઓની સલાહ લેવી જોઈએ - જે રમત અને ખેલાડીઓની કારકિર્દી પર નોંધપાત્ર અસર કરે છે. બેરિંગ્ટને જણાવ્યું હતું કે વિવિધ દ્રષ્ટિકોણને એકસાથે લાવવામાં આવે ત્યારે વધુ સારા નિર્ણયો બહાર આવે છે.

આ ભાવનાને પ્રતિબિંબિત કરતા, યુએસએના હરમીત સિંહે ટિપ્પણી કરી હતી કે વર્લ્ડ કપની તૈયારીઓ વર્ષોની મહેનતનું પરિણામ છે; પરિણામે, આવા નિર્ણયોની અસર એક જ ટુર્નામેન્ટથી આગળ વધે છે, જે રમતના ભવિષ્ય અને ઉભરતા ક્રિકેટ રાષ્ટ્રોમાં ચાહકોના જોડાણને પ્રભાવિત કરે છે. ન્યુઝીલેન્ડના બેટ્સમેન ડેરિલ મિશેલે પણ આ પહેલને ટેકો આપ્યો હતો, અને કહ્યું હતું કે તેઓ વિશ્વભરના ખેલાડીઓ અને રાષ્ટ્રોને રમતના સૌથી ભવ્ય તબક્કા સુધી પહોંચવા માટે સતત અને ન્યાયી તકો પૂરી પાડવાનું સંપૂર્ણ સમર્થન કરે છે.

# રોહિત-વિરાટ લોર્ડ્સમાં ઈતિહાસ રચશે




(એજન્સી દ્વારા)


નવીદિલ્હી : છેલ્લા કેટલાક દિવસોથી, રોહિત શર્માના ર્ંડ્ઢૈં ક્રિકેટમાંથી નિવૃત્તિ અંગે અટકળો સોશિયલ મીડિયા પર ફરતી થઈ રહી છે. જો કે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (મ્ઝ્રઝ્રૈં) એ આ અહેવાલોને સંપૂર્ણપણે ફગાવી દીધા છે. રોહિત શર્મા હવે લોર્ડ્સમાં મેદાન પર ઉતરીને વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કરશે. હકીકતમાં, લોર્ડ્સ વનડેમાં રમીને, રોહિત શર્મા અને વિરાટ કોહલીની જોડીએ એકસાથે ૪૦૦ આંતરરાષ્ટ્રીય મેચ રમવાનો રેકોર્ડ હાંસલ કર્યો હશે. ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે બે ખેલાડીઓની જોડી આ સીમાચિહ્ન પર પહોંચશે. આ સિદ્ધિ તેમની લાંબી ભાગીદારી, ફિટનેસ અને ભારતીય ક્રિકેટમાં સતત યોગદાનનો પુરાવો છે.

રોહિત શર્મા અને વિરાટ કોહલી છેલ્લા દોઢ દાયકાથી ભારતીય ટીમના કરોડરજ્જુ રહ્યા છે. તેમણે ભારતને ટેસ્ટ, વનડે અને ટી૨૦ ક્રિકેટમાં ઘણી યાદગાર જીત અપાવી છે. આઈસીસી ટુર્નામેન્ટથી લઈને દ્વિપક્ષીય શ્રેણી સુધી, આ જોડીએ ભારતને ઘણી ઐતિહાસિક સફળતાઓ અપાવી છે. હવે, લોર્ડ્સમાં, આ ભાગીદારી ઈતિહાસના પાનાઓમાં બીજા સુવર્ણ પ્રકરણ સાથે અંકિત થશે. જો આપણે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મેચો સાથે રમનાર ભારતીય જોડીને ધ્યાનમાં લઈએ, તો રોહિત અને વિરાટ હવે યાદીમાં ટોચ પર હશે. તેઓએ સચિન તેંડુલકર-રાહુલ દ્રવિડ, સચિન તેંડુલકર-સૌરવ ગાંગુલી અને એમએસ ધોની-વિરાટ કોહલી જેવી દિગ્ગજ જોડીને પાછળ છોડી દીધી છે. આ સિદ્ધિ ભારતીય ટીમ માટે બંને ખેલાડીઓના લાંબા સમયથી સતત પ્રદર્શનને દર્શાવે છે. લોર્ડ્સ બંને ખેલાડીઓ માટે ઘણી યાદગાર ક્ષણોનું ઘર રહ્યું છે. વિરાટ કોહલીએ અહીં ઘણી શાનદાર ઈનિંગ્સ રમી છે, જ્યારે રોહિત શર્માએ પણ ઈંગ્લેન્ડની ધરતી પર પોતાની બેટિંગ કુશળતા દર્શાવી છે. તેથી, બંને ટીમો નિર્ણાયક મેચમાં વધુ એક મોટી ઈનિંગ્સ રમવાની અપેક્ષા રાખશે.

શ્રેણીની વાત કરીએ તો, ભારતે શાનદાર પ્રદર્શન સાથે પ્રથમ વનડે જીતી હતી, પરંતુ ઈંગ્લેન્ડે બીજી મેચમાં જોરદાર વાપસી કરીને શ્રેણી ૧-૧ થી બરાબર કરી હતી. હવે, ત્રીજી વનડે ફાઈનલ જેવી હશે, જ્યાં વિજેતા ટીમ ટ્રોફીનો દાવો કરશે. ભારતીય ટીમ ફક્ત શ્રેણી જીતવા પર જ નહીં, પરંતુ રોહિત શર્મા અને વિરાટ કોહલીની ઐતિહાસિક સિદ્ધિને યાદગાર બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે. જો બંને બેટ્સમેન મોટી ભાગીદારી કરવામાં સફળ થાય છે, તો ભારતનો શ્રેણી જીતવાનો માર્ગ સરળ બની શકે છે. આ લોર્ડ્સ મેચ ક્રિકેટ ચાહકો માટે ઘણી રીતે ખાસ રહેશે. એક તરફ, શ્રેણીના વિજેતાનો નિર્ણય થશે, જ્યારે બીજી તરફ, ભારતીય ક્રિકેટની સૌથી સફળ જોડીમાંની એક, રોહિત શર્મા અને વિરાટ કોહલી, તેમના નામે એક રેકોર્ડ નોંધાવશે, જે આવનારા વર્ષો સુધી યાદ રહેશે.

## નિવૃત્તિની અટકળો વચ્ચે રોહિત-વિરાટના સમર્થનમાં ઉતરી અમીષા પટેલ

(એજન્સી દ્વારા)



નવીદિલ્હી : જ્યારથી ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડના પ્રવાસે ગઈ છે, ત્યારથી ત્યાંથી અનેક આંચકાજનક સમાચારો સામે આવી રહ્યા છે. ટી૨૦ મેચમાં ભારતની હાર થઈ હતી, તો વન-ડેમાં પણ ટીમ કપરી સ્થિતિનો સામે કરી રહી છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે ક્રિકેટ ચાહકો માટે સૌથી આંચકાજનક અહેવાલ રોહિત શર્મા અને વિરાટ કોહલીની નિવૃત્તિને લઈને સામે આવ્યા છે. અટકળો મુજબ, ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે લૉર્ડ્સ મેદાનમાં રમાનારી ત્રીજી વન-ડે રોહિત શર્માની છેલ્લી મેચ હોઈ શકે છે. હવે આ મામલે બોલિવૂડ અભિનેત્રી અમીષા પટેલે રોહિત અને કોહલીના સમર્થનમાં મહત્ત્વની વાત કરી છે. રોહિત શર્મા ૨૦૨૭નો વનડે વર્લ્ડ કપ નહીં રમે તેવી અટકળો અને વિરાટ-ગંભીર વચ્ચે અણબનાવના અહેવાલો વચ્ચે બોલિવૂડ એક્ટ્રેસ અમીષા પટેલ સીનિયર ખેલાડીઓના પક્ષમાં આવી છે. અમીષાએ સોશિયલ મીડિયા પર લખ્યું, "હું લાંબા સમયથી આ બધું જોઈ રહી હતી.

## એક જ મેચમાં ૪ ઐતિહાસિક રેકોર્ડ્! કિંગ કોંગલીએ સચિન-દ્રવિડને પછાડીને રચ્યો ઈતિહાસ

(એજન્સી દ્વારા)



લંડન : ઈંગ્લેન્ડ સામે સોફિયા ગાર્ડન્સ ખાતે રમાઈ રહેલી વનડે સિરીઝની બીજી મેચમાં ભલે ભારતીય ટીમ મોટો સ્કોર ન કરી શકી, પરંતુ રન મશીન વિરાટ કોહલીએ પોતાની શાનદાર ઈનિંગ્સના જોરે વિશ્વ ક્રિકેટમાં ઈતિહાસ રચી દીધો છે. કોહલીએ ૬૬ બોલમાં ૮ ચોગ્ગાની મદદથી ૬૫ રનની ઈનિંગ્સ રમીને એક સાથે ક્રિકેટ જગતના અનેક મોટા કીર્તિમાન પોતાના નામે કરી લીધા છે.

વિરાટ કોહલી હવે જીઈદ્ગછ દેશો (સાઉથ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા) વિરુદ્ધ વનડેમાં સૌથી વધુ અડધી સદી ફટકારનાર ભારતીય બેટ્સમેન બની ગયો છે. સેના દેશો સામે આ કોહલીની ૩૦મી ફિફ્ટી હતી. આ યાદીમાં તેણે રાહુલ દ્રવિડ (૨૯ ફિફ્ટી) અને સચિન તેંડુલકર (૨૫ ફિફ્ટી) ને પાછળ છોડી દીધા છે.

વિરોધી ટીમના ઘરઆંગણે (અવે મેચોમાં) સૌથી વધુ વનડે રન બનાવવાની વૈશ્વિક યાદીમાં પણ વિરાટ કોહલી ટોચ પર પહોંચી ગયો છે. આ મામલામાં કોહલીએ શ્રીલંકાના દિગ્ગજ કુમાર સંગાકારાને પછાડ્યો છે.વિરાટ કોહલી: ૫,૫૩૮ રન

આ શાનદાર ઈનિંગ્સની મદદથી વિરાટ કોહલીએ વિદેશી ધરતી પર વનડે ફોર્મેટમાં પોતાના ૮,૦૦૦ રન પણ પૂરા કરી લીધા છે. તે વિદેશમાં આ સિદ્ધિ મેળવનારો ત્રીજો ભારતીય ખેલાડી બન્યો છે. આ પહેલા માત્ર સચિન તેંડુલકર (૧૧,૪૫૦ રન) અને સૌરવ ગાંગુલી (૮,૧૧૧ રન) જ આ મુકામ સુધી પહોંચી શક્યા છે. આ સિવાય કોહલી ઈંગ્લેન્ડ સામે સૌથી વધુ ૩૩ વખત ૫૦+ સ્કોર બનાવનારો વિશ્વનો પ્રથમ બેટ્સમેન બની ગયો છે.

## ટી૨૦ ફ્રેન્ચાઈઝીના ભારતીય માલિકની ધરપકડ, વિદેશી લીગમાં ખેલાડીને લાંચ-રૂશ્વત આપવાનો આરોપ!

(એજન્સી દ્વારા)



કોલંબો : શ્રીલંકાની સ્પોર્ટ્સ એન્ટી-કરપ્શન યુનિટે એક ભારતીય ક્રિકેટરની ધરપકડ કરી છે. આ મામલો લંકા પ્રીમિયર લીગ સાથે સંબંધિત છે, જેમાં ભારતના પૂર્વ અંડર-૧૯ ક્રિકેટર મનજોત કાલરા જાફના કિંગ્સ ફ્રેન્ચાઈઝીના સહ-માલિક છે. તેમના પર એક ખેલાડીને લાંચ-રૂશ્વત આપવાનો આરોપ લાગ્યો હતો. મનજોત કાલરાની ધરપકડ લંકા પ્રીમિયર લીગની આગામી સીઝન શરૂ થાય તેના બરાબર પહેલાં કરવામાં આવી છે. રમતગમત સાથે સબંધિત ગુનાઓ પર લગામ કસવા માટે એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન યુનિટની રચના કરવામાં આવી હતી. આ યુનિટે મનજોતને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યો હતો. શ્રીલંકન પોલીસનું કહેવું છે કે, ૨૭ વર્ષીય મનજોતે લંકા પ્રીમિયર લીગની સિઝન શરૂ થવાના લગભગ ૧૦ દિવસ પહેલા ખેલાડીને લાંચ-રૂશ્વત આપવાનો પ્રયાસ કર્યો હતો. કહેવાતા ખેલાડીએ આ અંગે ઉચ્ચ અધિકારીઓને જાણ કરી, ત્યારબાદ તપાસ શરૂ થઈ અને શુક્રવારે ભારતીય ક્રિકેટરની ધરપકડ કરી લેવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે, ક્રિકેટર ભાનુકા રાજપક્ષા, અવિષ્કા ફર્નાંડો અને દુનિથ વેલાલાગે આ મામલે ફરિયાદ નોંધાવી હતી, જે લંકા પ્રીમિયર લીગમાં જાફના કિંગ ટીમનો હિસ્સો છે. આ પહેલીવાર નથી કે જ્યારે લંકા પ્રીમિયર લીગના કારણે ક્રિકેટની રમત કલંકિત થઈ હોય. આ જ વર્ષે અન્ય ફ્રેન્ચાઈઝીના માલિકે એક ખેલાડીને મેચ ફિક્સિંગમાં સામેલ કરવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારબાદ તેના પર ૪ વર્ષનો પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. મનજોત કાલરાની વાત કરીએ તો તે અંડર-૧૯ વર્લ્ડ કપની ફાઈનલમાં ટીમ ઈન્ડિયા માટે સદી ફટકારી ચૂક્યો છે. તેણે અંડર-૧૯ વર્લ્ડ કપ ૨૦૧૮ની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે અણનમ ૧૦૧ રન બનાવ્યા હતા. આ એ જ વર્લ્ડ કપ હતો જેમાં શુભમન ગિલ અને પૃથ્વી શોએ પણ ટીમ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

## ૭ પરાજય, એક સમાન ભૂલ, ટીમ ઈન્ડિયાની ઓલરાઉન્ડર ફોર્મ્યૂલા ફ્લોપ, પસંદગી પર ઊઠ્યા સવાલ



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : યુરોપ પ્રવાસ પર ટીમ ઈન્ડિયાની સતત સતત નિષ્ફળતાએ માત્ર ખેલાડીઓના પ્રદર્શન પર જ નહીં, પરંતુ ટીમ સિલેક્શન અને મેનેજમેન્ટની વિચારસરણી પર પણ ગંભીર સવાલો ઉભા કર્યા છે. છેલ્લી ૯ આંતરરાષ્ટ્રીય મેચમાં હારી ચૂકેલી ભારતીય ટીમની સૌથી મોટી નબળાઈ હવે સ્પષ્ટપણે દેખાવા લાગી છે. વિદેશી પરિસ્થિતિઓમાં વધારાના બેટ્સમેનોને બદલે ઓલરાઉન્ડરો પર જરૂર કરતા વધુ ભરોસો ભારતને સતત ભારે પડી રહ્યો છે. ભારતીય ક્રિકેટની ઓળખ હંમેશા મજબૂત બેટિંગ રહી છે. પરંતુ હેરાન કરનારી વાત એ છે કે ઈંગ્લેન્ડ જેવા પ્રવાસ પર ટીમ ઈન્ડિયાની વન-ડે ટીમમાં એક પણ વધારાનો વિશેષજ્ઞ બેટ્સમેન હાજર નથી. તેના બદલે ટીમ મેનેજમેન્ટે એવા ઓલરાઉન્ડરો પર વિશ્વાસ વ્યક્ત કર્યો જેઓ ન તો બેટથી મેચ ફિનિશ કરી રહ્યા કે ન તો બોલથી મોટી અસર છોડી રહ્યા છે. આ સમગ્ર મામલે અક્ષર પટેલને ટીકાથી દૂર રાખી શકાય છે. તેણે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ત્રણેય ફોર્મેટમાં પોતાને સાબિત કર્યો છે. પરંતુ વોશિંગ્ટન સુંદર અને શિવમ દુબે સતત અપેક્ષાઓ પર ખરા ઉતરવામાં નિષ્ફળ રહ્યા છે. જો હાર્દિક પંડ્યા ફિટ હોત અને ટીમનો ભાગ હોત તો કદાચ આ બંનેમાંથી કોઈ એકને પણ પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન ન મળ્યું હોત. આ જ બાબત હવે ટીમ સિલેક્શન પર સવાલો ઉભા કરી રહી છે. કાર્ડિફ વન-ડેમાં ભારત મજબૂત સ્થિતિમાં હતું. ૩૨મી ઓવરમાં વિરાટ કોહલી ૬૫ રન બનાવીને આઉટ થયો ત્યાં સુધીમાં ટીમનો સ્કોર ૧૭૮/૪ હતો. તે સમયે એવું લાગી રહ્યું હતું કે ભારત સરળતાથી ૩૦૦ રન સુધી પહોંચી જશે. પરંતુ આ પછી આખી બેટિંગ પડી ભાંગી. વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ અને શિવમ દુબે જેવા ઓલરાઉન્ડરો ફાસ્ટ બોલરો સામે ટકી નહોતા શક્યા. પરિણામ એ આવ્યું કે આખી ટીમ ૪૪ ઓવરમાં માત્ર ૨૩૩ રન પર જ સમેટાઈ ગઈ. આ જ એ સમય હતો, જ્યારે મેચ ઈંગ્લેન્ડના પક્ષમાં ગઈ. કાર્ડિફની પિચ પર જોફ્રા આર્ચર અને સાકિબ મહમૂદે ભારતીય મિડલ ઓર્ડરની ટેકનિકની કસોટી કરી અને તેમાં બેટ્સમેનો ફેલ સાબિત થયા. વોશિંગ્ટન સુંદરને હેમસ્ટ્રિંગમાં ખેંચ આવ્યા બાદ શોર્ટ બોલ પર વિકેટકીપર જોસ બટલરના હાથે કેચ આઉટ થઈ ગયો. આર્ચરના બાઉન્સર પર અક્ષર પટેલે અપર કટ રમવાનો પ્રયાસ કર્યો અને વિકેટ ગુમાવી દીધી. શિવમ દુબે ખાતું ખોલાવ્યા વગર જ કૉટ એન્ડ બોલ્ડ થઈ ગયો. ત્રણેય બેટ્સમેન એ સમયે ઈનિંગ્સ સંભાળવામાં નિષ્ફળ રહ્યા, જ્યારે ટીમને તેની સૌથી વધુ જરૂર હતી. શિવમ દુબેના સિલેક્શન પર સૌથી વધુ સવાલો ઉઠી રહ્યા છે.

## 'ઉડને કી આશા' શોમાં ૭-વર્ષનો લીપ આવશે

(એજન્સી દ્વારા)

મુંબઈ : એક દિલ તોડનારી ખોટ, એક જીવન બદલાવી નાખે તેવું રહસ્ય અને એક એવો લીપ જે બધું બદલાવી દે છે. 'ઉડને કી આશા' શો હવે સાત વર્ષના લીપ સાથે એક ભાવનાત્મક નવા અધ્યાયમાં પ્રવેશવા જઈ રહ્યો છે. સાઈલી અને રોશનીની પ્રેગ્નન્સી દરમિયાન થયેલી મેડિકલ ઈમરજન્સીથી જન્મ સમયે શોકિંગ બેબી સ્વેપ થાય છે, જેના કારણે સાઈલી અને સચિનને લાગે છે કે તેઓએ પોતાનું બાળક હંમેશા માટે ગુમાવી દીધું છે. તેમને ખબર નથી કે તેમનો પુત્ર જીવિત છે અને રોશની અને તેજસ દ્વારા ઉછેરાઈ રહ્યો છે. સાત વર્ષ પછી, સચિન અને સાઈલી ગણપતિપુલેમાં પોતાની દીકરી પૂર્ણા સાથે જીવન ફરીથી આગળ વધારી ચૂક્યા છે. પરંતુ જ્યારે બાળકો કેન્દ્રસ્થાને આવે છે, ત્યારે જુના રહસ્યો અને છુપાયેલા ઈરાદાઓ ફરી બહાર આવવાની ધમકી આપે છે. આગામી ટ્રેક વિશે વાત કરતાં નેહા હરસોરાએ શેર કર્યું, "જ્યારે મેં પહેલીવાર આ લીપ વિશે સાંભળ્યું, ત્યારે હું ખરેખર ભાવુક થઈ ગઈ કારણ કે આ મને યાદ અપાવ્યું કે જીવન કેટલું અનપ્રેડિક્ટેબલ હોઈ શકે છે. સાઈલીની સાત વર્ષ પછીની સફર વાંચતી એક તરફ હું એક્સાઈટેડ હતી કારણ કે દરેક એક્ટર પોતાના કેરેક્ટરના નવા ફેઝને પ્લે કરવા આતુર હોય છે.

## 'તારક મહેતા' છોડવા પર દિલીપ જોશીએ કહ્યું "વ્યૂઝ માટે ખોટી ખબર ફેલાવવામાં આવે છે"

(એજન્સી દ્વારા)



મુંબઈ : લોકપ્રિય ટેલિવિઝન શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં જેઠાલાલ ગડાનું પાત્ર ભજવનારા અભિનેતા દિલીપ જોશીએ શો છોડવાના અહેવાલોને સંપૂર્ણપણે ફગાવી દીધા છે. છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર તેમના શોમાંથી બહાર નીકળવાની અટકળો ચાલી રહી હતી. હવે અભિનેતાએ સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે તેઓ ક્યાંય જઈ રહ્યા નથી અને મીડિયાને કોઈ પણ સમાચાર પ્રકાશિત કરતાં પહેલાં તેની ચકાસણી કરવાની અપીલ કરી છે.

શુક્રવારે શોના સેટ પર યોજાયેલી એક મીડિયા મુલાકાત દરમિયાન દિલીપ જોશીએ કહ્યું, "આજકાલ લોકો માત્ર વ્યૂઝ મેળવવા માટે મનગમતી અને બનાવટી સ્ટોરી પ્રકાશિત કરે છે. મારી તમામ ન્યૂઝ એજન્સીઓ અને મીડિયા હાઉસને વિનંતી છે કે કોઈ પણ સમાચાર પ્રકાશિત કરતાં પહેલાં પ્રોડક્શન હાઉસ અથવા સંબંધિત વ્યક્તિ પાસેથી તેની સત્યતા એક વખત જરૂર ચકાસો."

છેલ્લા લગભગ ૧૮ વર્ષથી જેઠાલાલનું પાત્ર ભજવી રહેલા દિલીપ જોશીએ શોની લાંબી સફર અંગે આભાર વ્યક્ત કરતાં કહ્યું, "કોઈ કોમેડી શો સતત ૧૮ વર્ષ સુધી ચાલે, એ પોતે જ અવિશ્વસનીય વાત છે. આજે અમે ૪,૭૫૦થી વધુ એપિસોડ પૂર્ણ કર્યા છે. ભગવાનનો આભાર માનું છું કે આજે પણ અમે સૌ એ જ જુસ્સા અને ઉત્સાહ સાથે શૂટિંગ કરી રહ્યા છીએ અને લોકોને હસાવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ."

દિલીપ જોશીએ શોના નિર્માતા અસિત કુમાર મોદી અને લેખક ટીમના પ્રયાસોના પણ વખાણ કર્યા. તેમણે કહ્યું, "આટલા વર્ષો સુધી સતત નવા વિષયો પર નવી વાર્તાઓ અને એપિસોડ તૈયાર કરવાનું સરળ નથી. અસિતભાઈ અને સમગ્ર લેખક ટીમ તેના માટે ખૂબ મહેનત કરે છે. તેઓ ખરેખર પ્રશંસાને પાત્ર કામ કરી રહ્યા છે."

## ફિલ્મોમાં ૨૫ વર્ષની કેરિઅર પછી તિલોત્તમા હોરર ફિલ્મમાં જોવા મળશે


(એજન્સી દ્વારા)



મુંબઈ : તિલોત્તમા શોમ વૈવિધ્યપૂર્ણ રોલ કરવા માટે જાણીતી એક્ટ્રેસ છે. તેણે નવેમ્બર ૨૦૦૧માં 'મોનસીન વેડિંગ' ફિલ્મથી ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું હતું, હવે ઈન્ડસ્ટ્રીમાં ૨૫ વર્ષ પુરા કરી લીધાં છે. ગયા અઠવાડિયે તેની ફિલ્મ 'ઈક્કા' રિલીઝ થઈ છે, જે તેની અત્યાર સુધીમાં સૌથી કમર્શીયલ ફિલ્મ છે, જેમાં તેની સાથે સની દેઓલ અને અક્ષય ખન્ના પણ છે. ગયા વર્ષે તે 'બક્શો બોંદી અકા શેડોબોક્સ' બંગાળી ફિલ્મ સાથે પ્રોડ્યુસર પણ બની ગઈ છે. ત્યારે હવે એક ઈન્ટરવ્યુમાં પોતાની આગામી ફિલ્મ વિશે વાત કરી છે. છેલ્લા ૨૫ વર્ષમાં તિલોત્તમાએ લગભગ દરેક પ્રકારની ફિલ્મોમાં કામ કર્યું છે, પરંતુ એક જ પ્રકારની ફિલ્મ બાકી રહી છે – હોરર ફિલ્મ. આ અંગે તેણે કહ્યું, "તમે સાચું કહો છો. મેં હજી સુધી કોઈ હોરર ફિલ્મ કરી નથી. જોકે મેં એક હોરર ફિલ્મ આત્મામાં ૨૦૧૩માં કેમિયો કર્યો હતો.

## ૮ કલાકના કામની માગ કરનાર દીપિકા 'રાકા' માટે આખી રાત શૂટ કરે છે

(એજન્સી દ્વારા)



મુંબઈ : દીપિકા પાદુકોણ પોતાના આગામી મેગા પ્રોજેક્ટ 'રાકા'નું શૂટિંગ મેટરનિટી લીવ પર જતાં પહેલાં પૂરું કરવા માટે સતત મહેનત કરી રહી હોવાનો એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે.આ અંગેના અહેવાલ મુજબ, ગર્ભાવસ્થાના અંતિમ તબક્કામાં હોવા છતાં દીપિકા રોજ શૂટિંગ કરી રહી છે અને ફિલ્મનાં શિડ્યુલને સમયસર પૂરુ કરવાનો પ્રયત્ન કરી રહી છે.

આ અહેવાલ અનુસાર, દીપિકા માત્ર નિયમિત શૂટિંગ જ નહીં પરંતુ ફિલ્મના પડકારજનક એક્શન સિક્વન્સનું પણ શૂટિંગ કરી રહી છે. સાથે જ તે ઘરે પોતાની દોઢ વર્ષની પુત્રીની સંભાળ પણ રાખી રહી હોવાનું જણાવાયું છે.એક તરફ દીપિકાએ ભૂતકાળમાં આઠ કલાક કામ કરવાની માગ કરેલી અને તેના કારણે તેને સ્પિરિટ અને કલકી જેવી બે મોટી ફિલ્મ છોડવી પડી તેના કારણે સમગ્ર ઈન્ડસ્ટ્રીમાં આઠ કલાકના કામની ઘણી ચર્ચા હતી. હવે આ અહેવાલમાં ફિલ્મના એક ક્રુ મેમ્બરના હવાલાથી જણાવાયું છે કે દીપિકા મેટરનિટી લીવ પહેલાં ફિલ્મનું કામ પૂરુ કરવા માટે પ્રતિબદ્ધ છે.

ક્રુ મેમ્બરે કહ્યું, "માતૃત્વ રજા પહેલાં ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કરવા માટે દીપિકા દરેક શક્ય પ્રયાસ કરી રહી છે. ફિલ્મના કેટલાક એક્શન સીન ખુબ જ પડકારજનક અને થકવી નાખે એવા છે, છતાં તેણે તમામ દૃશ્યો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે." તેમણે વધુમાં ઉમેર્યું, "સેટ પર દીપિકાની મહેનત અને સમર્પણ દરેક માટે પ્રેરણારૂપ છે.

## ધુરંધર સાથે સરખામણીથી આલ્ફાને બોક્સ ઓફિસ પર નુકસાન થયાની ચર્ચા


(એજન્સી દ્વારા)





મુંબઈ : યશરાજ ફિલ્મની પહેલી ફિમેલ લેડ સ્પાય યુનિવર્સ ફિલ્મ સામે ઘણી અપેક્ષાઓ હતી, પરંતુ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કોઈ કમાલ બતાવી શકી નથી. તેની પાછળ નિષ્ણાતો તેની ધુરંધર સાથેની સરખામણીને કારણ માને છે. ધુરંધર આવ્યા પછી ઓડિયન્સનો ટેસ્ટ ઘણો બદલાઈ ગયો છે. એક ઈન્ટરવ્યુમાં ટ્રેડ એક્સપર્ટ તરણ આદર્શે જણાવ્યું, "ધુરંધર પછીસ સ્પાય થ્રિલર ફિલ્મો પ્રત્યેની વિચારસરણી, ખાસ તો પાકિસ્તાની એંગલ માટે, ખાસ બદલાઈ ગઈ છે. લોકોનાં વિચારો બદલાઈ ગયાં છે અને એ એમના પ્રતિસાદમાં દેખાય પણ છે." જ્યારે ટ્રેડ એનાલિસ્ટ અતુલ મોહને એક નિવેદનમાં જણાવ્યું છે, "સ્પાય યુનિવર્સ માટે કેટલીક નકારાત્મકતા ફેલાયેલી છે. ઈન્ટરનેટ પર કેટલાક ચોક્કસ જૂથ આ ફિલ્મને ખરાબ ચીતરવાના સતત પ્રયત્ન કરે છે. એમનો દાવો છે કે આ ફિલ્મમાં પાકિસ્તાન તરફ કૂણું વલણ રખાયું છે.

## અર્જુન બિજલાનીએ મૌની રોય સાથેના ડેટિંગની વાતને અફવા ગણાવી

(એજન્સી દ્વારા)





મુંબઈ : ટેલિવિઝન એક્ટર અર્જુન બિજલાનીએ મૌની રોય સાથે જોડાયેલી ડેટિંગની અફવાઓ પર મૌન તોડ્યું છે. સોશિયલ મીડિયા પર બંને ડિનર માટે સાથે જોવા મળ્યા બાદ તેમનાં સંબંધોને લઈને અનેક અટકળો શરૂ થઈ હતી. જોકે અર્જુને આ તમામ દાવાઓને પાયાવિહોણા ગણાવીને સ્પષ્ટ કર્યું છે કે લાંબા સમયની મિત્રતાને પ્રેમ સંબંધ તરીકે રજૂ કરવું યોગ્ય નથી.

અર્જુને પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરીને કેટલાંક ક્લિકબેઈટ પેજ અને ગોસિપ ફેલાવનારાઓની ટીકા કરી છે. તેણે લખ્યું, "પ્રિય ક્લિકબેઈટ પેજીસ, ૧૫ વર્ષથી વધુ સમયથી મિત્ર રહેલા બે લોકો માત્ર કોઈ ગોસિપ પેજને હેડલાઈન જોઈએ એટલે અચાનક કપલ બની જતાં નથી. ક્યારેક લોકો માત્ર મિત્ર તરીકે એકબીજાની સાથે ઊભા રહે છે, ખાસ કરીને જ્યારે કોઈ મિત્ર મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો હોય. દરેક મિત્રતાને વ્યૂઝ માટે રોમેન્ટિક એંગલ આપવાની જરૂર નથી. કંઈ પણ પ્રકાશિત કરતાં પહેલાં હકીકતોની ચકાસણી કરવી જરૂરી છે. આપણે જે વાતો લોકો સુધી પહોંચાડીએ છીએ તેનાં પ્રત્યે જવાબદાર બનવું જોઈએ."

# બીઆઈએસ પ્રમાણિત પ્રેક્ટિસ અપનાવવાથી ગ્રાહકોનો વધુ વિશ્વાસ જીતી શકાય છે



## ફોકિઆ અને ભારતીય માનક બ્યુરો દ્વારા સેમિનાર યોજાયો

ભુજ - કચ્છઉદય : ભારતીય માનક બ્યુરો, ગાંધીધામ શાખા કાર્યાલય, ઉપભોક્તા બાબતો વિભાગ, ઉપભોક્તા બાબતો મંત્રાલય, ભારત સરકાર અને ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન્સ (ફોકિઆ)ના સંયુક્ત ઉપક્રમે ઔદ્યોગિક ગુણવત્તા અને સ્પર્ધાત્મકતા વધારવામાં માનકોની ભૂમિકા વિષય પર અર્ધ-દિવસીય સેમિનાર અને એમએસએમઈ મીટનું આયોજન ભુજ ખાતે કરવામાં આવ્યું હતું. ફોકિઆ અને બીઆઈએસના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા આ સેમિનારનો મુખ્ય હેતુ ઉદ્યોગોને બીઆઈએસ ધોરણો, પ્રમાણપત્ર પ્રક્રિયા, ગુણવત્તા અનુપાલન તથા પ્રમાણિત પ્રેક્ટિસ અપનાવવાના લાભો અંગે જાગૃત કરવાનો હતો. આ દ્વારા ઉત્પાદનની ગુણવત્તામાં વધારો કરી ગ્રાહકોનો વિશ્વાસ વધુ મજબૂત બને તેમજ ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા વધે તેવો હેતુ હતો.

સેમિનારમાં ફોકિઆ તરફથી માન ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા લિમિટેડના એવીપી સંતોષ તિવારીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. બીઆઈએસ ગાંધીધામ શાખાના સાયન્ટિસ્ટ-ઈ અને હેડ રિતુરાજ સિંહે ઉત્પાદન ગુણવત્તા, ગ્રાહક સુરક્ષા તથા નિયમનકારી અનુપાલનમાં બીઆઈએસ ધોરણોના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. બીઆઈએસના સાયન્ટિસ્ટ-બી વિશાલ ગોદારાએ બીઆઈએસ લાઈસન્સ મેળવવાની પ્રક્રિયા તથા એમએસએમઈ માટે બીઆઈએસ પ્રમાણપત્રના લાભો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે એમએસએમઈ એકમોને ગુણવત્તાયુક્ત ઉત્પાદનોના ઉત્પાદન માટે પ્રોત્સાહિત કર્યા હતા. બીઆઈએસના ગ્રેજ્યુએટ એન્જિનિયર ટ્રેની કરમદીપ જાડેજાએ ચાઈના ક્લે અને બેન્ટોનાઈટની તકનીકી વિગતો અંગે માહિતીપ્રદ સત્ર રજૂ કર્યું હતું. સેમિનારમાં રિતુરાજ સિંહના સંચાલનમાં ઈન્ટરેક્ટિવ પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેમાં ઉપસ્થિત પ્રતિનિધિઓએ બીઆઈએસ પ્રમાણપત્ર અને લાઈસન્સિંગ પ્રક્રિયા અંગે વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા. એક પ્રશ્નના જવાબમાં રિતુરાજ સિંહે સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં બીઆઈએસ પ્રમાણપત્ર અથવા લાઈસન્સ ફરજિયાત નથી ત્યાં તે મેળવવાની કોઈ કાનૂની આવશ્યકતા નથી. તેમ છતાં તેમણે ઉદ્યોગોને સ્વૈચ્છિક રીતે પ્રમાણપત્ર મેળવવા અથવા તેનું નવીનીકરણ કરાવવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે તેનાથી ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાય છે, ગ્રાહકોનો વિશ્વાસ વધે છે, વ્યવસાયિક વિશ્વસનીયતા મજબૂત બને છે અને બજારમાં સ્પર્ધાત્મક લાભ પ્રાપ્ત થાય છે.સેમિનારનું સંચાલન બીઆઈએસના સાયન્ટિસ્ટ-સી અભિષેકે કર્યું હતું. ફોકિઆના સિનિયર એક્ઝિક્યુટિવ શિવાની ભગતે આભારવિધિ વ્યક્ત કરતાં તમામ મહેમાનો, વક્તાઓ, બીઆઈએસના અધિકારીઓ તથા સહભાગીઓનો આભાર માન્યો હતો. તેમણે ફોકિઆની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે, સંસ્થા ગુણવત્તા ધોરણોને પ્રોત્સાહન આપતા આવા કાર્યક્રમોનું આયોજન સતત કરતી રહેશે તથા ઉદ્યોગોના ટકાઉ વિકાસમાં યોગદાન આપતી રહેશે. કાર્યક્રમમાં વિવિધ ઉદ્યોગોના આશરે ૫૦ જેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. સેમિનારના આયોજનમાં ફોકિઆના જુનિયર એક્ઝિક્યુટિવ પારસ સવાણી અને ઓમ સોનીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# નેત્રા પંથકના છાત્રોને ઘર આંગણે મળશે ઉચ્ચ શિક્ષણની સુવિધા

નખત્રાણા - કચ્છ ઉદય : તાલુકાના નેત્રા (માતાજી) ખાતે કચ્છ યુનિવર્સિટી દ્વારા કોલેજ એક્સ્ટેન્શન સેન્ટરને ખુલ્લું મુક્તા કુલપતિ ડૉ. મોહન પટેલે કહ્યું કે, આ સેન્ટર ખુલ્લું મુકાતા આસપાસના ગામડાની દીકરીઓને ઘર આંગણે ઉચ્ચ શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થશે. ગામડાની દીકરીઓને નજીકમાં જ અભ્યાસની તક મળતા ઉચ્ચ શિક્ષણક્ષેત્રે આ પંથકમાં સોનાનો સુરજ ઉગશે.

ગ્રામ્ય શિક્ષણના ક્ષેત્રે ઐતિહાસિક ગણાય તેવા મહત્વપૂર્ણ પગલાંરૂપે નેત્રા ગામે સારસ્વતમ સંચાલિત હાઈસ્કૂલ ખાતે ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના નેત્રા એક્સ્ટેન્શન સેન્ટરનો ઉદ્ઘાટન સમારોહ કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મોહન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ મંચસ્થ મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નેત્રાના સરપંચ બહાદુરસિંહ જાડેજાએ ઉપસ્થિત મહાનુભાવો અને મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ સ્વાગત ગીત રજૂ કરીને સમગ્ર કાર્યક્રમને ભાવસભર બનાવ્યો હતો. ત્યારબાદ આમંત્રિત મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.

શિવજીભાઈ સીજુએ જણાવ્યું હતું કે, સતત બે વર્ષના અથાક પરિશ્રમ અને વિવિધ સ્તરે કરવામાં આવેલા પ્રયત્નોના પરિણામે નેત્રા ગામને એક્સ્ટેન્શન સેન્ટરની ભેટ મળી છે, જે સમગ્ર વિસ્તાર માટે ગૌરવની બાબત છે. તેમણે જણાવ્યું કે આ સેન્ટર ગ્રામ્ય વિસ્તારની દીકરીઓ માટે



## નેત્રા (માતાજી) ખાતે કચ્છ યુનિવર્સિટીનું કોલેજ એક્સ્ટેન્શન સેન્ટર ખુલ્લું મુકાયું

ઉચ્ચ શિક્ષણના નવા દ્વાર ખોલશે અને શિક્ષણ ક્ષેત્રે સીમાચિહ્નરૂપ સાબિત થશે. ડૉ. રામ સોંદરવા, ડૉ. અનિલ ગોર, ઈશાકભાઈ સંગાર, અશ્વિનભાઈ રૂપારેલ, રામભા જાડેજા, મૌલિકભાઈ દોશી સહિતના મહાનુભાવોએ ઉચ્ચ શિક્ષણનું મહત્વ અને ગ્રામ્ય વિસ્તારમાં એક્સ્ટેન્શન સેન્ટરની આવશ્યકતા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

કુલપતિ ડૉ. મોહન પટેલે કહ્યું હતું કે આ વિસ્તાર કેળવણી કારોની ધરતી છે. આવતા વર્ષથી નેત્રાને સરકારી કોલેજ મળે તેની પુરી સંભાવના છે. બસ પ્રયત્ન કરવાની જરૂર છે. વધુમાં તેમણે કહ્યું હતું કે દીકરી તમે ઉચ અભ્યાસ માટે હઠ પકડજો, હું કચ્છનો છું અને કચ્છ સાથે નાતો છે. એટલે શિક્ષણ ક્ષેત્રે ખુટતી કડી પુરીને શિક્ષણ ક્ષેત્રે ચિંતા વ્યક્ત કરી હતી. આવનાર સમયમાં કચ્છમાં ૨૦ જેટલા એક્સટેન્શન સેન્ટર ખુલ્લા મુકવાની નેમ વ્યક્ત કરી હતી. ગુજરાતમાં નર્સિંગ કાઉન્સિલની પરીક્ષામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર જીગ્નાબેન બલિયાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત નેત્રા એક્સ્ટેન્શન સેન્ટર શરૂ કરવા માટે સતત બે વર્ષ સુધી પ્રયત્નશીલ રહેલા સરપંચ બહાદુરસિંહ જાડેજા, હારૂનભાઈ કુંભાર અને શિવજીભાઈ સીજુનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. વાલી મંડળ દ્વારા એક્સ્ટેન્શન સેન્ટર શરૂ કરવામાં મહત્વની ભૂમિકા ભજવનાર યુવાનો તેમજ કચ્છ યુનિવર્સિટીના હોદ્દેદારોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કોલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓએ કચ્છ યુનિવર્સિટીના હોદ્દેદારો અને સારસ્વતમ પરિવારને પ્રશંસાપત્ર અર્પણ કરીને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. સાથે જ તમામ પ્રવેશાર્થી વિદ્યાર્થિનીઓનું ગુલાબનું ફૂલ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. કુલપતિ ડૉ. મોહન પટેલ તથા અન્ય મહાનુભાવોના હસ્તે રિબન કાપીને કોલેજ એક્સ્ટેન્શન સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અનિલભાઈ રાજગોર, બીઆરસી રામુભા વી. જાડેજા, સારસ્વતમ્ સંસ્થાના પ્રમુખ વિજયાલક્ષ્મીબેન શેઠ, શ્રી મૌલિકભાઈ, ડૉ. રામ સોંદરવા, અશ્વિન રૂપારેલ વગેરે અગ્રણીઓ કન્યા કેળવણીપર ભાર મૂક્યો હતો અને ૪૦ જેટલી કન્યાને ઉચ્ચ શિક્ષણનો લાભ મળશે તેમ કહ્યું હતું. તા.પં. પ્રમુખ ભારતીબેન ગોસ્વામી, જિ.પં. ના સદસ્ય નેહાબેન રૂપારેલ, તા.પં. કલ્પેશભાઈ સચદે, ઓસ્માણભાઈ સુમરા, પૂજાબેન ભરતભાઈ વાઘેલા, કરણભાઈ રબારી (ભાડરા), તા.કે.નિ. ગૌતમભાઈ ચૌધરી, ચેતન બોરડ, નિતિનભાઈ ગોસ્વામી, તુષાર ગોસ્વામી, જયંતીભાઈ પરમાર, ઈશ્વરદાન ગઢવી, રાણાભાઈ રબારી, મામદભાઈ ખત્રી, જયેન્દ્રસિંહ જાડેજા તા. પં. પ્રમુખ અબડાસા, ગ્રા.પં. ના સરપંચ બહાદુરસિંહ જાડેજા, ઉપસરપંચ રસિકભાઈ માકાણી, મેહૂલભાઈ ચારણ, સુખદેવસિંહ સોઢા, શિવજીભાઈ સીજુ, ધરમશી પટેલ, જેઠાભાઈ પટેલ, શંકરભાઈ પટેલ, હરેશ ગંગારામ ઠક્કર, મયૂરભાઈ ઠક્કર, મંગલભાઈ રબારી, અબ્દુલભાઈ કાઠી, ગુલામ બારાચ, શેખરગિરિ ગોસ્વામી, દિપકભાઈ, રણજીતસિંહ સોઢા, કરશનજી સોઢા, કાનજીભાઈ ગંઢેર, દિનેશ વાઘેલા, હરિભાઈ ચારણ, દિનેશ પરમાર, ઈશાક થૈમ, જુસબભાઈ, મનોજનાથ, દેવજીભાઈ, હારૂન કુંભાર, શિવજી સીજુ, રાજુભા સોઢા, ઓસમાણ સુમરા, કલ્પેશભાઈ સચદે, કરણભાઈ રબારી, કરશનજી સોઢા, રામભા જાડેજા, તુષારભાઈ ગોસ્વામી, ઈશ્વરદાન ગઢવી, રવાભાઈ રબારી, ભરતભાઈ વાઘેલા, જયંતિભાઈ પરમાર, કીર્તિસિંહ જાડેજા, ગુલામહુસેન બારાચ, દિનેશભાઈ વાઘેલા, મામદભાઈ ખત્રી, હરીભાઈ ચારણ, રસિકભાઈ પટેલ, ગિરીશભાઈ પરમાર, આર. કે. પરમાર, ઈશાભાઈ કુંભાર, જુસબભાઈ ખત્રી, ફકીરમામદ કુંભાર, મંગલભાઈ રબારી, દેવજી ગાડિયા, દીપકભાઈ દવે, હિંમતભાઈ સાધુ, ઈકબાલ ખત્રી, ગોવિંદ ગંઢેર, વિજય સીજુ, બાબુભાઈ લુહાર, હરેશ ભટ્ટી, જ્યોતિબેન ભાવાણી સહિત ગ્રા. પં.ની ટીમ ઉપરાંત શિક્ષણ પ્રેમી, વાલીઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન વિશ્રામભાઈ ગિલવાએ અને આભારવિધિ હારૂનભાઈ કુંભારે કરી હતી.

# કચ્છમાં આ શિયાળે ફ્લેમિંગો અને રોઝી પેલિકન ઓછાં આવવાની ભીતિ



યુદ્ધ અને અપૂરતા વરસાદથી સીઝન જોખમમાં

ભુજ - કચ્છઉદય : રણપ્રદેશ કચ્છની ભૌગોલિક ઓળખ સમાન ફ્લેમિંગો (સુરખાબ) અને રોઝી પેલિકનની યાયાવર સીઝન પર આ વર્ષે મોટું જોખમ તોળાઈ રહ્યું છે. શિયાળાનો પ્રારંભ થઈ ચૂક્યો હોવા છતાં કચ્છના આકાશમાં હજુ સુધી અપેક્ષા મુજબના વિદેશી પક્ષીઓ જોવા મળ્યા નથી.

પર્યાવરણવિદો અને વન વિભાગના અધિકારીઓના મતે, આ વર્ષે રોઝી પેલિકન અને ફ્લેમિંગો બંનેની સંખ્યામાં ૪૦થી ૫૦ ટકા જેટલો મોટો ઘટાડો થવાની આશંકા સેવાઈ રહી છે, જેને પગલે સ્થાનિક ઈકો-ટુરિઝમ ઉદ્યોગ ભારે ચિંતામાં મુકાયો છે. સામાન્ય રીતે દર વર્ષે ઓક્ટોબરના અંતથી ફેબ્રુઆરી દરમિયાન હજારો કિલોમીટર દૂરથી વિદેશી મહેમાનો કચ્છના આંગણે પધારે છે. જેમાં રોઝી પેલિકન કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને રશિયાના દક્ષિણ ભાગમાંથી આશરે ૩૫૦૦ થી ૪૦૦૦ કિલોમીટરની લાંબી સફર ખેડીને ભુજના ઐતિહાસિક હમીરસર તળાવ, ખિજડિયા અને નળ સરોવર ખાતે ધામા નાખે છે. જ્યારે ફ્લેમિંગો ઈરાન, અફઘાનિસ્તાન અને ભારતના અન્ય ભીના પ્રદેશોમાંથી આવીને કચ્છના નાના રણમાં આવેલા પ્રખ્યાત 'ફ્લેમિંગો સિટી'માં પ્રજનન માટે માળા બાંધે છે. એશિયાની સૌથી મોટી ફ્લેમિંગો કોલોની ધરાવતા કચ્છમાં આ વર્ષે સ્થાનિક અને વૈશ્વિક પરિબળો પ્રતિકૂળ સાબિત થઈ રહ્યા છે.

આ ચિંતાજનક પરિસ્થિતિ પાછળ સ્થાનિક સ્તરે ચોમાસાનો અપૂરતો વરસાદ મુખ્ય કારણ છે, જેના લીધે હમીરસર સહિતના જળાશયોમાં પાણીનું સ્તર નોંધપાત્ર ઘટ્યું છે. પાણી અને માછલીઓની અછતને કારણે પેલિકનને ખોરાકની તંગી વર્તાઈ રહી છે, તો બીજી તરફ રણ પ્રદેશમાં ભેજ ઓછો હોવાથી ફ્લેમિંગો માટે પ્રજનનનું સાનુકૂળ વાતાવરણ સર્જાયું નથી. આ ઉપરાંત તળાવોની આસપાસ વધતી માનવ અવરજવર, પ્રદૂષણ અને અનધિકૃત પ્રવૃત્તિઓ પક્ષીઓની શાંતિમાં ખલેલ પહોંચાડી રહી છે.

સ્થાનિક અવરોધો ઉપરાંત વૈશ્વિક સ્તરે ચાલી રહેલું રશિયા - યુક્રેન યુદ્ધ અને પશ્ચિમ એશિયાનો સંઘર્ષ પણ આ સ્થળાંતર માટે જવાબદાર છે. કાળા સમુદ્ર અને અરબી સમુદ્રમાં યુદ્ધ દરમિયાન ફોડવામાં આવેલા ટોર્પિડો તેમજ દારૂગોળાને કારણે દરિયાઈ પાણી પ્રદૂષિત થતાં પક્ષીઓના મુખ્ય ખોરાક સમાન માછલી અને પ્લેક્ટોનને વ્યાપક નુકસાન થયું છે. યુદ્ધના ધુમાડા અને ઝેરી વાયુઓને લીધે પરંપરાગત હવાઈ માર્ગો પ્રભાવિત થતાં અનેક પક્ષીઓ અધવચ્ચે જ રોકાઈ ગયા હોવાનું નિષ્ણાતોનું માનવું છે. પક્ષી નિરીક્ષકોના મતે, આ સંવેદનશીલ પક્ષીઓની ઘટતી સંખ્યા એ પર્યાવરણ અને જળાશયોની કથળતી સ્થિતિનું સૂચક છે. જો આગામી દિવસોમાં પણ સ્થિતિ નહીં સુધરે, તો કચ્છનું આકાશ ગુલાબી પાંખોની સુંદરતાથી વંચિત રહી જશે.

# વરસાદની ખેંચથી કચ્છના ડેરી ઉદ્યોગ પર સંકટ: સરહદ ડેરીમાં દૂધ સંગ્રહમાં ૨૦% ઘટાડો

**ઘાસચારાની ભારે અછતથી પશુઓનું દૂધ ઉત્પાદન ઘટ્યું : ગત વર્ષે આ સમયગાળામાં ડેરીમાં ૩.૫૦ લાખ લિટર દૂધ આવતું આજે પોણા ૩ લાખ લિટર દૂધની આવક**

### ટ્રેન મારફતે ઘાસ મોકલાવો

પશુપાલકોનું કહેવું છે કે કચ્છમાં છેલ્લે વર્ષ ૨૦૧૮માં અછત જાહેર કરવામાં આવી હતી. તે સમયે રાજ્ય સરકાર દ્વારા વલસાડથી ટ્રેન મારફતે ઘાસચારો મોકલી રાહત આપવામાં આવી હતી. હાલ પણ આવી જ સ્થિતિ ઉભી થઈ રહી હોવાથી સરકાર તાત્કાલિક ધોરણે વન વિભાગના ગોડાઉનમાં રહેલો ઘાસ પશુપાલકો માટે ઉપલબ્ધ કરાવે તેમજ અન્ય જિલ્લાઓમાંથી ટ્રેન મારફતે ઘાસચારો પહોંચાડવાની વ્યવસ્થા કરે તેવી માંગ ઉઠી રહી છે.

### ઘાસના ભાવ ૬ થી વધીને ૨૦ થયા

સુકુ ઘાસ અગાઉ ૬ રૂપિયે કિલો મળતું હતું પરંતુ હાલમાં ઘાસચારાની અછત અને ઉભી થયેલી માંગના કારણે તેના ભાવમાં પણ વધારો થયો છે. જે ઘાસ અગાઉ ૬ રૂપિયા કિલો મળતું હતું તે હાલમાં ૨૦ રૂપિયા કિલો મળી રહ્યું છે જેથી પશુપાલકો માટે આ ઘાસ ખરીદવું પણ મુશ્કેલ બની ગયું છે.

અંજાર : ચોમાસાની મધ્યમાં પહોંચ્યા છતાં કચ્છમાં સંતોષકારક વરસાદ ન વરસતાં તેની ગંભીર અસર હવે માત્ર ખેતી પૂરતી સીમિત રહી નથી, પરંતુ પશુપાલન અને ડેરી ઉદ્યોગ પર પણ સ્પષ્ટ દેખાવા લાગી છે. ઘાસચારાની ભારે અછતને કારણે જિલ્લામાં દૂધ ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. કચ્છની સૌથી મોટી સહકારી સંસ્થા સરહદ ડેરીમાં પણ ગત વર્ષની સરખામણીએ દૈનિક દૂધ સંગ્રહમાં આશરે ૨૦ ટકા ઘટાડો નોંધાયો છે. બીજી તરફ ગામડાઓમાં પશુપાલકો અને દૂધના ફેરિયાઓનું કહેવું છે કે અનેક વિસ્તારોમાં દૂધ ઉત્પાદન અગાઉની સરખામણીએ ૪૦થી ૬૦ ટકા સુધી ઘટી ગયું છે.

સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવ્યું કે, સરહદ ડેરી સાથે કચ્છ જિલ્લાના અંદાજે ૩૫ હજાર માલધારી પરિવારો જોડાયેલા છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન ડેરીને રોજના આશરે સાડા ત્રણ લાખ લિટર દૂધ મળતું હતું, જ્યારે હાલમાં તે ઘટીને પોણા ત્રણ લાખ લિટર જેટલું રહ્યું છે. વરસાદ ખેંચાઈ જતાં સમગ્ર જિલ્લામાં ઘાસચારાની ભારે અછત સર્જાઈ છે, જેના કારણે પશુઓને પૂરતું પોષણ મળતું નથી અને દૂધ ઉત્પાદનમાં ઘટાડો થયો છે. ડેરી દ્વારા પશુપાલકોને રાહત આપવા માટે ખાસ પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા છે. પંજાબમાંથી સાઈલેજ પેક કરેલું લીલું ઘાસ મંગાવવામાં આવ્યું છે, જે છ મહિના સુધી સારી સ્થિતિમાં સચવાઈ શકે છે. આ ઘાસ અગાઉ પણ મંગાવવામાં આવ્યું હતું અને હાલ પણ રાહતદરે પશુપાલકોને ઉપલબ્ધ કરાવવાની યોજના અમલમાં મુકાઈ રહી હોવાનું તેમણે જણાવ્યું હતું

દરમ્યાન કચ્છના અનેક વિસ્તારોમાં હાલ લીલો ચારો તો દૂરની વાત રહી, સૂકું ઘાસ પણ મળવું મુશ્કેલ બન્યું છે. મોટાભાગના ખેડૂતોએ વરસાદના અભાવે ખેતરો ખેડાણ કરીને રાખ્યા હોવાથી ખેતરોમાં કુદરતી ઘાસ પણ ઉપલબ્ધ નથી. પરિણામે પશુઓને પૂરતો ચારો ન મળતાં તેમની દૂધ આપવાની ક્ષમતામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. માંડવી વિસ્તારમાં દૂધની ફેરી કરતા ધંધાર્થીએ જણાવ્યું કે અગાઉ જ્યાં દરરોજ ૮૦થી ૧૦૦ લિટર દૂધ એકત્રિત થતું હતું, ત્યાં હવે માંડ ૪૦થી ૫૦ લિટર દૂધ મળી રહ્યું છે. ગ્રાહકોમાં શુદ્ધ દૂધની માંગ વધી રહી છે અને લોકો પેકેટના દૂધ કરતાં સીધું તાજું દૂધ વધુ પસંદ કરે છે, પરંતુ દૂધની અછતને કારણે નિયમિત ગ્રાહકોને પણ માંગ મુજબ દૂધ પહોંચાડવું મુશ્કેલ બન્યું છે.

ડેરી વ્યવસાય સાથે સંકળાયેલા યુવાને જણાવ્યું કે ઘાસચારાની અછતની અસર માત્ર દૂધના જથ્થા પર જ નહીં, પરંતુ દૂધના ફેટ પર પણ પડી રહી છે. પશુઓને પૂરતું પોષણ ન મળતાં ફેટ ઘટી રહ્યો છે, જેના કારણે પશુપાલકોને દૂધના યોગ્ય ભાવ મળતા નથી. એક તરફ પશુઆહાર અને જાળવણીનો ખર્ચ વધી રહ્યો છે, જ્યારે બીજી તરફ આવક ઘટતાં પશુપાલકોની આર્થિક સ્થિતિ નબળી બની રહી છે. કચ્છમાં ડેરી ઉદ્યોગ હજારો પરિવારોની આજીવિકાનો આધાર છે. જો આગામી દિવસોમાં સારો વરસાદ નહીં થાય તો ઘાસચારાનું સંકટ વધુ ગંભીર બનવાની સાથે દૂધ ઉત્પાદનમાં વધુ ઘટાડો થવાની અને પશુપાલકોની આર્થિક સ્થિતિ વધુ કથળવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## બીએલબીએસ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે અષાઢી બીજની ઉજવણી



ભુજ - કચ્છઉદય : વિદ્યાર્થીઓમાં કચ્છી સંસ્કૃતિ, પરંપરા તેમજ ભારતીય મૂલ્યો પ્રત્યે જાગૃતિ અને ગૌરવની ભાવના વિકસે તે હેતુથી ભુજ લોહાણા બોર્ડિંગ સંચાલિત હંસાબેન પોપટલાલ ઠક્કર ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે કચ્છી નવવર્ષ અષાઢી બીજની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન નર્સરી, જુનિયર કે.જી. અને સિનિયર કે.જી.ના વિદ્યાર્થીઓએ ભગવાન જગન્નાથજીને સમર્પિત આકર્ષક નૃત્ય રજૂ કર્યું હતું. ઉપરાંત ત્રણ વિદ્યાર્થીઓએ ભગવાન જગન્નાથજી, બળભદ્રજી અને સુભદ્રાજીનો વેશ ધારણ કરી મનોહર ઝાંખી રજૂ કરી હતી, જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. ધોરણ ૯ના વિદ્યાર્થીઓએ અષાઢી બીજના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્વ અંગે વક્તવ્ય રજૂ કર્યું હતું તેમજ અષાઢી બીજને સમર્પિત વિશેષ ગીત રજૂ કર્યું હતું. કાર્યક્રમના અંતે શાળાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફે સાથે મળીને ઉત્સાહભેર ગરબા રમી કચ્છી નવવર્ષની ઉજવણીમાં આનંદપૂર્વક ભાગ લીધો હતો.

# "છત્રો કી ગૂંજ" એ ફક્ત એક આંદોલન નથી, પરંતુ દરેક વિદ્યાર્થીના સપના, સંઘર્ષો અને અધિકારોનો સામૂહિક અવાજ છે




ભુજ - કચ્છઉદય : પૂર્વ કચ્છ તથા પશ્ચિમ કચ્છ જિલ્લા યુવા કોંગ્રેસ દ્વારા ગાંધીધામ ખાતે પૂર્વ કચ્છ જિલ્લા યુવક કોંગ્રેસ તરફથી બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પધારેલ સિનિયર કોંગ્રેસના આગેવાનો દ્વારા મેચ રમવા આવેલ અને જોવા પધારેલ યુવાનોના હસ્તાક્ષર કરવામાં આવ્યું હતુ. જેમાં હસ્તાક્ષર ઝુંબેશનું આયોજન કર્યું અને વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે વાર્તાલાપ કર્યો, જેમાં "છત્રોં કી ગૂંજ" ઝુંબેશને મજબૂત બનાવવાનું આહ્વાન કર્યું હતું.

આ કાર્યક્રમમાં પૂર્વ કચ્છ જિલ્લા યુવા કોંગ્રેસના પ્રમુખ મુસ્તાક સોઢા તથા પશ્ચિમ કચ્છ જિલ્લા યુવા કોંગ્રેસના પ્રમુખ રાજદીપ દેવધર તથા સિનિયર આગેવાનો પ્રદેશ મહિલા કોંગ્રેસના ઉપપ્રમુખ અમૃતદાસ ગુપ્તા, એસસીસેલ ગુજરાત પ્રદેશ મહામંત્રી કોકિલાબેન ધેડા, કેકેસી કચ્છ જિલ્લા પ્રમુખ ભરતભાઈ સોલંકી, ગાંધીધામ મહાનગર શહેર કાર્યકારી પ્રમુખ નિલેશ ભાનુશાલી, કચ્છ જિલ્લા કોંગ્રેસ મહામંત્રી ચેતનભાઈ જોશી, ગાંધીધામ શહેર પૂર્વ પ્રમુખ સંજયભાઈ ગાંધી, ગાંધીધામ તાલુકાના પૂર્વ પ્રમુખ ઓસમાણગની હાજી માંજોઠી, શબ્બીરભાઈ કુરેશી, મૃત્યુંજયદાસ ગુપ્તા, લક્ષ્મીબેન દાસરી, કિશોરભાઈ ધેડા અને યુવક કોંગ્રેસના હોદ્દેદારો, ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના મહામંત્રી જોબભાઈ, જિલ્લા મહામંત્રી શાનવાઝ વોરા, ગાંધીધામ વિધાનસભા પ્રમુખ વિશાલ ધેડા, અંજાર તાલુકા પ્રમુખ ઈડરિસ જામ દિન સૈયદ, રમેશ આહિર, તબરેઝ શેખ, અશરફ માંજોઠી, ઉસ્માન ચાયણ, અફસર શેખ, પરેશ મકવાણા, ફારૂક શેખ, ઉમર સાયચા, રેહાન અન્સારી, નસીમ શેખે જહેમત ઉઠાવી હતી.

## ભુજના વોક-વે પર જુની યાદો તાજી થઈ



ભુજનો વોક-વે વોકિંગ માટે સૌની પસંદગીનું માધ્યમ બની ગયો છે. ગઈકાલે ભુજમાં પશ્ચિમ કચ્છ જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ મનીષભાઈ બારોટ અને ભૂતપૂર્વ જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ અક્ષયભાઈ ઠક્કર વોકવે ઉપર સાથે વોકિંગ કરતા નજરે પડ્યા ત્યારે ગઈકાલ અને આજનું મિલન થયું હોય એવું દ્રશ્ય સર્જાયું હતું.


"સમાચાર વાંચવા માટે નથી સમજવા માટે છે"

જેમ પુલના છેડે ઉભા રહી સ્વીમીંગ ન શીખી શકાય – તેના માટે પુલમાં ઉતરવું જ પડે. ઊંડાણભરી ડૂબકી અખબાર જ આપી શકે.



વાંચે તે વિચારે

@RAJKOTADVERTISINGCIRCLE

ન્યુઝપેપર વાંચન ઓલ્ડ ફેશન નથી, બુદ્ધિનો ફિટનેસ ફંડા છે.

RAC RAJKOT ADVERTISING CIRCLE

જનહિતમાં જારી

# સ્પર્ધાત્મક પરીક્ષામાં અસફળ રહેલા તેજસ્વી ઉમેદવારો માટે રોજગારીના દ્વાર ખુલશે

## ગુજરાત જાહેર સેવા આયોગ તેજસ્વી ઉમેદવારો અને રોજગારીની તક વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવશે : 'અવસર' મોડ્યૂલથી જાહેર સાહસો, સહકારી વિભાગો, પ્રતિષ્ઠીત ખાનગી સંસ્થાઓમાં રોજગારીની તક સર્જાશે

ગાંધીનગર - કચ્છઉદય : ગુજરાત જાહેર સેવા આયોગે સ્પર્ધાત્મક પરીક્ષામાં અસફળ રહેલા પરંતુ તેજસ્વી હોય તેવા ઉમેદવારો માટે રોજગારીની તક ઉભી થાય તે માટે 'અવસર' મોડ્યૂલ વિકસાવ્યું છે. ગાંધીનગર ગુજરાત જાહેર સેવા આયોગના સચિવ શ્રી સુધીર પટેલે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

વિગતો આપતા જણાવ્યું હતું કે, જીપીએસસીની ભરતી પ્રક્રિયામાં ઈન્ટરવ્યૂ સુધી પહોંચેલા ઉમેદવારો પ્રિલિમ્સ અને મેઈન્સ પરીક્ષા ઉતીર્ણ કરીને ઈન્ટરવ્યૂ માટે પસંદ થયા હોય છે. એટલે કે તે ઉમેદવારો ભલે અસફળ રહ્યા પણ તે તેજસ્વી જરૂર હોય છે. આવા ઉમેદવારોને રોજગારીની તક પૂરી પાડવા માટે ગુજરાત જાહેર સેવા આયોગે આ અવસર મોડ્યૂલ વિકસાવ્યું છે. ગુજરાત અને ભારત સરકારના જાહેર સાહસો, ખાનગી કંપનીઓ, સહકારી સંસ્થાઓ વગેરેમાં રોજગારીના અવસર મળે તથા આવી સંસ્થાઓને મહેનતુ, તેજસ્વી, ખંતીલા ઉમેદવારોનું માનવ સંસાધન ઉપ્લબ્ધ બને તે હેતુથી ગુજરાત જાહેર સેવા આયોગે ભરતી પ્રક્રિયાના આખરી પરિણામોમાં અસફળ રહેલા અને પ્રતીક્ષાયાદીમાં સમાવિષ્ટ ઉમેદવરાનો વિવિધ માન્ય સરકારી ક્ષેત્રો, જાહેર સાહસો તેમ જ પ્રતિષ્ઠીત ખાનગી સંસ્થાઓમાં રોજગારીની વૈકલ્પિક અને ઉત્કૃષ્ટ તક સરળતાથી મળી રહે તે માટે આયોગ એક મધ્યસ્થીની ભૂમિકા ભજવશે.

વધુ કહ્યું હતું કે, આ યોજનાનો લાભ લેવા માટે ઉમેદવારની પૂર્વ સંમતિ અનિવાર્ય છે. જે ઉમેદવારો પોતાની વિગતો જેવી કે નામ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ અને શૈક્ષણિક લાયકાત સંબંધિત સંસ્થાઓ સાથે શેર કરવા માંગતા હોય, તેમણે GPSC Ojas Portal - https://gpsc-ojas.guja®a.gov.in/ પર જઈને ઓનલાઈન સંમતિ આપવાની રહેશે. સુરક્ષાના ભાગરૂપે આ પ્રક્રિયામાં OTPની વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે તા. ૧ જુલાઈ, ૨૦૨૬ પહેલા પૂર્ણ થયેલી ૪૧૫ કરતાં વધુ વર્ગ-૧ અને ૨ ની ભરતીના આખરી પરિણામમાં અસફળ કે પ્રતીક્ષાયાદીના ૧૮ હજાર કરતાં વધુ ઉમેદવારો આ મોડ્યુલ પર જઈને સંમતિ પત્રક સબમિટ કરી શકે છે. વધુમાં, ભવિષ્યની ભરતીઓમાં ઉમેદવારોને ફોર્મ ભરતી વખતે જ આ સંમતિ આપવાનો વિકલ્પ આપવામાં આવશે. GPSC દ્વારા વહીવટી, તબીબી, શૈક્ષણિક અને ટેકનિકલ કેડર મુજબ ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો છે. માહિતીની સુરક્ષા બાબતે આયોગ ખૂબ જ ચુસ્ત છે, તેમ જણાવતા સચિવશ્રીએ કહ્યું કે, ઉમેદવારોનો ડેટા મેળવનાર સંસ્થા તેનો ઉપયોગ માત્ર રોજગારી આપવા સિવાય અન્ય કોઈ હેતુ માટે કરી શકશે નહીં, અને આ ડેટાની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે. આયોગ માત્ર યોગ્ય સરકારી વિભાગો, PSUs અને માન્ય ખાનગી કંપનીઓને જ નિયંત્રિત એક્સેસ આપશે. વધુમાં, GPSC માત્ર એક 'માધ્યમ' તરીકે કાર્ય કરી રહ્યું છે, તેથી આ પ્લેટફોર્મ દ્વારા મળનારી નોકરીની શરતો, વેતન કે કાનૂની વિવાદો બાબતે આયોગની કોઈ સત્તાવાર કે કાનૂની જવાબદારી રહેશે નહીં. ઉમેદવારોને વધુ માહિતી માટે આયોગની સત્તાવાર વેબસાઈટનો અભ્યાસ કરવાનો સચિવશ્રી પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આયોગ દ્વારા સંસ્થાને આપવામાં આવેલી માહિતીનો ઉપયોગ સંસ્થા રોજગારીનો અવસર આપવા સિવાય બીજા કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં તથા તે બીજા કોઈને શેર કરી શકશે નહીં, તેવી સંસ્થા પાસેથી બાંહેધરી લેવામાં આવશે અને ડેટાની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.

આયોગ દ્વારા ઉમેદવારોના ડેટાની સુરક્ષાનું ચુસ્ત પાલન કરવામાં આવશે. આ પ્લેટફોર્મ પર નોંધાયેલ પાત્ર સંસ્થાઓ સાથે ઉમેદવારની વિગતો જેવી કે ઉમેદવારનું નામ, મોબાઈલ નંબર, ઈમેઈલ આઈડી અને શૈક્ષણિક લાયકાત જ શેર કરવામાં આવશે. આયોગ પાસેથી માહિતી મેળવ્યા બાદ જે તે સંસ્થાને યોગ્ય લાગે તે ઉમેદવારોને સંસ્થાની ભરતી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ ઉમેદવારની પસંદગી કરવામાં આવશે. ઉમેદવારની પૂર્વ સંમતિ પ્લેટફોર્મ પર ઉમેદવારની વિગતો તેમની ઈચ્છા અને પૂર્વ સંમતિ બાદ જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભવિષ્યમાં આવનારી નવીન જાહેરાતો માટે ઉમેદવારો અરજી કરતી વખતે જ ય્જીઝ-OJAS પોર્ટલ પર આ અંગે ઓનલાઈન સંમતિ આપી શકશે. ભૂતકાળની ભરતીના ઉમેદવારો માટે અવસરઃ આયોગ દ્વારા લેવાયેલી અને છેલ્લા ૫ વર્ષમાં પૂર્ણ થયેલી વર્ગ-૧ અને વર્ગ-૨ની ભરતી પ્રક્રિયાના આખરી પરિણામમાં અસફળ અને પ્રતિક્ષાયાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારો આ યોજનાનો લાભ લઈ શકે તે માટે GPSC-OJAS પોર્ટલ પર "અવસર" મોડ્યૂલમાં જઈને ઓનલાઈન સંમતિ પત્રક સબમિટ કરી શકશે. ઉમેદવારે જાહેરાત ક્રમાંક તથા કન્ફર્મેશન નંબર આપીને સંમતિ આપવાની રહેશે. ઉમેદવાર જે તે જાહેરાતનું વર્ષ સિલેક્ટ કરતાં તેને તે વર્ષની તમામ જાહેરાતોની વિગતો ઉપલબ્ધ થશે તથા જો ઉમેદવાર કન્ફર્મેશન નંબર ભૂલી ગયા હોય તો તેઓની કન્ફર્મેશન નંબર મેળવવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. કોઈ ઉમેદવારની જગ્યાએ બીજા કોઈ ઉમેદવાર આવી સંમતિ આપી ન શકે તે હેતુથી ઓટીપીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉમેદવારના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર અને રજીસ્ટર્ડ ઈ-મેલ આઈ.ડી. પર ઓટીપી જશે અને આ ઓટીપી દાખલ કર્યા બાદ જ સંમતિની પ્રક્રિયા પૂર્ણ થશે. પ્લેટફોર્મ પર માત્ર કાયદેસર રીતે સ્થાપિત સરકારી વિભાગો, PSUs અને આયોગ દ્વારા માન્ય રાખેલ ખાનગી કંપનીઓને જ ઉમેદવારોની જરૂરિયાત મુજબ નિયંત્રિત એક્સેસ આપવામાં આવશે. આયોગની ભૂમિકા "અવસર" અંતર્ગત ગુજરાત જાહેર સેવા આયોગ માત્ર એક 'માધ્યમ'તરીકે કાર્ય કરશે. આ પ્લેટફોર્મ મારફતે મળનારી ખાનગી કે જાહેર ક્ષેત્રની નોકરીની શરતો, વેતન ધોરણ, સેવા નિયમો કે કાનૂની વિવાદો બાબતે આયોગની કોઈ સત્તાવાર કે કાનૂની જવાબદારી રહેશે નહીં. આયોગ પાસે અવસરના નિયમોમાં ગમે ત્યારે ફેરફાર કરવાની અબાધિત સત્તા રહેશે. લાયક ઉમેદવારોને આ અંગેની વધુ માહિતી માટે આયોગની સત્તાવાર વેબસાઈટ પોર્ટલ જોતા રહેવા માટે જણાવવામાં આવે છે.

# નખત્રાણા તાલુકા રમતોત્સવમાં સંતકૃપા વિદ્યાલયનો દબદબો

## કબડ્ડી, વોલીબોલ, ખો-ખો અને એથ્લેટિક્સમાં શાનદાર દેખાવ : એથ્લેટિક્સમાં ઓવરઓલ ચેમ્પિયન બન્યું



નખત્રાણા - કચ્છઉદય : તાલુકા કક્ષાના સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા રમતોત્સવમાં સંતકૃપા વિદ્યાલય, વિરાણી મોટીનો સર્વાંગી દબદબો જોવા મળ્યો હતો. તાલુકાની વિવિધ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સેંકડો ખેલાડીઓ વચ્ચે યોજાયેલી સ્પર્ધાઓમાં સંતકૃપા વિદ્યાલયે અનેક વિભાગોમાં વિજય મેળવી પોતાની રમતગમતની પરંપરાને વધુ મજબૂત બનાવી હતી. ખાસ કરીને એથ્લેટિક્સમાં સૌથી વધુ ગુણ મેળવી ઓવરઓલ ચેમ્પિયન બનવાની સિદ્ધિ સંતકૃપા વિદ્યાલયના શિરે રહી હતી.

રમતોત્સવનું ભવ્ય આયોજન ૧૨ જુલાઈના સંતકૃપા વિદ્યાલયના વિશાળ રમત મેદાન ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો શુભારંભ વિદ્યાલયના આચાર્ય વિપુલભાઈ તથા સી.આર.સી. યોગેશભાઈ પટેલના હસ્તે ટોસ ઉછાળીને કરવામાં આવ્યો હતો. તેમણે ખેલાડીઓને રમતને જીત-હારથી ઉપર રાખી શિસ્ત, સંયમ અને ખેલદિલી સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કરવા પ્રેરણા આપી હતી. દિવસભર ચાલેલી સ્પર્ધાઓમાં ખો-ખો, કબડ્ડી, વોલીબોલ અને એથ્લેટિક્સની રસાકસીભરી સ્પર્ધાઓએ દર્શકોમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો. ખેલાડીઓએ ઉત્તમ રમતવીરતા, ટીમ સ્પિરિટ અને અનુશાસનનું પ્રદર્શન કર્યું હતું.

સ્પર્ધાના પરિણામોમાં ખો-ખોની અંડર-૧૪ ભાઈઓ અને બહેનો વિભાગમાં સુખસાણ પ્રાથમિક શાળા, અંડર-૧૭ ભાઈઓમાં વિથોણ હાઈસ્કૂલ, અંડર-૧૭ બહેનોમાં સંતકૃપા વિદ્યાલય, અંડર-૧૯ ભાઈઓમાં સંતકૃપા વિદ્યાલય તથા અંડર-૧૯ બહેનોમાં ટી.ડી. વેલાણી હાઈસ્કૂલ વિજેતા રહી હતી. કબડ્ડીમાં અંડર-૧૪ અને અંડર-૧૭ના ભાઈઓ તથા બહેનો એમ ચારેય વિભાગોમાં સંતકૃપા વિદ્યાલયે પ્રભુત્વ જમાવ્યું હતું. અંડર-૧૯ ભાઈઓમાં પણ સંતકૃપા વિદ્યાલય વિજેતા રહ્યું હતું, જ્યારે બહેનો વિભાગમાં બી. કે. વિદ્યાલય, કોટડા પ્રથમ સ્થાને રહ્યું હતું.

વોલીબોલમાં અંડર-૧૪ ભાઈઓમાં સંતકૃપા વિદ્યાલય, બહેનોમાં અર્ચના સ્કૂલ, અંડર-૧૭ ભાઈઓ અને બહેનોમાં ઉમા વિદ્યાલય, અંડર-૧૯ ભાઈઓમાં સંતકૃપા વિદ્યાલય તથા બહેનોમાં ઉમા વિદ્યાલય વિજેતા બન્યા હતા. સમગ્ર એથ્લેટિક્સ સ્પર્ધામાં સૌથી વધુ ગુણ મેળવી સંતકૃપા વિદ્યાલયે ઓવરઓલ ચેમ્પિયન ટ્રોફી પોતાના નામે કરી, જે સમગ્ર રમતોત્સવનું સૌથી મોટું આકર્ષણ રહ્યું હતું. રમતોત્સવનું સફળ સંચાલન સહ-કન્વીનર સોઢા શંકરસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે ડૉ. વિપુલ કે. મોદી, રબારી માલાભાઈ, નલીનભાઈ, પ્રવીણસિંહ, અનિલભાઈ અને અમિતભાઈ સહિતના અધિકૃત રેફરીઓએ તમામ સ્પર્ધાઓને નિષ્પક્ષ અને સફળતાપૂર્વક પૂર્ણ કરાવી હતી. સમાપન સમારોહમાં દિલીપદાદા તથા સંતકૃપા વિદ્યાલયના ટ્રસ્ટી મુરૂભા જાડેજા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી ટ્રોફી અને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા તેમજ આગામી જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં નખત્રાણા તાલુકાનું ગૌરવ વધારવા શુભેચ્છાઓ પાઠવી હતી. રમતોત્સવ દરમિયાન સંતકૃપા વિદ્યાલય દ્વારા કરવામાં આવેલી સુચારુ આયોજન વ્યવસ્થા, સમયબદ્ધ આયોજન, ખેલાડીઓ માટેની ઉત્તમ સુવિધાઓ અને શિસ્તબદ્ધ સંચાલનની ઉપસ્થિત મહાનુભાવો, શિક્ષકો, વાલીઓ અને રમતવીરો દ્વારા મુક્તકંઠે પ્રશંસા કરવામાં આવી હતી.

# ભુજ અચલગચ્છ જૈન સંઘ ભુજ મધ્યે ભવ્યાતિભવ્ય ચાર્તુમાસ પ્રવેશ



ભુજ - કચ્છઉદય : અચલગચ્છ જૈન સંઘ ભુજ મધ્યે પ. પૂ. સા.શ્રી મૌનગુણાશ્રીજી મ. સા. આદિઠાણા-૩ નો ભવ્યાતિભવ્ય ચાર્તુમાસ પ્રવેશ થયો હતો. આ પ્રસંગે પૂ. સાધ્વી સૌમ્યલતાશ્રીજી મ.સા.એનિશ્રા આપી હતી. દાદા કલ્યાણ સાગર સૂરીશ્વરજી મ. સા. ગુરૂ મંદિરે દર્શન-વંદન કરી શ્રી મહાવીર સંગીત કલા મંડળ બેન્ડ પાર્ટીનાં સૂરો સાથે સ્વાગત યાત્રાનો પ્રારંભ થયો હતો.

અખિલ ભારત અચલગચ્છ શ્વેતામ્બર જૈન સંઘનાં માનદ મંત્રી જતીનભાઈ છેડા, પૂર્વ પ્રમુખ શામજીભાઈ દંડ, ભુજ અચલગચ્છ જૈન સંઘ પ્રમુખ હર્ષદભાઈ શાહ, રાજુભાઈ સી. શાહ, ભરતભાઈ સી. શાહ, દીપકભાઈ શાહ, તેજ શાહ, પુનિત શાહ, પ્રફુલ્લભાઈ શાહ, રાજેશ શાહ, ડો. મોહિત કે. શાહ, મહેન્દ્રભાઈ ડી. શાહ, ભરતભાઈ બી. શાહ, પી.સી. શાહ, પરેશ શાહ, નિરવ શાહ, જખુભાઈ વોરા, કિરીટ શાહ,ચંદ્રેશ શાહ, પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, હરીશ લોડાયા, દિલીપ મોતા, મહેન્દ્ર લોડાયા, પ્રફુલ્લ નાગડા, ચેતન ખોના સહિત શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં સામૈયામાં જોડાયા હતા. ઉપાશ્રયે પહોંચી માંગલિક શ્રવણ કરાવતાં પૂજ્ય શ્રીએ જાજરમાન ઈતિહાસ ધરાવતા, ગૌરવવંતા ભુજ શહેર તથા રાજા શાહી સમયની યાદો વર્ણવતા, અચલગચ્છની પરંપરા અને સંઘનાં ઉત્થાન માટે પૂજ્યશ્રીઓએ કરેલા જિનશાસનનાં કાર્યોને બિરદાવ્યા હતા.

સૂત્ર વહોરાવવાનો લાભ સંઘમાતા કલ્પનાબેન શામજીભાઈ નરશીં દંડ સાંધવ પરિવારે જયારે ચરિત્ર વહોરાવવાનો લાભ માનવંતીબેન ચમનલાલ માવજી ભુજ પરિવારે લીધેલ. આ અવસરે ચાર્તુમાસ દરમ્યાન થનાર તપસ્યાઓની સમજ આપવામાં આવેલ. તેમજ છેલ્લા ૨૦ વર્ષથી ગુરૂવંદનાર્થે પધારતા મહેમાનોની સાધર્મિક ભક્તિનો લાભ લેતા ભાવનાબેન જયેશ ઘીવાલાની સેવાઓને બિરદાવવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન ડો. મોનીલ શાહે કર્યું હતું.

# નખત્રાણામાં વસ્તી દિવસની ઉજવણી અંગે વર્કશોપ યોજાયો









નખત્રાણા - કચ્છઉદય : અહીંના વેપારી મંડળ હોલ, બસ સ્ટેશનની પાછળ, નખત્રાણ ખાતે વસ્તી દિવસ ઉજવણી તથા જન ચેતના વર્કશોપનું આયોજન તાલુકા હેલ્થ ઓફિસર ડો. એ.કે. પ્રસાદની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.

મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરીને વસ્તી દિવસ ઉજવણી તથા જન ચેતના વર્કશોપનું પ્રારંભ કરવામાં આવ્યું હતું. મહેમાનોનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું.

તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા વસ્તી દિવસ ઉજવણી તથા જન ચેતના વર્કશોપનું મહત્વ સમજાવ્યું હતું, જેમાં તેમણે આરોગ્ય વિભાગની જુદી જુદી કામગીરી વિશે તમે આરોગ્ય અને ચુંટાયેલા પ્રતિનિધિઓ સહયોગી કામગીરી અંગે સમજાવ્યું હતું. ત્યારબાદ આરોગ્યને લગતા કાર્યક્રમોની સમજ આપવામાં આવી હતી, જેમાં રિયાઝભાઈ શેખ અને ત્રિવેણીબેન, હર્ષજિતસિંહ જાડેજા, કાંતીભાઈ જેપાર, ડો.અજય ત્રિવેદીએ કાર્યક્રમમાં આરોગ્ય વિશે માહિતી આપવામાં આવી હતી. માજી સરપંચ ડાયાભાઈ સેઘાણી એ આરોગ્ય અને નગરપાલિકાના તેમજ તાલુકા પંચાયતના સ્ટાફ સંકલનકારી કામગીરી, સગર્ભા માતા, ટી.બી. પેશન્ટ ને પોષણ કિટ આપવા તેમજ પી.એમ. જે.વાય કાર્ડ માટે વોલીન્ટર માટેની વ્યવસ્થા માટે આશ્વાસન આપ્યું હતું.

આ વેળાએ પાલીકા પ્રમુખ વસંતભાઈ વાઘેલા, તાલુકા પંચાયત પ્રમુખ ભારતીબેન નીતીનગીરી ગોસ્વામી, પાલિકા ઉપપ્રમુખ દમયંતીબેન ડાયાલાલ સેઘાણી, સામાજિક ન્યાય સમિતિ ચેરમેન જશોદાબેન ગોવિંદભાઈ બળિયા, માજી સરપંચ ડાયાભાઈ સેઘાણી, પાલિકા સદસ્ય સવિતાબેન મંગલદાસ સોલંકી, તાલુકા પંચાયત સદસ્ય ઈલિયાસભાઈ પીંજારા, મેડિકલ ઓફિસર વિરાણી મોટી ડૉ. કાજલબેન, તાલુકા હેલ્થ ઓફીસ સ્ટાફ અને આરોગ્ય સ્ટાફ હાજર રહ્યા હતા. કાર્યક્રમ સફળ બનાવવા તાલુકા આરોગ્ય સ્ટાફ, રિયાજ શેખ, મામદભાઈ ચાકી, પ્રણવ વ્યાસ, અંજની રાય, હર્ષજીતસિંહ જાડેજા, ત્રિવેણી જોશી, ક્રિશ્નાબા જાડેજા વગેરેએ જહેમત ઉઠાવી હતી. સંચાલન કાંતીભાઈ જેપાર અને આભારવિધિ જયેશભાઈ ભાનુશાલીએ કરી હતી.

# માંડવીમાં પાણીના ટાંકીનું લોકાર્પણ કરાયું





માંડવી શહેર ના લોકો માટે સુખારી માટે પીવાના પાણી માટે નિયમતી પણે પુરવઠો મળતો રહે એ માટે સરકાર દ્વારા ૩.૭૭ કરોડની માતબર રકમથી ટાંકીનું નિર્માણ કરાયું હતું જે ટાંકીનું લોકાર્પણ તેમજ રૂપિયા ૭.૬૨ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવે અને માંડવી નગરપાલિકાના પદાધિકારી અને સ્થાનિક સંગઠનના હોદેદારો સાથે મળીને કરવામાં આવ્યું હતું.





# સુનીતા વિલિયમ્સે બીજી વખત ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની કમાન્ડ સંભાળી



### ગુજરાત અને દેશ માટે ગૌરવની ક્ષણ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : અમેરિકી સ્પેસ એજન્સી નાસાના વરિષ્ઠ અને દિગ્ગજ એસ્ટ્રોનોટ સુનીતા વિલિયમ્સે ફરી એકવાર અવકાશ જગતમાં નવો ઈતિહાસ રચ્યો છે. તેમણે સત્તાવાર રીતે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનના કમાન્ડર તરીકેનો પદભાર સંભાળી લીધો છે. સુનીતા વિલિયમ્સના કરિયરમાં આ બીજી એવી તક છે જ્યારે તેમને આ વૈશ્વિક સ્પેસ સ્ટેશનની કમાન્ડ સોંપવામાં આવી હોય. આ પૂર્વે વર્ષ ૨૦૧૨માં પણ તેઓ ઈન્ટરનેશનલ સ્પેસ સેન્ટરના કમાન્ડર તરીકે સફળતાપૂર્વક સેવાઓ આપી ચૂક્યા છે. અમેરિકાના સૌથી અનુભવી મહિલા અંતરિક્ષ યાત્રીઓમાં સ્થાન ધરાવતા સુનીતા વિલિયમ્સ સ્પેસમાં સૌથી વધુ સમય પસાર કરનાર અને સૌથી વધુ સ્પેસવોક કરનાર મહિલાઓની યાદીમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનના કમાન્ડર તરીકે હવે તેઓ સ્ટેશન પર હાજર તમામ ક્રૂ મેમ્બર્સની સુરક્ષા, ત્યાં હાથ ધરાતા વિવિધ જટિલ વૈજ્ઞાનિક પ્રયોગો, સ્ટેશનની ટેકનિકલ સલામતી તેમજ નાસા સહિત વિશ્વની અન્ય અગ્રણી સ્પેસ એજન્સીઓ સાથેના મહત્વપૂર્ણ કોઓર્ડિનેશનની મુખ્ય જવાબદારી સંભાળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય મૂળના સુનીતા વિલિયમ્સનો ગુજરાત સાથે ઘણો ઊંડો પારિવારિક નાતો રહ્યો છે. તેમના પિતા દીપક પંડ્યા મૂળ ગુજરાતના હતા અને તેમનું પૈતૃક જોડાણ મહેસાણાના કડી તાલુકાના જુલાસણ ગામ સાથે જોડાયેલું છે,આ ઉપરાંત તેમના મામા ભુજ નજીકના માધાપર ગામે નોકરી કરી ચુક્યા છે. પ્રત્યેક ગુજરાતીઓ માટે આ એક અત્યંત ગૌરવશાળી અને ઐતિહાસિક ક્ષણ છે. વૈજ્ઞાનિક ક્ષેત્રે મેળવેલી તેમની આ અભૂતપૂર્વ સિદ્ધિ વિશ્વભરના અને ખાસ કરીને ભારતના લાખો યુવાનો માટે એક નવી ઊર્જા અને પ્રેરણા પૂરી પાડશે.

# વરસાદ ખેંચાતા ઘાસચારા-પાણીની અછતનો મુદ્દો સંકલનમાં ગાજ્યો



**ગ્રામીણ વિસ્તારોમાં પીજીવીસીએલની વ્યાપક ફરીયાદો અંગે ધારાસભ્યોએ કલેકટરનું ધ્યાન દોર્યું : વન વિભાગ દ્વારા ગૌચર જમીનો બાબતે સ્થાનિક લોકોને કરાતી કનડગત અટકાવો : ગેરકાયદે ખાણો, સિંચાઈના પ્રશ્નો, રસ્તાઓનું પેચવર્ક સહિતના મુદ્દે થઈ રજુઆત : લાંબા સમય બાદ એક સાથે પાંચ ધારાસભ્ય હાજર રહ્યા :ગુજરાત સરકારે માલધારીના મહત્તમ પાંચ પશુ માટે પશુદીઠ ચાર કિલો ઘાસ ૨ રૂપિયા પ્રતિ કિલો આપવાની કરેલી જાહેરાતને ધારાસભ્યોએ વધાવી : પદાધિકારીઓ અને કલેકટરે ઝડપી અમલવારી માટે કટિબદ્ધતા વ્યક્ત કરી**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા સંકલન સમિતિની બેઠક આજે રાબેતા મુજબ મહિનાના ત્રીજા શનિવારે જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને મળેલી આ મહત્વની બેઠકમાં રાજયમંત્રી અને અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે તેમજ અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા સહિતના જનપ્રતિનિધિઓ અને વહીવટી તંત્રના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં તમામ જનપ્રતિનિધિઓએ પોતપોતાના મત વિસ્તારના લોકઉપયોગી પ્રશ્નો રજૂ કર્યા હતા. ખાસ કરીને ચાલુ વર્ષે ચોમાસું ખેંચાવાના કારણે જિલ્લામાં ઊભી થયેલી સંભવિત અછતની સ્થિતિ, પીવાનું પાણી, બિસ્માર માર્ગો અને વીજળીની કટોકટી જેવા ગંભીર વિષયો પર વહીવટી તંત્ર સાથે સઘન પરામર્શ કરવામાં આવ્યો હતો.

રાજયમંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું કે, ખાસ કરીને વરસાદ ખેંચાવાના કારણે ઘાસચારા અને પાણીની અછત સર્જાઈ છે. સરકારે પશુ પાલકો માટે મહત્વનો નિર્ણય લઈ ૨ રૂપિયા કિલો ઘાસ આપવાની જાહેરાત કરી છે. આ માટે તમામ સતા કલેકટરને સોંપવામાં આવી છે. આ કામગીરી ઝડપી થાય તે માટે સુચના આપવામાં આવી છે. ખાસ કરીને ભૂતળ ઉંડે ગયા છે. પાણીની ફરિયાદો છે. ત્યારે લોકો સુધી પાણી પહોંચે એ માટે તાકીદ કરવામાં આવી છે. ભારે પવનના કારણે અનેક જગ્યાએ વીજ વીક્ષેપ થયો હતો. ગ્રામીણ વિસ્તારોમાં વીજળીની ફરિયાદો વધુ પ્રમાણમાં છે તે બાબતે ધ્યાન દોરવામાં આવ્યું છે. ખાસ કરીને જિલ્લામાં પર્યાવરણીય મંજુરી વીના ચાલતી ખાણોમાં તપાસ કરવામાં આવે તેમજ ગેરકાયદે લાકડા કટીંગ અટકાવવા ઝુંબેશ યોજવા સુચન કર્યું હતું.

માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવેએ બિદડા ગામની ગૌચર અને ગામતળ નીમ કરવાના જુના પ્રશ્નોના નિરાકરણ, રાયણ મોટી પ્રાથમિક શાળાના ગેટ પાસે દબાણ દુર કરવા, મુંદરા તાલુકાના રામાણીયા ગામની જમીનના હેતુફેરની દરખાસ્ત સહિતના પ્રશ્નો રજુ કર્યા હતા.

અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ પોતાના વિસ્તારના અતિ મહત્વના ૨૯ જેટલા પ્રશ્નો લેખિતમાં રજૂ કરીને તંત્ર પાસે ત્વરિત અને સંતોષકારક જવાબોની માંગ કરી હતી. તેમણે નખત્રાણા ખાતે મંજૂર થયેલા ટાઉનહોલ અને નખત્રાણા બાયપાસની વિલંબમાં પડેલી કામગીરી તેમજ દયાપર ખાતે સરકારી કોલેજના મંજૂર થયેલા કામમાં થઈ રહેલા વિલંબ અંગે વહીવટી તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત નખત્રાણા તાલુકાના બીબર ગામે જાબરી ડેમ અને તલ-લૈયારી ડેમ બનાવવાની પ્રક્રિયા કયા તબક્કે પહોંચી છે તેની સ્પષ્ટતા મહેસૂલ વિભાગ પાસે માંગી હતી. ધાવડા મોટા ગામના હક્કપત્રક ગુમ થવા અંગે તેમજ ગજણસર ગામનું રેવન્યુ રેકોર્ડ લુડબાય જૂથ પંચાયતમાંથી કમી કરવા બાબતે પણ કાયદેસરની કાર્યવાહી કરવા પર ભાર મૂક્યો હતો. પાણી અને સિંચાઈની રાડ વચ્ચે ધારાસભ્ય દ્વારા બાલાપર અને ખારડિયા નાની સિંચાઈ યોજનાની કેનાલોની જાળવણી તેમજ રીપેરીંગ અંગેના પ્રશ્નો ઉઠાવી ખેડૂતોને સિંચાઈનું પાણી પૂરું પાડવા રજૂઆત કરાઈ હતી. ખોંભડી અને નખત્રાણા કોમ્પલેક્ષ જૂથ પાણી પુરવઠા યોજનાઓની વર્તમાન સ્થિતિ તેમજ અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાના ગામડાઓમાં પીવાના પાણીની કાયમી સમસ્યાના નિરાકરણ માટે તંત્રને તાકીદ કરવામાં આવી હતી. વન વિભાગ દ્વારા ગામતળ, સીમતળ અને ગૌચર જમીનો બાબતે સ્થાનિક લોકોને કરાતી કનડગત રોકવા અને વન કાયદા હેઠળ સેટલમેન્ટની પ્રક્રિયા હાથ ધરવા પણ રજૂઆત થઈ હતી. પશુપાલકોની ચિંતા કરતાં તેમણે વન વિભાગના ડેપોમાંથી રાહત દરે ઘાસ વિતરણ કરવા અને અન્ય રાજ્યોમાંથી ઘાસ મંગાવવા માટે રેલ્વે નૂરમાં રાહત આપવા બાબતે સરકાર કક્ષાએ આયોજન કરવા જણાવ્યું હતું. ત્રણેય તાલુકાઓમાં છેલ્લા ૪૦ વર્ષથી વીજ વાયરો કે થાંભલા બદલાયા નથી, જેના કારણે હીંગરીયા જેવા અનેક ગામોમાં રોજબરોજ ફોલ્ટ સર્જાય છે અને લો-વોલ્ટેજની સમસ્યા રહે છે. આ માટે તંત્ર નવા મોટા ટ્રાન્સફોર્મર મૂકે અને ખેતીવાડીના બાકી વીજ જોડાણો સત્વરે આપે તેવી માંગ કરાઈ હતી.

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે ભુજ શહેર અને બન્ની વિસ્તારમાં લાંબા સમયથી પાણી સમસ્યા બાબતેનો મુદ્દો રજુ કરી યોગ્ય રીતે પાણી મળી રહે તે બાબતે રજુઆત કરી હતી. જી.કે. જનરલમાં દર્દીઓને પડતી મુશ્કેલીઓ દૂર થાય તે માટે જી.કે.ની સંચાલન સમિતિના અધ્યક્ષ એવા કલેકટરનું ધ્યાન દોર્યું હતું.

રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ ભચાઉ તાલુકાના કંથકોટ હલરા, તોરણીયા, વામકા સહિતના ગામોમાં અગાઉ પીવાનું પાણી પુરવઠા વિભાગ દ્વારા વિતરણ કરવામાં આવતું હતું. પરંતુ હવે પંચાયતને સતા સોંપાઈ છે પરંતુ પંચાયતો આ યોજના ચાલુ રાખવા માટે સક્ષમ નથી. વિતરણ વ્યવસ્થા ફરી પા.પુ. બોર્ડ સંભાળે તે બાબતે ધ્યાન દોર્યું હતું. જિલ્લા કલેક્ટર અનીલ રાણાવસીયાએ તમામ જનપ્રતિનિધિઓની રજૂઆતોને ગંભીરતાથી લઈ સંબંધિત વિભાગોને પ્રજાલક્ષી પ્રશ્નોનો વહેલી તકે નિકાલ લાવવા કડક આદેશો આપ્યા હતા. આ બેઠકમાં ડીડીઓ ઉત્સવ ગૌતમ, અધિક કલેક્ટર પાર્થ કોટડીયા, ડીઆરડીએ નિયામક નિકુંજ પરીખ, એસપી વિકાસ સુંડા, તમામ પ્રાંત અધિકારીઓ, તેમજ સબંધીત વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

## વહીવટી અધિકારીઓ અને જનપ્રતિનિધિઓની સક્રિયતા રંગ લાવી

### કચ્છના પશુપાલકોની વહારે આવી સંવેદનશીલ સરકાર



ભુજ - કચ્છઉદય : રાજ્ય સરકાર દ્વારા કચ્છ જિલ્લાના પશુપાલકો અને ગરીબ માલધારીઓ માટે ખાસ કિસ્સામાં જાહેર કરવામાં આવેલી રાહત દરે ઘાસચારાની યોજના પાછળ સ્થાનિક વહીવટી તંત્ર અને જિલ્લાના તમામ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની સજાગતા તેમજ સક્રિય ભૂમિકા ખૂબ જ મહત્વની સાબિત થઈ છે. ચાલુ વર્ષે કચ્છમાં વરસાદ ખેંચાવાના કારણે સમગ્ર પંથકમાં પાણી અને પશુઓ માટેના ઘાસચારાની તીવ્ર અછત ઊભી થઈ હતી. આ ગંભીર પરિસ્થિતિને વણસતી અટકાવવા માટે જિલ્લા વહીવટી તંત્રના વડા અને કલેક્ટર અનિલભાઈ રાણાવસીયાએ તાકીદે સક્રિયતા દાખવી હતી. તેમણે સમગ્ર જિલ્લાના તમામ તાલુકાઓમાં ઊભી થયેલી વાસ્તવિક પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને પરિસ્થિતિ વધુ વિકટ બને તે પૂર્વે જ પશુપાલકોના હિતમાં યોગ્ય પગલાં લેવા માટે રાજ્ય સરકારને એક વિગતવાર અને સચોટ અહેવાલ સુપ્રત કરીને અસરકારક રજૂઆત કરી હતી. રાજ્ય સરકારે પણ વહીવટી તંત્રની આ સમયસરની રજૂઆતને અત્યંત ગંભીરતાથી લઈને ત્વરિત અને યોગ્ય નિર્ણય કર્યો છે.

બીજી તરફ, કચ્છમાં વિલંબિત ચોમાસાના કારણે સર્જાયેલી અછત જેવી કટોકટીની સ્થિતિને લઈને જિલ્લાના લોકપ્રતિનિધિઓએ પણ ગાંધીનગર સુધી પશુપાલકોનો અવાજ બુલંદ રાખ્યો હતો. રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા અને કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા સહિત જિલ્લાના ધારાસભ્યો કેશુભાઈ પટેલ, અનિરુદ્ધભાઈ દવે, પ્રદ્યુમનસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા તેમજ માલતીબેન મહેશ્વરીએ પશુપાલકોની વેદનાને વાચા આપી હતી. આ તમામ લોકપ્રતિનિધિઓએ વખતોવખત રાજ્ય સરકાર સમક્ષ રૂબરૂ તેમજ લેખિતમાં રજૂઆતો કરીને કચ્છના માલધારીઓની કફોડી સ્થિતિ અને પશુધનને બચાવવા માટે રાહત આપવાની સક્ષમ માંગણી કરી હતી.


જિલ્લાના વહીવટી અધિકારીઓ અને જનપ્રતિનિધિઓની આ સંયુક્ત અને સતત રજૂઆતોના સકારાત્મક પરિણામ સ્વરૂપે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિતની રાજ્ય સરકારે કચ્છની ભૌગોલિક અને તત્કાલીન પરિસ્થિતિને ધ્યાને રાખીને આ વિશેષ યોજનાને તાત્કાલિક મંજૂરી આપી દીધી છે. સરકાર દ્વારા ખાસ કિસ્સામાં રાહત દરે ઘાસ આપવાની યોજના અમલી બનાવવામાં આવતા જ પશુધનના નિભાવ માટે ચિંતાતુર બનેલા કચ્છના ગરીબ માલધારીઓ અને પશુપાલકોને શાસન અને વહીવટી તંત્રના સંકલનથી ખૂબ જ મોટી આર્થિક અને માનસિક રાહત સાંપડી છે.

## રાપર શહેર અને આસપાસના વિસ્તારમાં પીજીવીસીએલ દ્વારા વિજ ચેકીંગ

**૧૦ વીજ મિટરમાં ગેરરીતે સામે આવતા ૧૦ લાખનો દંડ ફટકારાયો**

ગાંધીધામ - કચ્છઉદય : પીજીવીસીએલ દ્વારા રાપર શહેર અને આસપાસના વિસ્તારમાં પૂર્વ કચ્છના અંજારના અધિક્ષક એ.એસ. ચૌધરી, ભચાઉ કાર્યપાલક ઈજનેર જે.વી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ રાપર નાયબ કાર્યપાલક ઈજનેર બી.પી બાંભણીયાના વડપણ હેઠળ આઠ ટીમો દ્વારા સોળ કર્મચારીઓ અને આઠ પોલીસ જવાનો સાથે રાપર શહેરમા કોમર્શિયલ, ઉધોગ વેપાર ઘંઘા સહિતનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. સો જેટલા વિજ મીટરની તપાસ કરવામા આવી હતી, જેમાં તેરમા વિજ ચોરી માલુમ પડતાં તેમને દશ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. રાપર શહેરમા વિજ ચોરી કરતા તત્વોમા ફફડાટ ફેલાયો હતો.

## લખપતના પીપર પંથકમાં મંજૂર થયેલો રસ્તો કાગળ પર



દયાપર - કચ્છઉદય : લખપત તાલુકાના સરહદી અને છેવાડાના પીપર, હોથીચાય અને રોડાસર સહિતના ગામોને જોડતા રસ્તાઓ મંજૂર થયા હોવા છતાં હજી સુધી કામગીરી શરૂ ન થતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલમાં આ માર્ગો માત્ર પથ્થરો અને કાંકરીઓથી ભરેલા હોવાથી વાહનચાલકો માટે જીવનું જોખમ ઊભું થયું છે.

આ બિસ્માર રસ્તાના કારણે તબીબી કટોકટીના સમયે દર્દીઓને દયાપર કે નારાયણ સરોવર હોસ્પિટલ પહોંચાડવામાં ભારે હાલાકી ભોગવવી પડે છે. તદુપરાંત, કોસ્ટલ અને સરહદી વિસ્તાર હોવાના નાતે દેશની સુરક્ષા કાજે દિવસ-રાત પેટ્રોલિંગ કરતા જવાનોના વાહનોને પણ અહીંથી પસાર થવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગ્રામજનોની ઉગ્ર રજૂઆતો બાદ રોડ મંજૂર તો કરાયો, પરંતુ કોન્ટ્રાક્ટર કે સંબંધિત તંત્ર દ્વારા હજુ સુધી કામ શરૂ ન કરાતા ચોમાસા પૂર્વે આ કામગીરી તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

## છેલ્લા દોઢ માસમાં ૬૩ જેટલા સર્પદંશના દર્દીઓને અપાઈ સઘન સારવાર

**અદાણી સંચાલિત ગેઈમ્સ જી.કે. જનરલ હોસ્પિટલમાં જૂનમાં ૪૦ અને જુલાઈમાં અત્યાર સુધી ૨૩ સર્પદંશના બનાવો : ગરમી અને વર્ષા ઋતુમાં સાવધ રહેવા અનુરોધ**

ભુજ - કચ્છઉદય : અદાણી સંચાલિત ગેઈમ્સ જી.કે. જનરલ હોસ્પિટલમાં છેલ્લા જૂન અને જુલાઈના પ્રથમ પખવાડિયા સુધીના દોઢ માસમાં સર્પદંશથી ગ્રસ્ત ૬૩ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. માર્ચ એપ્રિલમાં ગરમી વધવાની સાથે આવા કેસોમાં ક્રમશઃ વધારો થવા લાગે છે. ગરમી અને ભેજના વધતા પ્રમાણ સાથે સર્પદંશના કેસોમાં પણ વધારો થાય છે. જૂન અને જુલાઈમાં ગરમી વધુ હોવાથી સર્પ કરડવાના બનાવો વધ્યા હતા. જૂનમાં ૪૦ અને જુલાઈમાં અત્યાર સુધીમાં જ ૨૩ જેટલી વ્યક્તિઓને સર્પે ડંખ મારતા અત્રે સઘન સારવાર આપવામાં આવી હતી.

મેડિસિન વિભાગના તબીબોના જણાવ્યા મુજબ વર્ષા ઋતુમાં આવા કેસોની સંખ્યા આમેય વધુ જોવા મળતી હોય છે. ગ્રામ વિસ્તારમાં ખેતીવાડીનું કામ કરતા શ્રમજીવીઓ, ખેડૂતો, ગ્રામવાસીઓ અને બાળકો વધુ ભોગ બનતા હોય છે. વરસાદને કારણે સાપ દરમાંથી બહાર નીકળીને રહેણાક વિસ્તારમાં અને ખેતરોમાં આવી જતા હોય છે, પરિણામે બનાવો વધે છે.

હવે જ્યારે ચોમાસું શરૂ થાય તેવા એંધાણ વચ્ચે આગમચેતી અને જાગૃતિ અંગે તબીબોએ કહ્યું કે, ખાસ કરીને ગ્રામ વિસ્તારમાં બહાર નીકળતી વખતે ટોર્ચ અને બુટ ચંપલ અવશ્ય પહેરવા. ઘાસની નાની મોટી ગંજી તેમજ અંધારા ખૂણામાં હાથ નાખતા પહેલા તપાસ કરી લેવી, ઘરની આસપાસ ગંદકી, કચરો અને ઉંદરોનો ઉપદ્રવ ન થવા દેવો હિતાવહ છે. ખેતરોમાં કામ કરતી વખતે પગમાં લાંબા રબરબુટ અને ફૂલ પેન્ટ પહેરવી છે. સર્પદંશના બનાવમાં અંધશ્રદ્ધામાં પડવાને બદલે તાત્કાલિક તબીબી સારવાર લેવી જરૂરી છે. તબીબોએ કહ્યું કે, સર્પ ડંખના કિસ્સામાં ગભરાવવાને બદલે દર્દીને શાંત રાખવો. ડંખવાળા ભાગને હલનચલન કરવા ન દેવો. ઘરગથ્થુ ઉપચાર ટાળવા, દંશની જગ્યાએ ચીરો ન કરવો. મોંથી લોહી ચૂસવાનો પ્રયત્ન ન કરવો. ઘા ના ભાગે દોરી કે પટ્ટો કસીને બાંધવો નહીં. સર્પદંશની અસર ન દેખાતી હોય તો પણ દર્દીને હોસ્પિટલ તપાસ માટે જરૂર લઈ જવો કારણ કે, કેટલાક ઝેરી સાપના લક્ષણો મોડા પણ દેખાઈ શકે.

## બ્રહ્માકુમારીની સંકલ્પ યાત્રાનો ગાંધીધામથી પ્રારંભ

**શાંતિ રથને લીલી ઝંડી અપાઈ, દરિયાકાંઠાના શહેરોમાં શાંતિ અને માનવમૂલ્યોનો સંદેશ પહોંચાડશે યાત્રા**

ગાંધીધામ-કચ્છ ઉદય : બ્રહ્માકુમારી સંસ્થાનના શીપીંગ, એવિએશન અને ટુરિઝમ (એસએટી) વિંગ દ્વારા આયોજિત સંકલ્પ યાત્રાનો પ્રારંભ ગાંધીધામથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોએ શાંતિ રથને લીલી ઝંડી બતાવી રવાના કર્યો હતો. બી.કે. ઉજ્જવલા દીદી અને પ્રશાંતિ દીદીએ યાત્રાની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, ગાંધીધામથી શરૂ થયેલી આ યાત્રા મુન્દ્રા, ભુજ, મોરબી, જામનગર, દ્વારકા, પોરબંદર, સોમનાથ, દીવ અને રાજુલા સુધી પહોંચશે. યાત્રાનો મુખ્ય હેતુ ભારતની પ્રાચીન સમુદ્રી પરંપરા અને વેપાર ક્ષેત્રને શાંતિ, સંસ્કૃતિ તથા માનવમૂલ્યો સાથે જોડવાનો છે. મુખ્ય વક્તા અને ઈન્ડિયા એસએટી વિંગના વાઈસ ચેરપર્સન બી.કે. કમલેશ દીદીએ કેરી અને નાળિયેરના ઉદાહરણો દ્વારા જીવનમાં નરમાઈ અને મજબૂતાઈનો સમન્વય જરૂરી હોવાનું જણાવ્યું હતું. તેમણે ભૂતકાળના પસ્તાવા અને ભવિષ્યની ચિંતા છોડીને વર્તમાનમાં જીવવાની તેમજ "હું જ સાચો"ની માનસિકતા ત્યાગી સહિષ્ણુતા અપનાવવાની પ્રેરણા આપી હતી. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તેજા કાનગડે જણાવ્યું હતું કે આજના માનસિક તણાવ અને મૂલ્યસંકટના સમયમાં આધ્યાત્મિક સંશક્તિકરણનો આ સંદેશ અત્યંત પ્રાસંગિક છે. જ્યારે માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે વ્યાપારની સફળતા માત્ર આર્થિક પ્રગતિથી નહીં, પરંતુ આંતરિક શાંતિ અને નૈતિક મૂલ્યોથી પણ માપવામાં આવે છે.

કાર્યક્રમ દરમિયાન બાળકો દ્વારા સ્વાગત ગીત અને દેશભક્તિ ગીતોની રજૂઆત કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોને ખેસ, સન્માન પટ્ટા અને તુલસીના છોડ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય સંયોજક દેવેન્દ્ર અગ્રવાલ, સંતોષભાઈજી, ગુજરાત એસએટી વિંગના ભારતી દીદી, ચેમ્બરના સહમંત્રી જતિન અગ્રવાલ, ખજાનચી કૈલેશ ગૌર, કારોબારી સભ્ય હરીશ મહેશ્વરી સહિત મોટી સંખ્યામાં ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ભગવાનદાસ ગુપ્તા અને ભારતીબેન દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે સમગ્ર સ્થાનિક વ્યવસ્થા ગીરીશભાઈ ઠક્કરે સંભાળી હતી.

## વડનગરા નાગર મંડળ, ભુજ દ્વારા ૨૦૮ વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન

ભુજ - કચ્છ ઉદય: વડનગરા નાગર મંડળ, ભુજ દ્વારા આયોજિત ૧૧૦મા વાર્ષિકોત્સવ પ્રસંગે જ્ઞાતિના બાલમંદિરથી અનુસ્નાતક (પીજી) કક્ષા સુધીના ૨૦૮ તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન કરી તેમની શૈક્ષણિક સિદ્ધિઓને ગૌરવપૂર્વક બિરદાવવામાં આવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.મંડળના પ્રમુખ અતુલભાઈ મહેતાએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, સ્પર્ધાત્મક યુગમાં સફળતા મેળવવા માટે સ્પષ્ટ લક્ષ્ય, સતત મહેનત અને આત્મવિશ્વાસ જરૂરી છે. તેમણે આગામી વર્ષોમાં વધુ વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કરે તે માટે અત્યારથી જ આયોજનબદ્ધ અભ્યાસ કરવાની અપીલ કરી હતી.મુખ્ય મહેમાન ડો. પ્રણવ અંજારિયાએ વર્તમાન સમયમાં પશુપાલન, વેટરનરી વિજ્ઞાન, ડેરી ટેકનોલોજી સહિતના ઉભરતા ક્ષેત્રોમાં રહેલી કારકિર્દીની તકો વિશે માહિતી આપી હતી. જ્યારે સાયબર સિક્યોરિટી ક્ષેત્રના નિષ્ણાત ડો. કુશલ અંજારિયાએ વિદ્યાર્થીઓને નવી ટેકનોલોજી અને ડિજિટલ યુગની માંગ મુજબ પોતાની ક્ષમતાઓ વિકસાવવા માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ વિદ્યાનગર અને આણંદમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન અને સહયોગ આપવાની ખાતરી વ્યક્ત કરી હતી. મંડળના પ્રમુખ નીલ હાથીએ સમાજના વિકાસલક્ષી કાર્યક્રમોને નવી દિશા આપવાની જરૂરિયાત પર ભાર મૂકતા સ્મારક દાન ફંડમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. તેમણે આગામી સમયમાં ઔદ્યોગિક મુલાકાતો, કરિયર માર્ગદર્શન સેમિનારો, ઉચ્ચ શિક્ષણ અંગે પરામર્શ તેમજ ડિજિટલ શિક્ષણ સહાય જેવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને વધુ સક્ષમ બનાવવાની યોજના રજૂ કરી હતી.કાર્યક્રમમાં સંરક્ષક મંડળના પ્રમુખ કિન્તુર છાયા, સિનિયર સિટિઝન ક્લબના પ્રમુખ પરિમલભાઈ વૈષ્ણવ, મહિલા મંડળના પ્રમુખ બંસરીબેન ધોળકિયા તથા યુથ ક્લબના પ્રમુખ જીનલબેન વોરા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અંતે ખજાનચી વિમીર ધોળકિયાએ દાતા પરિવારો, વિવિધ મંડળોના હોદ્દેદારો અને કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન વેદાંત પટ્ટણીએ કર્યું હતું, જ્યારે અંકિત અંજારિયા, રુચિર વૈષ્ણવ, અંકિત વૈદ્ય, અર્પિત માંકડ, પ્રત્યુષ અંજારિયા, હર્ષ વોરા, મૌલિક શાહ સહિતની ટીમે સફળ આયોજન માટે જહેમત ઉઠાવી હતી.

## વાયોર પીએચસીને સીએચસીમાં તબદીલ કરવા ગ્રામ પંચાયતની રજૂઆત




નલિયા (નીતિનભાઈ ખત્રી દ્વારા) - કચ્છઉદય : અબડાસા તાલુકાના ગરડા પંથકના મુખ્ય મથક એવા વાયોર ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અપૂરતી સુવિધાઓ અને સ્ટાફની ભારે અછતને કારણે સ્થાનિક લોકોને હાલાકી ભોગવવી પડી રહી છે. આ અંગે વાયોર જૂથ ગ્રામ પંચાયત દ્વારા જિલ્લા આરોગ્ય કેન્દ્રને લેખિત રજૂઆત કરીને આ કેન્દ્રને તાકીદે સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં તબદીલ કરવા તેમજ કાયમી ધોરણે ડોક્ટરની નિમણૂક કરવા માંગ કરવામાં આવી છે. વાયોર જૂથ ગ્રામ પંચાયતના સરપંચ પ્રભાતસિંહ જાડેજા અને ઉપસરપંચ કુંભાર ઈસ્માઈલ ખમીસા દ્વારા કરાયેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, આ વિસ્તારના અંદાજે ૪૪ જેટલા ગામો વાયોરથી ૪૦ કિલોમીટરના અંતરે આવેલા છે, જેથી આ કેન્દ્ર આશરે ૨૪,૦૦૦થી વધુની વસ્તીને આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે. આમ છતાં, વાયોર પીએચસીમાં સ્ટાફની ભારે અછત પ્રવર્તી રહી છે અને ખાસ કરીને પ્રસૂતિ સેવાઓ માટે નર્સ સ્ટાફની અત્યંત જરૂરિયાત છે. અહીં નિયુક્ત ડોક્ટર પાસે નલિયાનો પણ વધારાનો ચાર્જ હોવાથી તેઓ મોટાભાગે નલિયા ખાતે જ રહે છે, જેના કારણે વાયોર કેન્દ્રમાં ડોક્ટરની હાજરી નહિવત રહે છે. આ વિષમ પરિસ્થિતિને લીધે સામાન્ય ઈન્જેક્શન કે બાટલા ચડાવવા જેવી પ્રાથમિક સારવાર માટે પણ દર્દીઓને પારાવાર તકલીફ પડે છે. કોઈ અકસ્માત કે ડિલિવરી જેવા કટોકટીના સમયે દર્દીઓને નાછૂટકે નલિયા સુધી લાંબા થવું પડે છે. પંચાયતના જણાવ્યા અનુસાર, છસરા, વાયોર અને મોટીબેર સબ-સેન્ટર ખાતે સીએચઓ, ફાર્માસિસ્ટ, એમપીએચએસ તેમજ એફએચએસ જેવી મહત્વની જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડી છે.

અગાઉ પણ આ બાબતે તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ યોગ્ય ઉકેલ આવ્યો નથી. તેથી, ગ્રામજનોના વ્યાપક હિતમાં આ કેન્દ્રને સીએચસીનો દરજ્જો આપી કાયમી ડોક્ટર અને પૂરતો સ્ટાફ તાકીદે ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી પંચાયત દ્વારા ઉગ્ર માંગણી કરવામાં આવી છે. આ રજૂઆતની નકલ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રભાબેન રબારી, ઉપપ્રમુખ મહાવીરસિંહ જાડેજા અને સ્થાનિક ધારાસભ્ય પીએમ જાડેજાને પણ મોકલી આપી યોગ્ય કાર્યવાહી કરવા અનુરોધ કરાયો છે.

## ભરતનાટ્યમના આરંગેત્રમ્ દ્વારા સાત દીકરીઓએ સર્જ્યો કલાનો યાદગાર અવસર

**વર્ષોની કઠોર સાધના બાદ ભવ્ય રજૂઆત : ભારતીય સંસ્કૃતિ, શિસ્ત અને સંસ્કારોનો સંદેશ ગુંજ્યો**

ગાંધીધામ-કચ્છ ઉદય : ગાંધીધામની નૃત્ય અકાદમી દ્વારા આયોજિત 'નૃત્ય મલ્લિકા આરંગેત્રમ' કાર્યક્રમમાં સાત નૃત્યાંગનાઓએ ભરતનાટ્યમની આકર્ષક અને અભિવ્યક્તિપૂર્ણ રજૂઆત કરીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વર્ષોની સતત મહેનત, સમર્પણ અને સાધના બાદ યોજાયેલા આ આરંગેત્રમ્ કાર્યક્રમમાં ભારતીય શાસ્ત્રીય નૃત્યની સમૃદ્ધ પરંપરા જીવંત બની હતી. સંસ્થાના નિયામક ધારા મયૂર શાહના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવનાર અનન્યા પાનીકર, ધન્વી સાઈ નાધર, અનન્યા શર્મા, શ્રેયા મહેતા, ધ્રુવી પટેલ, બાની ઠક્કર અને સિમોન સિંઘે સફળતાપૂર્વક આરંગેત્રમ્ પૂર્ણ કર્યું હતું. ભરતનાટ્યમ જેવી પ્રાચીન શાસ્ત્રીય નૃત્યશૈલીમાં સાતથી દસ વર્ષ સુધીની સઘન તાલીમ બાદ જ આરંગેત્રમ્ કરવાની પરંપરા છે, જેને નૃત્યકારના જીવનની મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવે છે. કાર્યક્રમ દરમિયાન પુષ્પાંજલિ, કૌત્વમ્, અલારિપ્પુ, જાતિસ્વરમ્, શબ્દમ્, વર્ણમ્, કીર્તનમ્, જાવલી, હનુમાન ચાલીસા, તિલાના અને મંગલમ જેવી વિવિધ કૃતિઓની દોઢ કલાક સુધી સળંગ રજૂઆત કરવામાં આવી હતી. ખાસ કરીને રામાયણની કથા આધારિત અભિનય અને નવરસની અભિવ્યક્તિએ ઉપસ્થિત દર્શકોનું વિશેષ ધ્યાન ખેંચ્યું હતું. તાલ, લય, ભાવ અને અભિનયના સુંદર સમન્વયથી સમગ્ર કાર્યક્રમ કલાની ઊંચાઈને સ્પર્શતો રહ્યો હતો. જીવંત સંગીતમંડળીમાં ડો. સૌમ્યાબેનના ગાયન, પૂર્ણિમાબેનના વાયોલિન તથા દર્શનાબેન અને કનકમંડીના મૃદંગમ્ વાદને રજૂઆતને વધુ અસરકારક બનાવી હતી. ઉપસ્થિત મહાનુભાવોમાં ડો. શિલ્પા શુક્લા ભટ્ટ, અશોક દરિયાની, લલિત મિશ્રા, માલતી ગાવિંદરાજ અને અતુલ શુક્લાએ નૃત્યાંગનાઓને અભિનંદન પાઠવી તેમની પ્રતિભાને બિરદાવી હતી. પ્રસંગે વક્તાઓએ જણાવ્યું હતું કે ભારતીય શાસ્ત્રીય નૃત્ય માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે એકાગ્રતા, ધીરજ, આત્મવિશ્વાસ, શિસ્ત અને યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવતું શક્તિશાળી માધ્યમ છે. આજની પેઢીને ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો સાથે જોડીને રાખવા માટે આવા કાર્યક્રમો અત્યંત મહત્વપૂર્ણ બની રહ્યા છે.કાર્યક્રમના સફળ આયોજનમાં અનિલકુમાર પાનીકર, સત્યદેવ શર્મા, કમલેશ વારીસાણુ, પૂર્ણેશ પટેલ, સતીશરાજ નાધર, કાર્તિક મહેતા, યોગેન્દ્ર સુથાર તથા મયૂર શાહ સહિતના આગેવાનોનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. અંતે ભારતીય શાસ્ત્રીય કલા અને સાંસ્કૃતિક વારસાના સંવર્ધન માટે સતત કાર્યરત રહેવાની સંસ્થાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

રસોઈમાં રાખો થોડું ધ્યાન : ગેસ બચાવી બનો મહાન ગેસનું સ્ટવ-બર્નર ચોખ્ખું રાખો



## આધોઈ સોપારી કાંડમાં નવો ઘટસ્ફોટ?

# કાસેઝમાં DRIનું ૭ દિવસીય મેગા ઓપરેશન : કરોડોની ડ્યૂટીચોરીની સોપારી મામલે તપાસ તેજ

**પ્રીમિયર ગ્લોબલ બાદ અન્ય એક યુનિટ પણ તપાસના રડારમાં, દસ્તાવેજોની ચકાસણી કરાઈ : રૂ. ૮થી ૧૦ કરોડના સોપારી કૌભાંડની આશંકા, વધુ કન્ટેનરોની તપાસ શરૂ : રાજેશ અને તેની ટોળકીની સંભવિત ભૂમિકા અંગે તપાસ એજન્સીઓ સક્રિયઃ ડ્યૂટીચોરીના કેસમાં નવા ખુલાસાની શક્યતા, જવાબદારોને નોટિસની તૈયારી**

**કાસેઝમાં DRIનું મેગા ઓપરેશન, સોપારી કાંડમાં નવા કડાકા-ભડાકાના સંકેતઃ ચાર કન્ટેનરથી શરૂ થયેલી તપાસ હવે અન્ય શંકાસ્પદ શિપમેન્ટ સુધી પહોંચશે?**

**આઈજીશ્રીની સાયબર ક્રાઈમ ટીમએ તો આ કેસમાં આરંભે સુરાનો જ તાલ કર્યો, પણ ડીઆરઆઈએ અચાનક દેર સે આયે દુરસ્ત આયેના તાલે ઝંપલાવી દેતા હવે મચ્યો છે ખળભળાટ**

**કાસેઝના યુનિટધારકને ડીઆરઆઈએ નોટીસ ફટકારી તેડું મોકલ્યું : ચારથી પાંચ દીવસ સુધી યુનિટમાં ડીઆરઆઈએ પડાવ નાખવી ક્રોસ વેરીફીકેશન કર્યુ અને પાછલા બેદીવસથી દસ્તાવેજો એકત્રીત કરણ કરવાનો ચાલ્યો મેરેથોન વ્યાયામ : ડીઆરઆઈના ડેપ્યુટી ડાયરેક્ટર કક્ષાના અધિકારીએ જ આ કેસમાં બોલાવી છે તવાઈ : સબંધિત યુનિટના સંચાલકની ધરપકડ થાય તો નવી નવાઈ નહી**

**આ તો શાબાશ છે, જે-તે યુનિટમાં કસ્મટના તપાસનીશ અધિકારીએ અગમચેતી દાખવી અને સિક્યુરીટી તૈનાત કરી દીધી, નહી તો ઝડપાયેલા અને યુનિટમાથી મળેલા ચાર કન્ટેઈનરો પણ પલટીપ્રથાથી બહાર નીકળી ગયા હોત..!**

## સવાલોનો મારો...

★ આધોઈમાંથી ઝડપાયેલી દોઢ કરોડની સોપારીનો જથ્થો ખરેખર કાશેજના કયા યુનિટમાંથી રવાના થયો હતો? ★ DRIએ સાત દિવસ સુધી ચાલેલી તપાસમાં કયા મહત્વના દસ્તાવેજો અને પુરાવા કબજે કર્યા? ★ ચાર કન્ટેનરમાંથી મળેલી સોપારીમાં કેટલી ડ્યૂટીચોરી થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું? ★ ચાર કન્ટેનર ઉપરાંત આવા કેટલા કન્ટેનરો અગાઉ દેશના અન્ય વિસ્તારોમાં મોકલાયા હતા? ★ પ્રીમિયર ગ્લોબલ બાદ તપાસના રડારમાં આવેલા બીજા યુનિટ સામે અત્યાર સુધી કાર્યવાહી કેમ થઈ નહોતી? ★ રાજેશ, આનંદ, મહાદેવ સહિત પડદા પાછળના કહેવાતા સૂત્રધારો સુધી તપાસ ક્યારે પહોંચશે? ★ માત્ર યુનિટ ધારકોને જ નોટિસ અપાશે કે વાસ્તવિક માસ્ટરમાઈન્ડ સામે પણ કાયદેસરની કાર્યવાહી થશે?★ કરોડોની ડ્યૂટીચોરીના આ કૌભાંડમાં અન્ય વેપારીઓ કે નેટવર્કની પણ સંડોવણી છે? ★ DRIની તપાસ બાદ કસ્ટમ વિભાગ વધુ યુનિટોના લાયસન્સ અથવા LOA રદ કરશે? ★ શું આ તપાસ કચ્છના અત્યાર સુધીના સૌથી મોટા સોપારી ડ્યૂટીચોરી કૌભાંડનો પર્દાફાશ કરશે?

## ભૂતકાળની કડક કાર્યવાહીઃ પીઓની વડોદરા બદલી

### 'મારૂત મોડેલ'ની આડમાં ખેલાતો ભ્રષ્ટાચારનો ખેલ!

ગાંધીધામ : આ સમગ્ર ભ્રષ્ટાચારના ખેલમાં અગાઉ કાસેઝના ડેવલપમેન્ટ કમિશનર (દ્વારા કડક વલણ અપનાવીને આ કેસ સાથે સંકળાયેલા એક પીઓ (PO - પ્રિવેન્ટિવ ઓફિસર)ને તાત્કાલિક અસરથી વડોદરા ખાતે ફેંકી દેવામાં આવ્યા હતા (બદલી કરી દેવાઈ હતી). આ આકરી કાર્યવાહીથી ભ્રષ્ટ આકાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.જો બદલી કરાયેલા અધિકારીની પૂછપરછ થાય તો..."જાણકારોના મતે, વડોદરા બદલી કરાયેલા આ અધિકારી પાસે આ ટોળકીના અનેક કાળા ચિઠ્ઠા મોજૂદ છે. જો તપાસ એજન્સીઓ દ્વારા તેમના યોગ્ય રીતે 'પૂછાણા' લેવામાં આવે એટલે કે ઊંડાણપૂર્વક પૂછપરછ કરવામાં આવે, તો આ ભ્રષ્ટ ટોળકીના અન્ય સભ્યો, પડદા પાછળ રહીને દોરી સંચાર કરતા મોટા માથાઓ અને આખેઆખી સિન્ડિકેટના નામો સપાટી પર આવી શકે તેમ છે.વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ, 'મારૂત મોડેલ'ના નામે ચાલતી આ સિન્ડિકેટ લાંબા સમયથી સક્રિય છે. કસ્ટમ્સ અને એજન્સીઓની નજરથી બચીને આર્થિક ગેરરીતિઓ આચરવામાં પ્રદીપ એન્ડ કંપની માહિર મનાય છે. પરંતુ હવે જ્યારે તપાસનો ગાળિયો મજબૂત બની રહ્યો છે, ત્યારે જો DRI આ કેસની કડીઓ જોડીને ઊંડા ઉતરે તો ગાંધીધામ કસ્ટમ્સ અને કાસેઝ ઈતિહાસની આ સૌથી મોટી તપાસ સાબિત થઈ શકે છે.

ગાંધીધામ : કચ્છના ચર્ચાસ્પદ આધોઈ સોપારી કાંડમાં વધુ એક મહત્વનો ઘટસ્ફોટ સામે આવ્યાની ચર્ચા છે. ગાંધીધામ ડીઆરઆઈ (DRI) દ્વારા કાસેઝ સ્થિત એકમોમાં તા. ૧૧ જુલાઈથી ૧૭ જુલાઈ સુધી સતત સાત દિવસ સુધી સઘન તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ દરમિયાન મોટી સંખ્યામાં દસ્તાવેજો કબજે લેવામાં આવ્યા હોવાની સાથે ડ્યૂટીચોરી સાથે સંકળાયેલા સોપારીના જથ્થા અંગે પણ મહત્વના પુરાવા હાથ લાગ્યા હોવાની ચર્ચા ચાલી રહી છે.સૂત્રોના જણાવ્યા મુજબ, અગાઉ આધોઈમાંથી આઈજીની સાઈબર ટીમે અંદાજિત દોઢ કરોડ રૂપિયાની સોપારીનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ જથ્થો કાસેઝ સ્થિત એક યુનિટમાંથી રવાના થયો હોવાનું સામે આવ્યા બાદ ડીઆરઆઈએ તપાસનો વ્યાપ વધારી કાસેઝ સુધી પહોંચાડ્યો હતો. ત્યારબાદ કસ્ટમ વિભાગે સંબંધિત પ્રીમિયર ગ્લોબલ યુનિટનું LOA પ્રમાણપત્ર રદ કરવાની સાથે તેની ઓથોરાઈઝેશન પણ સ્થગિત કરી દીધી હોવાનું કહેવાય છે.ચર્ચા મુજબ, માત્ર એક જ નહીં પરંતુ અન્ય એક યુનિટની ભૂમિકા પણ ડ્યૂટીચોરીના સમગ્ર કૌભાંડમાં શંકાના ઘેરામાં આવી હતી. લાંબા સમય સુધી તપાસના દાયરાથી બહાર રહેલા આ યુનિટ પર હવે ડીઆરઆઈએ સીધી કાર્યવાહી શરૂ કરી હોવાનું સામે આવ્યું છે.

પ્રાથમિક માહિતી મુજબ તપાસ દરમિયાન ચાર કન્ટેનર સોપારીના મળી આવ્યા હોવાનું અને તેમાં ડ્યૂટીચોરી સંબંધિત ગેરરીતિઓના પુરાવા મળ્યા હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જાણકારોના અંદાજ મુજબ માત્ર આ ચાર કન્ટેનરમાં રહેલી સોપારીની કિંમત જ આશરે રૂ. ૩થી ૪ કરોડ જેટલી હોઈ શકે છે.આ ઉપરાંત તપાસ એ દિશામાં પણ આગળ વધી રહી છે કે આ પ્રકારના અન્ય કેટલા કન્ટેનરો અગાઉ દેશના વિવિધ વિસ્તારોમાં રવાના કરવામાં આવ્યા હતા. જો તે દિશામાં પણ પુરાવા મળે તો અંદાજે ૮થી ૧૦ કન્ટેનરો તથા રૂ. ૮થી ૧૦ કરોડથી વધુ મૂલ્યના સોપારીના જથ્થા સામે કાર્યવાહી થવાની શક્યતા છે. તે સંજોગોમાં સંબંધિત પક્ષો સામે ભારે દંડાત્મક કાર્યવાહી તેમજ પેનલ્ટી ફટકારવામાં આવે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે.સૂત્રોનું કહેવું છે કે અગાઉની કાર્યવાહી બાદ તપાસ આગળ વધતી ન હોવાનું લાગતું હતું, પરંતુ ગાંધીધામ ડીઆરઆઈએ કાશેજમાં સતત છથી સાત દિવસ સુધી પડાવ નાખીને હાથ ધરેલી સઘન તપાસ બાદ સમગ્ર કેસમાં ફરી નવા ખુલાસા થવાની સંભાવના ઊભી થઈ છે.ચર્ચા મુજબ સમગ્ર કૌભાંડમાં રાજેશ તથા તેની ટોળકી સહિત કેટલાક તત્વોની ભૂમિકા મહત્વની હોવાનું તપાસ એજન્સીઓના રડાર પર છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. હાલ તપાસના આધારે સંબંધિત યુનિટોના સંચાલકોને નોટિસ પાઠવવાની કાર્યવાહી શરૂ થઈ હોવાનું જાણવા મળે છે. તપાસમાં વધુ પુરાવા સામે આવે તો જવાબદારોની પૂછપરછ, કાયદેસરની કાર્યવાહી તેમજ સંભવિત ધરપકડની દિશામાં પણ એજન્સીઓ આગળ વધે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

## મારૂત મોડેલ વાળી પ્રદીપ ટોળકી ભણી કસાયો સકંજો!

**ગાંધીધામ ડીઆરઆઈ ભ્રષ્ટ પ્રદીપ સુધી તપાસ લંબાવે તો મોટા કૌભાંડો બહાર આવવાની પૂરેપૂરી શક્યતા**

**અગાઉ કાસેઝ DCએ એક પીઓને વડોદરા ફેંકી દીધા હતા, જો તેમના પૂછાણા લેવાશે તો અન્ય ભ્રષ્ટ મોહરાઓના નામો પણ ખુલશે**

ગાંધીધામ :ગાંધીધામ અને કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (કાસેઝ)ના વર્તુળોમાં ભારે ચર્ચા જગાવનારા એક ચકચારી પ્રકરણમાં હવે 'મારૂત મોડેલ' વાળી પ્રદીપ ટોળકી ભણી કાનૂની સકંજો કસાતો હોવાના મજબૂત સંકેતો મળી રહ્યા છે. સુત્રોના જણાવ્યા અનુસાર, જો ગાંધીધામ ડીઆરઆઈ દ્વારા આ મામલે તટસ્થ તપાસ હાથ ધરીને ભ્રષ્ટાચારના આખા નેટવર્કના મૂળ સમાન પ્રદીપ સુધી તપાસ લંબાવવામાં આવે, તો કરોડો રૂપિયાના સ્કેન્ડલ અને અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી શકે તેમ છે.

## ભુજમાં નકલી સોનાના ચાર બિસ્કીટ સાથે 3 યુવક ઝડપાયા

ભુજ - કચ્છઉદય : શહેરમાં સસ્તા સોનાના નામે ઠગાઈ કરતી ગેંગ સક્રિય છે, ત્યારે સોશિયલ મીડિયા મારફતે લોકોને લાલચ આપી ઠગાઈ કરવાની પેરવીમાં રહેલા ત્રણ યુવકોને નકલી બિસ્કીટ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. આ બાબતે ભુજ બી ડીવીઝન પોલીસમાંથી મળેલી વિગતો મુજબ પોલીસે પનવેલ સોસાયટીના ગેટ પાસેથી સેજવાળા માતમ અપનાનગરમાં રહેતા અને દુધની ફેરી કરતા સાજીદ કરીમ મલેક, મચ્છીપારા ફળીયામાં રહેતા અને મજુરી કામ કરતા સોહિલ અબ્દુલ કેવર તેમજ સંજોગનગરમાં રહેતા અને કેબલ ઓપરેટર તરીકે કામ કરતા આદમ મહેમુદ કકલને ઝડપી લીધા હતા. આરોપીઓએ ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર ખોટી આઈડી બનાવી તેમાં સસ્તા સોનાની લોભામણી જાહેરાતના ફોટા અને વીડીયો મુકી લોકોને વિશ્વાસમાં લઈ ઠગાઈ કરવાનો ઈરાદો નક્કી કર્યો હતો. આરોપીઓ પાસેથી નકલી સોનાના ચાર બિસ્કીટ તેમજ ૧.૧૫ લાખના પાંચ મોબાઈલ તેમજ એક્ટિવા નંબર જી.જે.૧૨ એચડી ૦૪૯૧ અને પલ્સર બાઈક નંબર જીજે૧૨ એચએફ ૩૨૧૪ કબજે કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું છે.

## કચ્છના પશુપાલકો માટે સરકારનો મોટો નિર્ણય

# કચ્છના તમામ તાલુકાઓમાં ખાસ કિસ્સામાં રાહત દરે સુકો ઘાસચારો અપાશે

### પ્રતિકિલો માત્ર બે રૂપિયા લેખે વિતરણ શરૂ કરવા મહેસૂલ વિભાગનો આદેશ

ભુજ - કચ્છઉદય : ચાલુ વર્ષ દરમિયાન કચ્છ જિલ્લામાં નોંધપાત્ર વરસાદ ન થવાના કારણે કુદરતી ઘાસનું ઉત્પાદન થઈ શક્યું નથી. વિલંબિત ચોમાસાની આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા જિલ્લાના તમામ તાલુકાઓના પશુધારકો માટે એક ખૂબ જ મહત્વપૂર્ણ અને રાહત આપતો નિર્ણય લેવામાં આવ્યો છે. કચ્છ જિલ્લા કલેક્ટર તરફથી પશુપાલકોની જરૂરિયાતો અંગે મોકલવામાં આવેલી વિગતવાર દરખાસ્ત પર પુખ્ત વિચારણા કર્યા બાદ, રાજ્ય સરકારે ખાસ કિસ્સામાં રાહત દરે ઘાસ વિતરણ કરવાની મંજૂરી આપી દીધી છે. સરકારના આ નિર્ણયથી વરસાદની અછતનો સામનો કરી રહેલા હજારો માલધારીઓ અને ખેડૂતોને મોટી આર્થિક મદદ મળશે.

આ સરકારી ઠરાવ અનુસાર, કચ્છ જિલ્લાના તમામ તાલુકાઓમાં વસતા નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો, જમીન વિહોણા પશુપાલક ખેતમજૂરો તેમજ સ્થાનિક માલધારીઓને આ રાહત યોજનાનો લાભ આપવામાં આવશે. પાત્રતા ધરાવતા પ્રત્યેક પશુધારક પરિવાર દીઠ વધુમાં વધુ પાંચ પશુઓ માટે એક ઘાસ કાર્ડ ઈસ્યુ કરવામાં આવશે. આ કાર્ડના આધારે દૈનિક પશુદીઠ ચાર કિલોગ્રામ સૂકો ઘાસચારો માત્ર બે રૂપિયા પ્રતિ કિલોગ્રામના સસ્તા અને રાહત દરે વિતરણ અથવા વેચાણ કરવામાં આવશે. પશુપાલકોની સુવિધા માટે એક સામટો સાત દિવસનો ઘાસચારાનો જથ્થો પણ વિતરણ કરી શકાશે, જેથી તેમને રોજબરોજ ડેપોના ચક્કર કાપવા ન પડે.

ઘાસ વિતરણની તમામ વ્યવસ્થા અને વહીવટી પ્રક્રિયા સુચારૂ રીતે થાય તે માટે કચ્છ જિલ્લા કલેક્ટરને સંપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. આ વ્યવસ્થા હેઠળ પશુપાલકોના ફોટાવાળા વિશેષ ઘાસ કાર્ડ બનાવવામાં આવશે, જેમાં પશુધારકની વિગતો, તેમની પાસે રહેલા પશુઓની સંખ્યા અને વિતરણ કરાયેલા ઘાસના જથ્થાની સચોટ નોંધ રાખવામાં આવશે. સ્થાનિક જરૂરિયાતો અને માલધારીઓની અનુકૂળતાને ધ્યાનમાં રાખીને જિલ્લામાં જરૂરી સંખ્યામાં નવા ઘાસ ડેપો શરૂ કરવામાં આવશે અથવા વન વિભાગના હયાત ઘાસ ડેપો પરથી જ વિતરણની પ્રક્રિયા હાથ ધરાશે. આ સમગ્ર રાહત કામગીરી માટે વધારાના કોઈ નવા મહેકમ રાખવાના બદલે હયાત સ્ટાફનો જ ઉપયોગ કરવાનો રહેશે.સરકારના આ આદેશ મુજબ, આ ઘાસ વિતરણ પ્રક્રિયા ઠરાવ જાહેર થયાની તારીખથી આગામી ૧૫ દિવસ સુધી પાત્રતા ધરાવતા લાભાર્થીઓની માંગણીના આધારે ચાલુ રાખવામાં આવશે. જો ઘાસચારાના પરિવહનની જરૂરિયાત ઉભી થશે, તો પ્રવર્તમાન નાણાકીય નીતિ-નિયમોને આધીન રહીને આગળની કાર્યવાહી કરવામાં આવશે. આ સમગ્ર રાહત કામગીરી પાછળ થનારું તમામ આનુષંગિક ખર્ચ રાજ્ય સરકારના બજેટમાંથી ચૂકવવામાં આવશે અને ઘાસ વેચાણથી થનારી આવક સરકારી ધારાધોરણ મુજબ નિયત સદરે જમા લેવામાં આવશે.

## કચ્છના પશુપાલકો પ્રત્યે સરકારની કરુણા અને સંવેદના



વરસાદની અછતને કારણે સર્જાયેલી ચારા સંકટની સ્થિતિમાં ગુજરાત સરકાર અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના પશુપ લકોને તાત્કાલિક રાહત આપ વા મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કલેક્ટરની દરખાસ્તને મંજૂરી આપીને સમગ્ર કચ્છ જિલ્લામાં રાહત દરે સુકો ઘાસચારો ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવાયો છે. સરકારના આ પગલાથી હજારો માલધારીઓ અને ખેડૂતોને આર્થિક રાહત મળશે તેમજ પશુધનની સુરક્ષા માટે મહત્વપૂર્ણ સહારો મળશે.

## મુખ્ય મુદ્દા

● કચ્છના તમામ તાલુકાઓમાં રાહત દરે સુકો ઘાસચારો ઉપલબ્ધ કરાશે. ● પ્રતિ કિલો માત્ર ૨ના દરે ઘાસચારો મળશે. ● નાના, સીમાંત ખેડૂતો, જમીનવિહોણા પશુપાલકો અને માલધારીઓને લાભ.● પરિવાર દીઠ વધુમાં વધુ ૫ પશુઓ માટે ઘાસ કાર્ડ આપવામાં આવશે. ● પશુદીઠ દરરોજ ૪ કિલો સૂકો ઘાસચારો મળશે. ● એકસાથે ૭ દિવસનો જથ્થો પણ મેળવી શકાશે. ● ફોટાવાળા વિશેષ ઘાસ કાર્ડ દ્વારા વિતરણ થશે. ● જરૂરિયાત મુજબ નવા ઘાસ ડેપો શરૂ કરાશે અથવા હાલના ડેપોનો ઉપયોગ થશે. ● સમગ્ર કામગીરીની જવાબદારી જિલ્લા કલેક્ટરને સોંપાઈ. ● યોજના ઠરાવ જાહેર થયાની તારીખથી ૧૫ દિવસ સુધી અમલમાં રહેશે. ● સમગ્ર ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે.

## કચ્છમાં અગાઉ પણ ગુંજ્યા છે બનાસકાંઠાથી ડ્રગ્સના પડઘા

# બનાસકાંઠાથી કચ્છ સુધી નશાનું 'ટ્રોમાડોલ' નેટવર્કઃ પૂર્વ કચ્છ-ભચાઉ-થરાદ કનેક્શન અને સરહદી વિસ્તારમાં ફેલાયેલું ડ્રગ્સનું ઝાળું

**થરાદમાં ૬.૭૦ કરોડના ડ્રગ્સ જપ્ત બાદ તપાસનો ગાળિયો તેજ : શું ગાંધીધામના વેપારીઓ અને ડ્રગ્સ માફિયાઓ વચ્ચે સાંઠગાંઠ છે? વરસો પૂર્વે લાકડાના વેપારી પણ દવાની આડમા ચાલતા કાળા કારોબારમાં સંપડાઈ ચુક્યો હતો, એટીએસ જેવી એજન્સી ઉઠાવી ગઈ હતી તો વળી તાજેતરમાં જ ગાંધીધામમાં મંત્રી ચા-વાળાના ગોડાઉનમાંથી ટ્રોમાડોલનો ઝડપાયેલ જથ્થાએ ઉભા કર્યા ગંભીર સવાલો**

ગાંધીધામ :બનાસકાંઠાના થરાદમાં એસઓજી દ્વારા ૬.૭૦ કરોડની કિંમતની ૭૪૦૦થી વધુ ટ્રેમાડોલની ટીકડીઓ સાથે બે આરોપીઓને ઝડપી પાડવાની ઘટનાએ સમગ્ર રાજ્યના પોલીસ તંત્રમાં હલચલ મચાવી દીધી છે. પરંતુ, આ મામલો માત્ર એક શહેર પૂરતો સીમિત નથી, કારણ કે આ નશાના ડ્રગ્સના મૂળિયાં વર્ષોથી બનાસકાંઠાથી કચ્છ સુધી ફેલાયેલા હોવાની આશંકા પ્રબળ બની છે.

થરાદમાં પકડાયેલા આ જથ્થાએ ભૂતકાળમાં ગાંધીધામમાં બનેલી ઘટનાઓની યાદ તાજી કરાવી દીધી છે. થોડા સમય અગાઉ ગાંધીધામમાં એક જાણીતા ચા-વાળાના ગોડાઉનમાંથી પણ ટ્રેમાડોલનો મોટો જથ્થો પકડાયો હતો. આ ઘટના બાદ તપાસનો દોર બનાસકાંઠા સુધી લંબાયો હતો. આ ઉપરાંત, પૂર્વ કચ્છમાં લાકડાના વ્યવસાયની આડમાં આવી જ કોઈ નશીલી દવાઓની હેરાફેરી થતી હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા હતા, જેમાં લાકડાના એક વેપારીને તપાસ એજન્સીઓ દ્વારા ઉઠાવી જવાની ઘટનાઓ બની હતી. આમ, બનાસકાંઠાથી શરૂ થતી આ નશાની લાઈન સીધી કચ્છ સુધી પહોંચતી હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.શું ડ્રગ્સ માફિયાઓ માટે 'સુરક્ષિત કોરિડોર' બની ગયું છે કચ્છ?"કચ્છના સરહદી વિસ્તારોમાં અવારનવાર પકડાતા આ દવાના જથ્થા દર્શાવે છે કે અહીં નશીલી દવાઓનો કાળો કારોબાર વર્ષોથી બેફામ ધમધમી રહ્યો છે. તપાસ એજન્સીઓનું માનવું છે કબનાસકાંઠા અને કચ્છને જોડતા હાઈવે પર ડ્રગ્સની હેરાફેરી માટે એક સક્રિય નેટવર્ક કામ કરી રહ્યું છે. તાજા ભૂતકાળમાં ગાંધીધામના મંત્રી ચાયવાળા ઉપરાંતના પકડાયેલા જથ્થા બાદ તપાસમાં જે ઢીલાશ જોવા મળી, તેનો જ આ પરિણામ છે કે આજે ફરી થરાદમાં આટલો મોટો જથ્થો પકડાયો છે. શું હવે એજન્સીઓ મૂળ સુધી પહોંચશે?થરાદના માધવ કોમ્પલેક્ષમાં દરોડા બાદ હવે પોલીસ એ વાતની તપાસ કરી રહી છે કે આ દવાઓનો મુખ્ય સપ્લાયર કોણ છે અને તેનો કચ્છ સાથે સીધો સંપર્ક કોણ કરાવે છે? સ્થાનિક ખેડૂતો અને જાગૃત નાગરિકોમાં એવી માંગ ઉઠી છે કે, માત્ર બે આરોપીઓને પકડીને સંતોષ ન માનતા, આ આંતરરાજ્ય સિન્ડિકેટના મુખ્ય સૂત્રધારોને જેલભેગા કરવામાં આવે. આ કિસ્સાએ સાબિત કર્યું છે કે જો કડક હાથે તપાસ ન કરવામાં આવે તો આવતીકાલે આ જ ડ્રગ્સ કચ્છના યુવાનોની નસમાં ઝેર બનીને પ્રસરી જશે. હવે જોવાનું એ રહે છે કે પોલીસ તંત્ર બનાસકાંઠા-કચ્છના આ કનેક્શનને તોડવામાં કેટલી સફળતા મેળવે છે.?